।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।

# મા

• લેખક •

**મુનિરાજ શ્રી ગુણહંસવિજયજી મ.સા.**

• પ્રકાશક •

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી,

અમદાવાદ-૭. **ટેલિ. : ૦૭૯-૨૬૬૦૫૩૫૫**

**• દિવ્ય આશિર્વાદ •**

સચ્ચારિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત, સિદ્ધાંતમહોદધિ **પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.**
ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ **પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**
સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ **આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
યુગપ્રધાનઆચાર્યસમ શાસન પ્રભાવક ગુરૂદેવ **પ.પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા.**

**• નિશ્રાદાતા •**

પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી પ.પૂ. ગચ્છાધિપતિ આ. **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
સરળસ્વભાવી પ.પૂ.આ. **શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

**• પ્રાપ્તિસ્થાન •**

**પ્રતિકભાઈ શાહ**
**મો. : 93232 29655**

**• કમ્પ્યુટર ટાઈપ સેટિંગ-મુદ્રક •**

**પાર્શ્વ ઓફસેટ - ક્રિએટીવ પ્રકાશન**
**'વિક્રમ', એમ.જી. રોડ, વેરાવળ-362265. ફોનઃ 02876-222617**

---

**'વિનય', 2/5, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની બાજુમાં,**
**ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-360001. ✆ 94269 72609**

અર્હં નમઃ

# પ્રસ્તાવના

**અર્હં – અરિહા**ની ઉત્તમ લૌકિક માતા રીટાબહેન
લોકોત્તર અન્ય પાંચ માતાઓ સાધુ-સાધ્વી
કુલ છ આત્મકથાઓનો સંગ્રહ
એટલે જ **મા...**
આત્મકથા પુસ્તકમાંથી છ આત્મકથાઓ
આમાં લેવામાં આવી છે.
સાંભળ્યું છે કે આ આત્મકથાઓ વાંચતી
વખતે હાથરૂમાલનો use કરીને આંસુઓ
લુંછવા પડ્યા છે, એ પણ અનેકવાર...
એકવાર તો અવશ્ય વાંચો જ...

**- ગુણહંસવિજય**

# :: અનુક્રમણિકા ::


૧. મા................................................ ૧

૨. હમ ન સોચે હમે ક્યા મિલા હૈ............ ૨૫

૩. ભૂલો ભલે બીજું બધું પણ................. ૪૧

૪. અમારી રણયાત્રા : રત્નત્રયીની યાત્રા .. ૭૭

૫. ચાતુર્માસ પરિવર્તન : એક સત્યઘટના . ૯૯

૬. પ્રભુ ! તું મને આવો જ બનાવજે....... ૧૦૯

# ૧

# મા એટલે મા એટલે મા એટલે મા

'સાહેબજી ! આપના નામથી પેઢી પર ફોન આવ્યો છે, કહે છે કે મ.સા.નું ખાસ કામ છે, તો એમને પેઢી પર બોલાવી રાખો ને ? હું પાંચેક મિનિટ બાદ ફોન કરું છું.' **મદનભાઈ** બોલ્યા.

વિ.સં. ૨૦૭૯ની સાલનું અમારું પાંચ સાધુઓનું ચોમાસું **શ્રી ભીનમાલ જૈન સંઘ (રાજસ્થાન)**માં હતું. ચોમાસાના પ્રવેશ બાદ જ થોડાક દિવસ બાદ પેઢીના મુખ્ય કાર્યકર મદનભાઈએ મને સાંજના સમયે ઉપર મુજબ સમાચાર આપ્યા.

'કોનો ફોન હતો ?' મેં પ્રશ્ન કર્યો.

'મેં નામ પુછ્યું, તો કહે કે **'રીટાબહેન'... નવસારી**થી બોલું છું.'

હું વિચારમાં પડ્યો, તપોવનના હિસાબે નવસારી તો ઘણીવાર જવાનું-રહેવાનું થયેલું, **ચિંતામણી**માં વર્ષો પહેલા ચોમાસું પણ કરેલું. પણ ત્યારે તો હું માત્ર ભણતો જ હતો, એકપણ વ્યક્તિનો વિશેષથી પરિચય ભાગ્યે જ થયેલો. આ તો કદી ન સાંભળ્યું હોય, તેવું જ નામ લાગ્યું.

'જે હશે તે...' વિચારીને હું ઉભો થયો, પેઢી પર પહોંચ્યો, લેન્ડલાઈન નંબર પર પાછો ફોન આવ્યો, અમારા મદનભાઈનો અવાજ જલ્દી પકડાય નહિ, પાછું સામે ગુજરાત અને આ બાજુ રાજસ્થાન... એટલે સામેથી એ બહેન બોલે, મદનભાઈ સાંભળે-માંડ સમજે અને પછી મને સમજાવે...

એ બધાનો સાર આ પ્રમાણે હતો કે,

'નવસારીના **સંવેગ** નામના યુવાને તમારા ગ્રુપમાં (**પૂ. વિમલહંસ મ.** પાસે) દીક્ષા લીધી છે, એમની મમ્મી **હીના બહેન**ને મારો (રીટાબહેનનો) પરિચય છે. (સંવેગ = અત્યારે **મુ. શ્રમણહંસ વિ.**) આપનો અમારે પરિચય નથી, એટલે હીનાબહેન દ્વારા આપનો (મારો) સંપર્ક કર્યો છે.

મારે મારા દીકરા સાથે આપને વંદન કરવા આવવું છે, તો અવાશે ને ? થોડાક દિવસ રોકાવું પણ છે... ૧૫ મી ઓગસ્ટ આસપાસ આવવાની ભાવના છે.'

મને આશ્ચર્ય થયું.

જો મારો પરિચય નથી, તો સ્પેશ્યલ વંદન માટે આવવાની શી જરૂર ?

એ માટે રજા લેવાની શી જરૂર ?

થોડાક દિવસ રોકાવાની શી જરૂર ?

મારો પરિચય નથી, તો પછી મને ઓળખે કેવી રીતે ?

એક્સાથે ઘણા પ્રશ્નો થયા, પણ એ બધાનો ઉત્તર ફોન પર તો શી રીતે મેળવવો? અને એ ઉત્તરો સાથે મારે વિશેષ કોઈ નિસ્બત ન હતી.

'એમણે જ્યારે આવવું હોય, ત્યારે આવી શકે છે... રોકાઈ શકે છે...' મેં જવાબ વાળ્યો.

મદનભાઈએ એ જવાબ આપીને ઉમેર્યુ 'અહીં ધર્મશાળાની વ્યવસ્થા છે જ, ભોજનશાળા પણ ચાલુ જ છે, એટલે રહેવા-જમવાદિ કોઈ જ ચિંતા કરતા નહિ.'

દિવસો વીતતા યા.

અને એક દિવસ ૧૫ મી ઓગસ્ટની આસપાસના જ કોઈક દિવસે અમારો સવારે પાઠ ચાલુ જ હતો, અને 'મત્થએણ વંદામિ... અવાશે ?' એમ બોલીને એક શ્રાવિકાએ અમારા પાઠના સ્થાને આવવાની સંમતિ માંગી.

અમે પાઠ બાલ્કનીના ભાગમાં લેતા હતા, ત્યાં દરવાજો ન હતો. માત્ર દાદરા ચડીને પેસેજમાં, અને બે ડગલા ચાલીને બાલ્કનીમાં પ્રવેશ કરવાનો. બહેને પેસેજમાં જ ઉભા રહીને રજા માંગી હતી.

ચાલુ પાઠમાં મોઢું એ તરફ ફેરવીને જોયું તો એક શ્રાવક + એક શ્રાવિકા + શ્રાવિકાની આંગળી પકડીને ઉભેલો, સફેદ લેંઘા-જભ્ભા રૂપી ઉચિત પહેરવેશથી શોભતો, ચશ્મા પહેરેલો નાનકડો બાળક... આ ત્રણ જણ દેખાયા.

'અવાશે...' મેં રજા આપી. અને ત્રણે જણે બાલ્કનીમાં પ્રવેશ કરીને વિધિસર વંદન કર્યા.

'ક્યાંથી આવો છો ?'

'નવસારીથી.... મેં આપશ્રીને જણાવેલું ને...' બહેન બોલ્યા.

'હા, હા ! રીટાબહેન ને ? બરાબર છે. પણ કોઈપણ જાતની ઓળખાણ વિના છેક નવસારીથી ભીનમાલ સ્પેશ્યલ વંદન કરવા આવવાનું શું કારણ ?...'

મેં પ્રશ્ન તો કર્યો પણ અચાનક મને વિચાર આવ્યો કે, તેઓ અહીં આવીને સીધા વંદન કરવા જ આવ્યા છે, હજી તો સવારની બધી પલોજણો બાકી હશે... અને અમારો પાઠ પણ ચાલુ છે.'

'તમે એક કામ કરો...' મેં કહ્યું 'અત્યારે અમારો પાઠ ચાલે છે, નવેક વાગે પૂરો થશે, પછી વ્યાખ્યાન... વ્યાખ્યાન બાદ તમે મળી શકશો...'

હા જી ! સાહેબજી !

એ ત્રણેય ગયા, અમારો સવારનો ૭-૩૦ થી ૯-૧૫ સુધીનો પાઠ પાછો ચાલુ થયો.

થોડીકવાર બાદ પેલો નાનો છોકરો એકલો પાછો ઉપર આવ્યો, એ સ્નાન કરીને પૂજાના કપડા પહેરીને આવ્યો હતો. મમ્મી કે પપ્પા સાથે ન હતા.

'મ.સા. ! પૂજા કરવા જાઉં ?'

બાળકોના શબ્દોની મીઠાશ-સરળતા ભલભલાને આકર્ષી લે, એમાં આ તો તેજસ્વી અને ધર્મનિષ્ઠ દેખાતો બાળક હતો... (જેની ઉંમર હતી માત્ર સવા પાંચ વર્ષ ! હા! પાંચ વર્ષ + ૩ માસ... પાંચમું ધોરણ ન સમજશો...)

હું બે-પાંચ સેકંડ તો જોઈ જ રહ્યો, આવી રજા લેવા એણે શા માટે આવવું પડે? કોણે એને આવું શીખવાડ્યું ?

'હા...જવાશે...' મારાથી સંમતિ અપાઈ ગઈ.

અમારો પાઠ પાછો ચાલુ થયો.

પોણો-એક કલાક બાદ પાછો એ બાળક એકલો જ ઉપર આવ્યો.

'મ.સા. ! નવકારશી કરવા જાઉં છું.' એમ બોલીને મારા જવાબની રાહ જોયા વિના જ તરત નીચે ઉતરી ગયો. પણ નીચે એની મમ્મીનો અવાજ સંભળાયો.

'બેટા ! આપણે મ.સા.ને ખાલી જણાવવાનું નથી, પુછવાનું છે. એ રજા આપે, પછી જ નવકારશી કરવા

જવાય. જા, પાછો ઉપર જા... પૂછીને, રજા લઈને આવ.'

ત્યારે મને ખ્યાલ આવ્યો કે,

' આ બધા સંસ્કારો એની માએ આપેલા છે...

' એ બહેન વારંવાર ઉપર નથી આવતા. કારણ કે એ મર્યાદા પણ સમજે છે કે સાધુ ભ. પાસે બહેનોએ વારંવાર ન જવાય, યોગ્યકાળ-યોગ્ય સ્થાન અને જરૂરી કામથી જ જવાય.

છોકરો પાછો ઉપર આવ્યો...

'મ.સા. ! નવકારશી કરવા જાઉં ?' બરાબર પ્રશ્નાર્થ સાથે વાક્યોચ્ચાર કર્યો.

મારા દીક્ષાપર્યાયના ૧૮ વર્ષ દરમ્યાન મારા પૂ.ગુરુદેવશ્રી કે વડીલોને ક્યારેય એકાદવાર પણ આવી નમ્રતા સાથે મેં આપૃચ્છા કરી હોય, એવું મને યાદ નથી આવતું.

હા ! પૂછ્યું ઘણીવાર છે... પણ એમાં બાળકપણું ન હતું, હું મોટો (!) થઈ ગયો હતો ને? ઉંમર અને બુદ્ધિથી... બંનેથી...

હું વિચારમાં પડ્યો, એટલે જવાબ આપવાનું જ ભૂલી ગયો, બાળકે ફરી એ જ મીઠાશ સાથે પ્રશ્ન કર્યો... ઝબકીને, ભાનમાં આવીને, ભૂતકાળમાંથી પાછા વર્તમાનમાં આવીને મેં તરત એને રજા આપી.

હવે મારી ઉત્કંઠા-જિજ્ઞાસા તીવ્ર બની...

આખરે આ બહેન છે કોણ ?

આ બાળક છે કોણ ?

આવી ટોચકક્ષાની આચાર વ્યવસ્થા આ સંસારીઓને કોણે શીખવાડી ?...

હું વ્યાખ્યાન બાદ એ બહેન મળવા આવે, અને બધી વાત કરે... ત્યાં સુધી રાહ જોવા મજબુર હતો.

વ્યાખ્યાન બાદ બહેન આવ્યા, એમની પાસેથી મને જે વાતો સાંભળવા મળી, એ મારા જીવનનું, મારી શ્રવણેન્દ્રિયનું હું પરમ સૌભાગ્ય માનું છું.

સંયમીઓ ! તમને એ સંભળાવી તો નહિ શકું, પણ વંચાવી તો શકું... એટલે આ લખીને તમારી આંખો સુધી, આંખો દ્વારા હૃદય સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરું છું.

એ બહેને જે રજુઆત કરી, મારા પ્રશ્નોના જે ઉત્તરો આપ્યા... એ બધું નીચે પ્રમાણે છે.

મ.સા. ! આ મારા દીકરાનું નામ **અર્હમ્** છે. આના કરતા એક જ મિનિટ મોટી એની બહેનનું નામ **અરિહા** છે. બે જોડીયા બાળકો છે.

'બંનેની ઉંમર કેટલી છે ?'

'સવા પાંચ વર્ષની.'

'તમે આને અહીં કેમ લાવ્યા છો ?'

'દીક્ષાની તાલીમ આપવા...'

'આ ઉંમરે ? દીક્ષા તો આઠ વર્ષ પહેલા થશે નહિ...'

'ખબર છે, પણ એની તાલીમ તો આપી શકાય ને...'

'ચોક્કસ આપી શકાય. પણ આટલા નાના બાળકને આ તાલીમ ભારે ન પડે?... અને તમારે એટલી ઉતાવળ શી છે ?'

'મ.સા. ! મારે કોઈપણ ભોગે આને આઠ વર્ષે દીક્ષા આપી જ દેવી છે.'

'વાહ રે વાહ ! પણ આટલો બધો ભાવ તમને શી રીતે જાગ્યો ?'

'લગ્ન થયા, ત્યારે તો ધર્મ પ્રત્યે કોઈ રુચિ ન હતી. અમે નવસારીમાં રહેતા હતા. મારું પિયર મૂળ

**રાજસ્થાન-મંડાર** ગામનું છે. મારા લગ્ન **ધાનેરા** સમાજમાં થયેલા છે. મારા લગ્ન બાદ મારી સગી બહેનની દીક્ષા થઈ. એ વખતે મને ધર્મ પ્રત્યે થોડીક લાગણી પ્રગટ થઈ. બહેન મ.સા. અને એમના ગુરુણીનું અતિ-ઉત્કૃષ્ટ કોટિનું જીવન અને એમના સતત પરિચયથી મારા મનમાં-જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું.

એ પછી એમના ગ્રુપમાં ત્રીજી દીક્ષા થઈ. એ દીક્ષા વખતે તો મારું સંપૂર્ણ પરિવર્તન થયું. એ બહેન રૂપવાન્, બધી રીતે સક્ષમ... છતાં એમણે આવો માર્ગ શા માટે સ્વીકાર્યો ? તો એનો મતલબ એમ કે 'આ સંયમમાર્ગમાં કંઈક તથ્ય છે. સાચું સુખ છે, સંસારમાં માત્ર હવાતિયાં જ મારવાના છે.'

અને ત્યારથી મેં દઢ અતિદઢ નિશ્ચય કરી લીધેલો કે 'હું ભલે દીક્ષા લઈ શકી નથી, પણ મારા સંતાનોને તો હું ગમે તે કરીને દીક્ષા જ અપાવીશ...'

એ પછી જ્યારે પહેલીવાર મારી કુક્ષિમાં બાળક આવ્યો, તે વખતે હું **અમદાવાદ**માં હતી. મારી નણંદ ડોક્ટર છે... પણ મારું દુર્ભાગ્ય (!) કે માત્ર બે મહિનામાં જ એ ગર્ભ પડી ગયો, કુક્ષિમાં જ મૃત્યુ પામ્યો.

ત્યારે મને અતિશય આઘાત લાગ્યો.

આખરે હું એક મા હતી, પહેલીવાર મા બનવાની હતી, મારા સંતાનને શાસનનું રત્ન બનાવવાના મારા અરમાનો હતા... પણ...

હું ધ્રુસકે ધ્રુસકે રડી.

સહુએ મને આશ્વાસન આપ્યું, પણ એ આશ્વાસન એટલે પત્થર પર પાણી !

ભાંગેલા હૈયે ભગવાનને ફરિયાદ કરવા માટે દેરાસર દર્શન કરવા ગઈ. **સેટેલાઈટ સોમેશ્વર પાર્શ્વનાથ ભગવાન**ની સામે !

મ.સા. !

મારા જીવનમાં એ દિવસે મેં ચમત્કાર જોયો.

હું ગઈ હતી ભગવાનને ફરિયાદ કરવા કે 'મારો બાળક તેં કેમ છિનવી લીધો...'

પણ પ્રભુ ઉપર દૃષ્ટિ પડતાની સાથે જ હું થીજી ગઈ, એક પળમાં જ પ્રભુ પાસેથી જવાબ મળી ગયો...

'તારી કુક્ષિમાં જે બાળક આવ્યો હતો, તે સંયમ લેવાનો ન હતો. અને રીટા ! તને એવા એકપણ સંતાનની પ્રાપ્તિ નહિ થાય કે જે દીક્ષા ન લેવાના હોય. માટે જ એ બાળક જતો રહ્યો. એ તારું સંતાન બનવાને લાયક ન હતો.'

બસ,

આ જવાબ મળ્યો, અને બીજી જ પળે મારો આઘાત મૂળમાંથી જ ખતમ થઈ ગયો. આ તો પ્રભુની કૃપા જ ઉતરી હતી મારા પર !

મારો તો એક જ વિચાર.

સંયમ ન લેનારા બાળકની મા બનવા કરતા તો વાંઝિયા રહેવું વધુ સારું.

મેં પ્રભુનો ખૂબ આભાર માન્યો.

દેરાસરમાંથી બહાર નીકળતી વખતે હું એકદમ પ્રસન્ન હતી. એ પછી ક્યારેય મને પહેલું બાળક મૃત્યુ પામ્યાનો ખેદ-પશ્ચાત્તાપ નથી થયો.

અર્હમ્-અરિહા જ્યારે પેટમાં હતા, ત્યારે નવે ય મહિના મારા બહેન મ. + એમના ગુરુણીજી (એ જ મારા ગુરુ છે...) ના માર્ગદર્શન પ્રમાણે જ બધી આરાધના કરી છે. બંનેનો જન્મ ઓપરેશન દ્વારા કરાવવો પડ્યો છે.

હવે ગુરુજીના કહેવા પ્રમાણે = માર્ગદર્શન પ્રમાણે હું બંને બાળકોને તૈયાર કરી રહી છું, આઠ વર્ષની ઉંમરે

જ દીક્ષિત બનાવવા માટે!

'તમારા પતિનો, સાસુ-સસરા વગેરેનો આ બાબતમાં વિરોધ નથી ?...' મેં પુછ્યું. પ્રથમ ગર્ભમરણની ઘટનાએ મને વિચાર કરતો કરી દીધેલો. શું આવી મા પણ જગતમાં હોઈ શકે ?

''મારા શ્રાવકનો સ્વભાવ સારો છે, એમને ભલે મારા જેવો ઉત્સાહ નથી, પણ એ મને ના નથી પાડતા. મારી ઈચ્છા પ્રમાણે મને કરવા દે છે.

હા ! મ.સા. ! સાચું કહું તો ઘરે ક્યારેક આ બાબતમાં સંઘર્ષ થયો છે. મારા સાસુ-સસરાને ધર્મ ગમે, પણ મારી આ નાની જ ઉંમરમાં દીક્ષા આપી દેવાની જીદ ન ગમે. તેઓ એમની દષ્ટિએ સાચા છે, એમને પૌત્ર-પૌત્રી ઉપર રાગ તો હોય જ ને ?

સસરાજીએ મને કહેલું કે 'તું આ બંનેને દીક્ષા આપી દઈશ, તો તને ઘડપણમાં કોણ સાચવશે ? તારા ભવિષ્યનો વિચાર કર્યો છે ખરો ?'

ત્યારે મેં નમ્રતા સાથે જવાબ આપેલો 'લાખો મા-બાપ એવા છે, કે જેમના સંતાનો બધી રીતે સક્ષમ હોવા છતાં ઘરડા મા-બાપની સામે પણ જોવા તૈયાર નથી. તો મારા દીકરાને સંસારમાં રાખું, તો ય 'એ ઘડપણમાં મારી સેવા કરશે જ' એની ગેરંટી શું ? એના કરતા તો એ શાસનનું રત્ન બને, એ શું ખોટું ?'

સસરાજીએ મને એ પણ કહેલું કે 'ભલે, દીક્ષા આપવી હોય, તો આપ. પણ આટલી નાની ઉંમરે શા માટે ? એ મોટા થઈ જાય, સમજુ બને, પછી આપજે ને ?'

ત્યારે ય મારે કહેવું પડ્યું કે 'અત્યારે બાળકો મારું કહ્યું માને છે. મોટા થયા બાદ ખરાબ નિમિત્તોના રવાડે ચડવાના કારણે એમની દીક્ષાની ભાવના ખતમ થઈ જાય, અને એ દીક્ષા ન લે તો ?

એના બદલે નાની ઉંમરમાં જ દીક્ષા લે, સતત સારા નિમિત્તોમાં જ રહે, તો એમનું હિત થાય, શાસનને પણ ઉજાળી શકે.'

રીટાબહેન ભાવાવેશમાં, લાગણીના આવેશમાં પોતાની ભાવનાઓ વ્યક્ત કરતા જ રહ્યા.

'મ.સા. ! મારા સાસરાપક્ષમાં બધા બહુ સારા માણસો છે. સ્વભાવથી ખૂબ ગુણિયલ ! પણ આ તો બાળકોને સાવ નાની ઉંમરમાં દીક્ષા આપી દેવાની વાત, એટલે તેઓ પણ ખચકાય, વિરોધ કરે, ટકોર કરે... એ સ્વાભાવિક છે.

પણ મ.સા. ! ઘણીવાર હતાશ થઈ જાઉં છું.

જે મળે, એ બધા મને એક જ વાત કરે 'તું ખોટું કરે છે...'

મને સાચી કહેનાર માત્ર મારા ગુરુજી વગેરે થોડાક જ લોકો...

સેંકડોના મોઢે ટકોર સાંભળી સાંભળીને ઘણીવાર મનથી તૂટી જાઉં છું, રડવું આવી જાય છે, ભગવાન પાસે જઈને રડી પણ લઉં છું કે 'પ્રભુ ! હું સાચા માર્ગે છું, તારા માર્ગે છું. તો લોકો કેમ મારો વિરોધ કરે છે ? તું કેમ મને સહાય નથી કરતો.'

હા ! આવું જ્યારે બને, ત્યારે બહેન મ.સા. પાસે જાઉં, એમનું માર્ગદર્શન મેળવીને પાછી દઢ બની જાઉં છું.'

મેં કહ્યું, 'જુઓ, બહેન ! લોકો એટલે લોકો ! એમને બોલતા અટકાવવા શક્ય નથી. આજે તેઓ વિરોધ કરે છે, આવતી કાલે તમારા દીકરાને સાધુવેષમાં સુંદર જીવન જીવતો જોઈને એ જ લોકો તમારી બે મોઢે નહિ - બાર મોઢે પ્રશંસા કરશે.

બીજું

તમારા પરિચયમાં હજી સુધી એવા વિશિષ્ટ ધાર્મિક માણસો આવ્યા નથી ને ? જ્યારે તેઓનો તમારે પરિચય થશે, ત્યારે તેમના મુખેથી પ્રશંસા-પ્રોત્સાહન સાંભળીને તમારો ઉલ્લાસ ખૂબ-ખૂબ વધી જશે. માટે

એ બધી ચિંતા તો મનમાંથી કાઢી જ નાંખશો.

હવે મારા કેટલાક પ્રશ્નો છે, એના તમારે જવાબ આપવાના છે. તમને યોગ્ય ન લાગે, તો ના પણ પાડી શકશો.

**પ્રશ્ન :** બધુ મ.સા.ને પૂછી પૂછીને કરવાનું... એવું તમને કોણે શીખવાડ્યું ? કે જેથી આ બાળક પાસે એનું પાલન કરાવો છો ?

**ઉત્તર :** અમે વેકેશનાદિમાં બહેન મ.સા. સાથે રહ્યા છીએ. એમની જીવનચર્યા જોઈ જોઈને આ ખ્યાલ આવ્યો કે ગુરુને બધુ પૂછી પૂછીને જ કરવું.' એટલે આ અર્હમ્‌ને પણ એના સંસ્કાર આપી રહી છું.

**પ્રશ્ન :** તમારી દીકરી ક્યાં છે ?

**ઉત્તર :** એને બહેન મ.સા. પાસે મૂકીને આવી છું, અત્યારે સાતેક દિવસનું વેકેશન છે, એટલે એ ત્યાં તાલીમ લેશે.

**પ્રશ્ન :** એકલી ? મા-બાપ વિના ? આ સવા પાંચ વર્ષની ઉંમરે ?

**ઉત્તર :** હા જી ! એ રહે છે, રહેશે. એણે દીક્ષા લેવાની છે, તો એ પ્રેક્ટીસ તો પાડવી જ પડશે ને ?

**પ્રશ્ન :** પણ સ્નાન-પૂજા-ભોજનાદિનું શું ?

**ઉત્તર :** ત્યાંના શ્રાવિકાઓ સંભાળી લેશે... સાધ્વીજી ભ. એ બધી કાળજી કરાવી લેશે...

નવસારીમાં/સુરતમાં ઘણીવાર મારી દીકરી બહેન મ. પાસે રાત્રે એકલી રહેતી જ હતી. એ વખતે આ અર્હમ્ રડતો, મને કહેતો કે 'મમ્મી ! તું દીદીને રાત્રે સાધ્વીજી પાસે ઉંઘવા મોકલે છે, તો મને કેમ નથી મોકલતી ?'

ત્યારે હું એને છાનો રાખતી. એકવાર પૂ. સાધુ મ. પાસે રાત્રે એક દિવસ એને સંથારો કરવા દીધો હતો. એમનો બીજા દિવસે સવારે વિહાર હતો, પણ એમણે પણ આશ્ચર્ય વ્યક્ત કરેલું કે 'આટલો નાનો બાળક અમારા જેવા સાવ અજાણ્યા પાસે રાત્રે સૂતો, અને રડ્યો પણ નહિ... ભારે કહેવાય.'

પણ એ તો એક જ દિવસ પૂરતી વાત....

મારે તો એને તાલીમ આપવાની હતી. એટલે આ વખતે સાત દિવસ માટે આપની પાસે લઈને આવી છું. રોજ આપની સાથે જ સંથારો કરાવવાનો છે એટલે કે ઉંઘાડવાનો છે. આપને ફાવશે ને ?

**પ્રશ્ન :** એ પછી વાત, પણ એ તો કહો કે મારી પાસે કેમ લાવ્યા ?

**ઉત્તર :** મ.સા. ! એ મને ય ખબર નથી. મેં તો દઢ સંકલ્પ કર્યો છે કે મારા ગુરુજી + બહેન મ. જેમ કહે, તેમ મારે કરવાનું. એમાં હું બીજું કશું જ વિચારતી નથી.

મારું સાસરું ધાનેરા સમાજમાં છે. આપશ્રી ધાનેરાના છો, એટલે ઘરવાળાઓની ઈચ્છા આપની પાસે મુકવાની થઈ, માટે મારા ગુરુજીએ પણ આપનું સૂચન કર્યું.

**પ્રશ્ન :** ઠીક છે. પણ તમે પણ અર્હમ્‌ની સાથે જ રોકાશો ને ?

**ઉત્તર :** હા જી ! હજી નવો છે, એટલે હમણા સાથે રહીશ. અમે બે જણ ધર્મશાળામાં... અને અર્હમ્ આપની પાસે... એની બીજી બધી કાળજી હું જ કરીશ, બસ! એ આપની પાસે રહેતો થાય, મા વિના જીવતો થાય... એટલું જ કરવાનું છે.

બોલતા બોલતા એ માની = લોકોત્તર માની આંખો ભીની થઈ ગઈ.

**પ્રશ્ન :** દીક્ષા જ આપવી છે, તો સ્કુલમાં કેમ ભણાવો છો ?

**ઉત્તર :** દીક્ષા બાદ પણ અક્ષરજ્ઞાન તો એને જોઈશે જ ને ? બે-ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ થઈ જાય, તો પછી લખવા-વાંચવાની મહેનત કરાવવી ન પડે. વળી પરિવારના સંતોષ ખાતર પણ એટલું ભણાવવું જરૂરી લાગ્યું છે.

આટલી પાયાની વાતો થઈ ગઈ, અને બહેન ચાત્રિકભવનમાં જતા રહ્યા.

પણ એ જ સાંજે અર્હમ્‌ને તાવ ચડ્યો. શર્દી-ભેજનું વાતાવરણ બધું એમાં નિમિત્ત બન્યું. તાવ માપવાનું સાધન તો ન હતું. પણ ઓછામાં ઓછો ૧ તાવ તો હશે જ (વધુમાં વધુ ૨..)

મને ચિંતા થઈ, બાળક પહેલા જ દિવસે મ.સા. પાસે માંદો પડે, એટલે એની મમ્મીને તો કેવી ચિંતા થાય ? એટલે સૂર્યાસ્ત થઈ ગયો હોવા છતાં મેં બહેનને બોલાવ્યા, ઉપાશ્રયની બહારની ઓસરીમાં બધા શ્રાવકો પ્રતિક્રમણ માટે આવેલા હતા, બહેનને બહાર ઉભા રાખીને કહ્યું, 'અર્હમ્‌ને તાવ આવ્યો છે...'

'મ.સા. ! આપ કશી ચિંતા ન કરો. એ મારી પાસે આવવાની જીદ નથી કરતો ને?'

'ના, એ તો રડતો ય નથી. શાંતિથી આડો પડ્યો છે. મેં એક-બે વાર પૂછ્યું, 'મમ્મી પાસે જવું છે ?' પણ ઘસીને ના જ પાડે છે.' મેં કહ્યું અને એ વાત એકદમ સાચી હતી. મેં એને એક-બે વાર પૂછી જ લીધેલું હતું.

'તો મ.સા. ! એને આપની પાસે જ રાખો.'

'પણ તમને ચિંતા નહિ થાય ને ?'

'લેશ પણ નહિ. સગી મા કરતા ગુરુમા એને વધુ સારી રીતે સાચવશે જ. એવો મને દઢ વિશ્વાસ છે.' એમના શબ્દોમાં આત્મવિશ્વાસ રણક્તો હતો. પંચ મહાવ્રતધારી મહાત્મા પ્રત્યેની અવિહડ શ્રદ્ધા નીતરતી હતી.

હું હસી પડ્યો. એ તો ગયા, પણ મને વિચાર કરતો મૂકી ગયા. આ મમ્મીએ પોતાના બાળકમાં ધર્મ-સંસ્કારો નાંખવા માટે જે ભોગ આપ્યો છે, એ મેં મારા શિષ્યો માટે આપ્યો છે ખરો ?

વળી એ બહેન મારા પર જે શ્રદ્ધા મૂકી રહ્યા છે, એ સાચી છે ખરી ?

'મારી જવાબદારી ઘણી વધી રહી છે, વધી ગઈ છે.' એનું મને ભાન થયું.

મેં **મુમુક્ષુ રાકેશભાઈ** દ્વારા અર્હમ્‌ની બધી વ્યવસ્થા ગોઠવી પાટ પર ગાદલા પર સુવડાવ્યો, ઓઢાડી દીધું, મચ્છરદાની નંખાવી દીધી. યુવાન રાકેશભાઈને એમની પાસે જ બેસાડી હું માંડલીમાં પ્રતિક્રમણ કરવા ગયો.

પ્રતિક્રમણ બાદ હું તરત એની પાસે ગયો, નાનો બાળક આવા તાવમાં શાંતિથી ઉંઘી તો શી રીતે શકે ? છતાં એણે કોઈ ફરિયાદ ન કરી. પણ શરીર ગરમ જોતા મારી ચિંતા વધી ગઈ. શ્રાવકો દ્વારા રાત્રે જ ડોક્ટરને બોલાવ્યા. એના મમ્મીને પાછા બોલાવ્યા. એ બહાર જ ઉભા રહ્યા. ભિન્નમાલના લાણી-સભર આઠ-દસ શ્રાવકો પણ ત્યારે હાજર રહ્યા.

ડોક્ટરે કહ્યું, 'ઇંજેક્શન આપવું પડશે...'

'ના, ના ! ઇંજેક્શન નહિ.' અર્હમ્ જરાક રડમસ અવાજે બોલ્યો.

'તો ગોળી લેવી પડશે.' ડોક્ટરે વિકલ્પ આપ્યો.

'અર્હમ્ ! ગોળી લેશે ? ચાલશે ?'

'હા ! ગોળી લઈશ, પણ ઈંજેક્શન નહિ.'

મેં નિર્ણય કર્યો કે, એને ગોળી આપી દેવી.

પણ મુમુક્ષુ રાકેશભાઈએ કહ્યું, 'સાહેબજી ! એના મમ્મીએ એની દોઢ વર્ષની ઉંમરથી માંડીને આજ સુધી સંપૂર્ણ ચોવિહાર જ એને કરાવ્યા છે. ભર ઉનાળામાં પણ એને રાત્રે પાણી પણ પીવડાવ્યું નથી. એમને રાત્રે ગોળી આપતા પહેલા એમની મમ્મીને પૂછી લઈએ, બહાર જ ઉભા છે ને !'

મારા માટે આ એક નવો આંચકો હતો. છેલ્લા પોણા ત્રણ વર્ષથી આ બાળકે સૂર્યાસ્ત બાદ પાણીનું ટીપું પણ મોઢામાં નાંખ્યું ન હતું. આ એક ઈતિહાસ જ મારી દષ્ટિએ તો હતો.

મને આ જમાનાની મમ્મીઓ અને એના પુણ્યહીન સંતાનો યાદ આવી ગયા.

મમ્મીઓ એ બાળકોને રાત્રિભોજનાદિ પાપો કરાવી કરાવીને સંતોષ માને કે 'હું આની સાચી મમ્મી !' અને બાળકો આવી લાડકી (!) મમ્મીનો પ્યાર પામીને આનંદમાં રહે કે 'મારી મા કેવી સરસ !'

બિચારા બે ય આ લૌકિક જગતના જ મા-દીકરા !

લોકોત્તર મમ્મી અને લોકોત્તર સંતાન બનવાનું પરમ સૌભાગ્ય, પ્રચંડ પુણ્ય એ કરોડો મા-દીકરાઓ પાસે નથી...

ભગવાન ! તું સૌનું કલ્યાણ કરજે.

મારે તો દવા આપવી જરૂરી હતી. મને એક બહાનું મળી ગયું. બહાર જઈને મેં બહેનને પૂછી લીધું કે 'જુઓ, બહેન ! તમે આપેલા રાત્રિભોજન-ત્યાગના સંસ્કાર મારે તોડાવવા નથી. પણ આ એલોપથી દવા તો અણાહારી છે. મને એનો સ્વાદ ખબર છે. એ તો રાત્રે લઈ શકાય...'

'મ.સા.! મેં તો દીકરો આપને સોંપી દીધો છે, હવે આપે એના માટે જે નિર્ણય કરવો હોય, એ કરી શકો છો. મને બિલકુલ પુછવાનું નહિ. મારો હવે એના ઉપર કોઈ હક નથી.'

'બરાબર ! પણ તમે અત્યાર સુધી રાત્રે એકાદવાર પણ દવા આપી જ નથી ?'

'ના જી ! એને સર્દી-કફ ઘણીવાર થાય છે, પણ રાત્રે કદી દવા આપી નથી. આવી રીતે રાત્રે તાવ પણ આવ્યો છે. પણ મન કઠણ કરીને રાત્રિ પસાર કરાવી છે.'

મને થયું કે અણાહારી દવા વપરાવવાનો અપવાદ પણ આ બાળક માટે લેવા જેવો નથી.

અમારી વાત ચાલતી હતી, ત્યાં તો રાકેશભાઈ અર્હમ્‌ને ઉંચકીને બહાર લઈ આવ્યા. બહેને બહાર ઉભા-ઉભા જ એને રાકેશભાઈના હાથમાંથી લઈ લીધો.

'બેટા ! અહીં ઉંઘવું છે ? કે મારી પાસે ?'

'અહીં... મ.સા. પાસે...'

ખુલ્લા કાને એકદમ સ્પષ્ટ શબ્દો મેં સાંભળ્યા.

સવા પાંચ વર્ષની ઉંમરના સંતાનોની મમ્મીઓ !

તમને તો તમારા સંતાનોનો અનુભવ હશે જ ને ? જરાક એની સાથે આ બરાબર ચકાસણી કરી લેજો. મમ્મી તરીકેની ફરજ તમે નિભાવી ? કે આ બહેને ? એ પણ શાંતચિત્તે વિચારજો. એમણે દીકરાને બળજબરી નથી કરી, પણ પાયામાં જ સારા સંસ્કારો આપી આપીને ઘડ્યો છે. જે કામ તમે પણ કરી શક્ત, પણ...

'મ.સા. ! આપને તો રાત્રે તકલીફ નહિ પડે ને ?'

'ના, ના ! તમે અમારી ચિંતા છોડી દો. તમારી મૂડીને બરાબર સાચવશું...'

અને અર્હમ્‌ને નીચે મૂકી 'જાઉં છું, મ.સા.' બોલીને એની મમ્મીએ પાછા પગલા માંડ્યા. મને લાગ્યું કે 'એ રડી પડ્યા હતા...'

કેવી છે આ દુનિયા !

અંદર રહેલું માતૃત્વ એમને અનાયાસે રોવડાવે છે.

અંદર રહેલું શાસન એમને કઠોરતમ બનાવે છે.

અર્હમ્‌ને લઈને અમે બાલ્કનીમાં ગયા. મારો સંથારો ત્યાં જ હતો. રાકેશભાઈએ અર્હમ્‌નું ગાદલું પાથર્યું, મચ્છરદાની નાંખી... પણ એ મારા સંથારાથી દૂર રાખેલું...

'મારે મ.સા.ની બાજુમાં ઉંઘવું છે, દૂર નહિ.' એક/દોઢ તાવમાં ય અર્હમ્ બોલ્યો. રાકેશભાઈએ સંથારો નજીક લીધો.

તાવ ઉતારવા માટે રાકેશભાઈએ મીઠાના પાણીના પોતા મુકવાના શરુ કર્યા, પણ એનો ઠંડો સ્પર્શ અર્હમ્‌થી સહન ન થયો, મેં રાકેશભાઈને અટકાવ્યા. મારે એને રડવા દેવો ન હતો.

અમે લગભગ અગ્યાર વાગ્યા સુધી તો જાગ્યા, ત્યાં જ 'અર્હમ્' બુમ સંભળાઈ. મને લાગ્યું કે 'એના મમ્મી પાછા આવ્યા લાગે છે.'

રાકેશભાઈ તરત નીચે ગયા, બે જ મિનિટમાં પાછા આવ્યા.

'સાહેબજી ! અર્હમ્‌ની મમ્મી અને મુમુક્ષુ બહેન આવેલા છે. મુમુક્ષુએ વાત કરી કે 'અર્હમ્‌ને કારણે સાહેબજીની રાતની ઉંઘ બગડશે, તો આવતી કાલે એમને સ્વાધ્યાય કરવામાં, પાઠ આપવામાં, વ્યાખ્યાનમાં... બધામાં વિઘ્ન આવશે. એટલે અર્હમ્‌ને મ.સા. પાસે નહિ સુવાડો.' રીટાબહેનને એ વાત એકદમ યોગ્ય લાગી, માટે એ લેવા માટે આવ્યા છે.'

મેં હા પાડી અને રાકેશભાઈ જ અર્હમ્‌ને તેડીને નીચે લઈ ગયા. એની મમ્મીએ એને જ્યારે ઉંચક્યો, ત્યારે એની ઉંઘ ઉડી ગઈ.

'ના, ના ! મારે મ.સા. પાસે જ ઉંઘવું છે...' અર્હમ્‌ની જીદના શબ્દો મેં સાંભળ્યા.

'અર્હમ્ ! મ.સા.ને અત્યારે બધા મળવા આવેલા છે. એ બધાને મળીને ત્યાં આપણા સ્થાને જ આવે છે...' રાકેશભાઈ જૂઠ બોલ્યા, પણ અર્હમ્‌ના ધમપછાડા બંધ ન થયા, છેવટે એને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે રાકેશભાઈએ જ અર્હમ્‌ને પાછો તેડી લીધો, અને એ પણ બંને બહેનોની સાથે સામેની ધર્મશાળા તરફ ચાલવા માંડ્યા, અને અર્હમ્ શાંત ! એ સમજ્યો કે 'રાકેશભાઈ સાથે આવે છે, એટલે મ.સા. આવશે જ...'

સવા પાંચ વર્ષનો મમ્મી સાથેનો ગાઢ સંપર્ક હોવા છતાં એની સાથે રહેવા-જવા માટે અર્હમ્ ના પાડે, અને માત્ર એક જ દિવસના સાવ સામાન્ય પરિચય બાદ મ.સા. પાસે કે મ.સા.ના જ મુમુક્ષુભાઈ પાસે રહેવા-ઉંઘવા માટે અર્હમ્ ધમપછાડા કરે.

મેં સંશોધન કર્યું. આમાં હકીકતમાં અર્હમ્‌ની નહિ, એની મમ્મીની મહાનતા હતી. એમણે જ એને આ બધું ખૂબ-ખૂબ-ખૂબ ઘુંટાવી દીધેલું. એ જે કરતો હતો, એ પોતાની સમજથી ઘણું ઓછું, મમ્મીના ઘુંટાયેલા સંસ્કારોથી જ ઘણું ઘણું ઘણું વધારે !

સવારે રાકેશભાઈએ રાતની ઘટના કહી...

રૂમ પર જઈને પોતા મુકવાના શરુ કર્યા, મુમુક્ષુ બહેને પહેલા શરુઆત કરી, તો એમને ના પાડી. કહે કે 'રાકેશભાઈને મુકવા દો...'

પછી મેં કહ્યું કે 'આ તો મુમુક્ષુ છે, નજીકમાં જ દીક્ષા લેવાના છે...' તો અર્હમ્ એક સેકંડમાં તૈયાર... કહે કે 'તો પછી એમને પોતા મુકવા દો...'

નાનો બાળક મુમુક્ષુ બહેન પાસે પહેલા પોતા મુકાવવાની ના પાડે અને એમની દીક્ષાની વાત સાંભળીને તરત હા પાડે... આવું શા માટે ? એનો જવાબ મને જડ્યો નથી.

બીજા દિવસથી તો ગોળી લેવાના કારણે એને સારું થતું ગયું.

અમદાવાદ **ગિરધરનગર**ના રાકેશભાઈએ એને બધી રીતે સાચવ્યો. પથારીમાં જ એને રાત્રે માત્રુ ન થઈ જાય, એ માટે રોજ રાત્રે ત્રણેક વાગે ઉઠીને રાકેશભાઈ જ એને માત્રુ કરાવી આવતા.

ચાલુ વ્યાખ્યાનમાં પાટ પર આવીને મારી બાજુમાં બેસી જવું એને માટે રમત હતી.

ત્રણ ટાઈમ જમવા જવાનું - બે ટાઈમ પચ્ચક્ખાણ લેવાનું. પૂજા કરવા જવાનું - ભિનમાલગામમાં જવાનું હોય... તો આ બધું જ પૂછી પૂછીને કરવાનું એની મમ્મી એને શીખવાડ્યા જ કરતી હતી.

વચ્ચેના દિવસોમાં એના નાના-મોટા પ્રસંગો બનતા જ રહ્યા... પણ કેટલું લખું? તમે પાછા મને

ફરિયાદ કરશો કે 'લેખ લાંબો-લચક છે...' (જો કે એ ફરિયાદ મંજુર છે. કેમકે આમાંની જ કોઈક બાબતો કોઈકને ગાઢ અસર કરી જતી હોય છે.)

નવસારી જવાના છેલ્લા દિવસે સાંજે એના મમ્મી પાછા મળવા આવ્યા. (વચ્ચેના દિવસોમાં એ માત્ર વ્યાખ્યાનમાં આવતા, શાતા પૂછી જતા રહેતા...)

'મ.સા. ! મારો અર્હમ્ દીક્ષા માટે લાયક તો છે ને ?' રીટાબહેન બોલ્યા.

એ શબ્દો સાંભળતા મને ય કંપારી છૂટી ગઈ.

મને ચોક્ખો અનુભવ થયો કે,

એના જવાબ ઉપર જ જાણે કે એ માના જીવન-મરણનો નિર્ણય થવાનો છે.

જો જવાબ 'ના' આવે, તો એ 'મા' ભાંગી પડે, તૂટી પડે, ચોધાર આંસુએ રડી પડે...

એ 'મા'નું અસ્તિત્ત્વ જ માત્ર ને માત્ર એની દીક્ષા માટે હતું.

એ માનું ધ્યેય જ માત્ર ને માત્ર અર્હમ્‌ની દીક્ષા હતી.

એ 'મા'ના પ્રત્યેક શ્વાસમાં એક જ નાદ હતો 'મારા દીકરાની દીક્ષા...'

મેં કહ્યું,

'બહેન ! મારા ક્ષયોપશમ પ્રમાણે તો અત્યંત સુપાત્ર છે... હા ! આના જેવા ઉત્તમ આત્માને દીક્ષા આપવા માટે, એના ગુરુ બનવા માટે, એને તાલીમ આપવા માટે હું લાયક ખરો કે નહિ ? એ જ મારે વિચારવાનું છે.

માટે, તમે બધી ફિકર છોડી દો.'

એમને આ જવાબથી પરમ પરમ સંતોષ થયો.

'મ.સા. ! હવે દિવાળીના વેકેશનમાં હું એને પંદર દિવસ માટે અહીં મૂકી જઈશ. પણ એ વખતે હું સાથે નહિ રોકાઉં. એ એકલો જ રહેશે.'

'એકલો ? તમે ?' હું ચોંક્યો.

'હું નવસારી ! ૧૫ દિવસ પછી પાછી લેવા આવી જઈશ.'

'કેમ ? તમે રોકાવ, તો સારું પડે. શું ઘરેથી અનુકૂળતા નથી ?'

'બધી જ અનુકૂળતા છે, પણ...' એમનો સ્વર ભીનો થવા માંડ્યો.

'પણ શું ?'

'એણે હવે એની મા વિના જ જીવવાનું છે ને ? સાત દિવસ તો રાત પુરતી પ્રેક્ટીસ પાડી. હવે સંપૂર્ણ પ્રેક્ટીસ ! મારે આ કરવું જ પડશે.'

મને લાગ્યું કે આ વાત વધુ લંબાવવા જઈશ, તો એ રડ્યા વિના નહિ રહે.

છેવટે એમણે વિદાય લીધી.

મેં એમને જણાવેલું કે 'તમે તમારા સંતાનોની શું શું કાળજી લીધી છે ? એ બધું મને લખીને આપો. એમના જીવનના કોઈ વિશિષ્ટ પ્રસંગો હોય, તો મને લખીને આપો...'

એમણે લગભગ સાડા ત્રણ ફૂલસ્કેપ ભરીને બધું લખી આપ્યું. એમની ભાષા અને અક્ષર બરાબર લોકભોગ્ય ન હોવાથી મારી ભાષામાં એ બધું જ અહીં રજુ કરું છું.

(૧) જન્મથી માંડીને સવા પાંચ વર્ષની ઉંમર સુધી ક્યારેય પણ કાચા પાણીનું એક ટીપું પણ પીધું નથી. માત્ર 'મા' રોજ અમુક જપ કર્યા બાદ એ મંત્રિત પાણી બાળકોને પીવડાવે છે, એ એક ચમચી કાચું પાણી તેઓએ પીધું છે.

(૨) દોઢ વર્ષથી માંડીને આજ સુધી સંપૂર્ણ ચોવિહાર ! (પાણી પણ નહિ, દવા પણ નહિ... કશું જ

નહિ.)

(૩) નાની ઉંમરમાં બંનેને સાધુનો વેષ પહેરાવીને ઓઘો આપ્યો હતો. એ વખતે ચાર વર્ષની ઉંમરના એ બે બાળકો ખૂબ નાચ્યા હતા. એ બંનેના ફોટા પાડી દીધેલા છે. રોજ એ ફોટાના દર્શન કરાવીને 'મા' પ્રેરણા આપે છે કે 'જુઓ, તમારે આ બનવાનું છે... સાધુ-સાધ્વી...'

(હીરો-હીરોઈન... ઈ.અ., ખ.ઇ.અ., ખ.ઉ., ખ.જ... કમ્પ્યુટર એંજિનિયર... વગેરે વગેરે સેંકડો આદર્શો-ડીગ્રીઓ પાછળ ગાંડાની માફક દોડતા લોકોની સામે આ એક મા ખરેખર ડાહ્યી હોવા છતાં લોકોને તો ગાંડી જ લાગવાની... પાગલોનો સમાજ ડાહ્યાને જ ગાંડો જાહેર કરી દે ને ?)

(૪) 'મા'એ એકવાર બંને બાળકોને કહ્યું 'દીક્ષા બાદ તો લોચ કરાવવો પડે, માથાના વાળ ખેંચી ખેંચીને કાઢવા પડે. એમાં તો બહુ દુઃખ પડે, તમે એ બધું કરી શકશો?'

ત્યારે તો બાળકો કંઈ ન બોલ્યા, પણ થોડાક જ દિવસ બાદ બંને બાળકોએ 'મા'ને કહ્યું 'મમ્મી ! જો, અમે લોચ કર્યો.'

'મા'એ જોયું કે બંનેએ પોતાના હાથે જ માથાના વાળ ખેંચી ખેંચીને એક નાની સરખી ટાલ ઉભી કરી દીધી હતી. (આપણે પાંચ-સાત ચપટી ખેંચીએ, અને કેટલી ટાલ પડે ? કદાચ એટલી...)

(૫) 'મા'એ લખ્યું છે કે 'એકવાર મારી આ બાળકોને દીક્ષા આપવાની તીવ્રતમન્ના અને એ માટેની વૃત્તિને કારણે એક્સામટો મારો વિરોધ થયો. બધાએ જાત-જાતની દલીલો કરી, મારી પાસે જવાબ હતા... ન હતા... પણ શ્રદ્ધા તો હતી જ. છતાં બધાના વિરોધ સામે હું થાકી, ત્યાં તો જવાબો આપ્યા, મજબુત રહી... પણ પછી રૂમમાં આવીને એકલી પડીને ધ્રુસકે ધ્રુસકે રડી. પ્રભુને પ્રાર્થના કરી કે 'ભગવાન ! તું શું મને સહાય નહિ કરે ?'

એ જ વખતે અર્હમ્ રૂમમાં આવ્યો. (નં. ૩-૪-૫... વખતે એ બાળકોની ઉંમર ચારથી પાંચ વર્ષની વચ્ચે...) સાથે જ અરિહા પણ આવી.

મને રડતી જોઈ મારી પાસે આવ્યા, એમના નાના-નાના હાથોથી મારા આંસુ લુંછીને કહે 'મમ્મી ! તમે શા માટે રડો છો ? અમે ૮ વર્ષના થઈએ, ત્યારે દીક્ષા લેવાના જ છીએ. પછી તમે ચિંક્ષતશઙ્ક્ષ શા માટે કરો છો ?'

એ વખતની એમની નિર્દોષતા, એમની ભાવના જોઈને હર્ષાશ્રુ સાથે બમણા વેગથી રડી પડી. બે ચ બાળકોને ભેટી પડી.

(૬) એકવાર મને એમના પપ્પા પર (મારા પતિ પર) ગુસ્સો આવ્યો, ગુસ્સામાં જ મેં બે-ચાર વાક્યો કહ્યા. ત્યારે ૪$^1/_2$ વર્ષની ઉંમરનો અર્હમ્ મને કહે 'મમ્મી ! આ રીતે નહિ બોલવાનું. જો આ વાત આ રીતે કહેવાય.'

એમ કહીને મારી જ વાત એણે એની ઢબથી એકદમ શાંતિથી કહી બતાવી. એની એ રીત જોઈને અમે બધા હસી પડ્યા. મારો ગુસ્સો સાવ જ ઓગળી ગયો.

એમ એકવાર એના પપ્પા અર્હમ્‌ને ઠપકો આપતા હતા, ત્યારે અરિહાએ પપ્પાને કહ્યું કે 'પપ્પા ! આ રીતે ગુસ્સો ન કરો. શાંતિથી કહો ને ?...'

(૭) મારા બાળકોનો જન્મ થયો, ત્યારે મેં એમને રમવા માટે રમકડા ઓછા આપ્યા છે. આપ્યો છે ઓઘો અને નાના-નાના પાત્રા ! તેઓ રમકડાની જગ્યાએ આ ઉપકરણોથી જ રમી રમીને મોટા થયા છે.

(૮) અમારા પરિવારમાં અમુક જણ રાત્રે પણ ખાય. બાળકોને એ જોઈને ઈચ્છા ન થાય, એ માટે એ વખતે હું બધાને રૂમમાં લઈ જતી. તેઓ થોડાક દિવસ તો કંઈ ન બોલ્યા. પછી એક દિવસ સામેથી જ કહ્યું કે 'મમ્મી ! તું અમને કેમ અંદર લઈ આવે છે ? અમે રાત્રે ખાવાનું માંગીએ, એટલે ? તો મમ્મી ! અમે ક્યારેય રાત્રે

ખાવાના જ નથી... તું એ ભય કેમ રાખે છે ?'

હું તો બાળકોને જોતી જ રહી.

(૯) બંને બાળકોની ઉંમર સાડા ત્રણથી ચાર વર્ષની હતી. હું નીચે રસોડામાં કામ કરતી હતી. ઉપર રૂમમાં પલંગ ઉપર ચોકલેટો પડી હતી.

એ બંને જોગાનુજોગ ત્યારે જ ઉપર પહોંચી ગયા. ચોકલેટ કોણે મૂકી ? એ મને ય ખબર નહિ. પણ હું જ્યારે કામકાજથી પરવારીને ઉપર ગઈ, ત્યારે બંને ત્યાં બેઠેલા, રમતા હતા. મને જોતાની સાથે કહે, 'મમ્મી ! આ ચોકલેટો પડી છે. પણ એ બહાર નાંખી દે. આપણે તો સૂર્યાસ્ત થઈ ગયો છે. (અમુક સ્પેશ્યલ પ્રકારની બનાવડાવેલી ચોકલેટો ભક્ષ્ય હોય છે, પણ રાત્રે તો એ પણ ન ખવાય ને ?)

(૧૦) એકવાર બધા ચેન્નઈ ગયેલા, ત્યારે બાળકોની ઉંમર ચાર વર્ષ ! સાંજે કોઈક પ્રસંગમાં જવાનું હતું અને ત્યાં જ જમવાનું હતું. પણ પ્રસંગોમાં તો રાત્રિ થયા બાદ જ ભોજન જામતા હોય ને ! એટલે જ્યારે સૂર્યાસ્તને થોડીકવાર હતી, ત્યારે ત્યાં માત્ર ભાત-શાક જ તૈયાર થયેલા. બીજું બધું બાકી હતું.

મારા બંને બાળકો ઘરે ભાત નથી ખાતા, એમને ભાવતા નથી. પણ એ દિવસે કશું જ બોલ્યા વિના શાક-ભાત ખાઈને ચોવિહાર કરી લીધા. સૂર્યાસ્ત બાદ બીજા બધા બધું જ - ઘણું સારું જમતા હતા... પણ એ બાળકોએ ક્યારેય માંગણી કરી ન હતી.

(૧૧) એકવાર અમે નવસારી તપોવન ગયેલા, ત્યાં બાળકોને બગીચામાં ઘાસ ઉપર ચાલવાની ઈચ્છા થઈ. (ગાર્ડનમાં ફરવાની, રમવાની ઈચ્છા થઈ.)

મેં બાળકોને કહ્યું કે 'બાળકો ! ઘાસમાં જીવ હોય છે, એટલે એના ઉપર ન ચલાય.'

સસરાએ મને કહ્યું કે 'રીટા ! બાળકો માટે આ બધું ચાલે.'

હું કંઈ ન બોલી, પણ પાછળથી બાળકો પાછા મને પુછવા આવ્યા કે 'મમ્મી ! સાચું કહે કે ઘાસ પર ચલાય કે નહિ ?'

'ખરેખર ન જ ચલાય. એમાં હિંસાનો દોષ લાગે. છતાં જો તમારી ઈચ્છા હોય, તો તમે જઈ શકો છો. હું બળજબરી નથી કરતી...'

આશ્ચર્ય એ થયું કે બાળકો એ દિવસે ઘાસ પર ન જ ચાલ્યા, ગાર્ડન જોયો ખરો, પણ એમાં રમ્યા નહિ. એના પર પગ ન મૂક્યો.

સ્કુલમાં પણ તેઓ ઘાસ પર નથી ચાલતા, ક્યારેક ભૂલથી ચલાઈ જાય (પ્રમાદ પણ થાય, ગમી પણ જાય... આખરે બાળક છે ને ?) તો ઘરે આવીને મને સ્પષ્ટ કહે કે 'મમ્મી ! આજે અમે ઘાસ પર ચાલેલા...'

(૧૨) 'જો બાળકો ! સ્કુલમાં તમારે તમારા ડબામાંથી બીજા મિત્રોને નાસ્તો આપવાની છૂટ ! પણ કોઈના પણ ડબામાંથી તમારે નાસ્તો ખાવાનો નહિ. કારણ કે એમાં કંદમૂળ વગેરે આવી જાય તો ? તમને તો ખબર પણ ન પડે. આપણે કંદમૂળ ન ખવાય ને! એમાં કેટલો બધો દોષ લાગે.'

મેં એમને આ શિખામણ આપી, અને બંને બાળકોએ બરાબર પાળી. ત્રાદ્ય કર્યું, પણ ઝઙ્કસય ક્યારેય નહિ.

(૧૭) ઘરથી એમની સ્કુલ દૂર છે, એટલે તેઓ વાનમાં બીજા બધા છોકરાઓની સાથે જાય છે. વાનમાં જાત-જાતના ગીતો વાગે, પીક્ચરના પણ વાગે... બંને બાળકો આવતા અને જતાં કાનમાં આંગળી નાંખી દે. આ તો મેં શીખવાડેલું નહિ, પણ તેઓને સૂઝી ગયું. એ પણ એમણે મને વાત કરી, ત્યારે ખબર પડી. તેઓ કહે મમ્મી ! બીજા બાળકો અમારો હાથ ખેંચી-ખેંચીને આંગળી પાછી બહાર કાઢી નાંખે છે.'

'એમ ? તો તમે પછી શું કરો ?'

‘અમે પાછી આંગળી કાનમાં નાંખી દઈએ...’

હું હસી પડી. બાળકોના જવાબમાં કેવી નિર્દોષતા હોય છે...

(૧૮) મેં ઘરના લોકોને સૂચના કરી છે કે ‘મારા બાળકો હોલમાં હાજર હોય, ત્યારે ટી.વી. ચાલુ ન કરશો. એમના ગયા પછી જે કરવું હોય તે...’ અને મારી ભાવના સમજીને તેઓ પણ મને બરાબર સહાયક બને છે.

(૧૯) બંને બાળકોની અલગ અલગ રમતો મેં જોઈ છે.

‘ એક મહાવીરસ્વામી બને, બીજો ચંડકૌશિક... અને રમત રમે.

‘ એક સાધુ બને, એક સાધ્વીજી.

‘ એક વક્તા બને, એક શ્રોતા... વારાફરતી વ્યાખ્યાન આપે.

‘ એક-બીજાને નાનો ઓઘો આપીને દીક્ષાદાન કરે, બંને નાચે.

‘ ખુરશીને રેલ્વે = ટ્રેન = ગાડી બનાવી દે, પછી એમાં બેસીને શંખેશ્વર, પાલિતાણા આદિ જે જે તીર્થો યાદ આવે, તે તે તીર્થોની યાત્રા કરે.

(૨૦) બાળકોની સાડા ચાર વર્ષની ઉંમરે અમે બધા ગરમીની રજાઓમાં બહેન મ.સા. પાસે રહેવા ગયેલા. એ વખતે અરિહાને તાવ આવ્યો, સમય હતો રાત્રે ૧ વાગ્યાનો!

હું એને હોસ્પિટલ લઈ ગઈ, પણ રસ્તામાં એ તો એક ને એક વાત બોલ્યા જ કરે ‘મને માસી મ.સા. પાસે લઈ જાવ, મને ઉપાશ્રયમાં લઈ જાવ.’

એને ઉલટીઓ ચાલુ થઈ ગયેલી, એટલે જ મેં હોસ્પિટલમાં જવાનો વિચાર કરેલો. પણ એની તો એ જ રેકોર્ડ ચાલુ... ‘ઉપાશ્રયમાં લઈ જાવ...’

મેં કોઈકવાર તાવમાં એને રાત્રે દવા પીવડાવી છે, પણ એ વખતે એ તો મોઢું બંધ જ કરી દે. પછી બળજબરી કરીને મોઢું ખોલાવીને દવા પીવડાવી, ત્યારે રડે... અને છેલ્લે એ અરિહા બોલે ‘તેં મને રાત્રે દવા પીવડાવી, જો જે ! તને બહુ પાપ લાગશે. ભગવાન તને સજા કરશે.’

(૨૧) લગ્નપ્રસંગમાં જવાની વાત આવે, એટલે બંને ના પાડે... અને અમે કહીએ કે ‘ચાલો, તીર્થયાત્રા કરવાની છે.’ એટલે બંને તૈયાર !

(૨૨) કોઈપણ નવી ચીજ ખાતા પહેલા મને પૂછે કે ‘મમ્મી ! આ આપણે ખવાય ?’ જો અભક્ષ્ય હોવાદિ કારણોસર હું ના પાડું, તો એમને ગમે એટલી ઈચ્છા હોય, તો પણ છોડવાનો પ્રયત્ન કરે.

અર્હમ્‌ને પાપડ ખૂબ ભાવે, રોજ જોઈએ. પાપડ આમ તો ભક્ષ્ય, પણ ચોમાસામાં ન ચાલે ને ? એટલે મેં ચોમાસામાં એને કહ્યું કે ’બેટા ! આપણે પાપડ ચોમાસામાં ન ખવાય.’

એણે તરત જ બાધા લઈ લીધી.

મેં એને ખાલી ખાલી બાધા આપી. મને થયું કે ‘બાળક પર આટલો બધો બોજો નથી નાંખવો. એણે મારા કહેવાથી - મારી લાગણીથી બ્રેડ-આઈસ્ક્રીમ વગેરે વસ્તુઓ જન્મથી ચાખી પણ નથી. તો પછી પાપડ જેવી વસ્તુ માટે આવા નાના બાળક માટે હું ક્યાં વધુ આગ્રહ રાખું ?’ અને એટલે જ બે-ત્રણ દિવસ બાદ એને સમજાવી-પટાવીને પાપડ ખવડાવ્યા.

(એનું મન આવતીકાલે બળવો કરે, એના કરતા પહેલા જ એને યોગ્યસ્થાને વાળી દેવું... મને જરૂરી લાગ્યું. છેવટે તો એ નાનું બાળક જ છે ને ?)

**(૨૩) અમે ચાર જણ એક જ રૂમમાં ઉંઘીએ. પણ**

હું અને અરિહા...

અર્હમ્ અને એના પપ્પા...

ભાઈ અને બહેન પણ બે ભેગા ઉંઘ્યા નથી.

એ રીતની જ વ્યવસ્થા ગોઠવી છે.

(૨૪) બંનેના દાદા (મારા સસરા) સુરતથી આવીને રાત્રે ઘરે જમે. ત્યારે આ બાળકો બોલે કે ‘દાદા ! તમે સુરત જ ચોવિહાર કરીને આવો ને ! રાત્રે ખાશો ને, તો નરકમાં જશો.’

અરે,

ઘરે રાત્રે જે વસ્તુ બની હોય, એ એમને ખૂબ-ખૂબ ભાવતી હોય, તો પણ આજ સુધી એમણે રાત્રે મને કહ્યું નથી, કે ‘મમ્મી ! અમને આ ખાવાનું જોઈએ છે, અમને આપો.’

હા ! બાળક છે, તો ઈચ્છા તો થાય જ ને ! એટલે મને કહે કે ‘મમ્મી ! આ વસ્તુ અમને આવતી કાલે નવકારશીમાં આપજે.’

પછી હું બંને બાળકોના માથે વહાલથી હાથ ફેરવું, અને બીજા દિવસે ફરી એ વસ્તુ બનાવીને દિવસે બાળકોને ખવડાવું.

(૨૫) મારા જીવનમાં પહેલા ધર્મ ન હતો, પણ બહેન મ.સા.ની દીક્ષા બાદ ધર્મમાં પ્રવેશ થયો, અને એ પછી એમના જ ગ્રુપમાં બીજી એક દીક્ષા થયા બાદ તો મારું મન જ બદલાઈ ગયું. ‘જો આટલી સરસ દેખાવડી છોકરી દીક્ષા લઈ શકે છે, તો મારે શેનું અભિમાન કરવાનું...’

એ દિવસથી લઈને મેં આખી જીંદગી માટે મેક-અપનો ત્યાગ કર્યો.

(૨૬) પોણા-ચાર વર્ષની ઉંમરે બંનેને પાંચ કિ.મી.નો વિહાર કરવાની પ્રેક્ટિસ થઈ ચૂકી છે.

(૨૭) એકવાર ચાર વર્ષની ઉંમરના બાળકોને લઈને હું અમદાવાદ ગઈ હતી. ત્યાં હું મારા ડોક્ટર નણંદને મળવા ગઈ હતી. હું નીચે નણંદની ક્લીનીકમાં બેઠી હતી, અને અરિહા-અર્હમ્ બંને ઉપર ઘરમાં રમતા હતા.

એ વખતે અરિહાને પાણીની તરસ ખૂબ લાગી, પણ હું ઉકાળેલું પાણી સાથે લઈ જવાનું ભૂલી ગઈ હતી, અને હું તો નીચે જ હતી.

ઉપર રસોઈ કરવાવાળા બહેન મારા નણંદની દીકરીને પાણી પીવા આપતા હતા. એમણે અરિહાને પણ પૂછ્યું કે ‘તારે પાણી પીવું છે ?’

‘હા ! તરસ તો લાગી છે. પણ આ કાચું છે ? કે પાકું ?’

‘આ તો કાચું છે.’ ‘પીવું છે ?’ રસોઈવાળા બહેને જવાબ આપ્યો.

’ના.’ ’તો મારે નથી પીવું.’

અને અરિહાએ પાણી ન જ પીધું.

આ બધી વાત મને એ જ બહેને જ્યારે બીજા દિવસે મળ્યા, ત્યારે કરી કે ‘તમારી દીકરી તો જબરી છે, ધન્યવાદ છે એને ! તરસ લાગી હતી, છતાં કાચું પાણી તો ન જ પીધું.’

સાધુના ૨૭ ગુણોની જેમ આ ૨૭ મુદ્દાઓ એ 'મા'એ મને લખીને આપેલા છે, અને મેં મારી ભાષામાં અહીં રજુ કર્યા છે.

એમના લખાણમાં એક લખાણ મને વિશિષ્ટતમ લાગવાથી એ જ અક્ષરો સાથે નીચે રજુ કરું છું.

**Diwali Vacationમાં જ્યારે મેં બાળકોને મ.સા. પાસે ૨૧ દિવસ એકલા રહેવા મોકલ્યા, ત્યારે મને ઘણા જણ બોલ્યા...**

**Even ત્યાં સુધી બોલ્યા કે 'તું તો મા નથી, તારે હૃદય નથી, કેવી રીતે તારો જીવ ચાલે છે. Diwali ના ટાઈમ પર ખાવા-પીવા જેવા છોકરાઓને તું મ.સા.જી પાસે મોકલી દે છે.'**

**ત્યારે એ લોકોની સામે કહી દઉં છું કે 'મારો જીવ ચાલે છે, મારું હૃદય કઠણ છે, મારે 'દીક્ષા લે' એવી ભાવના છે.'**

**પણ અંદર મને પણ તકલીફ થાય,**

**એકલી હોઉં ત્યારે રડવું આવે,**

**બાળકોને જોવાની ઈચ્છા થઈ જાય,**

**પણ**

**બધાની સામે રડુ નહીં, પત્થર બની જાઉં, કઠોર બની જાઉં... નહિ તો બધા મારા ઉપર ચડી બેસે... 'રહેવાતું નથી, તો કેમ મોકલે છે ? હજી નાના છે...'**

**બસ,**

**મનને મક્કમ રાખું છું. કેમકે હૃદયમાં એક જ ભાવના છે, 'વીરપ્રભુની આજ્ઞા પ્રમાણે સંયમ લઈ આત્માનું કલ્યાણ કરે.'**

**મા થઈને ખોટો રસ્તો કેવી રીતે હું બતાડું, હું મારા સ્વાર્થ ખાતર સંસારમાં કેવી રીતે રાખું... નહિ. મારો સ્વાર્થ મારે નથી જોવો.**

**મારે બસ એ જ જોઈએ કે મારા બંને બાળકોના ભવોભવ સુધરી જાય.**

ઉપરનું બે તીરની નિશાની વચ્ચેનું લખાણ અક્ષરશઃ એ બહેનનું જ લખેલું છે. મેં માત્ર એમાં અલગ અલગ ફકરા પાડવાનું કામ કર્યુ છે.

આ પૂર્વાર્ધ પૂરો થયો.

હવે ઉત્તરાર્ધ જોઈએ.

લગભગ ૨૭મી ઓક્ટોબરે નીકળીને ૨૮મી ઓક્ટોબરે એ બહેન અર્હમ્ સાથે પાછા ભિનમાલ આવ્યા. બે દિવસ સાથે રહીને પોતાના પતિ સાથે પાછા નવસારી જતા રહ્યા. એ કહીને ગયા કે 'ચૌદમી નવેમ્બરે સવારે આવી જઈશ, બે દિવસ રોકાઈને અર્હમ્ને પાછો લઈ જઈશ. હવે એ આપને સોંપ્યો.'

સગી મા પહેલીવાર સવા પાંચ વર્ષના બાળકને સાવ અજાણ્યા સાધુ પાસે પંદર-પંદર દિવસ માટે એકલો-અટુલો મુકવાની હિંમત કરી રહી હતી.

નીકળવાના દિવસે સાંજે અર્હમ્ને લઈને આવ્યા. ''મ.સા. ! આ થાપણ આપને સોંપું છું...'' બસ, વધુ બોલી ન શક્યા, ગળું રુંધાઈ ગયું... અર્હમ્ સામે જોતા રહ્યા. આંખો ભીની થઈ ગઈ... બિચારો બાળક તો આ બધી લાગણીને શું સમજે ? પણ મેં કહ્યું,''અર્હમ્ ! મમ્મી જાય છે, તું પછી રડશે નહિં ને ?''

'ના.. ભલે જાય.'

'પણ મમ્મી તો રડે છે, જો.'

અર્હમ્એ મા સામે જોયું, એને ખ્યાલ આવ્યો કે 'મમ્મી રડે છે' એ કશું બોલ્યો નહિ, ચૂપચાપ ઉભો રહ્યો.

'એને આપ મારા કરતા પણ વધુ સાચવશો જ... એવો મને વિશ્વાસ છે.' એટલું મહામુશ્કેલીએ બોલીને એ બહેન સડસડાટ દાદરા ઉતરી ગયા.

હું જાણતો હતો કે 'એ માના ૧૦૦મા ભાગ જેટલી પણ કાળજી હું કરી શકવાનો ન હતો પણ...'

અને ૧૫ દિવસ માટેની મારી અગ્નિપરીક્ષા ચાલુ થઈ.

રોજના ૬-૭ કલાકનો પાઠ ચાલુ હોવાથી હું સમય આપી શકું એમ ન હતો.

શરૂઆતના ૫ દિવસ તો **મુનિ શીલગુણ વિ.**ના સંસારી બા-બાપુજી-બહેન સહાયક બન્યા. તેઓ ત્યાં જ રોકાયેલા હતા. મુ. શીલગુણ વિ. પણ એનું ધ્યાન રાખતા. મારું કામ માત્ર બે ટાઈમ વંદન લેવાનું. બે ટાઈમ પચ્ચ આપવાનું અને કાલ્પનિક વાર્તાઓ પાંચ-દસ મિનિટ કહેવાનું...

મુમુક્ષુ રાકેશભાઈને ઘરના કામસર નીકળી જવું પડ્યું.

પાંચેક દિવસ બાદ બરાબર ભાઈબીજના રાત્રે મુ.શીલગુણ વિ.ના બા-બાપુજી વગેરે બધા પણ વિદાય લઈ રહ્યા હતા.

એમને અને મને ચિંતા હતી કે છેલ્લા પાંચ દિવસ તો એ પરિવારે અર્હમ્‌ને સાચવી લીધેલો.

+ એને સ્નાન કરાવવું પડે.

+ સવાર-બપોર-સાંજ એને ખવડાવવામાં કુલ ૩ કલાક લાગે...

+ આટલા દિવસ એને એ પરિવારની સાથે જ ઉંઘાડેલો, કેમકે રાકેશભાઈ ન હતા, અને અડધી રાત્રે એને માત્રુ કરાવવા માટે ઉઠવું મારા માટે કપરું હતું. એ પરિવારે જ રોજ અડધી રાત્રે એને માત્રુ કરાવવાનું કામ પણ સંભાળેલું.

+ સૌથી અઘરી બાબત હતી એને વડીનીતિ કરાવવાની ! એ હજી બાળક હતો. વડીનીતિ જઈ આવ્યા બાદ શુદ્ધિ કરાવવાનું કામ તો 'મા' કરે ને ? એ 'મા' તો હાજર ન હતી. એ કામ પણ આ પરિવારે કરી લીધેલું.

પણ એ પરિવારના ગયા બાદ ત્રીજથી માંડીને તેરસ સુધીના દસ દિવસ સુધી આ બધું કોણ સંભાળશે ? એ પ્રશ્ન ભારે હતો.

મેં નિર્ણય કરી લીધેલો, એ પરિવાર (શીલગુણ વિ.નો સંસારી પરિવાર) સુરત જ જવાનો હતો, મેં એમને કહી દીધું કે 'તમે અર્હમ્‌ને નવસારી મૂકી આવજો.'

પણ મનમાં એક ડંખ હતો, એની 'મા' એ એક મહાન સાહસ સૌ પ્રથમવાર કરેલું એમના અરમાનો અતિ અતિ અતિ મોટા હતા અને આ પ્રથમ જ પ્રયત્નમાં દીકરો ઘરે પાછો આવી જાય, તો એમનો ઉત્સાહ તૂટે, એ ભાંગી પડે....

મારી મુંઝવણ વધી.

સ્નાન + ભોજન + વડીનીતિ + અડધી રાત્રે ઉઠાડીને માત્રુ....

આ ચારમાંથી પ્રથમ ત્રણ તો મારા માટે ત્યાજ્ય જ હતા. છેલ્લા માટે હું અસમર્થ હતો.

પણ

જૈનશાસન અને જૈનસંઘ મહાન છે.

ભિનમાલમાં ત્રિસ્તુતિક સમુદાયના ૧૨ સાધ્વીજી ભગવંતો ચોમાસું હતા. એમને અર્હમ્‌ની પરિસ્થિતિનો અંદાજ હતો, એમણે સંઘના શ્રાવિકાઓને વાત કરી. (બધાને નહિ, અમુક અમુકને જ...)

અને

કાંદિવલીથી સાધ્વીજીને માત્ર વંદન જ કરવા આવેલા એક શ્રાવિકા બહેન માત્ર અર્હમ્‌ને સંભાળવા માટે રોકાઈ ગયા.

˚ મુંબઈ નવજીવનસંઘના એક શ્રાવિકા બહેન પૂ. **મુ. જયાનંદ** મ. પાસે અઢારિયું કરીને ભિનમાલ પૂ.સા.ભ.ને વંદન કરવા આવેલા, તે રોજે રોજ પૌષધ જ કરવાના હતા. મૂળ ભિનમાલના જ હતા. ખૂબ સુખી પરિવારના... એમણે કહી દીધું કે 'અર્હમ્'ને સાચવવા માટે હું પૌષધ નહિ કરું. એની જ કાળજી કરીશ.

˚ જેમનો દીકરો પૂ. જયાનંદ મ. પાસે **વિવેક વિજયજી** નામથી દીક્ષિત થયેલો છે, એવા મુકેશભાઈના શ્રાવિકાએ તૈયારી બતાવી કે 'હું અર્હમ્‌ને સાચવી લઈશ. આપ કશી ફિકર ન કરો.'

˚ ભિનમાલમાં જ રહેતા અને બેંકમાં સર્વિસ કરતા એક શ્રાવિકાએ કહ્યું કે 'સવારે નવ વાગ્યા સુધી અને સાંજથી માંડીને સવાર સુધી અર્હમ્‌ની તમામ પ્રકારની કાળજી હું કરીશ...'

˚ પૂ.સા.ભ.ના સગા બહેન ઉંઝામાં રહે છે, પૂ.સા.ભ.ની પ્રેરણાથી એમણે નિર્ણય કરી લીધેલો કે, 'ઉંઝામાં પતિ-દીકરા-દીકરી... બધાની જવાબદારીની બીજી વ્યવસ્થા ગોઠવીને પણ ત્રીજથી તેરસ સુધી ભિનમાલમાં અર્હમ્‌ને સાચવવા માટે રહીશ.

આમાંથી એકપણ વાતની મને ખબર ન હતી.

પૂ.સા.ભ.શ્રીએ જ વ્યક્તિગતરીતે એ બધાને વાત કરેલી, અને બધાએ જ સહર્ષ સંમતિ જ નહિ, પણ ઉલ્લાસ દેખાડ્યો.

જ્યારે છેક ભાઈબીજના દિવસે પૂ.સા.ભ.શ્રીએ મને જણાવ્યું કે 'મ.સા. ! આપ અર્હમ્‌ની ચિંતા ન કરશો. એની બધી સાચવણી થઈ જશે.'

ત્યારે હું એ દિવસે અને આ લખતી વખતે પણ (પીલુચા ગામમાં લખી રહ્યો છું.) આશ્ચર્યચકિત બની ગયેલો, બહુમાનભાવિત બની ગયેલો.

કારણ ?

(૧) એ આખો સંઘ ત્રિસ્તુતિકનો હતો... હું અમે ચતુઃસ્તુતિકના....

(૨) એ પાંચે-પાંચ શ્રાવિકાઓ ત્રિસ્તુતિકના હતા... તસુભાર પણ પરિચય વિનાના...

(૩) એ ૧૨ સાધ્વીજી ભગવંતો ત્રિસ્તુતિક સમુદાયના... સામાન્ય પરિચય ખરો...

(૪) એ અર્હમ્ મારી પાસે તૈયાર થઈ રહ્યો હતો,. એ સંઘ, એ શ્રાવિકાઓ, એ સાધ્વીજીઓ સમજતા જ હતા કે 'આ અર્હમ્ ત્રિસ્તુતિકમાં નહિ, ચતુસ્તુતિકમાં જ દીક્ષા લેવાનો છે. અને અમે એને સંભાળવાના છીએ. એ કંઈ અમારા સમુદાયમાં, અમારા મતમાં આવવાનો નથી. એ આવતીકાલે મોટો થશે, દીક્ષિત બનશે, પ્રભાવક બનશે... તો પણ એ અમારા સમુદાયનો પ્રભાવક-પ્રચારક નથી બનવાનો.

પણ

'આમ છતાં એ બાળક જૈનશાસનનું તો રત્ન બનશે જ ને ?' એ એક માત્ર વિચારધારાને વળેલા એ તમામ ઉત્તમ આત્માઓને માટે મને અત્યંત આદર થયો.

યાદ આવે છે છ મહીનાના **વજસ્વામી**ને છ વર્ષની ઉંમર સુધી મોટો કરનાર એ સંઘની શ્રાવિકાઓ !

શું સાધુ-સાધ્વીઓની માફક આવા શ્રાવક-શ્રાવિકાઓ પણ વંદનીય નથી ? ભલે વ્યવહારથી નહિ, પણ ભાવથી તો એમને વંદન કરીએ. અરે ! એમની એ વિરાટ ભાવનાઓની અંતરથી અનુમોદના તો કરીએ.

મને લાગે છે કે

જો અર્હમ્‌ને સાચવવાની વાત મેં વ્યાખ્યાનમાં જાહેરમાં કરી હોત ને, તો તો આખો સંઘ, ઢગલાબંધ શ્રાવિકાઓ એને માટે તમામ ભોગ આપવા તૈયારી બતાવત જ.

સાવ પારકાના બાળકની વડીનીતિ સાફ કરવા સુધીની સેવા કરવાની તૈયારી બતાવનાર એ શ્રાવિકાઓની ખરી કિંમત તો ભગવાન જ આંકી શકે....

સંયમીઓ ! કોઈપણ સંઘ હોય, સંઘમાત્ર બહુમાન્ય છે, વંદનીય છે, પૂજનીય છે,

હા ! આપણી અપેક્ષાઓ પૂરી ન થવાના કારણે આપણને સંઘ પર દ્વેષ જાગે, એ તો આપણી જ મોટી ભૂલ કહેવાય.

મારા પૂ. ગચ્છાધિપતિશ્રી સંઘબહુમાન પર ખૂબ-ખૂબ-ખૂબ-ખૂબ-ખૂબ ભાર કેમ આપે છે ? એ કંઈક કંઈક હવે સમજાય છે ખરું.

મારા પૂ. ગુરુદેવશ્રી પણ એ જ દિશામાં કેમ હતા ? એ હવે સમજાય છે. **અધ્યાત્મયોગી પં.ભદ્રંકર વિ.મ.સા.** હવે કંઈક કંઈક સમજાય છે.

એમના શિષ્યરત્ન **પૂ.પં.વજ્રસેન મ.સાહેબ** + **પૂ.આ.હેમપ્રભસૂરિજી મ.સાહેબ**ની સંઘ પ્રત્યેની, સંયમીઓ પ્રત્યેની અતિ-અતિ-અતિ અનહદ નિર્દોષ સ્નેહ નિતરતી લાગણી-વાણી હવે કંઈક કંઈક સમજાય છે.

મારે આપણે સૌએ આમાં નંબર લગાડવા જેવો છે હોં !

'મા' ગયા પછી અર્હમ્ રડશે... એ મારો ભય ખોટો ઠર્યો,

'મા'ના સ્થાને ગોઠવાયેલો પરિવાર જતો રહેશે, તો અર્હમ્ રડશે... એ ભય પણ ખોટો ઠર્યો.

અર્હમ્‌ને પહેલા ત્રણેક દિવસ કાંદિવલીવાળા બહેને સાચવ્યો,

પછી નવજીવનવાળા...વગેરે.

સાચવનારાઓ બદલાતા રહ્યા, પણ અર્હમ્ બધા સાથે સેટ થતો રહ્યો.

મમ્મીને યાદ કરી હોય, યાદ કરીને રડ્યો હોય... એવું પંદર દિવસમાં એકપણ વાર મેં જોયું નથી.

હવે એના કેટલાક પ્રસંગો જોઈએ.

(૧) એક સાંજે મેં એનો હાથ જોઈને મજાકમાં કહ્યું કે, 'તારું આયુષ્ય ૭૫ વર્ષનું છે.' એ પછી હું પ્રતિક્રમણ કરવા ગયો. પ્રતિ.ના સમય દરમ્યાન અમે એને મારી બાજુમાં જ ધાબડા પર સુવાડી દેતા. એ દિવસે પણ એ ધાબળા પર આડો પડ્યો. અમારું પ્રતિ. હજી ચાલુ જ થઈ રહ્યું હતું, ત્યાં અચાનક એ પાછો ઉભો થયો. મારી પાસે આવ્યો.

'મહારાજ સાહેબજી ! મારું આયુષ્ય ૭૫ દિવસનું જ છે, તો પછી મારી દીક્ષા શી રીતે થશે ?'

એનો આ પ્રશ્ન પહેલા તો હું સમજી જ ન શક્યો. પછી ખ્યાલ આવ્યો કે એ ૭૫ વર્ષને બદલે ૭૫ દિવસ સમજેલો છે, એટલે એને દીક્ષાની ચિંતા થઈ છે.

'અરે પાગલ ! ૭૫ દિવસ નહિ, ૭૫ વર્ષ ! જો ૭૫ દિવસ હોત, તો તો તું અત્યારે જીવતો ક્યાંથી હોત ? તારી ઉંમર સવાપાંચ વર્ષની થઈ ગઈ છે...'

મેં એને માંડ સમજાવ્યો, એને વાત મગજમાં ઉતરી, અને તરત પાછો ધાબડામાં આડો પડી ગયો.

(૨) છેલ્લા આઠેક દિવસ અર્હમ્‌ને અમે ઉપાશ્રયમાં જ સુવડાવ્યો. મારા શિષ્ય શીલગુણ વિ. અડધી રાત્રે ઉઠીને એને માત્રુ કરાવડાવીને પાછો ઉંઘાડી દેવાની કપરી કામગીરી બજાવતા હતા.

હું જાણતો હતો કે 'આ ઉત્સર્ગમાર્ગ ન હતો...' છતાં ઘણું વિચાર્યા બાદ અપવાદરૂપે મને આ કરવું ઉચિત લાગ્યું.

(૩) શીલગુણ વિ.ના એક ફઈ એમને વંદન કરવા આવેલા, એમના બે નાના બાળકો સાથે અર્હમ્ રમવા લાગ્યો. એમાં અર્હમ્‌ની જ ઉંમરના બાળકને પાણીની તરસ લાગી. અર્હમ્ કહે, 'ચાલ, તને પાણી પીવડાવું.'

દાદરા ઉતરતી વખતે એક પીઢ માણસની અદાથી અર્હમ્ બોલ્યો, 'ધીર ! તું કાચું પાણી પીએ છે ? કે પાકું ?'

કાનોકાન આ શબ્દો સાંભળીને મને આનંદ થયો, પાકા પાણીનો વપરાશ એના જીવનમાં કેવો ઘુંટાઈ ગયો છે.

(૪) એક દિવસ એ જીદે ચડ્યો, 'મને એકાસણાનું પચ્ચકખાણ આપો.'

આવા નાના બાળકને હું શી રીતે દિવાળીના મીઠાઈ ખાવાના દિવસોમાં, એની 'મા'ની ગેરહાજરીમાં પચ્ચક્ખાણ કરાવું ? મેં ના પાડી. પણ એની જીદ ચાલુ જ !

'સારું, લે પચ્ચક્ખાણ' કહીને મેં નવકારશીનું પચ્ચક્ખાણ બોલવાનું ચાલુ કર્યું. પણ વર્ષોના અનુભવને કારણે એને ખબર પડી ગઈ કે, 'હું નવકારશીનું પચ્ચ. બોલું છું. એટલે એણે તરત હાથ છોડી દીધા.

'ના, ના ! તમે જૂઠું બોલો છો. તમે મને નવકારશીનું આપો છો...'

મેં એને સમજાવ્યો, પણ એ માને ? બાળહઠ !

ત્યારે મુ.ન્યાયરત્ન વિ. મેદાનમાં આવ્યા.

'જો, તારે બે પચ્ચક્ખાણ ભેગા કરવાના. સવાર-સાંજ બેસણું અને બપોરે એકાસણું...તને બે પચ્ચક્ખાણના લાભ મળશે. બોલ, ચાલશે ને ?'

બિચારો બાળક આ કપટ સમજી ન શક્યો. એણે હા પાડી.

મેં એના સંતોષ ખાતર નવું પચ્ચક્ખાણ બનાવ્યું.

'સવાર-સાંજ બેસણું...બપોરે એકાસણું...' આટલું આગળ બોલીને આખું નવકારશીનું પચ્ચક્ખાણ આપી દીધું.

એ માની ગયો, બાળકના મનને આ રીતે જ વાળવું પડે ને ?

(૫) રોજ નવકારશીનું પચ્ચ. લે, એમાં જો ધારણાનું પચ્ચક્ખાણ રહી જાય, તો એ તરત જ બોલે....'ધારણા...' મને આશ્ચર્ય થયેલું કે આ વળી રોજ શેનું ધારણા પચ્ચ. લે છે.

પાછળથી ખબર પડી કે 'મા' એ એને કાયમી ધારણા નક્કી કરાવી છે, એના પચ્ચ. એ લે છે.

હું ભેગું 'પાણસ્સ'નું પણ આપતો, પણ જેવું 'પાણસ્સ' બોલું કે એ તરત ના પાડે, અને હાથ છોડી દે. મને આશ્ચર્ય થયું. 'ઉકાળેલું પાણી જ પીએ છે, તો પછી 'પાણસ્સ' કેમ નથી લેતો ?'

પાછળથી ખબર પડી કે, 'એની 'મા' એને રોજ મંત્રિત કાચું પાણી એક ચમચી પીવડાવતી હતી, એટલે 'પાણસ્સ'નું પચ્ચ. આપતી ન હતી. એટલે એ સંસ્કારના કારણે અર્હમ્ 'પાણસ્સ'નું પચ્ચ. લેતો ન હતો.

(૬) વડીનીતિ બાદ એ જાતે જ શુદ્ધિ કરતો થાય, એ માટે મેં એક કાલ્પનિક વાર્તા બનાવી દીધી. શ્રેણિકની વાર્તામાં જ મેં કહ્યું કે, 'શ્રેણિક નંદાના પિતાને ત્યાં ગયો, ત્યાં એ ખુલ્લી જગ્યામાં વડીનીતિ ગયો, એના કારણે એને ખૂબ પુણ્ય બંધાયું...' માટે તારે પણ ખુલ્લામાં જવું જોઈએ, સંડાસમાં નહિ.

'ખુલ્લામાં જવાનું ? ક્યાં ?' જિજ્ઞાસાથી મને પ્રશ્ન પૂછ્યો.

'ચાલ, તને બતાવું.' મેં કહ્યું અને ઉપાશ્રયની પાછળ જ મોટો ખુલ્લો પ્લોટ બતાવવા હું એને લઈને નીચે ઉતર્યો. ગામમાં આ બાબતની શાંતિ ઘણી, દાંડો લીધા વિના જ ઉપાશ્રયમાંથી જ વડીનીતિ માટે જઈ શકાય. આખું ચોમાસું પાંચેય મહાત્માઓને ચાલી રહે, એટલી વિશાળ જગ્યા !

પણ જરાક જરાક ઘાસ ઉગી ગયેલું હતું.

અર્હમ્‌ને હું એ પ્લોટ પર લઈ ગયો. પણ એમાં ઘાસની થોડીક વિરાધના થઈ... પાછા ફરતી વખતે એ મને પૂછે 'તમે તો દીક્ષા લીધી છે, તમારે ઘાસ પર પગ મુકાય ?'

મને એનો પ્રશ્ન વાગ્યો પણ ખરો અને ગમ્યો પણ ખરો.

'ન મુકાય, પણ તને જગ્યા બતાવવા માટે મારે આ કરવું પડ્યું.'

અને બીજા દિવસે એ ત્યાં ખુલ્લામાં વડીનીતિ જઈ આવ્યો, પાણી સાથે લઈને ગયો, શુદ્ધિ પણ એણે જાતે કરી. ૧૫ દિવસમાં મેં એને બીજું શું શીખવાડ્યું, એ તો ખબર નથી. પણ આ પાકું યાદ છે કે મેં એને જીંદગીમાં પ્રથમવાર ખુલ્લામાં વડીનીતિ જતા શીખવાડ્યું, સ્વયં મળશુદ્ધિ એણે પ્રથમવાર કરી...'

(૭) દિવસમાં રોજ ત્રણવાર નવસારીથી 'મમ્મી'નો ફોન આવે, પણ 'મા' સાથે વાત કરવાનો રસ નહિ. 'તું ક્યારે આવે છે ? મને ગમતું નથી' એવી ફરિયાદ નહિ. રૂદનનું તો નામ જ નહિ.

(૮) વાર્તાનો શોખ અતિ ભારે ! બસ એક જ વાક્ય બોલ્યે રાખે 'સ્ટોરી કહો, સ્ટોરી કહો.'

દિવસે તો મને સમય મળે નહિ, સૂર્યાસ્ત બાદ સ્ટોરી કહું. દિવસે બીજા બધા સ્ટોરી કહે. પણ એને આખી સ્ટોરી લગભગ યાદ રહી જાય.

(૯) નાનો હોવાથી ડરપોક ! સાંજ પછી એકલો ઉપર આવે પણ નહિ, એકલો નીચે ઉતરે પણ નહિ. ઘણીવાર એને માત્રુ જવાનું થાય, તો અમારામાંથી કોઈકે એની સાથે જવું જ પડે. એ એકલો ન જ જાય.

એક સાંજે અંધારુ થઈ ગયા બાદ એ મારી પાસે વાર્તા સાંભળતો હતો. થોડીવાર પછી પ્રતિક્રમણનો સમય થવાથી મારે નીચે જવાનું હતું. એ વખતે મેં એની પરીક્ષા કરી. હું મારી જગ્યાએ માંડ માંડ ઉભો થયો, ભીંતનો ટેકો લીધો, 'હે ભગવાન !' શબ્દોચ્ચાર કર્યા, માંડ માંડ એકાદ ડગલું ચાલીને પડી જવાનો દેખાવ કર્યો.

'મહારાજ સાહેબજી !' પૂરેપૂરા ચિંતિતસ્વરે એ બોલ્યો 'તમને શું થઈ ગયું ?'

'મારાથી ચલાતું નથી. તાવ જેવું લાગે છે. ખૂબ જ તકલીફ છે. તમે એક કામ કરશો ? નીચેથી શીલગુણ વિ.ને બોલાવશો ?... અરે ભગવાન !... અરે ભગવાન !' અત્યંત પીડિત હોવાનું મેં નાટક ચાલુ જ રાખ્યું.

મારે એ જોવું હતું કે અંધારામાં એ એકલો નીચે જાય છે કે નહિ ? હજી સુધી તો ગયો નથી. દર વખતે ચોકખી ના જ પાડી છે. પુષ્કળ ગભરાય છે...

પણ

'હું બોલાવી આવું છું... તમે અહીં જ રહેજો...'

અને એ નાના પગલા ભરતો નીચે ઉતરવા લાગ્યો, એ સાથે જ 'શીલગુણ મ.'ની બૂમ પાડતો ગયો. જેમજેમ બૂમનો જવાબ ન મળ્યો, તેમ તેમ એની બૂમ મોટી થતી ગઈ, એમાં મારી માંદગી અંગેની ચિંતા ભળેલી સ્પષ્ટ અનુભવાતી હતી.

હું તો એની પાછળ જ તરત નીચે ઉતરવા માંડ્યો, નીચે પહોંચતા જ એણે તો સૌથી મોટી બૂમ પાડી. ત્યારે શીલગુણ વિ. એ બૂમ સાંભળી અને જવાબ વાળ્યો. ત્યાં સુધીમાં તો હું નીચે પહોંચી ગયો. અર્હમ્‌ની નજર મારા પર પડી, એટલે પાછું નાટક ચાલુ કર્યું... લંગડાતા અને માંડ માંડ ચાલવાનું...

'તમે નીચે આવી ગયા ?'

'હા ! મારે માત્રુ જવું છે.'

માત્રુ જઈને પાછો આવ્યો, પરીક્ષા કરવાનું કામ તો મારું પૂરું થઈ ગયેલું, એટલે હું વ્યવસ્થિત ચાલતો હતો, ત્યારે જ અર્હમ્ સામો મળ્યો.

'તમે તો બરાબર ચાલો છો ?'

હા ! હવે સારુ થઈ ગયું.

એ મુંઝવાયો. એના નાના મગજમાં બીજી વાત તો ન સમજાય, પણ બીજાના દુઃખે દુઃખી થઈને પોતાનો ભય છોડી દેવા જેવી સુંદર મઝાની પાત્રતા એ નાનકડા બાળકમાં મને દેખાઈ.

(૧૦) 'તારા ગુરુ કોણ ?' મેં પ્રશ્ન કર્યો.

'ગૌતમ સ્વામી !' એણે જવાબ આપ્યો.

વાહ ! આવો જવાબ એને કોણે શીખવાડ્યો હશે ?

જે પૂછે, એ બધાને આ જ જવાબ !

પાછળથી મને ખબર પડી કે - 'એ હજી નાનો છે, ઘણા સાધુઓ સાથે મળવાનું થાય, કોઈનું પણ નામ

અત્યારથી નક્કી કરી દેવામાં તો નુક્સાન જ છે ને ? એટલે એની મમ્મીએ એને આ પણ બરાબર ગોખાવી દીધેલું કે કોઈપણ પૂછે, તો એક જ જવાબ આપવાનો 'મારા ગુરુનું નામ ગૌતમસ્વામી છે.'''

(૧૧) એક વાર્તા કહ્યા પછી મેં પૂછ્યું, 'મારી વાર્તા કેવી હતી ? Good ?'

પાંચેક સેકંડ વિચારીને અર્હમ્ બોલ્યો, 'હા ! Good !'

એ ઈંગ્લીશ મીડિયમમાં ભણતો હોવાથી મેં ઈંગ્લીશ શબ્દ વાપરેલો. એ દિવસે મેં એને ખૂબ સરસ વાર્તા કહેલી એટલે મને હતું કે એ એકદમ ખુશ થઈને પ્રશંસા કરશે. મેં વધુ પ્રશંસા સાંભળવા માટે ફરી પૂછ્યુ,' Good ? એટલે કેવી ? Very Good ?'

'હા ! Very Good ?'

'Very Very Good ?' મેં પાછો પ્રશ્ન કર્યો.

'એ વળી કેવું Very Good ? મને તો માત્ર Very Good ખબર છે' એકદમ નિખાલસભાવે એણે જવાબ આપ્યો.

ત્યારે તો હું હસ્યો, પણ મને વિચાર આવે છે કે 'ભવ્ય' શબ્દ હતો. પછી અતિભવ્ય થયો. હવે આપણા દરેક પ્રસંગો 'ભવ્યાતિભવ્ય' જ હોય છે. આ બધામાં પણ અતિશયોક્તિ તો નથી થતી ને ?

આવા નાના-મોટા બીજા અનેક પ્રસંગો છે. પણ હવે એના વર્ણનથી અટકું છું.

બરાબર

૧૪મી નવેમ્બર વહેલી સવારે એના મમ્મી-પપ્પા ભિનમાલ લેવા આવી ગયા. સવારે વંદન કરવા આવ્યા, પાઠ ચાલતો હતો. એટલે સામાન્ય પૃચ્છા કરીને નીકળી ગયા. મેં કહ્યું, 'પ્રવચન બાદ મળી શકશો.'

પ્રવચન બાદ મા-બાપ મળવા આવ્યા.

'મા'નો સૌથી પહેલો પ્રશ્ન જ આ...' મારો અર્હમ્ દીક્ષા માટે લાયક તો છે ને ? આ વખતે તો પંદર દિવસ આપની સાથે રહ્યો છે.'

'એકદમ સુપાત્ર છે. તમે આપેલા સંસ્કારો નિષ્ફળ નહિ જાય. પછી તો જેવી નિયતિ ! હા ! હું એની વિશેષ કાળજી રાખી શક્યો નથી, મારા પાઠાદિની વ્યસ્તતાના કારણે... પણ એના માટે કોઈ જ ફરિયાદ નથી. મારા તરફથી આપનો વિશ્વાસ પૂરો નહિ કરી શકવા બદલ ક્ષમા માગું છું.

તમારી પાસે તો હજી પોણા ત્રણ વર્ષ - ત્રણ વર્ષ તો ઓછામાં ઓછા છે. એ પછી જ દીક્ષા આપી શકાશે ને ? આટલો સમય એને સંયમજીવનના જ વધુ ને વધુ સંસ્કાર આપીને તૈયાર કરી દો.

અને મારા તરફથી એક ખાસ વાત....

મમ્મી -પપ્પા સાવધાન બનીને સાંભળી રહ્યા.

(૧) તમે મારી પાસે તાલીમ માટે મુક્યો છે, એનો મતલબ એ બિલકુલ નથી કે તમે મારી સાથે બંધાઈ ગયા. હજી તો ત્રણ વર્ષ બાકી છે.

આ સમય દરમ્યાન બીજા કોઈ મહાત્મા પાસે તમારું મન ઠરે, તો તમે ખુશીથી ત્યાં મૂકી શકશો. મારા તરફથી સંપૂર્ણ સંમતિ છે. તમારા બહેન મ.સા. વગેરેને પણ મારા તરફથી આ વાત જણાવી જ દેજો. મને બિલકુલ ખોટું નહિ લાગે.

(૨) ખરી વાત કરું ?

હું ઈવશહમ સ્પેશ્યાલિસ્ટ નથી. બાળકોને સાચવતા મને બિલકુલ આવડતું નથી. કદાચ આવડી જાય, તો પણ સ્વાધ્યાય + અધ્યયન + અધ્યાપન + લેખનમાં મને પુષ્કળ રસ હોવાથી બાલદીક્ષિતને હું ન્યાય આપી શકીશ કે કેમ ? એ મોટો પ્રશ્ન છે.

હા ! હું ભણાવી શકું... એ બધું કામ ફાવે. પણ બાળકને બાળક તરીકે સાચવવાની ખૂબ જરૂર હોય છે.

જો બે-ત્રણ વર્ષ બાદ મને એમ લાગશે કે 'મારી પાસે બાળકને સાચવી શકે એવા સાધુ છે. તો હું એને દીક્ષા આપીશ.'

પણ

જો મને એમ લાગશે કે 'હું એને ન્યાય નહિ આપી શકું' તો મારા સ્વાર્થ ખાતર, શિષ્યો વધારવા ખાતર એની જીંદગી જોખમમાં નહિ મૂકું.

શાસનમાં ઘણા ઘણા ઘણા ઉત્તમ સ્થાનો છે. ત્યાં જ તમારે દીક્ષા આપવાની રહેશે.

જો કે પ્રાયઃ તો એવી એકાદ-બે દીક્ષા મારા પાસે થવાની શક્યતા છે જ કે જે આવા પાંચ બાળકો એક સાથે હોય, તો પણ સાચવી શકે...' પણ એ બધું ભવિષ્ય ઉપર આધારિત છે.

(તા.ક. મારા વડીલ પૂ. હંસકીર્તિ મ.એ કહ્યું છે કે 'અમે તપોવનના ૫૦૦ બાળકોને સાચવીએ છીએ, તો અર્હમ્‌ને સાચવવાનું કામ તો સાવ સહેલું છે. તમે દીક્ષા આપો, ચિંતા ન કરો. અમે બેઠા જ છીએ ને ?')

કારતક સુદ ચૌદશનું ભિનમાલ સંઘમાં છેલ્લું વચન !

પ્રવચન બાદ શ્રી સંઘે નવતત્ત્વની પરીક્ષા આપનારા બહેનોનું બહુમાન કર્યું. ત્યાં જ સાધ્વીજી ભગવંતની પ્રેરણાથી સંઘના ઉત્તમ કોટિના શ્રાવક મદનલાલજીએ ઉભા થઈને જાહેરાત કરી કે,

'આ સવા પાંચ વર્ષનો અર્હમ્ મુમુક્ષુ છે. અહીં મ.સા. પાસે મમ્મી-પપ્પા વિના ૧૫ દિવસ રોકાયો છે. આઠ જ વર્ષની ઉંમરે દીક્ષા લેવાનો છે... શ્રી સંઘ એનું બહુમાન કરશે.'

અર્હમ્‌ને ઉભો કરવામાં આવ્યો. મદનલાલજીએ નીચા નમીને એને કંકુતિલક કરી એક કવર આપ્યું.

મને થયું કે, 'એની 'મા'ના સંઘ દર્શન કરે, સંઘ એનું પણ બહુમાન કરે...'

મેં સંઘને કહ્યું કે, 'તમે આના તો દર્શન કર્યા, પણ આની પાછળ જબરદસ્ત ભોગ આપનાર એની 'મા'ના પણ દર્શન કરી લો...'

પણ

એ 'મા' ઉભી ન થઈ ઉભી ન થઈ શકી... મસ્તક નીચે ઢાળી દઈ માત્ર રડતી રહી. હા ! એ હર્ષના આંસુ હતા, પોતાના દીકરાનું મુમુક્ષુ તરીકે શ્રી સંઘમાં પ્રથમવાર જ બહુમાન થયું હતું ને ? એનો અતિ-અપાર આનંદ હતો એ બહેનને !

મેં આગ્રહ ન કર્યો.

સાંજે નવસારી નીકળતા પહેલા એ છેલ્લે વંદન કરવા આવ્યા.

'મ.સા. ! સંઘે બહુમાન કર્યું, પણ એમાં તો રૂા. ૧૫૦૦ છે. આટલા બધા રૂપિયા અમારે શી રીતે લેવાય ?'

હું કંઈ બોલું, એ પહેલા જ સ્લેટ પર ચોકથી લખતો લખતો, અર્હમ્ બોલી ઉઠ્યો. 'મમ્મી ! આપણે મહાવીર સ્વામીનો મોટો મુગટ બનાવવો છે. એ માટે આ બધા પૈસા કામમાં આવશે.'

'બોલો, તમારા દીકરાએ જ રસ્તો કાઢી આપ્યો.'

'મ.સા. ! મને ઉંડે ઉંડે શ્રદ્ધા છે કે મને આ દીકરાના હાથે જ આ જ ભવમાં ઓઘો મળશે.

મારે સાધ્વીવેષમાં જ મરવું છે.

મારે આના હાથે જ ઓઘો લેવો છે...

હવે એને પાછો ક્યારે આપની પાસે મુકી જાઉં ?

'જ્યારે એને વેકેશન પડે ત્યારે જ ફાવશે ને ?'

'હા ! આખું વેકેશન આપની પાસે જ રાખવાનો છે. પણ આપને ફાવશે ને ?'

હા ! ફાવશે, ફાવાડશું... બધી વ્યવસ્થા ગોઠવશું. જિનશાસનને એક રત્ન મળતું હોય, તો એ માટે અમારે ભોગ તો આપવો જ પડે ને ?'

કારતક ચૌદસે રાત્રે અર્હમ્ એના મમ્મી-પપ્પા સાથે નવસારી ચાલ્યો ગયો. પણ એના મીઠા-મધુરા સ્મરણો અહીં મુક્તો ગયો.

મારે આ બધું જ લખવું હતું, પણ ભિનમાલમાં તો સમય જ ન હતો. કારતક વદ-૧ના સાંજે ત્યાંથી વિહાર કરીને કારતક વદ-૨ના દિવસે પૂરણ ગામમાં પહોંચ્યા. ત્યાં આ લેખ શરુ કર્યો, અને આજે કારતક વદ-૮ **ઉમટા** મુકામે આ લેખ પૂરો કરી રહ્યો છું.

આ લેખ લખવા-છાપવા પાછળ કેટલાક નક્કર કારણો છે.

(૧) સાધ્વીજી ભગવંતો સેંકડો-હજારો શ્રાવિકાઓને આ લેખ વંચાવીને પ્રેરણા આપી શકે કે 'તમારે તમારા બાળકોમાં કેવું સંસ્કારસિંચન કરવું જોઈએ.' અને માત્ર ઉપદેશ આપવા કરતા આવા વર્તમાનના જ જીવતા-જાગતા પ્રસંગોની અસર ઘણી જ વધુ થતી હોય છે.

(૨) સુકૃતોની અનુમોદના એ ચારિત્રજીવનનો પ્રાણ છે. એટલે મારે આ અનુમોદના કરવી જ જોઈએ.

(૩) આ 'મા' ગામડાની નથી, શહેરી છે...

આ 'મા' અભણ નથી, ગ્રેજ્યુએટ છે...

આ 'મા' ગરીબ નથી, સુખી છે... (બાળકોને છ'રીપાલિત સંઘની સંઘમાળ પણ પહેરાવી દીધી છે, જેમાં ઘણા સંઘવીઓએ ભેગા મળીને સંઘ કઢાવેલો.)

આ વાત સાધ્વીજીઓ શ્રાવિકાઓને બરાબર સમજાવે, વિશ્વાસ ન બેસે, તો આ 'મા'નો સંપર્ક પણ કરાવી શકે... તો આ આદર્શને પામીને કદાચ બીજા સેંકડો અર્હમ્ જિનશાસનને પ્રાપ્ત થાય.

(૪) સૌથી મુખ્ય કારણ છે સમાજનું વિચિત્ર વલણ !

વર્તમાન સમાજ ધાર્મિક માણસોને ટોણા-મેણા મારીને, સતત ગફલશશિંદ્ય વાતો કરીને, મજાક-મશ્કરી કરીને એમનો ઉલ્લાસ તોડી-ફોડી નાંખવાનું કામ કરે છે.

ત્રણ ઠગોએ વારાફરતી ગાયને બકરું કહી કહીને પેલા ભરવાડના માથામાં એ ફીટ કરાવી દીધું કે 'આ મારી પાસે ગાય નથી. પણ બકરું છે.' અને ખરેખર બકરાના ભાવમાં એ ગાય વેંચી મારી.

એમ

'આટલો બધો ધર્મ કરાતો હશે ?'

'બાળકો પર આટલો જોરજુલમ હોય ?'

'નાની ઉંમરમાં દીક્ષા આપીને બાળકની જીંદગી સાથે ખેલ ખેલાતા હશે ?'

'આ સાધુ ભગવંતોને પોતાનો પરિવાર વધારવામાં જ રસ છે...'

વગેરે વગેરે વાતો સમાજના કેટલાય લોકો, કહેવાતા ધર્મી લોકો પણ વારંવાર કરતા હોય, ત્યારે ભલભલા મા-બાપનું પણ મનોબળ ભાંગી જાય. તેઓ ગભરાઈ પણ જાય કે 'શું અમે ખોટા હશું ?'

આ મા-બાપને, આ પરિવારને જબરદસ્ત પ્રોત્સાહન આપવું એ આપણી ફરજ ખરી કે નહિ ?

જો ૨૦૦ નિંદકોથી મનોબળ તૂટતું હોય.

તો ૪૦૦ પ્રશંસકોથી મનોબળ મજબુત ન બને ?...

મારી સૌ સંયમીઓને માત્ર એટલી પ્રાર્થના છે કે,

જો તમને મારી આ વાત ઉચિત લાગે, તો એમના સરનામે એકાદ પત્ર તમે લખશોજી. એમાં શું લખવું ? એ મારે સંયમીઓને સમજાવવાની જરૂર જ નથી. માત્ર અર્હમ્ અરિહા કે એના મા-બાપની જ નહિ. પણ એના

દાદા-દાદીની પણ અનુમોદના કરવાનું ન ચૂકશો.

એમાં પણ જો વિશિષ્ટ કોટિના સંયમીઓના પત્રાદિ જશે, તો તો એ પરિવારનો ઉત્સાહ આસમાનને આંબશે. નિંદકો જ પછી તો સ્વયં પ્રશંસક બની જશે.

અને હા !

જો ક્યારેક વિહાર કરતા કરતા નવસારી જઈ ચડો, તો અર્હમ્‌ના ઘરે પગલા કરવા જવાનું ન ભૂલશો. તમારા પવિત્ર પગલા, તમારા પવિત્ર દર્શન અર્હમ્-અરિહાના ભવિષ્યને ઉજ્જવલતમ બનાવવામાં નિમિત્ત બનશે.

અંતે

આપણે સૌ પરમપિતા પરમકૃપાળુ પરમેશ્વર પરમાત્માને પ્રાર્થના કરીએ કે

'અર્હમ્‌ની લોકોત્તર લોકોત્તમ 'મા'એ જે ભાવનાઓ ભાવી છે, એ પૂરી કરજે... તું તો આખા વિશ્વની 'મા' છે. તો તારા બાલુડાઓની આવી ઉત્તમોત્તમ ભાવનાને પૂરી કરવાની શું તારી અંગત ફરજ નથી ?

પ્રભુ ! અમારી તારા પ્રત્યેની અગાધ શ્રદ્ધા તૂટી ન જાય એ તું જો જે.

અર્હમ્‌ને આઠ વર્ષની ઉંમરે ઓઘો લઈને નૃત્ય કરતો જોવો છે...

અર્હમ્‌ને એક ખૂણામાં બેસીને મધુરકંઠે શ્લોકો કંઠસ્થ કરતો જોવો છે...

અર્હમ્‌ને ગુરુ પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરતો જોવો છે...

અર્હમ્‌ને વૈશાખ-જેઠના ધોમધખતા તાપમાં ખુલ્લા પગે ગોચરી માટે ફરતો જોવો છે...

અર્હમ્‌ને સંવિગ્ન-ગીતાર્થ બનીને મુહપત્તિના વ્યવસ્થિત ઉપયોગપૂર્વક શાસ્ત્રાનુસારી દેશના આપતો જોવો છો. અર્હમ્‌ને અનેક જીવોને રજોહરણની ભેટ આપતો જેવો છે...

આવું આવું આવું ઘણું જોવાની ભાવના અર્હમ્‌ની 'મા'ની છે...

પ્રભુ ! તું પૂરી કરજે હોં !

એક જગ્યાએ સાંભળેલું કે 'Mumbai' = મુંબઈમાં ત્રણ-ત્રણ મા છુપાયેલી છે.

Mum = મા (ઇંગ્લીશભાષામાં...)

Ba = બા (ગુજરાતીમાં...)

I = આઈ (મરાઠીમાં...)

એમ

સૂતિ (જન્મ) આપે તે લૌકિક મા.

સંસ્કૃતિ (સુસંસ્કાર) આપે તે લોકોત્તર મા.

સંયતિ (સંયમ) આપે તે લોકોત્તમ મા.

અર્હમ્‌ની 'મા'માં આ ત્રિવેણીસંગમ જોવા મળે છે.

શીલગુણ વિ.ની દીક્ષા વખતે નિકેશભાઈ સંઘવીના કંઠે ગીત સાંભળેલું...

મા એટલે ? મા એટલે મા... એની ઉપમા આપવા માટે બીજા કોઈ શબ્દો જ નથી.

પણ

આ હકીક્ત માત્ર લોકોત્તર અને લોકોત્તમ 'મા'ને જ લાગુ પડે છે.

લૌકિક 'મા'ને નહિ.

જિનાગમોએ માત્ર લૌકિક 'મા'ની ઝાઝી કિંમત આંકી નથી... એ વાત લૌકિક માતાઓ ન ભૂલે.

૨

# હમ ન સોચે હમે ક્યા મિલા હૈ

એક સાધ્વીજીના શબ્દોમાં,

મને આખી જીંદગીમાં અત્યાર સુધી કાયમ એવું જ લાગ્યું છે કે મારા જેવું દુર્ભાગ્ય કદાચ આખા વિશ્વમાં કોઈનું નહિ હોય. ડગલે ને પગલે દુઃખો, દુઃખો ને દુઃખો જ ! ડગલે ને પગલે ચારેબાજુથી ધિક્કાર, ધિક્કાર ને ધિક્કાર જ ! સ્નેહ કોને કહેવાય ? એ મેં કદી અનુભવ કર્યો નથી.

શું હતું મારું દુર્ભાગ્ય ? જાણવું છે ? કેવા દુઃખો-ધિક્કારભાવો મારા પર વરસ્યા ? એ જાણવું છે ? તો સાંભળો.

હું જન્મી, ત્યારે મારા મમ્મી-પપ્પા ખુશ ન હતા, તેઓ ખૂબ દુઃખી થયા હતા. મારી મમ્મી મારા જન્મનિમિત્તે ધ્રુસકે ધ્રુસકે રડી હતી. પપ્પાનું મોઢું પડી ગયું હતું. કારણ? એક તો તેઓ મધ્યમ વર્ગના હતા. એમાં બે દીકરીઓ એમને થઈ ગઈ હતી. એમને ઈચ્છા હતી કે હવે દીકરાનું મોં જોવા મળે. દીકરો ઘડપણમાં લાકડી બને ને ? મારા દાદા-દાદી પણ એવી જ ભાવનાવાળા હતા. પણ ધાર્યું તો બધાનું થાય છે જ ક્યાં ? દીકરાને બદલે દીકરી તરીકે મારો જન્મ થયો. સાંભળ્યું છે કે સંતાન જન્મે ત્યારે એ ભલે રડે, પણ એના જન્મ નિમિત્તે આખો પરિવાર તો હસે. પણ મારા જન્મ વખતે તો ખુદ મારી મમ્મી પણ રડી, તો બીજાની તો શી વાત કરું ? આનો ભાર અમારે વેંઢારવો પડશે. આના લગ્નનો ખર્ચો અમારે ઉપાડવો પડશે... એ બધી ચિંતાઓએ એમને મારા પ્રત્યે ભારે અણગમો ઉભો કરાવ્યો.

છતાં એમણે મને જીવવા દીધી, મારી ન નાંખી... એટલું મારું ભાગ્ય ખરું ! આખા પરિવારને મારી બે મોટી બહેનો પ્રત્યે તો હજીપણ લાડ પ્યાર હતો. પણ મારા માટે તો... કારણ કે હું ત્રીજી દીકરી હતી. વળી ભલે મારા અંગોપાંગ સુરક્ષિત હતા, પણ હું કદરૂપી હતી. નાની બાળકીને જોઈને કોઈને રમાડવાનું મન થાય, એવું મારા માટે ન હતું.

અધૂરામાં પૂરું. મારા જન્મ બાદ થોડા જ સમયમાં પપ્પાને આર્થિક નુક્સાન ઉભું થયું, દાદાને મોટી બિમારી આવતા એનો પણ ખાસ્સો ખર્ચો ઉભો થયો. નાનપણમાં જ ખુદ હું પણ નાની નાની બિમારીઓના કારણે નાના-નાના ખર્ચાઓનું સતત કારણ બનતી. આ બધાના કારણે મમ્મી-પપ્પા ખૂબ ભીંસમાં આવી ગયા હતા. એમના મનમાં એ વાત દઢ થઈ ઈ કે 'આ છોકરી અપશુકનિયાળ છે.' એટલે જ મને નભાવતા ખરા, પણ એમાં ક્યાંય લાગણી નહિ.

એક નાની બાળકી માતા-પિતાના સ્નેહ વિના શી રીતે જીવી શકે ? મને મમ્મી-પપ્પા પાસે સ્નેહની ભૂખ હતી, પણ એ ન સંતોષાઈ. ઉલ્ટું મારા સગા મા-બાપ તરફથી હું ખૂબ ધિક્કાર-તિરસ્કાર જ પામી.

ક્યારેક મમ્મી ઘરે સુખડી બનાવે, તો બંને બહેનોને હોંશે હોંશે ખવડાવે. પણ કોણ જાણે ? મને બોલાવે પણ નહિ. જાણે કે એ મારી સાવકી મા ન હોય ? હું દૂરથી જોઉં; મને ય સુખડી ખાવાની ઈચ્છા થાય, અંતરમાં

વેદના થાય કે મમ્મી મને બોલાવે, સુખડી આપે... પણ મમ્મી નિષ્ઠુર બની જતી. છેવટે ધીરજ ગુમાવી હું મમ્મી પાસે જતી, મમ્મી! મને સુખડી આપ ને ? એક ભિખારીની જેમ ભીખ માંગતી. ત્યારે મારી મમ્મી જે રીતે મારી સામે જોતી, એ આંખો આજે પણ મને ધ્રુસકે ધ્રુસકે રોવડાવે છે. તું તો કેટલી ખાઉધરી છે. ખા ખા જ કરે છે... એમ બોલી કુતરાને ટુકડો આપતી હોય, એમ એકાદ ટુકડો ખાવા આપતી અને મારી નજર સામે મારી બંને બહેનોને પોતે જાતે હોંશે હોંશે ખવડાવતી.

ત્યારે મારી ઉંમર નાની, પણ કોણ જાણે સમજણ ઘણી આવી ગયેલી. હૈયું ભરાઈ જતું. ખૂબ-ખૂબ રડવાની ઈચ્છા થતી. પણ બાળક તો મમ્મીના ખોળામાં માથું મૂકીને રડે ને ? મારા માટે એ શક્ય જ ક્યાં હતું ? હું ત્યાંથી દોડીને બહાર નીકળી જતી, ટુકડો ખાતી અને દાદર પર બેસીને ધ્રુસકે ધ્રુસકે રડતી. ક્યારેક અગાસીમાં જઈને રડતી. પણ મારા આંસુ લુંછવા કોઈ આવવાનું ન હતું. મારી બે બહેનો પણ મને દરેક વાતમાં એકલી પાડી દેતી. તે બંને સાથે રમે, સાથે જમે, સાથે સ્કુલે જાય... હું બધે જ એકલી...

હા ! મને યાદ આવે છે કે એકવાર મેં પપ્પાની પાસે મમ્મીની ફરિયાદ કરેલી. પણ બહારથી કંટાળીને આવેલા અને મારા પર પહેલેથી તિરસ્કારવાળા પપ્પાએ ફરિયાદ સમજવાને બદલે મને જ એક તમાચો મારી દીધો, એક લાત પણ મારી... તું મને શાંતિથી જીવવા દે... વગેરે કહીને કાયમ માટે મને બોલતી બંધ કરી દીધી.

મમ્મી-પપ્પા દર રવિવારે ક્યાંક ફરવા માટે જાય, સાથે બે બહેનોને લઈ જાય. શરૂઆતમાં તો હું પણ હોંશે હોંશે તૈયાર થઈ ગયેલી. પણ મને સાથે આવતી જોઈને મમ્મી બોલી કે ''તું ક્યાં આવે છે ?'' હું ખચકાઈ, ''તમારી સાથે ફરવા...'' મમ્મી ગુસ્સે થઈ ગઈ. કોણે કીધું તને સાથે આવવાનું ? રીક્ષામાં ચાર જણ માંડ માંડ બેસી શકે. વળી ઘરે દાદા-દાદી પાસે કોઈક તો જોઈએ ને ? તું ઘરે રહે.

અને હું દાદરા પાસેથી જ ભીની આંખે પાછી ફરી.

મારી કોઈ બહેનપણી પણ ખાસ ન હતી. મારા પાસે બોલવાની કોઈ આવડત નહિ, મારા પાસે રૂપ નહિ, કદરૂપો મારો દેહ ! નાનપણથી જ રડતા જ શીખેલી, એટલે કોઈ સાથે હસી-મળી જવાનું મને આવડ્યું નહિ.

હું દેરાસરે જતી, પૂજા પણ કરતી. 'ભગવાન બધું સારું કરે છે' એવું એવું ક્યારેક સાંભળેલું એટલે પ્રભુ પાસે ખૂબ ફરિયાદ કરતી. ''પ્રભુ ! તેં મને સ્ત્રી-અવતાર કેમ આપ્યો? એમાં ય ત્રીજી દીકરી તરીકે જન્મ શા માટે આપ્યો ? એમાં ય ખરાબ રૂપ કેમ ? આવા સ્નેહહીન મા-બાપ કેમ ? તદ્દન સ્વાર્થખોર બહેનો કેમ ? મધ્યમવર્ગીય કુટુંબ કેમ ? પ્રભુ! તું મને કેટલા દુઃખ દેશે ?....'' આવી આવી તો ઢલાબંધ ફરિયાદો હું કરી ચૂકી હતી.

પણ બધું જ વ્યર્થ !

મારી શ્રદ્ધા ડગવા લાગી હતી. ભગવાન એ પત્થર સિવાય કશું જ નથી, એવું ઉંડે ઉંડે લાગવા માંડ્યું હતું. ભણવામાં હું ડફોળ હોવાથી સાત ધોરણ તો માંડ માંડ પાસ થઈ. આઠમા ધોરણમાં માનસિક પરેશાની અને મંદબુદ્ધિના કારણે હું સતત બે વર્ષ નાપાસ થઈ. બસ, મારા મા-બાપે મને ઉઠાડી મૂકી. ''તારા માટે ખોટા પૈસા શા માટે બગાડવા?'' એ હતા એમના શબ્દો ! ''તું તો અમારા માટે સાપણનો ભારો બની છે. નથી ભણવાના ઠેકાણા, નથી ડાચાના ઠેકાણા, કોણ તને પરણશે ? અમારે ક્યાં સુધી તને સાચવવાની... હે ભગવાન ! આવી છોકરી આપી જ ન હોત તો સારું હતું...'' મેં મારા સગા કાને સગી માના મોઢેથી નીકળેલા એ શબ્દો સાંભળેલા. હું ધ્રુજી ઉઠેલી. તમે માનશો ? તેર-ચૌદ વર્ષની નાની ઉંમરમાં જ મને મરી જવાના વિચારો આવેલા. શા માટે મારે અહીં જીવવું ? એ મને જ સમજાતું ન હતું. પણ એમ આત્મહત્યા કરવી પણ સહેલી થોડી જ છે ?

મારી ફરિયાદ હતી કે ''મારી માએ મને કંઈ જ ન આપ્યું. મારા પપ્પાએ મને કંઈ ન આપ્યું. મારી બહેનોએ, મારા દાદા-દાદીએ છેવટે ખુદ ભગવાને પણ મને દુઃખ જ દીધું. ધિક્કાર હો આ બધાને !''

મમ્મી હવે ઘરના બધા કામ મને સોંપી દેતી. કેમકે મારું ભણવાનું બંધ થયું હતું. એટલે ઘરે નોકરાણીની

ખોટ પૂરી થઈ ગઈ. રસોઈ બનાવવી - કપડા ધોવા - વાસણો માંજવા... બધું મારે કરવાનું. 'બે બહેનો ખૂબ ભણે છે' એ બહાને તેમને કોઈ જ કામ કરવાનું ન રહેતું. મને આ પક્ષપાત લાગતો, પણ શું કરું ?

ઘરના કામથી થાકીને ક્યારેક બપોરે વધારે ઉંઘતી કે તરત મારે કોઈક્ની તો ગાળ સાંભળવી જ પડતી કે આળસુની પીર છે. ભણવું ય નથી અને પાડીની જેમ પડ્યા રહેવું છે. હું સાંભળતી, પણ સામે બોલી શક્તી ન હતી.

સવારે પાણી ભરવાનું હોય, રસોઈ કરવાની હોય એટલે મારે મમ્મીની સાથે વહેલા ઉઠવું જ પડતું. બહેનો મોડેથી ઉઠતી. ''તેઓ મોડે સુધી ભણે છે, એટલે સવારે મોડી ઉઠે અને ઉઠીને તરત નાહી-ધોઈ, નાસ્તો કરી ભણવા નીકળી જાય...'' વગેરે વગેરે એમની તરફેણ કરનારા જવાબો હતા. પણ ભૂલમાં ક્યારેક હું સવારે ઉઠવામાં આળસ કરું; તો મમ્મી લાત મારીને કે જોરથી મારો હાથ ખેંચીને મને ઉઠાડતી. ''એ પાડી ! જલ્દી ઉભી થા. મોડું થઈ ગયું છે. હજી તો કેટલું કામ બાકી છે.''

હું ખરેખર કહું ? એ વખતે મારી આંખોમાં ઝળહળીયા આવી જતા. શું સગી મા આવું વર્તન કરે ? એ કરી શકે ? સ્કુલમાં સાંભળેલા ''જનનીની જોડ સખી ! નહિ મળે રે લોલ.'' એ શબ્દો શું માત્ર ગાવા માટે જ છે ?

કેટ-કેટલું લખું ? પંદર-સોળ વર્ષની મારી ઉંમર થઈ, ત્યાં સુધી મેં આવા તિરસ્કારો-અપમાનો-ત્રાસ જ વેઠ્યા છે. એ ય મારા સૌથી નજીકના સ્વજનો તરફથી ! જો એક-એક પ્રસંગ સાથે મારી આત્મકથા લખું તો કદાચ એક પુસ્તક જ તૈયાર થઈ જાય.

અમારા ઘરથી ૨૦૦ ડગલા દૂર જ સાધ્વીજીનો ઉપાશ્રય હતો. ત્યાં ઘણીવાર અમારી ઉંમરની છોકરીઓ માટે સ્પેશ્યલ પ્રવચનો ગોઠવાતા. મને ખબર પડતી ત્યારે હું પણ કેટલીકવાર એ પ્રવચનોમાં ગઈ હતી. સુંદર-મજાની વાતો સાંભળવી મને ખૂબ ગમી. ત્યારે તે સાધ્વીજીઓની નજીક જવાનો, પરિચય કરવાનો અભિલાષ પણ થયો. પણ ખરેખર કહું ? ખોટું ન લગાડશો. મને ત્યાં પણ બે-ત્રણ વાર કડવા અનુભવો થયા. મારા જેવી તો ઘણી છોકરીઓ ત્યાં આવે ને ? ખુદ સાધ્વીજી પણ શ્રીમંતઘરની છોકરીઓ પ્રત્યે, રૂપાળી છોકરીઓ પ્રત્યે, હોંશિયાર છોકરીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપે. એમને બોલાવે, એમની સાથે લાંબો સમય સુધી વાતો કરે, એમના ઘરે પગલા કરવા સામેથી જાય... પણ મને ન બોલાવે, ન મારી સાથે લાંબો સમય વાતો કરે, ન મારા ઘરે પગલા કરવા આવે.

કારણ ? કારણ કદાચ એ જ કે હું શ્રીમંત ન હતી. હું રૂપાળી ન હતી. હું હોંશિયાર ન હતી.

મેં તે તે સાધ્વીજીને મળવા માટે વારંવાર પ્રયત્નો કરેલા, વારંવાર પાસે ગયેલી. પણ મારી ગરીબાઈ, મારું કદરૂપ શરીર, મારી બુદ્ધિમંદતા અને એ બધા કરતાય મારા દુર્ભાગ્યે મને સદા માટે તિરસ્કાર અપાવ્યો.

મને એક સાધ્વીએ તો કહી દીધું કે અમે નવરા નથી. મને આશ્ચર્ય થયેલું. કેમકે મેં એમને મળવા માટે પંદર મિનિટ માંગેલી, એનો આ જવાબ હતો. પણ એ જ સાધ્વીજી બીજી છોકરીઓ સાથે કલાકો સુધી વાતો કરતા હતા, એ મને નજરોનજર દેખાતું હતું.

કોઈકે વળી મને જવાબ દીધેલો કે ''તમે પેલા નાના સાધ્વીને મળી લો. જે કંઈ કામ હોય, તે એમને જણાવી દો...'' મારે શી રીતે કહેવું ! કે મારા હૈયાની વરાળ કંઈ બધે કાઢી ન શકાય...

હું દુઃખો ઠાલવવા આવેલી ઉપાશ્રયે, પણ કડવા પ્રસંગો અનુભવી બમણા દુઃખ સાથે મારે ઘરે પાછા ફરવું પડ્યું. અલબત્ત બે-ત્રણ સાધ્વીજી પાસે જ આવા કટુ-અનુભવો થયેલા, પણ મને તમામ સાધ્વીજીઓ તરફ અરુચિ થઈ ગઈ. મેં ત્યારબાદ ઉપાશ્રયે જવાનું બંધ કરી દીધેલું.

પણ ઉપાશ્રયે જવાનું બંધ કરી દેવાથી મારો સળગતો સંસાર ઠરી થોડો જ જવાનો હતો ? અરે ! મારું હૈયું એવું સ્નેહભૂખ્યું થયું હતું કે એ વખતે કોઈ છોકરો જો મને અપનાવવા તૈયાર થાય, તો ભાગી જવા સુધીની પણ મારી તૈયારી હતી. પણ મારું ખરાબ રૂપ આડે આવતું હતું. કોણ આવી કદરૂપી સામે જોવા પણ તૈયાર થાય ?

મને જીવવામાં હવે કોઈ રસ ન હતો.

મારા મોઢા પરથી હાસ્ય વિલાઈ ગયું હતું.

મારા માટે 'આનંદ' શબ્દ માત્ર ડીક્ષનરીમાં લખેલો વાંચવા પૂરતો જ હતો, અનુભવગમ્ય નહિ.

મને થતું હતું કે કદાચ મારી આખી જીંદગી આવી જ પસાર થશે ? મારું ભાવિ શું?

પણ

દરેક અંધારી રાત પછી એક સૂર્યોદય થાય છે.

લાખો દુઃખોના ડુંગરાઓ તૂટી પડ્યા બાદ સુખ નામના રત્નો બહાર નીકળતા હોય છે.

એવું જ કંઈક મારા માટે બન્યું.

એ હતો રવિવારનો દિવસ !

મને ૯૯-૧૦૦ ડીગ્રી તાવ હતો. એ દિવસે મમ્મી-પપ્પા વગેરેને એક લગ્નમાં જવાનું હતું. મને તાવ હોવા છતાં તેઓ બંને બેનોને સાથે લઈ ગયા. મારા માટે નાસ્તો-ભોજન બનાવી ગયા, એટલું મારું ભાગ્ય ! મને કહી ગયા કે અમે સાંજ સુધીમાં આવી જશું.

તાવ વધારે ન હતો, પણ શરીરમાં થોડી સુસ્તી લાગતી હતી. હું પથારીમાં આડી પડી હતી. ઉંઘ આવતી ન હતી. દાદા-દાદી પણ ન હતા.

અચાનક બારણે ટકોરા પડ્યા... એ પછી 'ધર્મલાભ' મીઠો મધુરો અવાજ સંભળાયો. આમ તો અમારે ત્યાં સાધુ-સાધ્વી ક્યારેક ક્યારેક વહોરવા આવતા જ હતા. એટલે આ કંઈ મારા માટે નવું ન હતું. પણ કોણ જાણે આજના આ શબ્દમાં કોઈક અલૌકિક મધુરતા હતી. ગજબનું આકર્ષણ હતું.

'ધર્મલાભ' ફરી શબ્દ સંભળાયો અને હું ધીરે ધીરે ઉભી થઈને બારણા પાસે ગઈ. કડવા અનુભવો બાદ ઉછળતો બહુમાનભાવ ન હતો એ વાત સાચી, પણ ઘરે વહોરવા આવેલા સાધ્વીજીને વહોરાવવું નહિ... એવી ઉદ્ધતાઈ કંઈ મારામાં ન હતી.

મેં બારણું ખોલ્યું, સામે ૧૮-૨૦ વર્ષની ઉંમરના એક યુવાન સાધ્વીજી વહોરવા માટે આવેલા ઉભા હતા. એમની મુખાકૃતિ ઉપર જે સૌમ્યભાવ હતો, જે પ્રસન્નતા હતી એ જોઈ મને અવ્યક્ત રીતે જ એમના પ્રત્યે બહુમાન પ્રગટવા લાગ્યું. આ બધી અતીન્દ્રિય બાબતો તો જે અનુભવે તે જ સમજે...

'પધારો' કહી મેં એમને અંદર લીધા. જે રસોઈ તૈયાર હતી, એમાંથી ગોચરી વહોરાવી. પણ એ સાધ્વીજીની ગોચરી વહોરવાની ઢબ જોઈ હું આશ્ચર્ય પામી. રસોઈ મારી એકલી માટે જ હતી, એટલે ઓછી હતી. સાધ્વીજીએ પૂછ્યું કે કેટલા જણ જમનારા છે ? તમારે જમવાનું થઈ ગયું ?... મેં ભોળાભાવે બધી સાચી વાત કરી, એટલે એમને ખ્યાલ આવી ગયો કે એક જ જણ જમનાર છે... પણ રસોઈ ઓછી... એટલે એમણે પણ ખૂબ જ ઓછું વહોર્યું...

મને ઓછું ન પડે, હું ભૂખી ન રહી જાઉં... એની બરાબર કાળજી એ સાધ્વીજી કરી રહ્યા હતા, એ મને અનુભવાયું. મને લાગ્યું કે આખી જીંદગીમાં કદાચ પહેલીવાર કોઈકે મારા સુખ માટે આટલી ચિંતા કરી હશે...

''આપ ક્યાં બિરાજમાન છો ?'' મેં જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછ્યો. સંઘના જ ઉપાશ્રયમાં છીએ. અમે સાત ઠાણા આજે જ આવ્યા છીએ. સાધ્વીજીએ ખૂબ મીઠાશથી જવાબ આપ્યો.

'રોકાવાના છો ?' મેં ફરી પૂછ્યું. મારું આકર્ષણ વધતું જતું હતું.

''હા ! લગભગ મહીનો રોકાવાની ધારણા છે. અમારા ગુરુજી રોજ પ્રવચન પણ આપવાના છે. તમે પણ એમાં આવી શકો. તમારી ઉંમરના બહેનો માટે ખાસ પ્રવચનો પણ ગોઠવ્યા છે.... એમણે મને આમંત્રણ આપ્યું. આમ તો પૂર્વે બે-ત્રણ અનુભવો થયેલા, પણ આ વખતે મને કંઈક અલગ જ ભાવ થતા હતા.

''ચોક્કસ આવીશ. શું સમય છે ?'' મેં પૂછ્યું.

''સવારે સાડા નવથી સાડા દસ બધા માટે ! રાત્રે ૮ થી ૯ યુવાન બહેનો માટે!'' જવાબ મળ્યો.

''સવારે તો નહિ ફાવે. ઘરનું કામ ઘણું હોય. પણ રાત્રે ફાવશે...'' મેં કહ્યું.

''જેવી તમારી અનુકૂળતા...'' જવાબ આપી સાધ્વીજી નીકળી ગયા.

એ તો ગયા, પણ એમની નમ્રતા, એમની લાગણી, એમની સંયમચર્યા, એમની મીઠાશ મારા મનમાં છોડતા ગયા. પથારીમાં ઉંઘતા ઉંઘતા મને સતત એ જ વિચારો આવતા રહ્યા. બે દિવસમાં તાવ ઉતરી ગયા બાદ રાત્રે હું પ્રવચનમાં ગઈ. એમના ગુરુણીનું પ્રવચન સાંભળ્યું. બાપ રે બાપ ! એના શું વખાણ કરવા ? એ માટે મારી પાસે કોઈ શબ્દો જ ન હતા. હું તો એકદમ આકર્ષાઈ ગઈ.

વૈરાગ્યશતક ઉપર એ પ્રવચનો ચાલ્યા. એમણે સંસારનું જે વર્ણન કર્યું, એના કારણો બતાવ્યા, કર્મોના ગણિત, કર્મો પાછળ આપણે જ ગુન્હેગાર, કોઈ દોષિત નથી... વગેરે વગેરે હું સાંભળતી જ ગઈ. પાંચ-સાત દિવસમાં તો જાણે હું પ્રચંડ વૈરાગ્ય પામી ગઈ. જીંદગીમાં પહેલીવાર મને ભાવના પ્રગટી કે ''હું દીક્ષા લઉં, આરાધના કરી બધા કર્મો ખતમ કરી નાંખુ. આ બધા દુઃખોનું મૂળ એ કર્મો-દોષો જ છે ને?''

અને ગુરુણી પાસે જઈને બધી વાત રજુ કરવાનો વિચાર આવ્યો. પણ પાછો ખચકાટ થયો. 'જૂના કડવા અનુભવમાં વધારો તો નહિ થાય ને ?'

પણ અંતે એક રાત્રે હિંમત કરીને પ્રવચન બાદ ગુરુણી પાસે પહોંચી, બીજા બહેનો પણ બેઠા હતા. ''મારે એક વાત કરવી છે. પંદરેક મિનિટ જોઈએ છે. આપ... હજી મારી વિનંતિ પૂરી થાય એ પહેલા જ એ સાધ્વીજી બોલી ઉઠ્યા પંદર નહિ, પચાસ મિનિટ! તમારે જે કહેવું હોય તે નિઃસંકોચ કહેજો. કશી ચિંતા નહિ કરતા.''

એ શબ્દોમાં રહેલી ભારોભાર ઉદારતા, લાગણી મને સ્પર્શી ગઈ. બીજા દિવસનો બપોરનો ત્રણ વાગ્યાનો સમય લઈને હું ઘરે પહોંચી. મારા આનંદનો પાર ન હતો. એ રાત્રે મેં વિચારી લીધું કે ''હું સાધ્વીજીને શું શું કહીશ ?''

બીજા દિને બપોરના ત્રણ વાગ્યે મેં ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો, મેં જોયું કે મુખ્ય સાધ્વીજી પાસે બે છોકરીઓ બેઠી હતી. હું એમને સામાન્યથી ઓળખતી હતી. એ હતી રૂપવાન, શ્રીમંત, હોંશિયાર ! મારા મનમાં સંકોચ ઉભો થયો. આ ત્રણેયની ઉણપ મને ઘણીવાર સતાવતી હતી. આજે ફરી મને એ ઉણપ ખૂંચી.

હું 'શું કરવું ?' એ વિચારમાં જ હતી, ત્યાં તો મુખ્ય સાધ્વીજીની નજર મારા પર પડી, અને બે છોકરીઓ સાથેની વાતચીત અટકાવીને મધુર સ્મિત સાથે મને કહ્યું, ''અવાશે...'' મારા માટે આ આવકાર જાણે ત્રણ દિવસના ભૂખ્યાને મનગમતા ભોજન મળે એવો હતો. મેં નજીક જઈ વંદન કર્યા, સુખશાતા પૂછી, એમણે મુહપત્તીના પૂરા ઉપયોગ સાથે **''દેવગુરુપસાય''** શબ્દોચ્ચાર કર્યો. સાધ્વીજીએ તરત વાત શરુ કરી દીધી. ''બોલો, શું કહેવું છે ?'' હું મુંઝાઈ. પેલી બે છોકરીઓની હાજરીમાં શું બોલું ? પણ મારા મુખ પરના સંકોચને સાધ્વીજી તરત જ પરખી ગયા. એમણે તરત બે છોકરીઓને કહ્યું કે આમને અંગત વાત કરવી છે, એમને એકાંત જોઈએ છે. સમજદાર છોકરીઓ તરત ઉભી થઈ ગઈ. અમે પછી આવશું. કહીને નીકળી ગઈ. મને આ બધા વ્યવહારમાં એ મુખ્ય સાધ્વીજીની ઘણી બધી વિશિષ્ટતા દેખાઈ. ન કોઈ પક્ષપાત ! ન કોઈ ઉદ્ધતાઈ ! એમને માટે જાણે કે બધા જ સરખા ! તો જ મારા જેવીને પણ આટલો આદર આપે ને ? મારા માટે પેલી બધી રીતે ચડીયાતી બે છોકરીઓને પણ ઉભી કરી દે ને ? વળી એ બધામાં એમનો કોઈ સ્વાર્થ પણ ન હતો. મારી પાસે એમને શું સ્વાર્થ હોય ? એમની પોતાની શિષ્યાઓ જ ઘણી હતી, વિનયી-વૈયાવચ્ચી-સંયમી હતી... એટલે મારી એમને જરૂર હોય એવું તો ન જ હતું. વળી પાછો એ પ્રશ્ન તો હતો જ કે ''મારામાં હતું શું ? કે એમને મારી અપેક્ષા હોય ?''

મેં નજીક બેસી ધીમા અવાજે કંઈક સંકોચ સાથે રજુઆત કરી, મારી ઈચ્છા દીક્ષા લેવાની છે. આપના પ્રવચનો સાંભળીને એમ થાય છે કે હવે મારે સંસારમાં રહેવું નથી. પણ આપ મને સ્વીકારશો ? હું મધ્યમવર્ગની છું. મારું રૂપ તો તમે જોઈ જ રહ્યા છો. મારી બુદ્ધિ તીવ્ર નથી. હા ! હું સેવા કરી શકું છું. ઘરે એ જ કરું છું. પણ મારા જેવીનો ભાર તમે ઉપાડશો ? આટલું બોલતા બોલતા મારો અવાજ ભીનો થઈ ગયો. આંખો ય ભીની બની ગઈ.

સાધ્વીજી બોલ્યા ''દીક્ષા માટે શ્રીમંતાઈની, રૂપની કે બુદ્ધિમત્તાની નહિ, પણ પાત્રતાની જરૂર છે. એ પાત્રતામાં ય મુખ્ય ગુણ છે વૈરાગ્ય ! સંસાર તરફ વૈરાગ્ય જાગી જાય અને વ્રતો પાળવાની તાકાત આવી જાય એટલે એને દીક્ષા ચોક્કસ અપાય.

વળી બહેન ! હું માત્ર આત્માને જોવાનો પ્રયત્ન કરું છું. બાહ્ય સ્વરૂપને જોવાનું મને ગમતું નથી. જો હું પણ આ બધું જ જોઉં, તો હું ગુરુ તો નહિ, પણ સાધ્વી તરીકે પણ લાયક ન ગણાઉં. મારી તો ફરજ છે કે મારી પાસે જે આવે, એને એની યોગ્યતા પ્રમાણે મોક્ષમાર્ગે આગળ વધારવો. બસ, બીજું કશું મારે જોવાનું જ નથી. એટલે તું એવું કશું જ ન વિચારતી. મારા માટે મારી બધી જ શિષ્યાઓ સમાન છે. રૂપાળી કે કદરૂપી, શ્રીમંત કે ગરીબ, હોંશિયાર કે ભોઠ... કોઈપણ શિષ્યા માટે મારા હૈયામાં મેં ભેદભાવ ઉત્પન્ન ન થવા દેવા માટે અતિસખત પુરુષાર્થ કર્યો છે, અને લગભગ સફળ થઈ છું.

મારે મારી પ્રશંસા ન કરવી જોઈએ. પણ તારા મનમાં જે ખોટી છાપ છે, એ દૂર કરવા જ આ ખુલાસો કર્યો છે. હા ! બધા જ જેમ સારા નથી હોતા, તેમ બધા જ ખરાબ પણ નથી હોતા.

બહેન ! એક વાત પૂછું, તને વચનો ગમ્યા એ તો બરાબર. પણ એટલા માત્રથી આટલો જલ્દી વૈરાગ્ય જાગી જાય એ આશ્ચર્ય છે. બીજા પણ કોઈક નિમિત્તો હોય એવું મને લાગે છે. તને ઉચિત લાગે તો તું મને એ જણાવી શકે કે શા માટે તને આટલો જલ્દી વૈરાગ્ય થયો ?''

મેં કહ્યું, ''આપને કહેવામાં મને કોઈ જ વાંધો નથી. પણ...'' કહી મેં આજુબાજુ રહેલા સાધ્વીજીઓ તરફ નજર કરી. મુખ્ય સાધ્વીજી સમજી ગયા, ચાલો, આપણે ઉપરના હોલમાં બેસીએ. એમ કહી શિષ્યાઓને જણાવીને એ મને ઉપાશ્રયના ઉપરના હોલમાં લઈ ગયા. અમે બંને બેઠા. મારા મનમાં ૧૫ વર્ષાનો આખો ભૂતકાળ રમવા માંડ્યો, એ અપમાનો, તિરસ્કારો, ધિક્કારોની અગનવર્ષા મને ફરી દઝાડવા લાગી. જીવનમાં પહેલીવાર મને કોઈક મારું સ્વજન લાગતું હતું અને એની પાસે હું મારું હૈયું ઠાલવવાની હતી.

મેં શરુઆત કરી ''ગુરુજી ! હું ખૂબ અભાગિણી છું...'' બસ હું આટલું જ બોલી શકી, ગળે ડુમો ભરાઈ ગયો, આંખોમાંથી ચોંધાર આંસુ વહેવા લાગ્યા. હું મારી જાતને રોકી ન શકી. બે હાથમાં માથું છુપાવી હું હીબકા ભરીને રડવા લાગી... સાધ્વીજી પળભર તો અવાચક બની ગયા. પણ એ ય જમાનાના જાણકાર, અનુભવી હતી. એમણે મારા માથે હેતાળ હાથ ફેરવવા માંડ્યો. ઓ ભગવાન ! મને પહેલીવાર લાગ્યું કે મને મારી સગી મા મળી ગઈ. અપાર વાત્સલ્ય, અદ્ભુત સ્નેહ એ સ્પર્શમાં મેં અનુભવ્યો.

''બહેન ! રડવાથી શું વળશે ? સંસાર છે જ એવો કે એમાં દુઃખ ન હોય તો જ આશ્ચર્ય ! આપણે કરેલા પાપોના કારણે આ દુઃખો આવે છે. હવે જો રડશે, આર્તધ્યાન કરશે તો નવા પાપો બંધાશે. વળી નવા દુઃખો આવશે. આવું ન કરાય. ચાલ, શાંત થઈ જા. જે હોય તે કહી દે...''

સાધ્વીજીએ કહ્યું છતાં બે મિનિટ તો મારું રૂદન ચાલું જ રહ્યું. છેવટે મન કંઈક હળવું બન્યું અને મેં મારી દાસ્તાન સાધ્વીજીને કહી સંભળાવી. પંદર વર્ષામાં સગી મા, સગા બાપ વગેરે તમામ તરફથી મને શું મળ્યું ? હું કેવી પુણ્યહીન છું ?.... એ બધું જ મેં કહ્યું.

અડધો કલાક સુધી એકધારી રીતે હું બોલતી જ રહી. સાધ્વીજી બિલકુલ થાક્યા વિના, કંટાળ્યા વિના

સાંભળતા જ રહ્યા. મેં જોયું કે એમની પણ આંખોમાં ટીપા બાઝી ગયા હતા. કેમ ન બાઝે ? એ તો મારી મા બનવાના હતા. વિશ્વના સકલજીવોનું માતૃત્વ પ્રત્યેક સાચા સંયમીમાં હોય, તો આવા ઉત્તમોત્તમ સાધ્વીજીમાં પણ હોય જ ને ?

મેં છેલ્લે કહ્યું, ‘‘આવા સંસારમાં રહેવાનો રસ મને ક્યાંથી હોય ? મને આત્મહત્યાના પણ વિચારો આવેલા, પણ આપ મળ્યા, લાગ્યું કે આત્મહત્યા કરતા દીક્ષાનો માર્ગ શ્રેષ્ઠતમ છે. રે ! આત્મહત્યા તો અધમાધમ છે... એ હવે લાગે છે. હવે મારા અંતરની એક જ વાત કરું કે આપનામાં મને માતૃત્વની અનુભૂતિ થઈ છે. આપના ચરણોમાં જીવન સમર્પિત કરી દેવું છું. આપને મારી પાત્રતા દેખાતી હોય, તો મને દીક્ષાની રજા આપો.

સાધ્વીજીએ કહ્યું, ‘‘તારા ભાવો જોઈને મને તો સ્પષ્ટ લાગે છે કે તું માત્ર પાત્ર નથી, અતિ ઉત્તમ સુપાત્ર છે. છતાં અમે દીક્ષા આપવામાં ઉતાવળ નથી કરતા. ઓછામાં ઓછી છ મહિના તને તાલીમ માટે સાથે રાખશું. એમાં તું અમારી પણ પરીક્ષા કરી શકે. અમે તારી પરીક્ષા કરશું. એકબીજાના સ્વભાવનો પણ એમાં અંદાજ આવે. એ પછી દીક્ષા કરશું. હવે બોલ, તું તાલીમ માટે ક્યારથી જોડાઈશ ?’’

‘‘આજથી જ. અત્યારથી જ.’’ મેં ઉતાવળમાં જવાબ દીધો. સાધ્વીજી હસી પડ્યા. ‘‘તને તો ભારે તડપ છે દીક્ષાની. પણ એના માટે મમ્મી-પપ્પાની રજા તો લેવી પડશે ને ? તું એક કામ કર. મમ્મી-પપ્પાને મારી પાસે લઈ આવ. હું એમની સાથે વાત કરીશ... કહેજે કે મહારાજ સાહેબ તમને બોલાવે છે.’’

અને મારા કહેવાથી નહિ, પણ સાધ્વીજીનું નામ પડવાથી ઈચ્છા ન હોવા છતાં કંઈક કુતૂહલ સાથે મમ્મી-પપ્પા સાધ્વીજી પાસે પહોંચ્યા. ટ્રસ્ટીઓ વગેરેમાં સાધ્વીજીનો ભાવ ઘણો હતો, મમ્મીએ પણ અમુક વચનો સાંભળેલા એમાં વળી જ્યારે ઉપાશ્રયે પહોંચ્યા, ત્યારે ટ્રસ્ટીઓ સાધ્વીજી પાસે આવીને બેઠેલા પણ જોયા. એમાં ટ્રસ્ટીઓએ જે રીતે સાધ્વીજી પ્રત્યે વિનય-બહુમાન જાળવ્યા, એના લીધે મમ્મી-પપ્પાના મનમાં એક એવી છાપ ઉભી થઈ કે ‘‘આ સાધ્વીજી કોઈ સામાન્ય નથી. પણ ઘણા મોટા છે...’’

ટ્રસ્ટીઓના ગયા બાદ વાતચીત શરુ થઈ. આ તમારી દીકરીને દીક્ષાની ભાવના છે. અમારી પાસે તાલીમ માટે આવવા માંગે છે. એ માટે તમારી રજા લેવા જ બોલાવ્યા છે. તમારે ત્રણ દીકરીઓ છે જ. એકાદ આ માર્ગે જાય, તો તમારું કુળ પવિત્ર બની જશે. મારે એનો જેટલો પરિચય છે, એના ઉપરથી તો એ મને ખૂબ જ સુપાત્ર જીવ લાગે છે. ઉત્તમ આત્મા છે. એટલે તમે એને રોકશો નહિ. પરીક્ષા કર્યા બાદ અમે અંતિમ નિર્ણય આપશું...

મારા માતા-પિતા માટે તો આ વાત તદ્દન નવી જ હતી. તેઓ ભારે આશ્ચર્ય પામ્યા. પળભર મારી સામે જોઈ રહ્યા. અત્યાર સુધી એમને મન મારી કિંમત કાણી કોડી જેટલી પણ ન હતી. પણ દીક્ષાની તમન્નાનો પ્રતાપ કેવો ? કે એમના મોઢા પર મને મારા માટે કંઈક આદર પ્રગટ્યો હોય એવો આભાસ થયો. એમાં વળી આવડા મોટા સાધ્વીજી આના વખાણ કરે છે. એને આટલો આદર આપે છે. આ દીકરી તો ઘણી આગળ વધી ગઈ. આવા વિચારો પણ એમના મનમાં આવ્યા જ હશે... થોડી ઘણી ચર્ચા બાદ એમણે તાલીમ માટેની તો રજા આપી જ દીધી. અને હું એ જ દિવસથી તાલીમમાં જોડાઈ ગઈ.

તમે માનશો કે નહિ ? એ તો ખબર નથી. પણ એ વાત ખરેખર સત્ય છે કે જે દિવસથી હું તાલીમમાં જોડાઈ, એ દિવસથી ચારેબાજુ મારા માન-સન્માન વધી ગયા. હું હવે ‘મુમુક્ષુ’ તરીકે ઓળખાવા લાગી. સાધ્વીજી પાસે દરેક સ્થાનમાં ઘણા બધા બહેનો આવે, બધા જીદ કરી કરીને મને જમવા માટે લઈ જાય. મને જમાડવા લઈ જનારા પાંચ-દસ બેનો ભેગા થાય. રીતસર ખેંચાખેંચી થાય. સાધ્વીજી માંડ મારી વ્યવસ્થા ગોઠવે. દરેક ઘરોમાં મને ખૂબ લાગણીથી જમાડે, જીદ કરી કરીને ખવડાવે. ઘણીવાર તો હું ગભરાઈ જાઉં... એટલું બધું ખવડાવે. મારા વખાણ કરે, છેલ્લે મારા કપાળે તિલક કરીને શ્રીફળ વગેરે દ્વારા મારું બહુમાન કરે. રે ! ક્યાંક તો

સફેદ કપડા પર મારા કંકુના પગલા પડાવે, પછી કહે ''આ પગલા તો ઉત્કૃષ્ટ મંગલ કહેવાય, અમે બરાબર સાચવી રાખશું...''

આ બધુ જેમ જેમ અનુભવતી ગઈ, તેમ તેમ મારી આંખોમાં હર્ષના આંસુઓ ઉભરાતાં ગયા. હું ઘણીવાર પ્રભુની સામે રડી પડતી. ''હું ભિખારણ મહારાણી બની ગઈ. પ્રભો ! તેં મને બનાવી.'' એવું હું વિચારતી.

ખરેખર શું આ જિનશાસન ! શું આ ચારિત્રનો ભાવ ! હજી તો મેં ચારિત્ર લીધું પણ નથી, માત્ર ભાવના કરી છે, ત્યાં તો મારા દેદાર જ બદલાઈ ગયા. મારું પુણ્ય આસમાનને આંબવા લાગ્યું. એ શ્રાવક-શ્રાવિકાઓનો પણ ચારિત્ર પ્રત્યેનો પ્રેમ કેવો ગજબનો ! કે તેઓ મને ઓળખતા નથી, મારા કદ્રૂપને જૂએ છે. છતાં 'હું મુમુક્ષુ છું' એ જાણ્યા બાદ તેઓ કેવી ભક્તિ કરે છે ! ઘરે આવેલા ભિખારીને એક લુખી રોટલી આપવામાં પણ સંકોચ પામનારા એ ગૃહસ્થો મને મુમુક્ષુ તરીકે ઓળખીને મન મૂકીને મારી ભક્તિ કરે એ એમની મહાનતા તો ખરી જ ને ?

ઉપાશ્રયમાં પણ મારા ભાવિ ગુરુણી અને એમના શિષ્યાઓ = મારી ભાવિ ગુરુબહેનો મને પુષ્કળ સાચવતા. ગુરુણી રોજ એક કલાક બધાને વાચના આપતા. એમાં મુમુક્ષુ તરીકે મને પણ બેસવા મળ્યું. મને ખૂબ મજા આવતી.

એ સિવાય સવારે વૈરાગ્યશતકની ગાથાઓ ગોખતી. કલાકની બે-ત્રણ ગાથાઓ ગોખાતી. રોજની પાંચ ગાથા ગોખવાનો મેં નિયમ લીધેલો, એના અર્થો એક સાધ્વીજી મને સમજાવતા. એમાં મારો વૈરાગ્ય મજબુત બનતો ગયો. બધા સાધ્વીજીઓ વચ્ચે પરસ્પર ખૂબ પ્રેમભર્યો વ્યવહાર હતો. ક્યારેક નાના-નાના અણબનાવો બનતા પણ ખરા, પણ એ ગુરુણીની સમજાવટાદિ દ્વારા દૂર થઈ જતા. રાત્રે ઉંઘતા પહેલા તો પરસ્પર હાર્દિક ક્ષમાપના થઈ જ જતી. સાધ્વીજીઓ મને પણ જાત-જાતની તાલીમ આપતા. ગુરુણીએ એવી ગોઠવણ જ કરેલી કે જેથી દરેક સાધ્વીજી મને થોડી થોડી તાલીમ આપી શકે. એ રીતે બધા સાથે મારી આત્મીયતા પણ બંધાતી ગઈ.

મને લાગતું કે ''આ તો ધરતી પરનું સ્વર્ગ છે.''

અમારો વિહાર શરુ થયો, શરુઆતના દિવસોમાં વિહાર બાદ મને થાક લાગતો. ઉંઘવાનું, આરામ કરવાનું મન થતું. બેસણું કરવાનું મન થતું. પણ મનમાં ભય ઉભો થતો કે 'જો બેસણું કરીશ, ઉંઘીશ તો હું તાલીમમાં નાપાસ થઈશ. મને દીક્ષા નહિ મળે.' એટલે વિહાર કરીને ઉપાશ્રયે પહોંચ્યા બાદ ભણવા બેસી જતી. પણ ભૂખ + થાક બે ય ભેગા થઈને મને એવા સતાવતા કે ભણવામાં મન ન ચોંટતું. ઝોકા આવવા માંડતા.

માત્ર બે જ દિવસ આવા પસાર થયા હશે, ત્રીજા દિવસે વિહાર કરીને પહોંચ્યા અને મેં ગુરુણીને વંદન કર્યા કે મને ગુરુણીએ સામેથી જ કહ્યું કે ''આજથી તારે બેસણા કરવાના. હું કહું પછી એકાસણા શરુ કરવાના...'' મને ખૂબ ગમ્યું, છતાં લજ્જા ખાતર બોલવા ગઈ કે ''મારાથી એકાસણા થશે. મને...'' પણ મીઠી કડકાઈ સાથે ગુરુણીએ મને ચૂપ કરી દીધી.

બેસણું કરીને ઉપાશ્રયમાં આવી કે તરત મને કહ્યું કે થોડોક આરામ કરી લે. તને પંદર મિનિટ પછી ઉઠાડીશ. મને મારી ગુરુણીની સૂક્ષ્મદષ્ટિ માટે ખૂબ આદર ઉત્પન્ન થયો. પંદર મિનિટ મેં આરામ કર્યો, મને ઉંઘ પણ આવી ગઈ, સોળમી મિનિટે ગુરુણીએ માથે હાથ ફેરવીને ઉઠાડી... એ વખતે મને મારી મમ્મી યાદ આવી ગઈ જે મને લાતો મારીને, પાડી કહીને ઉઠાડતી હતી. ઉઠતાની સાથે હું ગદ્ગદ્ થઈ ગઈ, ગુરુણીએ પૂછ્યું ''કેમ રડે છે ? શું થયું ? વધારે આરામ કરવો છે ? તો ખુશીથી કરજે. શરીર છે, થાક લાગે ય ખરો...'' મેં કહ્યું ''ના, ના ! ગુરુજી ! મને લાતો મારીને, ગાળો દઈને ઉઠાડતી મારી મમ્મી યાદ આવી ગઈ. આપ તો મા નહિ, પણ સાક્ષાત ભગવાન...'' મારી વાણી અટકી પડી. હું એમના ચરણોમાં ઢળી પડી.

બસ, માત્ર બે મહિનાની તાલીમ બાદ હું બધી રીતે સક્ષમ બની ગઈ. હવે વિહાર + એકાસણા +

અપ્રમત્તતા બધું જ સિદ્ધ થવા લાગ્યું. ગુરુણીને લાગ્યું કે 'આને વધુ તાલીમની જરૂર નથી.' અને મને કહી પણ દીધું કે તું સંપૂર્ણપણે સુપાત્ર છે. તારા જેવી શિષ્યા મને મળશે, એ મારું પણ સૌભાગ્ય ગણાશે. હવે આપણે ફરી તારા શહેરમાં જઈએ, ત્યાં જ તારા મમ્મી-પપ્પાને દીક્ષા માટે તૈયાર કરીશું. મારે હવે વધુ રાહ જોવી નથી. ત્રણ મહીના બાદ સારું મુહૂર્ત આવે છે.

મારા આનંદનો પાર ન રહ્યો. અમે અમારા સ્થાનથી ઘણા દૂર ગયા ન હતા. ૮-૧૦ દિવસમાં તો પાછા મારા સ્થાનમાં આવી ગયા. આવતાની સાથે જ ગુરુણીએ મને ઘરે મોકલી દીધી. મમ્મી-પપ્પાને મોકલવા જણાવ્યું. મને કહ્યું કે તું સાથે નહિ આવતી. મારે કેટલીક અંગત વાતો કરવી છે એમને !

''શું અંગત વાત હશે ?'' એ તો મને ખબર ન પડી, પણ મારા કહ્યા પ્રમાણે મમ્મી-પપ્પા ગુરુણીને મળવા ગયા. બપોરે ચારથી છ બે કલાક મળીને પાછા આવ્યા, મારો ચોવિહારનો સમય થઈ ગયેલો, એટલે હું જમીને તરત ઉપાશ્રયે પ્રતિક્રમણાદિ માટે ગઈ. ગુરુણીએ મને વિશેષ વાત ન કરી, ''તારા મમ્મી-પપ્પા તને વાત કરશે.'' એમ કહી મને વિદાય આપી. હું ભારે કુતૂહલ સાથે ઘરે પહોંચી ત્યારે મેં જોયું કે ''આખો પરિવાર જાણે કે મારી જ રાહ જોતો હોય એમ ભેગો થઈને બેઠો હતો.''

હું બેઠી, બે મિનિટ તો સંપૂર્ણ મૌન ! અંતે મારી મમ્મીએ બોલવાની શરુઆત કરી. ''દીકરી ! સાધ્વીજીને મળી આવ્યા અમે બંને ! એમણે અમને તારી ઓળખાણ કરાવી. 'તું કોણ છે ?' એ ૧૬ વર્ષ થવા છતાં, હું તારી સગી મા હોવા છતાં જાણી ન શકી. દીકરી ! શું કહું તને ? મને આજે એમ લાગે છે કે હું મા નહિ, હું ડાકણ હતી. હું એ કુતરી હતી જે પોતાના બચ્ચાને ય ખાઈ જાય. હું એ સાપણ હતી જે પોતાના ઈંડાને ય ગળી જાય.

તું દીકરાને બદલે દીકરી તરીકે જન્મી, તારા આવ્યા બાદ તરત તારા પપ્પાને આર્થિક ભીંસ ખૂબ આવી... વગેરે વગેરે કારણે તું અમને અળખામણી બની ગઈ. પણ એમાં તારો વાંક જ ક્યાં હતો ? મેં પક્ષપાત કર્યો છે. મેં અધમાધમતા આચરી છે, તને મોઢું બતાવવાની પણ મારી લાયકાત નથી.

વીતેલા સોળ વર્ષ તો હું બદલી શકવાની નથી, પણ કમસેકમ એ અપરાધોની ક્ષમા તો માંગી શકું ને ? આજે સાધ્વીજીના મોઢે તારા ખૂબ ખૂબ વખાણ સાંભળ્યા, તારી ઉત્તમતાઓ જાણી. સાધ્વીજી કહે છે કે -

- તમારું કુળ આ દીકરીના કારણે ધન્ય બની ગયું. તમે રત્નકુક્ષિ માતા બન્યા.

પણ બેટી ! આ પ્રશંસા માટે હું હકદાર નથી. સાધ્વીજીની વાત તો સાચી છે કે હું રત્નકુક્ષિ બની. પણ એનો અર્થ એ જ કે રત્નો ખાણમાં જન્મે, એમાં ખાણ તો માટી-પથરાની જ બનેલી છે. એની કશી કિંમત નથી. ખરી કિંમત તો એમાં રહેલા રત્નોની છે. એમ બેટી ! તું મારું રતન ! પણ હું તો પથરો જ છું.''

આટલું બોલીને અચાનક મમ્મી ઉભી થઈ, અણધારી જ મારા પગમાં પડી, મારા પગ પકડી લીધા, જોર જોરથી રડવા લાગી, હું ચોંકી ગઈ. ''મા મારા પગમાં પડે ?...'' પણ એણે તો મજબુતાઈથી મારા પગ પકડી રાખ્યા. ''તું એકવાર એમ કહી દે કે 'તને માફી આપી' બસ, તો જ મને સંતોષ થશે...'' મા બોલી.

વાતાવરણ રડમસ બની ગયું. મારા પપ્પા, બંને બહેનો, દાદા-દાદી બધા જ શ્રાવણ-ભાદરવો વરસાવતા બેઠા હતા. હા ! દરેકના હૈયામાં ચોકખો પશ્ચાત્તાપ ભાવ જણાતો હતો. મા મારા પગ છોડે, એ માટે મેં તરત કહી દીધું કે ''મા ! મેં તને માફી આપી... તું તો મારી ઉપકારી છે...'' ત્યારે માંડ માંડ એણે મારા પગ છોડ્યા.

''બસ દીકરી ! બસ ! હવે જો. હું ૧૬ વર્ષનો હિસાબ વાળી આપીશ. દીકરી ! તારી ઈચ્છા પ્રમાણે તને ધામધૂમથી દીક્ષા આપશું. ભલે શ્રીમંતાઈ નથી, પણ હૈયું તો મોટું છે ને ? મારી લાડલી દીકરીને એવા તો આશિષ આપીશ કે તે ઓછામાં ઓછા ભવમાં મોક્ષ પામે. મેં તને ઘણા દુ:ખ દીધા છે. હવે એ બધા જ દુ:ખમાંથી મારે તને છોડાવવી છે. મારા શુદ્ધ હૃદયના આશિષ સફળ થશે જ. અમે સાધ્વીજીને હા પાડી દીધી છે. ત્રણ મહિના બાદ દીક્ષા છે. આ ત્રણ મહિના મારે તારી સગી મા બનવાનું છે. જે વ્હાલ તને સોળવર્ષમાં નથી આપી

શકી, એ ત્રણ મહિનામાં આપવું છે. દીકરી ! તું કશાની ના પાડતી જ નહિ. મને સંતોષ થાય એટલું કરવા દેજે.''

એ રાત્રે બાર વાગ્યા સુધી બધાએ અલક-મલકની વાતો કરી. હું હવે બધાને પ્યારી બની ગઈ હતી.

બીજા દિવસથી રીતસર મારી ભક્તિ શરુ થઈ. ઘરનું એકાદ પણ નાનકડું કામ મારે તો કરવાનું જ ન હતું, સવાર-બપોર-સાંજ મારા માટે મમ્મી જાત-જાતની વસ્તુઓ બનાવે, હવે હું ઘરની મહારાણી હતી. ચારેબાજુ સંઘોમાં મારા બહુમાન સમારંભો થયા, સેંકડો લોકો મને વાયણા કરાવવા માટે લઈ જતા. અજાણ્યા હજારો લોકો મને પૂજનીય માનતા થયા. આ બધું જ પુણ્ય માત્ર ને માત્ર ભગવાને બતાવેલ સર્વવિરતિ ધર્મના ભાવે જ ઉદયમાં આવેલું ગણાય ને ?

અંતે દીક્ષાનો દિવસ ખૂબ નજીક આવી ગયો. માના મોઢા પર મારા વિયોગની કલ્પનાથી ઉદાસીનતા છવાઈ જતી દેખાયા કરતી. એનું બોલવાનું પણ ઓછું થઈ ગયું હતું. હા ! મારી સેવા (!)માં તો વધુ ને વધુ અપ્રમત્ત જ બનતી જતી હતી.

દીક્ષાનો આગલો દિવસ !

વર્ષીદાનના વરઘોડાની તૈયારીઓ થઈ ચૂકી હતી. હવે ઘરમાંથી નીકળ્યા બાદ મારે ફરી ઘરમાં આવવાનું ન હતું. એવો નિયમ હતો કે વર્ષીદાનના વરઘોડા માટે ઘરમાંથી નીકળ્યા બાદ મુમુક્ષુ દીક્ષા બાદ જ પાછો ઘરે આવે. નજીકના સ્વજનો ઘરમાં આવી ગયા હતા. હું પણ તૈયાર થઈ ગઈ હતી. બસ મમ્મીના છેલ્લા આશિર્વાદ લેવા હું એની પાસે ગઈ, મમ્મી ! આશિષ એવા આપજે કે હવે વહેલામાં વહેલી તકે હું આ સંસારમાંથી છૂટું. મોક્ષ પામું... અને મમ્મીના ચરણોમાં નીચે નમી પડી.

પણ, આખર એ એક મમ્મી હતી. સોળવર્ષના ઘોર અપરાધના ઘોરતમ પશ્ચાત્તાપથી સળગતી મમ્મી હતી. એનું હૈયું મારા વિયોગના દુઃખથી, પશ્ચાત્તાપના ભાવથી ભરાઈ આવ્યું અને આશિષના બે શબ્દો બોલવા માટે પણ એ સમર્થ ન રહી. હું રાહ જોતી રહી કે મારા મસ્તકે બે હાથ પડે અને કાનમાં આશિષના શબ્દો પડે. ત્યાં તો મારી નજર સામે જ મમ્મીના પગ દૂર થતા, દોડતા દેખાયા. કાનમાં મમ્મીના ડુસકાના અવાજો સંભળાયા. હા ! મમ્મી રડતી રડતી અંદરના રૂમમાં જતી રહી, અંદરથી બારણું બંધ કરીને રડવા લાગી. ત્યાં રહેલા બધા જ લોકો સ્તબ્ધ થઈ ગયા. હું માતાની લાણીને સમજી ચૂકી હતી. પણ આજે હું રડી ન શકું. કેટલું ખરાબ લાગે ? મહામહેનતે મેં આંસુ રોકી રાખ્યા. હું ઉભી રહી. છેવટે મમ્મીના આશિષ લેવાની વિધિ તો બાકી જ હતી ને ?

છેવટે પપ્પા રૂમ પાસે ગયા. ટકોરા મારીને સમજાવ્યું કે શું તારી દીકરીને અમંગળ કરવું છે ? તારા આશિષ વિના એને વિદાય આપવી છે ? દીકરીના ભાવિનો તો વિચાર કર... બે મિનિટ થઈ અને મમ્મી બહાર આવી. એણે પોતાની જાત પર કાબુ મેળવી લીધો હતો. મારા માથે હાથ ફેરવ્યો, મને ભેટી પડી. ''દીકરી ! તને આશિષ આપવા માટે તારી આ મમ્મી નાલાયક છે, છતાં સાચા હૈયે કહુ છું કે મહાન સાધ્વી બનજે. જાતને પવિત્ર બનાવજે, શાસનને અજવાળજે...''

મારેય ઘણું કહેવું તો હતું જ, પણ ડુમો ભરાઈ ગયો હતો ને ? કશું ય બોલ્યા વિના હું બહાર નીકળી ગઈ. વર્ષીદાનનો વરઘોડો રંગેચંગે પૂરો થયો. પણ આખા વરઘોડામાં મારી મમ્મી મારી સાથે ન હતી, મને ખ્યાલ આવી ગયો કે આજનો દિવસ એના જીવનનો ઘોર પશ્ચાત્તાપનો, સૌથી વધુ રૂદનનો દિવસ હશે. મારી સાથે કે મારી સામે રહેવાની એની આજે હિંમત નહિ જ હોય.

ખેર !

રાત્રે છેલ્લો બહુમાન સમારંભ યોજાયો. મમ્મી હવે સ્વસ્થ થઈ હતી, સમારંભમાં હાજર હતી. છેલ્લે મારો બોલવાનો વારો આવ્યો. આમ તો મને ખાસ કંઈ બોલતા આવડતું ન હતું. પણ મેં મમ્મી-પપ્પા-બહેનોનો ખૂબ ઉપકાર માન્યો. એમણે મને તાલીમની અને છેલ્લે દીક્ષાની ઉમંગભેર રજા આપી, એ વાતને મેં ખૂબ

ભારપૂર્વક દર્શાવી. એ મારા શબ્દોમાં ખરેખર સાચો રણકાર હતો, એમાં ક્યાંય કૃત્રિમતા ન હતી. માટે જ પરિવારને મારા શબ્દો સ્પર્શી ગયા.

દીક્ષાનો દિવસ ઉગ્યો. લોચ કરવાનો સમય છેક ૧૨ વાગ્યા પછીનો હતો, એટલે ક્રિયા લગભગ ૧૦ વાગ્યા પછી શરુ થવાની હતી. રાત્રે જ મારા ગુરુણી તરફથી મને સમાચાર આવી ગયેલા કે ''વહેલી સવારે અડધો કલાક તું મને મળી જજે.. દીક્ષા પહેલા જ...''

ગુરુણી મારી, મારા ભાવોની ખૂબ કાળજી રાખતા એ તો મને બે-ત્રણ મહિનાના અનુભવથી જણાઈ જ ગયું હતું. એટલે આજના અગત્યના દિવસે કંઈક અગત્યની વાત કરવાની હશે. એમ નક્કી માની વહેલી સવારે ગુરુણી પાસે પહોંચી ગઈ, પ્રતિક્રમણ ત્યાં જ કર્યું. પ્રતિક્રમણ બાદ ગુરુણી પાસે પહોંચી અને એ વખતે એમણે મને અદ્ભુત ઉપદેશ આપ્યો.

ગુરુણી બોલ્યા - મારે અત્યારે તને જે કહેવું છે, એ હું તને દીક્ષા પછી પણ કહી શકત. દીક્ષાના દિવસે દીક્ષા પહેલા તો મુમુક્ષુને બિલકુલ સમય ન હોય. છતાં દીક્ષા મોડી છે અને દીક્ષા વખતે તારા ભાવો ખૂબ ઉછળે, એ તારા આખા ય જીવનની સુરક્ષા માટે ખૂબ જરૂરી છે અને એ ભાવ જગાડવા માટે કેટલીક વાતો તને કહેવી જરૂરી છે... માટે જ તને અત્યારે બોલાવી છે. જો દીક્ષા બાદ આ વાત કરું, તો દીક્ષાના મંગળમય વાતાવરણમાં મારે તને જે ભાવોલ્લાસ જગાડવા છે, એ કદાચ ન જાગે. દીક્ષાની બાહ્યક્રિયા માત્રથી મને સંતોષ નથી. પણ એ વખતે મુમુક્ષુને શુભ પરિણામો ઉછળવા જ જોઈએ એવું મારું સ્પષ્ટ માનવું છે. હવે તું મારી વાત ધ્યાનથી સાંભળ.

પ્રભુ પોતાના સેવકો પર બે પ્રકારની કૃપા કરતો હોય છે **(૧) અનુગ્રહકૃપા, (૨) નિગ્રહકૃપા.** એમાં અનુગ્રહકૃપા તો બધા સમજી શકે છે કે, ''જીવનમાં સુખ-સમૃદ્ધિ-શાંતિ-સમાધિ વગેરે વગેરે બધું સારું મળે, એ ભગવાનની કૃપાથી મળે.''

જેમ નિરોગી માણસને શીરો-દુધપાક ખવડાવવામાં આવે અને એ રીતે એના પર ઉપકાર કરવામાં આવે. પણ રોગી માણસને જો ઓપરેશનની જરૂર હોય, તો ઓપરેશન કરીને એને સારો બનાવવામાં આવે. અહીં શીરો-દૂધપાક એ જેમ ઉપકાર છે, તેમ ઓપરેશન પણ એક ઉપકાર જ છે. ફરક માત્ર એટલો કે શીરો-દૂધપાક સારા લાગે છે. ઓપરેશનમાં થોડુંક કષ્ટ તો વેઠવું જ પડે. પણ એ વિના છુટકો પણ નથી.

આધ્યાત્મિક જગતમાં પણ આ જ હકીક્ત છે. જે ઉત્તમ જીવો છે. તેઓ નિરોગી માણસ જેવા છે. સંસારના ભૌતિક સુખો ગમે તેટલા મળે તો પણ તેઓ તેમાં લપેટાય એવા નથી હોતા. એટલે જ પ્રભુ એમના પર અનુગ્રહ કૃપા કરતા હોય છે. એમને પ્રભુકૃપાથી રૂપ મળે, સંપત્તિ મળે, બુદ્ધિ મળે અને સાથે સાથે વૈરાગ્યાદિ ગુણો પણ મળે.

પણ કેટલાક આત્માઓ એવા છે કે જેઓ એવા ઉત્તમ નથી. તો એવા હીન પણ નથી. તેઓની ભૂમિકા એવી છે કે, જો એમને સંસારના સુખોની અનુકૂળતાઓ મળે, તો તેઓ એમાં જ રચ્યા પચ્યા રહે. પછી એમને વૈરાગ્ય ભાવ ન જાગે. હવે જો સંસાર એમને ખૂબ ગમવા લાગે તો અંતે તો ભારે નુક્સાન એ જીવોને થવાનું જ.

આવા જીવો ઉપર પ્રભુ અનુગ્રહકૃપા નથી ઉતારતા. અર્થાત્ એમને રૂપ-સંપત્તિ-બુદ્ધિ-સત્તા વગેરે નથી આપતા. કેમકે પ્રભુ સ્પષ્ટ જુએ છે કે આ બધું આ જીવો માટે તો ઝેરનું જ કામ કરશે. અમૃતનું નહિ. પ્રભુ આવા જીવો ઉપર નિગ્રહકૃપા કરે છે. અર્થાત્ ઓપરેશન કરે છે, અર્થાત્ તેઓને દુઃખોના ડુંગરા દેખાડે છે. ચોક્કસ એના કારણે જીવો પરેશાન થાય, હેરાન થાય... પણ ઓપરેશનમાં તો આ બધું થવાનું જ. એનાથી આ જીવોને મોટો ફાયદો એ થાય કે ***''આ સંસાર સુખમય નથી, પણ દુઃખમય છે.''*** એવું એને ભાન થાય. એ વૈરાગી બને. સાચેસાચ વૈરાગી બને, અને દીક્ષાના માર્ગે આગળ વધી વહેલી તકે આત્મકલ્યાણ સાધે.

આજે તને મારે એટલું જ કહેવું છે કે સોળવર્ષ સુધી તેં ખૂબ દુઃખો વેઠ્યા. એમાં તને પ્રભુ પ્રત્યે અશ્રદ્ધા પણ થઈ... પણ હવે તારે આ તત્ત્વજ્ઞાન આત્મસાત્ કરવાનું છે કે તને સાચા માર્ગે વાળવા માટે પ્રભુએ તારું ઓપરેશન કર્યું છે. જેને તું દુઃખ કહે છે, એ હકીકતમાં તારું ઓપરેશન છે, પ્રભુની નિગ્રહકૃપા છે. અલબત્ત છેલ્લા છ-સાત મહિનાથી તો તારી શ્રદ્ધા, તારી ભક્તિ ખૂબ વધી જ ચૂકી છે. છતાં જુના પડેલા પેલા સંસ્કારો ફરી જાગ્રત ન થાય એ માટે આ તત્ત્વજ્ઞાનને જીવનમાં અપનાવી લેજે. દીક્ષા વખતે આ ભાવના સતત ભાવજે કે પ્રભુની કૃપાથી જ મને આ સર્વવિરતિ મળી રહી છે. ઓપરેશન પૂર્ણ થયું છે અને આરોગ્ય મળ્યું છે.

હવે જ્યારે તમામ દુઃખો એક ઓપરેશન છે, એ કરનારા ડોક્ટર ખુદ ભગવાન પોતે છે. ત્યારે મા-બેન-પિતા વગેરે જેણે જેણે તને દુઃખો દીધા, એ બધા તો ઓપરેશનમાં ડોક્ટરને સહાય કરનારા નર્સ-વોર્ડબોય-આસીસ્ટન્ટ ડોક્ટરો જેવા જ છે. એ બધા જ ઉપકારી છે. ક્યાંય કોઈપણ પ્રત્યે દીલના કોઈપણ ખૂણામાં લેશપણ દ્વેષભાવ ન રાખીશ.

આ તો થઈ ભૂતકાળની વાત !

હવે ભવિય માટે પણ આ વાત દઢ કરી જ લેજે કે દીક્ષા બાદ પણ દુઃખો આવે, પરેશાની આવે... ત્યારે પણ પ્રભુની નિગ્રહકૃપા સમજીને સહન કરતા જ જવું. ન ફરિયાદ! ન આંસુ ! ન અરુચિ ! ન અભક્તિ !

બસ, આટલી વાત ધ્યાનમાં લઈને મનને વધુ ને વધુ પવિત્ર કરજે. ખૂબ ખૂબ ઉછળતાભાવે દીક્ષા લેજે...

હું તો આ અલૌકિક દેશના સાંભળી જ રહી - આવા ભયાનક દુઃખો એ પણ પ્રભુની કૃપા છે. - આ કેવું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન ! મારા ભાવોમાં જબરદસ્ત ઉછાળો આવ્યો. પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ અતિશય ઉછળ્યો. તો પરિવાર પ્રત્યેનો ક્ષમાભાવ પણ સીમાતીત બન્યો. દીક્ષા માટે જરૂરી ભાવપવિત્રતા મારા ગુરુણીની આ ઉંડી સમજણે મને અપાવી દીધી.

દીક્ષાના મંડપમાં પહોંચી, વિધિ શરૂ થઈ. ઓઘો આપવાનો સમય થઈ ગયો, મારા જીવનની એ ધન્યતમ ઘડીઓ હતી. હજારો માણસ સ્તબ્ધ બનીને જોઈ રહ્યા હતા. અંતે સદ્‌ગુરુજીના હાથે મને ઉંચા શ્વાસે ઓઘો મળ્યો. અને માત્ર નાચવાનો વ્યવહાર સાચવવા માટે નહિ, પણ હૈયામાં ઉછળેલા આનંદને ન સમાવી શકવાના કારણે હું ખૂબ ખૂબ નાચી. લોકોની આંખોમાં હર્ષાશ્રુ વહેવા લાગ્યા. મને અંતિમ સ્નાન માટે લઈ જવાઈ. મેં મારા ઘરેણા મમ્મીએ પહોળા કરેલા સાડીના ખોળામાં એક પછી એક બધા જ નાંખી દીધા. મારી બંને બહેનો ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી. પણ આજે હું તો ખૂબ જ હસતી હતી.

વેષપરિવર્તન થઈ ગયું, નીચે ઢાળેલી આંખો સાથે ફરી શેષવિધિ માટે હું મંડપમાં આવી. હજારો આંખો મારું મુંડિત મસ્તક, શ્વેત વસ્ત્રો, વિભૂષારહિત દેહ જોઈ ચોધાર આંસુ સારી રહી હતી. છેવટે ***'કરેમિ ભંતે !'*** ઉચ્ચરાવવામાં આવ્યું. લોચ થઈ ગયો... હું ગુરુણીની સાથે ઉપાશ્રયે પહોંચી.

ઉત્સાહ-ઉમંગ સાથે દિવસો પસાર થતા ગયા. શુભ મુહૂર્તે જોગમાં પ્રવેશ પણ થઈ ગયો. મારી ઈચ્છા આંબિલથી જ જોગ કરવાની હોવા છતાં ગુરુણીએ મને આંબિલ-નીવીથી જોગ કરાવ્યા. જોગની સાથે રોજ અભ્યાસ ચાલુ જ હતો. સવારે બે કલાક ગાથા ગોખવાની. નવી પાંચ ગાથા અને જુની ગાથાઓનું પુનરાવર્તન...! ત્યાર બાદ પાત્રપોરિસી થાય એટલે ખુદ ગુરુણી મને સ્પેશ્યલ એક કલાક વાચના આપતા. **દસ સામાચારી, અષ્ટ પ્રવચનમાતા, દસવિધ શ્રમણધર્મ, પાંચ મહાવ્રતો, પચ્ચીસ ભાવનાઓ, અનિત્યાદિ બાર ભાવનાઓ...** વગેરે વગેરે બધાની સૂક્ષ્મ સમજણ આપતા.

એક મહીનામાં તો હું ઘણી બધી રીતે તૈયાર થઈ ગઈ. મને ગોચરીના ૪૨ દોષો પણ બરાબર શીખવાડ્યા. સંઘાટક ગોચરીમાં મોકલીને મને પ્રેક્ટીકલ તાલીમ પણ ખૂબ જ સારી આપી.... આ રીતે કુલ ત્રણેક મહિના પસાર થયા અને અચાનક એક પ્રસંગ બન્યો. જે પ્રસંગ શરુઆતમાં તો મને એવો લાગ્યો કે 'મારી આરાધનામાં

વિઘ્ન રૂપ છે.' પણ ફરી મને ગુરુણીની એ વાત યાદ આવી કે દુઃખો એ તો ભગવાનની નિગ્રહ કૃપા છે. ભગવાન રૂપી ડોક્ટર વડે આપણા જેવા દર્દીઓનું કરાતું ઓપરેશન છે. અને ખરેખર એ વાત મને પાછળથી સમજાઈ.

બન્યું એવું કે મને ઝેરી મેલેરિયા થયો. શરીર ભયંકર તૂટે, વેદનાનો કોઈ પાર નહિ. ઈંજેક્શનો-ગોળીઓનો મારો સતત ચાલુ ! આ બધા દુઃખમાં હું હેરાન-હેરાન થઈ ગઈ. છતાં જલ્દી ઠેકાણું પડે નહિ. આમ પણ આ બધા રોગોમાં પાંચ-સાત દિવસ તો ધીરજ રાખવી જ પડે ને ?

પણ મેં જોયું કે મને દિવસે સુતેલી જોઈ 'મને તાવ આવ્યો છે', એવી ખબર પડતાની સાથે જ ગુરુણી તરત જ મારી પાસે આવેલા. મારું માથું - હાથ તપાસીને બોલેલા. તને તો ઘણો તાવ છે. એમણે જોયું કે હું માત્ર સંથારો-ઉત્તર પટ્ટો પાથરીને જ સૂતી હતી. મેં કોઈને વાત કરી ન હતી. ગુરુણીએ તરત જ ઈરિયાવહિ કરી, ધાબડાઓ પ્રતિલેખન કરી જાતે મારા માટે જાડો સંથારો તૈયાર કરવા માંડ્યો. પછી તો બીજા સાધ્વીજીઓને પણ ખબર પડતા તેઓ પણ મારી સેવામાં લાગી પડ્યા. ગુરુણીએ તરત જ એક શ્રાવિકાને જણાવ્યું કે પેઢી પરથી કોઈપણ ટ્રસ્ટીને તરત અત્રે મોકલવા. કહેજો કે અરજન્ટ કામ છે.

પાંચ જ મિનિટમાં ટ્રસ્ટી આવી ગયા. ગુરુણીએ સૂચના કરી દીધી તાત્કાલિક સારા ડોક્ટરને બોલાવવાના છે. બ્લડ ટેસ્ટ પણ કરાવવું જ પડશે એટલે એની વ્યવસ્થા પણ ડોક્ટરને પૂછીને જલ્દી કરવી પડશે. ધડાધડ એ બધી બાબતોનો અમલ થવા લાગ્યો.

બપોરે મને તાવને અનુકૂળ ગોચરી વપરાવી, મને ખાસ રુચિ ન હતી એટલે મેં વિશેષ કંઈ વાપર્યુ નહિ. બધા સાધ્વીજીઓ એકાસણાવાળા હોવાથી વાપરવા બેઠા, માત્ર ગુરુણી જ જલ્દી વાપરીને મારી પાસે આવીને બેઠા. હું સંથારામાં આડી પડી હતી.

''માથું દુઃખે છે ?'' ગુરુણીએ પૃચ્છા કરી.

''હા, સખત દુઃખે છે.'' મેં કહ્યું અને ગુરુણી બામ લઈ આવ્યા, મારા મસ્તકે ઘસવા લાગ્યા. આ મારા માટે અવનવું હતું. આટલા મોટા ગુરુણી મારું માથું દબાવે ? મેં ઘણી ના પાડી, પણ એમણે મારી વાત ન માની. કેવા મારા મહાન ગુરુણી !

અચાનક એ જ વખતે મને ઉલટી જેવું થવા લાગ્યું, હું તરત જ બેઠી થઈ ગઈ. ગુરુણીને ખ્યાલ આવતા જ એ પ્યાલો લેવા રીતસર દોડ્યા, જલ્દી પ્યાલો લાવીને આપ્યો તો ખરો. પણ એ પહેલા અડધી ઉલટી જમીન પર થઈ ગઈ હતી. અડધી ઉલટી પ્યાલામાં થઈ. બીજા બધા જ સાધ્વીજીઓ વાપરતા હતા... એટલે તેઓ તો આવી શકે એમ ન હતા. મને ખૂબ ચિંતા થઈ હવે આ ઉલટી... પણ મારી ચિંતા પૂરી થાય એ પહેલા તો હું આશ્ચર્યચકિત બની ગઈ. મારા ગુરુણી હાથનો ખોબો કરીને જમીન પર પડેલી ઉલટી ઉંચકી ઉંચકીને પ્યાલામાં નાંખવા લાગ્યા. એમના મોઢા પર દુગંછાનો કોઈ જ ભાવ નહિ. જબરદસ્ત પ્રસન્નતા ! પણ મારા માટે આ અસહ્ય હતું. હું રીતસર રડી પડી, જોરથી બોલી ''નહિ, નહિ ! આપ આ શું કરો છો ? આપ રહેવા દો...'' પણ ગુરુણી એટલી જ પ્રસન્નતા અને શાંતિથી કામ કરતા જ રહ્યા. ''તું સંથારી જા. તારે કશી ચિંતા નહિ કરવાની. મને શિષ્યાની સેવાનો લાભ ક્યારે મળે ? આ તો સારું થયું કે ગોચરી સમયે જ આ થયું, નહિ તો બાકીના સાધ્વીઓ મને આ સેવા કરવા જ ન દેત. મારું કેટલું પ્રચંડ પુણ્ય !''

હું એ શબ્દો આજે પણ ભૂલી શકી નથી. શું આવી ગુણવત્તા આ કાળમાં આવા ઉંચા સ્થાન પર રહેલી વ્યક્તિમાં હોઈ શકે ખરી ? એ ધારત તો શું ગોચરી વાપરનારા સાધ્વીઓને જ આ કામ ભળાવી ન શક્ત ? અપવાદ રૂપે એમને એકાસણામાં ય ઉભા કરી ન શક્ત ? રે ! હાથથી ઉલટી ઉંચકવાનું ક્યાં જરૂરી હતું ? એના ઉપર જ પુષ્કળ રાખ નાંખી દેત. પછી ભંગીને બોલાવીને સાફ કરાવી ન શક્ત ?... પણ... ખરેખર મારા ગુરુણી માટે મારે કયા શબ્દો વાપરવા ? મને સમજાતું નથી.

ગુરુણી પાણી-સાબુ-લુંછણિયું બધું લઈ આવ્યા. એ જગ્યા બરાબર સાફ કરી. જાતે ત્યાં પોતું કર્યું. પછી રાખ લાવીને પેલા પ્યાલામાં નાંખી, રાખમાં એ ઉલટી બરાબર હલાવી નાંખી, સંમૂર્છિમ ન થવા દેવા માટેની બરાબર કાળજી કરી. ઉલટી પરઠવી આવ્યા બાદ પ્યાલો બરાબર ધોઈ ચોકખો કરી પાછા મારી પાસે આવ્યા. તરપણી-પ્યાલો મારી નજીકમાં જ મૂકી દીધો. પાછા મારી પાસે બેઠા હવે કેમ લાગે છે ? ઉંઘ આવે છે ? મારા માથે હાથ મૂકીને પૂછવા લાગ્યા. એમણે જોયું કે મારી આંખમાંથી ધડ ધડ આંસુ સરી રહ્યા હતા.

''રડે છે શા માટે ? દવા લેશે, એટલે સારું થઈ જશે.'' એ બોલ્યા. તાવની ભારે અશક્તિમાં પણ મેં ખુલાસો કર્યો કે ''હું મારા દુઃખ પર નથી રડતી. પણ આપે આ જે કર્યું, એ મારાથી સહન નથી થતું. મારી ઉલટી આપે ઉંચકી ? મારી ઉલટી આપે સાફ કરી ? હાથમાં લીધી ? હું ખૂબ પાપિણી છું. મારા આવા હલકા કાર્યો ગુરુણીએ કરવા પડે...''

એમણે તરત મારા મોઢા પર હાથ મૂકી મને બોલતા અટકાવી. ''શું તું કોઈ સામાન્ય વ્યક્તિ છે ? તું જિનશાસનની ઉત્તમ સાધ્વી છે. તારી આ સેવા 'હલકું કાર્ય છે.' એવું કોણ કહી શકે ? સાધ્વીજીની આવી સેવા જેવું ઉત્કૃષ્ટ કાર્ય જિનશાસનમાં બીજું કયું હોઈ શકે ? જો હું આ ન કરું, તો હું પાપમાં પડું. તારે મને પાપ બંધાવવું છે ?...''

અમારો આ ઝઘડો (!) ચાલતો હતો, ત્યાં તો બાકીના સાધ્વીજીઓ જલ્દી જલ્દી ગોચરી વાપરીને ત્યાં આવી ગયા. હકીકતની ખબર પડતા એમણે પણ ગુરુણીને ઠપકો આપ્યો. પણ એ અમારી વાત સ્વીકારે તો ગુરુણી કેમ કહેવાય ?

ગુરુણીએ એવી વ્યવસ્થા ગોઠવેલી કે ચોવીસ કલાક મારી પાસે એકાદ સાધ્વીજી તો હોય જ. રાત્રે પણ વારાફરતી બધા સાધ્વીજીઓ જાગતા, મારી પાસે બેસતા. મારી તમામે તમામ પ્રકારની કાળજી કરતા. હું રાત્રે ગમે ત્યારે જાગું, તે વખતે માત્રુ જવું હોય, તો એ જાગનારા સાધ્વીજી જ તરત પ્યાલો આપે, માત્રુ પરઠવી આવે. હદ તો ત્યાં સુધી થઈ કે એ દિવસોમાં મારા સ્થંડિલના પ્યાલા પણ મારા વડીલ સાધ્વીજીઓએ જ પરઠવ્યા છે. મેં કહ્યું કે ''વાડામાં જ મૂકી દઈએ તો ?'' પણ એમણે મને સ્પષ્ટ ના પાડી. ''કેમ ? અમે બધા નથી ? અહીં પરઠવાની જગ્યા એકદમ અનુકૂળ છે કાંઈ જ ભય નથી. પછી અમે શા માટે લાભ ન લઈએ ?''

એ સાધ્વીજીઓ શ્રીમંત ઘરના હતા, રૂપવાન હતા, હોંશિયાર હતા... છતાં એ બધા ય વિનાની એવી મારી સેવા હોંશે-હોંશે કરતા હતા. કેમકે હું જિનશાસનની શ્રમણી હતી ને? મારી સેવાને તેઓ તીર્થંકરની સેવા ગણતા હતા. શું આ ઉલટી-સ્થંડિલ-માત્રુ પરઠવવા જેવા કાર્યો આવા સાધ્વીજીઓ કરી શકે ? પણ એ અશક્ય લાગતી વાત મારી નજર સામે મેં નિહાળી હતી. મારી સેવામાં એ બધાએ કરેલી પડાપડી મેં જોઈ હતી. ખુદ ગુરુણી રોજ મારા વસ્ત્રોનું પડિલેહણ કરવા આવતા. આઠ દસ દિવસે મને સારું થયું એ પછી પણ બે-ત્રણ દિવસ મને કોઈ જ કામ ન સોંપ્યું. મારી માંદગીના કારણે એમને નક્કી કરેલાં વિહાર-પ્રોગામ વગેરે પણ રદ કર્યા. ગુરુણીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે ''શ્રાવક-શ્રાવિકાઓ પછી ! સૌથી પહેલા સાધ્વીજી ! એમને મારે બરાબર સાચવવાના જ છે. તમે બધાએ મને શું આપ્યું ? જ્યારે આ સાધ્વીજીઓએ તો મને આખું જીવન આપી દીધું છે. એટલે એમને માટે પ્રોગામો-વિહારો રદ કરવા પડે તો મને મંજુર છે.''

મને ભણાવવામાં પણ આવી જ તકેદારી ! ગમે તે શ્રાવિકા બેઠા હોય, તોય પાઠનો સમય થાય એટલે કહી દે કે ચલો, અમારો પાઠનો ટાઈમ થઈ ગયો છે... અને એ રીતે એમને ઉભા કરી દે. ચાલુ પાઠે કોઈ મળવા આવે તો એ તરફ ધ્યાન જ ન આપે. બધું જ ધ્યાન પાઠમાં જ આપે. મળવા આવનારાઓ બીજા સાધ્વીજીને મળીને જતાં પણ રહે, તો પણ એ એની પરવા ન કરે. હા ! બહારગામથી કોઈક આવ્યું હોય, તરત નીકળી જવાનું હોય તો ક્યારેક પાઠમાં અંતરાય પડે. પણ આવું ય ભાગ્યે જ બન્યું છે.

એમનામાં લાગણીનો અને કડકાઈનો કોઈક આશ્ચર્યજનક મેળ હતો. એમના પ્રત્યે મન ખેંચાયા વિના ન રહે, તો એમનાથી મીઠો-મીઠો પણ ભય તો રહે જ. એમના ઠપકાનો ભય રહે. એ સતત મારા પર પ્રસન્ન રહે, એવી જ અપેક્ષા રહે.

આજે મારે દીક્ષા લીધાને ૯ વર્ષ પૂરા થઈ ગયા છે. રોજ એકાસણા, નિર્દોષગોચરી, બધી ક્રિયા ઉભા ઉભા... વગેરે ઢલાબંધ આચારો તો ગુરુણીની કૃપાથી મારા જીવનમાં ઉતરેલા છે જ. એ ઉપરાંત મારામાં ગુણોની ખીલવટ કરી આપીને મારા અનંતા ભવો કાપી આપવાનું એક અદ્ભુત કામ પણ એમણે કરી દીધું છે.

મારો ક્ષયોપશમ વિશિષ્ટ ન હોવા છતાં આજે હું ઘણા શાસ્ત્રો વાંચી ચૂકી છું, ભણાવી પણ શકું છું. **વિરતિદૂત**ની શાસ્ત્રપરીક્ષા યોજનાના પ્રશ્નોપત્રો પણ મેં ભર્યા છે અને ૮૫થી વધારે ગુણાંક મેળવ્યા છે. ગુરુણીએ એક મુમુક્ષુને મારી શિષ્યા બનાવી દીધી છે. એની બધી જ જવાબદારી મને સોંપી છે. એ રીતે પણ મારા પર અસીમ ઉપકાર કર્યો છે. ભવિષ્યની દષ્ટિ એમની ઘણી લાંબી છે. આજે તો અમારું ગ્રુપ ખાસ્સું મોટું થઈ ચૂક્યું છે.

અહીં મારી આત્મકથા પૂરી કરું છું.

કોઈ મને પૂછે કે "તમે તમારા અનુભવ પ્રમાણે સાધુ-સાધ્વીજીને શું ઉપદેશ આપવા માંગો છો ?" તો મારે કહેવું છે કે જેમ **ગાંધીજી**એ કહ્યું કે "મારું જીવન એ જ મારો સંદેશ છે." એમ હું પણ કહું છું કે મારી આ નાનકડી આત્મ કથા એ જ મારો ઉપદેશ છે.

શિષ્ય-શિષ્યાઓની કેવી કાળજી કરવી, કેવો નિઃસ્પૃહભાવ જાળવવો, કેટલા ઘસાઈ છૂટવું, કેવા સહનશીલ બનવું, દુઃખોના ડુંગરાઓ ખડકાઈ જાય ત્યારે પણ કેવા અડગ રહેવું, ... વગેરે વગેરે ઢલાબંધ ઉપદેશો આ આત્મકથામાંથી સૌને પ્રાપ્ત થશે જ, એવો મને વિશ્વાસ છે.

છતાં એક નાનકડો ઉપદેશ આપવાનું મન થાય છે, હું આ ઉપદેશ આપવા માટે હકદાર છું કે નહિ એ તો ખબર નથી પણ છતાં એક પવિત્ર ભાવનાથી પ્રેરાઈને જ આ નાનકડો ઉપદેશ આપીશ. ગમે તો સૌ સ્વીકારશો, ન ગમે તો...

નાનપણમાં હું જે સ્કુલમાં ભણતી, ત્યાં રોજ શરુઆતમાં પ્રાર્થનાગીત બોલવામાં આવતું. એમાં અઠવાડિયામાં ઓછામાં ઓછું એકવાર તો એ ગીત મને સાંભળવા મળતું જ. એ હતું ***"इतनी शक्ति हमे देना दाता..."*** મને એ ખૂબ ગમતુ. વારંવાર સાંભળવાથી મોઢે આવડતું અને આજે પણ આવડે છે. તે વખતે તો ઉંમર નાની હોવાથી અને જમાનાનો વિશેષ અનુભવ ન હોવાથી એનો અર્થ સામાન્યથી જ આવડતો. પણ આજે તો જ્યારે હું જાતે એ પ્રાર્થના બોલું, ત્યારે ખૂબ જ ભાવવિભોર બની જાઉં છું. એમાંય મને સૌથી વધુ ગમતા શબ્દો ***"हम न सोचे हमें क्या मिला है, हम ये सोचे किया क्या है अर्पण..."***

સમાધિભાવ મેળવવા, ટકાવવા અને વધારવા માટે અત્યંત ઉપયોગી બે ચિંતનધારાઓ અહીં દર્શાવવામાં આવી છે. (૧) આપણે કદી એ વિચારવાનું નથી કે મને શું મળ્યું ? લોકોએ મને શું આપ્યું ? (૨) આપણે માત્ર એટલું જ વિચારવાનું છે કે મેં બધાને શું આપ્યું ?

આપણે ઉંધુ કરીએ છીએ, માટે જ પુષ્કળ દુઃખી થઈએ છીએ.

આપણે વિચારીએ છીએ કે સંઘે મને શું આપ્યું ? સંઘ અમારી કાળજી કરતો નથી, સંઘ અમારી ભક્તિ કરતો નથી ? સંઘના લોકો પ્રમાદી છે... વગેરે. એટલે સંઘ પર અનાદર પ્રગટે.

આપણે વિચારીએ છીએ કે ગુરુએ મને શું આપ્યું ? ગુરુ મારી સાથે દસ-વીસ મિનિટ બેસતા નથી. ગુરુ મને ભણાવતા નથી. ગુરુ મને શિષ્ય કરી આપતા નથી. ગુરુ મારી તરફેણમાં રહેતા નથી. ગુરુ સ્વાર્થી છે... અને આપણે ગુરુને આપણા વિરોધી માની લઈ એમના પ્રત્યે અસદ્ભાવો ધારણ કરી બેસીએ છીએ.

આપણે વિચારીએ છીએ કે શિષ્યે મને શું આપ્યું ? શિષ્ય મારી સેવા બરાબર કરતો નથી, શિષ્ય મારી વાત માનતો નથી. શિષ્ય ભણતો નથી, શિષ્ય આળસુ છે. શિષ્ય સામું બોલે છે... અને આવા આવા વિચારો શિષ્ય પ્રત્યે ક્રોધ કરાવે છે, સંબંધોમાં તિરાડ પડે છે, છેવટે ગુરુ-શિષ્ય વચ્ચે તલાક શબ્દ જેવું કંઈક બને છે.

આપણે વિચારીએ છીએ કે ટ્રસ્ટીઓએ આપણને શું આપ્યું ? ટ્રસ્ટીઓ હાજરી આપતા નથી. આપણી વાત ઉડાવી દે છે. પૈસા ખરચતા નથી, આપણે કોઈક અનુષ્ઠાન કરાવવા માંગીએ તો એમાં સહાય કરવાને બદલે વાંધાઓ કાઢે છે... અને આપણી તથા ટ્રસ્ટીઓની વચ્ચે એક અદશ્ય દિવાલ ઉભી થઈ જાય છે. ચોમાસાઓ બગડે છે. આ ક્ષેત્રમાં ફરી ચોમાસું આવવું નહિ. એવું આપણે નક્કી કરીએ તો આ મહારાજને ફરી આપણે લાવવા નથી. એવું ટ્રસ્ટીઓ નક્કી કરી દે. સાધર્મિક વાત્સલ્યભાવના તૂટે, સંઘર્ષ વધે, કષાય ઘુંટાય... કદાચ સમ્યક્ત્વ પણ હણાય.

આપણે બીજા પાસે લેશપણ અપેક્ષા જ ન રાખીએ એ શ્રેષ્ઠમાર્ગ છે. પણ એ માર્ગમાં એક ડગલું ય આગળ ચાલવા માટે જાણે કે આપણે લંગડા બની ગયા છીએ.

આપણે બીજો વિચાર કરવાનો છે, પણ એ આપણે કરતા જ નથી.

મેં સંઘને શું આપ્યું ? સંઘને શાંતિ આપી ? કે મારી અપેક્ષાઓ સંતોષવા જાત જાતની રીતે સંઘની પાસે માંગણીઓ કરી કરીને એને પરેશાન કર્યો ?

મેં ગુરુને શું આપ્યું ? એમની સેવા કરી ખરી ? એમના પ્રત્યેક વચનો જિનાજ્ઞા માનીને મસ્તક નમાવીને સહર્ષ સ્વીકાર્યા ખરા ? એમની સામે કદી ઉદ્ધતાઈ, અવિનય ન આચરવાનો સંકલ્પ જીવનમાં કર્યો ખરો ? એમની ઈચ્છા માત્રને ય પૂરી કરવા સખત મહેનત કરી ખરી ?

મેં મારા શિષ્યોને શું આપ્યું ? એમના માટે ભક્તોને ગૌણ કરી પાઠ આપ્યો ખરો? એમનામાં ખોટા સંસ્કાર ઘૂસી ન જાય એ માટે મેં મારી શિથિલતાઓ ઝાટકી નાંખી ખરી ? એમની ભૂલોને ભૂલી જવા જેટલી ઉદારતા કેળવી ખરી ? સંસાર ત્યાગી આવેલા તેઓને ફરી કદી સંસાર યાદ ન આવે, માતા-પિતા યાદ ન આવે એવી વ્યવસ્થા કરી ખરી? એટલે કે એવું વાત્સલ્ય આપ્યું ખરું ? શિષ્યોને ભણાવી ગણાવીને મહાન બનાવવાનો તનતોડ પ્રયત્ન કર્યો ખરો ? મારા સ્વાર્થોનો ભોગ આપીને શિષ્યના હિતને અગત્યનું ગણ્યું ખરું ?

મેં ટ્રસ્ટીઓને શું આપ્યું ? એમને સાધુધર્મ પ્રત્યે અપૂર્વ સદ્ભાવ ઉભો થાય એવું ચારિત્ર મેં પાળ્યું ખરું ? એવો સારો સ્વભાવ મેં કેળવ્યો ખરો ? Let go કરવામાં હું Number One બન્યો ખરો ?

આપણી આ ઉંધી ગંગા જ આપણને પરેશાન કરે છે.

યાદ રાખજો બધાએ મને શું શું આપ્યું ? એની અપેક્ષા બધા પ્રત્યે ધિક્કાર-તિરસ્કાર જન્માવશે. મેં બધાને શું આપ્યું ? એવું ચિંતન ન કરવું એ આપણને આપણા ઉચિત કર્તવ્યોથી ભ્રષ્ટ કરશે.

અંતે

આ કડીઓ ઉપર મને તો વિશેષ લખતા નથી આવડ્યું, પણ વિરતિદૂતના લેખક પૂજ્યપાદશ્રી પોતાની કલમ આ વિષય પર ચલાવી અમને વધુ પ્રકાશ આપે એ જ પ્રાર્થના સાથે વિરમું છું.

જિનાજ્ઞાવિપરીત કંઈપણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં !

**લિ.**

**સંઘ-શાસનના ઋણનો ભાર કદી નહિ ઉતારી શકનાર એક સાધ્વી.**

## ૩

# ભૂલો ભલે બીજું બધું પણ...

**એક સાધ્વીજીના શબ્દોમાં**

**(નોંધ : પ્રત્યેક સંયમીએ આ લેખ અચૂક વાંચવા-વંચાવવા જેવો છે.)**

આજે સવારે ઉઠતાની સાથે જ મારા મનમાં પ્રસન્નતાનો ધોધ વહેવા માંડ્યો હતો, કારણ કે આજે મારા સંયમજીવનના ૨૬ વર્ષ પૂરા થતા હતા અને ૨૭માં વર્ષમાં મંગલપ્રવેશ થતો હતો. ઉઠતાની સાથે જ આ વાત યાદ આવતા હું પ્રફુલ્લિત બની ગઈ. સૌપ્રથમ તો બે હાથ જોડી પ્રભુ પાસે ભાવિ નિર્મળ સંયમજીવનની પ્રાર્થના કરી પ્રતિક્રમણ શરુ કર્યું. અમારે તૈયાર થઈને તરત જ વિહાર કરવાનો હતો, એક અતિ પ્રાચીન તીર્થની સ્પર્શના આવા મંગલદિવસે મને પ્રાપ્ત થવાની હતી એનો પણ મનમાં અનેરો હર્ષ ઉભરાતો હતો. વિહાર હોવા છતાં વિધિસર ભાવપૂર્વક પ્રતિક્રમણ કર્યું, દીક્ષાદિન નિમિત્તે ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું...

હું અને મારી દસે ય શિષ્યાઓ તૈયાર થઈ ગયા અને અમે વિહાર શરુ કર્યો... અમે વિહારમાં લગભગ સાથે જ રહેતા, સો-બસો ડગલા કરતા વધારે અંતર રાખતા નહિ.

મારી દસ શિષ્યાઓ ખૂબ ખાનદાન, સારા સ્વભાવવાળી, સંયમના ખપવાળી, સ્વાધ્યાયની રુચિવાળી અને એ બધા કરતા ય વિશેષ તો મારા પ્રત્યે અવર્ણનીય બહુમાનભાવવાળી હતી. તમામે તમામ શિષ્યાઓ આવી તૈયાર થઈ એમાં એમના આત્માની ઉત્તમતા તો કારણ ખરી જ, પણ એ ઉપરાંત મેં પહેલેથી જ એમને બરાબર તાલીમ આપી હતી એ પણ એક કારણ હતું. મને મારા વડીલો પાસેથી જે મળેલું, એમાં સુધારા વધારા કરી મેં એ બધું જ મારી શિષ્યાઓને આપ્યું. અપાર વાત્સલ્ય અને ક્રોધ વિનાની કડકાઈ આ બે ગુણો મેં કેળવી લીધેલા, એટલે અને કોણ જાણે પણ મારું પ્રચંડ પુણ્ય પણ ખરું કે તમામે તમામ શિષ્યાઓ મને રત્નતુલ્ય મળી.

અલબત્ત છદ્મસ્થતાના કારણે તેઓ પણ ભૂલ કરી બેસતા, ક્યારેક સામાન્ય તકરાર પણ થતી પણ આજ દિન સુધી રાત્રે સુતા પૂર્વે પરસ્પર હાર્દિક ક્ષમાપના ન થઈ હોય એવું કદી બન્યું નથી. મારે કહેવું જ ન પડે, તે શિષ્યાઓ સામેથી જ પોતાની ભૂલ કહી જાય અને એ બદલ મારી પાસે ક્ષમા માંગે, જેની સાથે તકરાર થઈ હોય એના પગમાં પડીને ક્ષમા માંગે.

આ બધો જ પ્રતાપ મારા દ્વારા રોજે રોજ અપાતી વાચનાઓનો !

વળી સ્ત્રીસુલભ ગણાતા ઈર્ષ્યા, સ્વાર્થ, તુચ્છતા વગેરે દોષોએ પણ મારા વૃંદમાં પ્રવેશ કર્યો ન હતો. સૂક્ષ્મ રીતે એ દોષો હશે ખરા, પણ પ્રગટ રૂપે તો એ નથી જ એવું હું ચોક્કસ કહી શકું.

અમે લગભગ સાથે જ એ તીર્થભૂમિમાં પહોંચ્યા.

''આજે મારે ઉપવાસ છે, એટલે મારી ગોચરી નહિ લાવવાની.'' મેં શિષ્યાઓને સુચના કરી, અને મારી પ્રથમ શિષ્યાએ લાગણીસભર આવેશમાં કહ્યું કે કેમ ? ગુરુજી ! આજે શેનો ઉપવાસ ? તબિયતના

કારણે આપે બેસણા જ કરવાના છે એવી વાત તો થઈ ગઈ છે. વધુમાં વધુ પાંચ તિથિ એકાસણું જ કરવાની છૂટ ડોક્ટરે આપી છે. આજે તો કોઈ મોટી તિથિ પણ નથી, તો એકાસણું - આંબિલ બધું કુદાવીને સીધો ઉપવાસ શેનો?''

તમામ શિષ્યાઓના મુખ ઉપર મીઠો-લાગણીસભર આવેશ જોઈ મને આનંદ થયો. ગુરુ પ્રત્યેની કેવી આંતરિક પ્રીતિ ! તે તમામ શિષ્યાઓ કાયમ એકાસણા કરનારી હતી, છતાં મને બેસણાથી વધુ પચ્ચક્ખાણ કરતા ધાક-ધમકીથી રોકનારી હતી. પણ આવી ધાક-ધમકી કોને ન ગમે ?

મેં હસતા હસતા કહ્યું, ''આજે મારા દીક્ષાજીવનનું ૨૭મું વર્ષ શરું થાય છે. મારો દીક્ષાદિવસ છે, એ નિમિત્તે ઉપવાસ કર્યો છે.''

મારા શબ્દો સાંભળતાની સાથે જ સૌના મુખ પર આનંદના-આશ્ચર્યના-ખેદના ભાવો એક્સાથે અંકિત થઈ ગયા.

''ગુરુજીનો દીક્ષાદિન છે, ૨૭ વર્ષ થયા.'' એનો આનંદ !

''અચાનક જ ખબર પડી.'' એટલે આશ્ચર્ય !

''અરેરે ! અમે ગુરુજીના દીક્ષાદિનને ય ભૂલી ગયા. અમને આનું ધ્યાન જ ન રહ્યું.'' એનો ખેદ.

એક શિષ્યા તરત બોલી ગુરુજી ! આપે અમને ગઈકાલે કહેવું તો હતું. અમને કેટલો બધો આનંદ થાત. આ તો તીર્થભૂમિમાં છીએ, કોઈક સંઘમાં હોત, તો બહેનો આગળ આપના ગુણાનુવાદ કરત. આપના દીર્ઘસંયમ માટે આંબિલો કરાવત... આપે અમારો બધો આનંદ ઝુંટવી લીધો... આપ આવું ખાનગી રાખો એ ન ચાલે. અમે શું કદી આપનાથી કંઈપણ ખાનગી રાખ્યું છે ખરું ?

આટલું બોલતા બોલતા તો એની આંખો ભીની થઈ ગઈ. એની લાગણી મને અને સૌને સ્પર્શી ગઈ. એકાદ મિનિટ મૌન રહી મેં વાત વાળી લીધી. ''મારી ભૂલ થઈ ગઈ બસ ! તું હવે જે પ્રાયશ્ચિત્ત આપશે, એ કરી લઈશ. ફરીવાર આવી ભૂલ નહિ કરું.'' એમ વાતને હાસ્ય રૂપે ફેરવી નાંખી.

''હા, હા ! આવી ભૂલનું પ્રાયશ્ચિત્ત આપે કરવું જ પડશે. આજે આપે અમને બધાને આપના જીવનના ગુણો કહેવાના. આપે શી આરાધના કરી ? કેવો સ્વાધ્યાય કર્યો? કેવી વૈયાવચ્ચ કરી ?... એ બધું જ કહેવાનું. અમે બધા તો છેલ્લા દસ-બાર વર્ષથી જ આપના શરણમાં છીએ. એટલે આપના શરુઆતના પંદર-સત્તર વર્ષનો તો અમને કોઈ વિશેષ અંદાજ નથી. હા ! ક્યારેક ક્યારેક થોડું-ઘણું સાંભળવા મળ્યું છે. પણ આજે તો આપે જ આપનો ગુણાનુવાદ કરવાનો.

'પોતાની પ્રશંસા' એ પાપ છે, એ વાત સાચી. પણ આપના ગુણોનું વર્ણન સાંભળી અમને પણ એવા ગુણવાન બનવાની અભિલાષા જાગશે. આપના છેલ્લા જે દસ-બાર વર્ષો ગુરુ તરીકેના છે, એ વર્ષો અમને એવી તાલીમ આપે છે કે ગુરુ કેવા બનવું? પણ અમારે હાલ તો શિષ્યા બનવાનું છે, એ માટે તો આપના શરુઆતના પંદર-સત્તર વર્ષ જ અમારા માટે ઉપયોગી છે. કેમકે એ વખતે આપ માત્ર ને માત્ર શિષ્યા હતા. માત્ર ને માત્ર સ્વની આરાધનામાં લીન હતા.

વળી સ્વપ્રશંસા એકાંતે પાપ નથી. આપે જ અમને **આચારાંગજી**ની વાચના આપતી વખતે જણાવેલું કે ''પ્રભુ ભવ્ય જીવોના હિત માટે દેશનામાં પોતાની આરાધનાનું વર્ણન કરે.'' તો આપે પણ અંતરથી નિર્લેપ રહી આજે અમારા હિત માટે આપનો ગુણાનુવાદ કરવાનો છે.

વળી આપે પ્રાયશ્ચિત્ત માંગ્યું છે, એટલે પ્રાયશ્ચિત્ત જે આપવામાં આવે એ સ્વીકારવું જ પડે.

મારી સૌથી હોંશિયાર ચોથા નંબરની શિષ્યાએ જોરદાર વક્તવ્ય આપી દીધું. સૌ એની વાત સાંભળી હાર્ષન્વિત બની ગયા. એની બુદ્ધિમત્તા નિહાળી મને ય વિશેષ આનંદ થયો.

મેં કહ્યું, ''તમે ધારો છો એવી કોઈ વિશેષ આરાધના મેં કરી નથી...''

વચ્ચે જ મારી વાતને અટકાવી દઈને મારી છેલ્લી શિષ્યા બોલી ઉઠી ગુરુજી ! આપ અમારી સાથે બનાવટ ન કરશો. મેં છેલ્લા ત્રણ વર્ષમાં આપના જીવનને પ્રત્યક્ષ નિહાળ્યું છે. આપનું સંયમ, આપનો સ્વાધ્યાય, આપની ક્ષમા, આપનું વાત્સલ્ય, આપની ગુરુ પ્રત્યેની લાગણી, આપનો ગુરુબહુમાનભાવ, આપની શાસનભક્તિ... અરે ! મારી પાસે એટલું બધું મોટું લિસ્ટ છે, આપના પ્રત્યક્ષ નિહાળેલા ગુણોનું ! કે એ બોલતા બોલતા હું થાકી જાઉં.

ગુરુજી ! અમે તો જોયું છે અને સાંભળ્યું પણ છે કે જેઓ સ્વતંત્ર ચોમાસા કરતા થાય, પ્રવચનો કરતા થાય, ભક્ત-ભક્તાણીઓ જેમના વધી પડે તેઓમાં ધીરે ધીરે બિલ્લી પગલે બહિર્મુખતા, શિથિલતાઓ ઘુસતી જતી હોય છે. કોઈની નિંદા કરવા માટે આ વાત નથી કરતી. પણ આપની જે વિશિષ્ટતા છે, એ તો મારે બોલવી જ જોઈએ ને ? આજે છેલ્લા પંદરેક વર્ષથી આપ સ્વતંત્ર ચોમાસા - પ્રવચનો વગેરેમાં જોડાયા છો, છતાં મેં મારી દીક્ષાના ત્રણ વર્ષ દરમ્યાન આપના જીવનમાં જે ગુણવત્તા નિહાળી છે, એ જોતા મને લાગે છે કે આપ શરુઆતના બારેક વર્ષમાં તો કેવા આત્મમસ્તીમાં ડુબેલા હશો ? કેવી ગુરુભક્તિ કરતા હશો ? કેવો સ્વાધ્યાય કરતા હશો ?

ગુરુજી ! આજે એ બધું જ આપે અમને સંભળાવવું જ પડશે.''

દસ શિષ્યાઓની અતિ જીદ જોઈ હું મીઠો મુંઝારો અનુભવવા લાગી. પણ એ જ સાથે ઉંડે ઉંડે મારું મન કોઈક પીડાનો, કોઈક અપરાધભાવનો, કોઈક ગુન્હેગાર તરીકેનો અનુભવ કરવા લાગ્યું. એ અનુભવ એકદમ આછો-પાતળો હતો, જ્યારે પેલી મીઠી મુંઝવણ અત્યંત પ્રબળ હતી. એટલે ''હું અપરાધી છું, હું ગુન્હેગાર છું.'' એવો અનુભવ દટાઈ ગયો. મેં બધાને શાંત કરતા કહ્યું, ''જુઓ, અત્યારે મને દર્શન તો કરી આવવા દો. પછી જેવી અનુકૂળતા હશે, એ પ્રમાણે જોશું.''

અને બધાને સ્વાધ્યાયાદિમાં લગાડી હું દેરાસરે પહોંચી. સામાન્ય રીતે મને દેરાસરમાં ચૈત્યવંદનાદિમાં મારી સાથે કોઈ ન હોય એ જ ફાવે છે. અલબત્ત હું કોઈ મહાન પરમાત્મભક્ત નથી કે કલાકોના કલાકો સુધી ભગવાનમાં લીન બનતી હોઉં, એટલે એવું કોઈ ન સમજી લે કે ''હું એકલી જાઉં છું, માટે ઘણી ભક્તિ કરતી હોઈશ.''

પણ મારો સ્વભાવ એવો છે કે કોઈ મારી સાથે હોય, તો તો પ્રાયઃ મને ભક્તિભાવ ન જ જાગે. હું એકલી હોઉં તો મને ભાવ જાગે. જો કે એ ય પંદર દિવસે - મહીને એકાદ વાર માંડ ! પંદર-વીસ મિનિટથી વધારે સમય દેરાસરમાં બેસવાનું મારે બનતું નથી.

શરુઆતમાં તો મારી શિષ્યાઓ મને દેરાસરે જતી જોઈને તરત જ સાથે આવવા તૈયાર થઈ જતી. ''ગુરુજીને દેરાસરે પણ એકલા ન જ જવા દેવાય. અમે શિષ્યાઓ છીએ. અમારે સાથે જવું જ જોઈએ.'' આવો ઉત્તમ કોટિનો વિનય એ શિષ્યાઓમાં સહજ રીતે જ વણાઈ ગયેલો.

પણ મેં ના પાડી, એમને ખરી હકીક્ત સમજાવી એટલે હવે તેઓ મારી સાથે આવતા નથી. પણ એટલું ચોક્કસ કે હું ઉભી થાઉં એટલે તરત જ બધી જ શિષ્યાઓ પોતાના આસન ઉપર ઉભી થઈ જ જાય. મસ્તક નમાવી જ દે, મારું વૈયાવચ્ચાદિ કામ સંભાળનાર પ્રથમ શિષ્યા મને આસનાદિ આપે અને ઉપાશ્રયના બારણા સુધી મારી સાથે આવે, એ પછી એ પાછી વળે. હું બહાર નીકળું એ બાદ બધા પાછા સ્વાધ્યાયાદિ કાર્યોમાં લાગી જાય. મારા વૃંદમાં લશ્કરી શિસ્ત મેં ઉભું કરી દીધું હતું.

**'આવસ્સહિ'** સ્પષ્ટ ઉચ્ચાર સાથે બોલીને હું ઉપાશ્રયની બહાર નીકળી. પચાસેક ડગલા ચાલી. **'નિસીહિ'** ઉચ્ચાર સાથે મેં દેરાસરમાં પ્રવેશ કર્યો. મૂળનાયક પ્રતિમા ઉપર મારી દૃષ્ટિ પડી. અહો ! કેટલા અદ્ભુત ભગવાન ! હજારો વર્ષ જૂની પ્રાચીન પ્રતિમા ! હસમુખા વિરાટ કદના પ્રભુ ! હું ભાન ભૂલી ગઈ. મારા

ભાવો ઉછળવા લાગ્યા. અનિમેષનેત્રે હું પ્રભુને જોતી જ રહી. દેરાસર અતિ વિરાટ અને લગભગ ખાલી હોવાથી આજે મને ભક્તિ કરવામાં કોઈ વિઘ્નરૂપ બને એવી શક્યતા ન હતી.

ત્રણ પ્રદક્ષિણા આપીને મેં મંદસ્વરે સ્તુતિઓ બોલવાની શરુ કરી. કોણ જાણે કેમ? પણ આજે મારા શુભભાવ આસમાનને આંબતા હતા. હું ખરેખર કહું તો દીક્ષાના ૨૭ વર્ષોમાં કદી મેં આવા ભાવોની સ્પર્શના કરી ન હતી, દીક્ષા લેતી વખતે પણ આવો વર્ણનાતીત ભાવોલ્લાસ મેં અનુભવ્યો ન હતો.

***"ક્યારે પ્રભુ ! તુમ દર્શને આંખો થકી આંસુ ઝરે..."*** એ બોલતા બોલતા તો ખરેખર આંખેથી ટપક ટપક આંસુ ટપકવા લાગ્યા.

***"ક્યારે પ્રભુ ! તુમ નામ જપતા વાણી મુજ..."*** એ બોલતા બોલતા ખરેખર હું ગદ્ગદિત બની ગઈ.

***"ક્યારે પ્રભુ ! તુમ નામ શ્રવણે દેહ..."*** એ બોલતા બોલતા આખા શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડામાં એક મીઠી ધ્રુજારી ફેલાઈ ગઈ.

મને લાગ્યું કે આજે જ મારો કાળ પાક્યો છે, આજે જ મને ભાવસમ્યક્ત્વની, ભાવવિરતિની પ્રાપ્તિ થઈ છે. આવો ભાવોલ્લાસ મને કદી થયો જ ન હતો.

પછી તો એક પછી એક સ્તુતિઓ બોલતી જ ગઈ. ન ઉભા ઉભા તન થાક્યું ! ન બોલતા બોલતા જીભ થાકી ! ન ભાવોની ભાવના ભાવતા ભાવતા મન થાક્યું.

ત્રણ દિનનો ભૂખ્યો માણસ મનગમતા મિષ્ટાન્ન પર તૂટી પડે, એમ આજે હું સ્તુતિઓ પર તૂટી પડી. રોજ ત્રણેક સ્તુતિ બોલતી, એને બદલે આજે તો કંઇ હિસાબ જ ન રહ્યો. મને લાગે છે કે ત્રીસેક સ્તુતિએ મને કંઈક સંતોષ થયો અને સ્તુતિ બોલવાની બંધ કરી મેં ચૈત્યવંદન શરુ કર્યું.

ઉપયોગપૂર્વક, સ્પષ્ટઉચ્ચારપૂર્વક સૂત્રો બોલતી ગઈ... સ્તવનો વખતે એક પછી એક એમ પાંચ ભાવવાહી સ્તવનો બોલી. ખૂબ-ખૂબ મજા આવી, આંસુઓ તો નાયગરાના ધોધની જેમ વહ્યા જ કરતા હતા. એ અટક્તા જ ન હતા, તો એ અટકે એવું હું ઈચ્છતી પણ ન હતી. આ અશ્રુ જલ તો ગંગાથી ય પવિત્ર ! એ મારા આત્માને પવિત્રતમ બનાવીને જ જંપે, પરમાત્મા બનાવીને જ જંપે એવી મારી અગાધ શ્રદ્ધા હતી અને છે. એવા એ અશ્રુજલને શા માટે અટકાવું ?

અંતે આ તમામ શુભ અનુષ્ઠાનના શિખર રૂપે **પ્રણિધાનસૂત્ર** દ્વારા પ્રભુ પાસે પ્રાર્થના કરવાની મેં શરુઆત કરી.

પ્રભુ ! તારા પ્રભાવથી મને પ્રાપ્ત થાઓ. ***ભવનિર્વેદ - માર્ગાનુસારિતા...***

એક એક શબ્દ અર્થચિંતનપૂર્વક બોલતી ગઈ. ભાવો તો આજે ઉછળતા જ હતા, એટલે એમાં તો કશી કચાશ હતી જ નહિ.

**"સુહગુરૂજોગો"** પ્રભુ ! આ ભવમાં તો સારા ગુરુ મળ્યા જ છે, પણ આવતા ભવોમાં વધુ ને વધુ સારા ગુરુ મને પ્રાપ્ત થતા જ જાઓ.

***"તવ્વયણસેવણા આભવમખંડા"*** એ પ્રાર્થનાશબ્દો પર હું અટકી. આ ચારિત્રજીવન પૂર્ણ થાય ત્યાં સુધી હું અખંડપણે એ સુગુરુની આજ્ઞા વચનોનું પાલન કરી શકું એવું હે પ્રભુ ! તારા ભાવથી મને પ્રાપ્ત થાઓ.

મારું મન વિચારોમાં અટવાયું. શું પ્રભુના ભાવથી મને આ વસ્તુ મળી છે ખરી? શું મેં અખંડપણે મારા ગુરુના વચનોનું પાલન કર્યું છે ખરું ? શું હું મારા ગુરુજીની ઈચ્છાઓને વફાદાર રહી છું ખરી ? શું મારા રોમે રોમે મારા ગુરુ પ્રત્યેનો અનહદ બહુમાન-ભાવ ઉછળે છે ખરો ?

મારા મનમાં પીડા ઉત્પન્ન થઈ. હું વ્યથિત બની ગઈ. હમણાં જ ઉપાશ્રયમાં મારી શિષ્યાઓએ મારા પુષ્કળ ગુણગાન ગાયેલા, એ વખતે અત્યંત સૂક્ષ્મ રીતે મને અપરાધભાવનો - ગુન્હેગાર તરીકેનો અનુભવ

થયો હતો... એ ત્યારે તો દબાઈ ગયેલો, પણ આ શબ્દોએ એ ભાવ ફરી પ્રગટ થયો.

શું હું અપરાધી છું ? ગુન્હેગાર છું ? ગુરુદ્રોહી છું ? શિષ્યાઓ મારા ભવ્ય ભૂતકાળની કલ્પના કરી રહી છે, પણ મારો ભૂતકાળ શું ભવ્ય છે ? કે પછી ભયાનક ? મારા ગુરુને મેં પ્રસન્નતા આપી છે ? કે પછી આઘાતો પર આઘાતો આપ્યા છે ? મારા ગુરુની સેવા મેં કરી છે ખરી ? કે પછી એમને રખડતા મુકી દીધા છે ? મારી ફરજ નિભાવવાને બદલે બીજાઓના ભરોસે ગુરુને છોડી દીધા છે ?

મારા શરુઆતના પંદર વર્ષોમાં તો એકપણ શિષ્યા ન હતી. અને શિષ્યા થયા બાદ હું પ્રાયઃ કદી મારા ગુરુજી કે ગુરુબહેનો વગેરે સાથે રહી નથી. ક્યારેક મળવાનું થયું તો ય જલ્દી છૂટી પડી ગઈ છું. મારી શિષ્યાઓને મારા ગુરુજી કે વડીલોના વધુ સંપર્કમાં આવવા દીધી જ નથી. મારી તમામ હોંશિયારી મેં આ કામમાં લગાડી દીધી હતી. એટલે મારો ભૂતકાળ મારી શિષ્યાઓ માટે તો સાવ જ અજાણ્યો છે. માટે જ તો તેઓ એ ભૂતકાળ કેવો ભવ્ય હશે એવી કલ્પના કરીને મારા પ્રત્યે સીમાતીત બહુમાનભાવ ધારણ કરે છે ને ? આજે તેઓએ મારી પાસે એ ભવ્ય ભૂતકાળ સંભળાવવાની જીદ પકડી છે. હું ઉપાશ્રયે જાઉં એટલી જ વાર ! તેઓ બધા પાછા જીદ પકડશે જ. અરે ! ભવ્ય ભૂતકાળ તેઓના હિત માટે કહેવામાં મને વાંધો ય નથી. પણ શું ખરેખર મારો ભૂતકાળ ભવ્ય છે ? જો ના ! તો શું મારે મૃષાવાદ કરવાનો ? મારે મારી પ્રશંસા સાવ ખોટી જ કરવાની ? શું એ યોગ્ય ગણાય ? શું મેં મારી શિષ્યાઓ સાથે છેતરપીંડી કરી ન ગણાય ?

અલબત્ત એ પંદર વર્ષના શિષ્યા તરીકેના મારા જીવન દરમ્યાન મેં મહાવ્રતાદિ સંબંધી કોઈ ભૂલ નથી કરી. ચોક્કસ મારો વૈરાગ્ય સારો હતો. કાયમી એકાસણા, રોજ દસ-બાર કલાકનો સ્વાધ્યાય, સંયમયોગોની ઝીણામાં ઝીણી કાળજી, પ્રભુભક્તિ, શક્ય એટલી વૈયાવચ્ચ, બ્રહ્મચર્યની નવવાડોનું બરાબર પાલન, શક્ય એટલો તપ વગેરે વગેરે ઢગલાબંધ ઘરેણાઓથી વિભૂષિત છે મારો ભૂતકાળ !

પણ એ ઘરેણાઓની કિંમતને સળગાવી નાંખનારો એક ભયંકર અપરાધ મારા જીવનમાં - મારા આત્મામાં બેઠેલો પડેલો, જેનું નામ છે સ્વચ્છંદતા - ગુરુસમર્પણનો અભાવ - ગુરુદ્રોહ - ગુરુ પ્રત્યે ઉંડે ઉંડે ઉપેક્ષાવૃત્તિ - તિરસ્કારવૃત્તિ - ગુર્વાદિ પ્રત્યે ઉદ્ધતાઈ ભરેલો વ્યવહાર !

ત્રીજા સ્ટેજના કેન્સરવાળો દર્દી શરીર ઉપર કરોડોના ઘરેણા પહેરે તો જોનારાઓ તો એને સુખી જ માનવાના. પણ એ બિચારો તો ત્રીજા સ્ટેજના કેન્સરથી પીડાતો જ હોય, ધીરે ધીરે મોતના મુખ તરફ ઘસેડાતો હોય. એ ઘરેણાઓ કરોડો રૂપિયાના હોય તો ય એને શા કામના?

બસ ! મારી હાલત આવા દર્દી જેવી જ હતી ને ? આજે પણ છે ને ? ગુરુ તરફ મેં જે જે અપરાધો સેવ્યા છે એ ભયંકર કેન્સર જેવા જ છે. હવે એ પછી મારી પાસે વિદ્વત્તા-તપ વગેરે વગેરે અઢળક આભૂષણો હોય, એનાથી હું બહાર સારી-સોહામણી દેખાતી હોઉં તો પણ ખરેખર તો મારી હાલત ભૂંડામાં ભૂંડી જ ગણાય. લોકો ભલે મને સારી સાધ્વી માને, મારી શિષ્યાઓ ભલે મને અતિ મહાન માને, પણ એ ભયંકર દોષના કારણે મારી દુર્ગતિ વધુ ને વધુ નજીક આવી રહી હોય તો બિલકુલ આશ્ચર્ય નહિ.

લોકોની, શિષ્યાઓની આંખોમાં ધૂળ નાંખવી તો સરળ છે, પણ કર્મસત્તાની આંખમાં ધૂળ નાંખશે કોણ ? શું હું એને છેતરી શકીશ ? મારા અપરાધોના ભયંકર વિપાકોમાંથી બચી શકીશ હું ?

***'તવ્વયણસેવણા'*** માં જ હું ખોવાઈ ગઈ. શોકગ્રસ્ત બની ગઈ. મારી મતિ મુંઝાઈ ગઈ. ઉપાશ્રયે જઈને શિષ્યાઓને શું જવાબ દેવો ? શું મારી ગુણાનુવાદની સભા ગોઠવવી ? કે પછી મારા દાષોનો અનુવાદ કરી દેવો ? શું મારા અપરાધો જાણ્યા બાદ તેઓનો મારા પ્રત્યેનો સદ્ભાવ ટકશે ?

અત્યાર સુધી તો મેં એમને શીખવાડ્યું છે કે ગુરુ આપણા જીવતા-જાગતા ભગવાન છે. અને ખરેખર દસેદસ શિષ્યાઓ મને ભગવાન તરીકે જ જૂએ છે, પૂજે છે, ચાહે છે. પણ મારા અપરાધો સાંભળ્યા બાદ તેઓ

મને હેવાન માનતી થઈ જશે તો ?

ના, ના. મારે મારા અપરાધો કહેવા નથી. આમ પણ શિષ્યાઓ તો અગીતાર્થ છે. મારે મારા દાષો ગીતાર્થ આચાર્યને જ કહેવાના હોય. મારી શિષ્યાઓને કહેવાની શી જરૂર ? હું બધું મારા નિશ્રાદાતા આચાર્યશ્રીને જ જણાવી દઈશ...

પણ જો શિષ્યાઓ પૂછે કે આપ આપના ગુરુજીની સેવા કેવી કરતા ? આપનો બહુમાનભાવ કેવો હતો ? આપનાથી પ્રસન્ન થયેલા ગુરુજી આપના માટે કયા શબ્દો બોલેલા ? તો મારે શું જવાબ દેવો ? જૂઠું બોલવું ? મૌન રહેવું ? પ્રશ્ન ઉડાવી દેવો ? શું આ બધું કરવું એ મહાપાપ ન કહેવાય ?

ઓ ભગવાન !

ભૂતકાળના સ્મરણથી અને એમાંથી જન્મેલી આ બધી ચિંતાઓથી જે પીડા ઉભી થઈ એ એવી અસહ્ય બની કે એક પળ તો બે હાથ વચ્ચે માથું દબાવી દઈ મારે એ પીડા શાંત રાખવા પ્રયત્ન કર્યો.

અચાનક મને ભાન થયું કે ''હું દેરાસરમાં છું. ***''તવ્વયણ''***... ના વિચારમાં અટવાઈ ગઈ અને ખાસ્સો સમય એમાં જ નીકળી ગયો.

મેં ઝડપથી શેષ વિધિ પૂર્ણ કરી.

છેલ્લે દેરાસરમાંથી નીકળતી વખતે હું ભગવાનની સામે નમી પડી. મસ્તક જમીનને અડકાડી દીધું. ધ્રુસકે ધ્રુસકે રડી પડી. કેવો મારો ભયાવહ ભૂતકાળ! મારા તરણતારણહાર ગુરુજીનો મેં કેવો દ્રોહ કર્યો ! કેવા એમને સંતાપ્યા. ઓ નાથ ! મારું પુણ્ય ફાટ્યું, ચારેબાજુ વાહ-વાહ મળી, **મહાવીર**ને **ગૌતમ** મળ્યા, એવી દસ દસ ગૌતમતુલ્ય શ્રેષ્ઠ શિષ્યાઓ મને મળી. ચક્રવર્તી કરતાં ય વધુ સુખ-સમૃદ્ધિમાં જીવવાનો લ્હાવો મને મળ્યો. એક સાધ્વી તરીકેના જીવનમાં ભગવાનની જેમ પુજાઉં છું.

હા નાથ ! આ પાપાનુબંધી પુણ્યે આજ સુધી મને અંધારામાં રાખી. મેં મારી જાતે જ ભયંકર અપરાધો કરેલા હોવા છતાં એ અપરાધોનું સ્મરણ પણ મને આટલા વર્ષોમાં એ પાપાનુબંધી પુણ્યે ન થવા દીધું, તો પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્તની તો વાત જ શી ?

પ્રભુ ! તારો ખૂબ ખૂબ આભાર ! કે ભલે આટલા વર્ષો બાદ પણ તે આજે આ મંગલદિને મારી આંખો ઉઘાડવામાં તું નિમિત્ત બન્યો. આજે મને મારી જાત અપરાધી - ગુન્હેગાર લાગે છે,... પ્રભુ ! એક જ પ્રાર્થના છે કે હવે પછી તું મારી રક્ષા કરજે. મને ખોટા રસ્તે જતા અટકાવજે. આ મારા અપરાધો શિષ્યાઓને કહી દેવા કે છુપાવવા ? એ ય મને ખબર પડતી નથી. પણ જેમાં મારું અને મારી શિષ્યાઓનું હિત હોય એવું તું મારી પાસે કરાવજે.

પ્રભુ ! હવે મારા જીવનરથનો સારથિ તું બન્યો જ છે, તો છેલ્લી ઘડી સુધી મારી રક્ષા કરજે. મને સાચા માર્ગે લઈ જજે, ખોટા રસ્તે જતી મને તું જ અટકાવજે.

પ્રભુ ! ઓ પ્રભુ ! મારી વિનંતિ માનશે ને ?''

છેલ્લી વિનંતિ કરીને પીડિત મન સાથે, ઉદાસ મુખમુદ્રા સાથે, લાલચોળ બની ગયેલી આંખો સાથે ધીમા પગલે હું ઉપાશ્રય તરફ વળી. વચ્ચે રહેલી તીર્થની પેઢીની ઘડિયાળ તરફ નજર પડી. ઓહોહો ! અગિયાર વાગી ગયા. નવ વાગે દેરાસરે ગયેલી. બે કલાક નીકળી ગયા. શિષ્યાઓ ચિંતા કરતા હશે. એમ વિચારી સહેજ ઉતાવળા પગલે ઉપાશ્રયે પહોંચી.

'નિસીહિ' શબ્દો ભીના સ્વરે બોલી અને એ સાંભળતાની સાથે જ તમામ શિષ્યાઓ ઉભી થઈ તરત દરવાજા તરફ ધસી આવી. બધાના મોઢા પર ચિંતાની રેખાઓ અંકાયેલી હતી. એમાં ય મારી ઉદાસ મુખમુદ્રા અને લાલચોળ આંખો જોઈ એમની ચિંતા વધી ગઈ. કંઈપણ બોલ્યા વિના હું મારા આસન પર બેઠી. બધા ત્યાં

જ બેસી ગયા, મોટી શિષ્યા બોલી અમે તો ચિંતામાં પડી ગયા. દેરાસરમાં આટલીવાર કેમ લાગી ? બે વાર તો જોવા આવ્યા. આપ ચૈત્યવંદનમાં જ બેઠેલા, એટલે શાંતિ થઈ. પણ આપ આટલા બધા ઉદાસ કેમ છો ? આંખો લાલચોળ કેમ છે ? અચાનક શું થઈ ગયું ? અમારી કોઈ ભૂલ થઈ છે ? અમારાથી કોઈ અવિનય થઈ ગયો છે ?

અને

અતિશય બહુમાન અને અતિશય લાગણીથી ભરેલા એ શબ્દો સાંભળીને મને મારો અપરાધ ૧૦૦૦ ગણો ખુંચવા લાગ્યો. બસ એ જ પળે દસ શિષ્યોની ગુરુણી હું, ૨૭માં વર્ષે મંગલપ્રવેશ કરનારી હું, જ્ઞાની-તપસ્વી-પ્રવચનકાર એવી હું એક બાળકની જેમ બે હાથમાં મોઢું છુપાવીને હીબકા ભરી ભરીને રડવા લાગી. મારો પશ્ચાત્તાપ આજે જ જાગ્યો, અને આજે જ આસમાનને આંબ્યો.

શિષ્યાઓ સ્તબ્ધ બની ગઈ. એમણે તો મને પાટ ઉપર ગર્જનાઓ કરતી જોઈ હતી. મને રડતી જોવી એ એમના માટે તો પરમ આશ્ચર્ય હતું. મારા આંખમાં આ રીતના આંસુ એમણે કદી જોયા ન હતા.

"શું કરવું ? ગુરુજીને શું કહેવું ? ગુરુજી શા માટે રડે છે ? એમને શું આશ્વાસન આપવું ?" વગેરે કશી જ ખબર એ બિચારી શિષ્યાઓને ન પડી.

પણ અડધી-એક મિનિટમાં જ ચોથા નંબરની હોંશિયાર શિષ્યાએ ઝડપી નિર્ણયો લેવા માંડ્યા. સૌ પ્રથમ તો ઉપાશ્રયનો દરવાજો આડો કરી દીધો. અચાનક કોઈક યાત્રિકો વગેરે આવી ચડે ને ગુરુજીને આ રીતે રડતા જૂએ તો કેટલું ખરાબ લાગે ? એ બિચારાઓ કંઈક ઉંધુ જ વિચારી બેસે ને ?" આવી ગણતરી એના મનમાં હતી.

એ પછી તરત મારી પાસે આવી અત્યંત સ્નેહથી મારો હાથ પકડી લીધો. મારા પીઠ પર બીજો હાથ પ્રસારવા લાગી.

"ગુરુજી ! આપ અત્યારે શાંત થઈ જાઓ. જે હોય એ બધી વાત પછી ! પહેલા તો આપ પચ્ચક્ખાણ પારીને પાણી વાપરી લો. આપને ઉપવાસ છે, ગરમી પણ ઘણી છે, વળી સવા અગિયાર થઈ ગયા છે. ઠંડુ પાણી વાપરશો તો સારું રહેશે. ચાલો, આજે અમારી વાત માનો. એ પછી આપ જે કહેશો એ અમે સાંભળીશું, એ અમે કરીશું."

એ હોંશિયાર શિષ્યાના મધુર અને ઉચિત વચનોએ મને ભારે શાંતિ આપી. મેં પચ્ચકખાણ પાર્યું. ઠંડુ પાણી વાપર્યું. એ પછી ફરી એ શિષ્યા બોલી.

"આપ આજે પહેલીવાર આટલું બધું રડ્યા છો. આ રૂદન પાછળ નક્કી કોઈક અકથ્ય વેદના જ ભાગ ભજવે છે. અમે એવી કોઈ ભૂલ કરી હોય અને એના લીધે આવું રૂદન આપને આવે એવું તો મને નથી જ લાગતું. કેમકે ભલભલી પરિસ્થિતિમાં ય અમે તો આપને દઢ મનોબળવાળા જોયા છે. શારીરિક કે માનસિક કોઈપણ વિપરીત પરિસ્થિતિઓને આપ ગળીને પી જાવ એવા સમર્થ છો. એ અમારો પ્રત્યક્ષ અનુભવ છે. છતાં આજે આપ આ રીતે ધ્રુસકે ધ્રુસકે રડ્યા, એની પાછળ નક્કી કોઈ ગંભીર કારણ છે.

એ કારણ જાણવાની અમારી પાત્રતા છે કે નહિ ? એ તો અમને ખબર નથી. પણ ઉત્સુક્તા તો ચોક્કસ છે. જો અમને એ કારણની ખબર પડે તો જો શક્ય હોય તો અમારી તમામ શક્તિ કામે લગાડી દઈને એ કારણને દૂર કરી દઈએ. અને એ રીતે અમારા પ્યારા ગુરુજીને ખુશ કરી દઈએ.

આપની વેદના એ અમારા સૌની વેદના !

આપ દુ:ખી તો અમે સૌ દુ:ખી જ !

પણ એ વેદના કઈ ? એ દુ:ખ ક્યું ? એ તો આપ જણાવો તો જ અમે જાણી શકીએ ને ? તો જ એ દૂર કરવાના તમામ પ્રયત્નો કરી શકીએ ને ?

એ માટેની અમારી પાત્રતા છે કે નહિ, એ નિર્ણય આપે જ કરવાનો છે.

એની સ્પષ્ટ રજુઆતથી બધી શિષ્યાઓ ખુશ થઈ.

મેં કહ્યું.

''તમારા સૌની પાત્રતા છે જ. અને આજે મારે તમને એ બધું જ કહેવું જ છે. તમારે સાંભળવું પડશે. એમાંથી તમારે ઘણું ઘણું શીખવાનું છે.

પણ એ અત્યારે નહિ. અત્યારે ગોચરીનો સમય થઈ ગયો છે. આ બધું કહેવા માટે મારે ખાસ્સો સમય જોઈશે. આજે સાંજે આમ પણ વિહાર નથી. આપણે બપોરે સાડા ત્રણ વાગે બેસીશું ત્યારે હું તમને બધી વાત કરીશ. બધા ત્યાં સુધીમાં ગોચરી-પાણી-પડિલેહણાદિ કરીને તૈયાર થઈ જાઓ.

અને ઈચ્છા ન હોવા છતાં પરાણે બધા ઉભા થઈ પોત-પોતાના કામે લાગ્યા. મુખ્ય શિષ્યાએ મને સંથારો પાથરી આપ્યો અને હું થોડોક સમય આરામ કરવા લંબાઈ.

અડધો કલાક આરામ કરી લીધા બાદ ઉઠીને જોયું તો શિષ્યાઓ ગોચરી વાપરતી હતી. મુખ્ય શિષ્યા મારા માટે જ ગોચરી વાપર્યા વિના બેસી રહેલી.

''કેમ ? તેં વાપરી લીધું ?''

''ના.''

''શા માટે ?''

''બધાને એકાસણા છે. આપ ઉઠો, અને કંઈપણ કામ આવી પડે તો ? એટલે કોઈક વાપરીને ઉઠે, પછી હું બેસીશ.''

''પણ હું કંઈ ડોસી થોડી જ થઈ ગઈ છું ? હજી તો અડધી સદી માંડ થઈ છે. બધું કામ કરવા સક્ષમ છું. મારા માટે તું ગોચરી મોડી વાપરે, એ ન ચાલે.''

''ગુરુજી ! આપની બધી વાત સાચી. પણ અમે દસ દસ શિષ્યાઓ હોઈએ અને આપે એક નાનકડું પણ કામ કરવું પડે, એ અમારા માટે તો ડુબી મરવા જેવું થાય. શું અમે એવા કૃતઘ્ન છીએ કે દસ ભેગા થઈને ય અનંત ઉપકારી ગુરુજીની તમામ સેવા ન કરી શકીએ...''

મુખ્ય શિષ્યાએ લાણીસભર ભાષામાં લાંબો ઉપદેશ આપ્યો, જે લાંબો હોવાથી મને ઓછો ગમ્યો, છતાં એની સચ્ચાઈ તો રૂંવાડે રૂંવાડે સ્પર્શી જ ગઈ. ''ક્યાં મારી શિષ્યાઓની ખાનદાની ! અને ક્યાં મારી અધમતા ! બિન ખાનદાની !'' હું ફરી વિચારોમાં અટવાઈ જ જાત, ત્યાં જ શિષ્યાએ પાણીની પાત્રી આગળ ધરી, એટલે મારું ધ્યાન એ તરફ ગયું. ઈરિયાવહિ કરી પાણી વાપરીને હું મારા શાસ્ત્રવાંચનાદિ કાર્યોમાં લાગી. પણ એમાં આજે મન ન ચોંટ્યું. આંખો એમાં અને મન ભૂતકાળમાં ફર્યા કરતું હતું. મુખ્ય શિષ્યા આજે મારા વર્તનનું બારિકાઈથી નિરીક્ષણ કરતી હતી. એને ખ્યાલ આવી ગયો કે ''હજી પણ ગુરુજી અસ્વસ્થ છે.'' એણે ધીમેથી પ્રતોના પાના ખેંચી લીધા, છતાં હું એવી તો વિચારોમાં ખુંપી ગયેલી કે મારી આંખો સામે જ પાના લેવાયા છતાં મને એની ખબર ન પડી.

''ગુરુજી ! પાછા ક્યા વિચારે ચડી ગયા ?'' કહીને એણે મને ઢંઢોળી.

''કંઈ નહિ. બસ, એમ જ ! આજે મનમાં શાંતિ નથી.'' મેં સ્પષ્ટ કહી દીધું.

''ગુરુજી ! આ વખતનું વિરતિદૂત અદ્ભુત છે. એમાં એક સાધ્વીજીનો **''મારી આત્મકથા''** એ લેખ આવ્યો છે, એ ભલભલાને રડાવી નાંખે એવો છે. ખાસ વાંચવા જેવો છે. આપને આપું ?'' એણે મારો સમય પસાર કરવા માટે નવો તુક્કો અજમાવ્યો.

મને વિરતિદૂત ગમે છે, મારી શિષ્યાઓને પણ મેં કહ્યું છે કે 'વિરતિદૂત ખાસ વાંચવું.' હું પોતે અક્ષરશઃ

બધું નથી વાંચતી, પણ ઉપર-ઉપરથી નજર કરી લઉં છું. એમાં કોઈ લેખ ગમી જાય, તો આખો ય વાંચું.

આજે આમ પણ સમય પસાર કરવા જેવી જ મારી પરિસ્થિતિ હતી, એટલે મેં કહ્યું, ''લાવ, જરાક નજર કરી લઉં.''

અને મેં એ લેખ વાંચવો શરુ કર્યો. લેખ વાંચ્યા બાદ પાછા એ જ વિચારોમાં ચડી ગઈ. ''શું એ સાધ્વીજીની દર્દભરી આત્મકથા ! શું એના અવ્વલનંબરના ગુરુણી ! શું એ ગુરુણીની ગુણવત્તા ! મારા ગુરુજી પણ ક્યાં ઓછા હતા ? પણ એની સામે હું ક્યાં ?''

ગમે તેમ કરતા સાડા ત્રણ વાગ્યા. તમામ સાધ્વીજીઓ એક મિનિટ પહેલા તો હાજર થઈ જ ગયેલા. હું શિસ્તની આગ્રહી છું. એક મિનિટ પણ કોઈ મોડું પડે તો મને ન ગમે. મારી આ કડકાઈને શિષ્યાઓ પહેલેથી સમજી જ ગયા છે અને એમણે સહર્ષ એ વાતને વધાવી પણ લીધી છે.

દસેય શિષ્યાઓ વંદન કરી, આદેશ માંગી પોત-પોતાના આસન પર બેસી ગયા.

મેં વાચના = મારી દોષાનુવાદની સભા શરુ કરી.

જુઓ સાધ્વીઓ ! તમારી સૌની ભાવના હતી કે હું આજે તમને મારા ભૂતકાળની સાધના-આરાધના જણાવું. અર્થાત્ મારા ગુણોનું વર્ણન કરું. એનાથી તમને એવો આદર્શ પ્રાપ્ત થાય કે 'અમે આવા ગુણવાન બનીએ.'

જો કે તમારી આ વાત સાચી છે. ગુણોની અનુમોદના ગુણવાન બનવાની પ્રેરણા આપે છે. પણ એ જ રીતે એ વાત પણ એટલી જ સાચી છે કે કોઈના દોષોનું વર્ણન સાંભળીને આપણને એ દોષો વિચિત્ર લાગે, એ વર્તન વિચિત્ર લાગે અને એના દ્વારા એવો આદર્શ પ્રાપ્ત થાય કે આપણે આવા દોષવાન નથી બનવું.

આજે મારે મારા ગુણોની અનુમોદના કરીને તમને એ આદર્શ નથી આપવો કે 'અમે આવા ગુણવાન બનીએ.'

પણ આજે મારે મારા દોષનો અનુવાદ કરીને તમને એ આદર્શ આપવો છે કે 'અમે આવા દોષવાન ન બનીએ.'

તમારા મનમાં મારા પ્રત્યે અનહદ બહુમાનભાવ છે, એ હું જાણું છું. મારા દોષો સાંભળીને એ બહુમાનભાવ તૂટી જવાની શક્યતા પણ છે. છતાં ય તમારા સૌની પાત્રતા ઉપર ભરોસો મૂકીને અને મારા જીવનના એ છુપાયેલા દોષને પ્રગટ કરવાની મારી ફરજ સમજીને હું તમારી સમક્ષ મારો ભૂતકાળ રજુ કરીશ.

Please ! વચ્ચે કોઈ પોતાનું ડહાપણ અજમાવતા નહિ કે ગુરુજી ! તમારે આવું ન બોલાય... આવું ન જ હોય... વગેરે. માત્ર ને માત્ર પોતાના આત્માના હિત ખાતર મારો દોષાનુવાદ તમારે સાંભળવાનો છે, આ મારી આજ્ઞા છે.

મારી પૂર્વભૂમિકા સાંભળીને દસેય શિષ્યાઓ એકદમ ગંભીર બની ગયા.

અને મેં ભૂતકાળ રૂપી ચિત્ર ઉપર વિસ્મરણ - કાળ વગેરે રૂપે પડેલી ધૂળ ખંખેરીને એ ચિત્ર પ્રગટ કરવાનું શરુ કર્યું.

➔ સામાન્યથી મેં એવું જોયું છે - સાંભળ્યું છે કે જેઓ પોતાના ગુરુની સેવા ન કરે, એમના શિષ્યો એમની સેવા ન કરે. જેઓ પોતાના ગુરુનો વિનય - સત્કાર ન કરે, એમના શિષ્યો એમનો વિનય - સત્કાર ન કરે. જેઓ પોતાના ગુરુને સમર્પિત ન રહે, એમના શિષ્યો એમને સમર્પિત ન રહે. જેઓ પોતાના ગુરુની સામે ઉદ્ધતાઈ ભરેલું વર્તન કરે, એમના શિષ્યો એમની સામે ઉદ્ધતાઈ ભરેલું વર્તન કરે.

પણ મારા જીવનમાં તદ્દન ઉંધુ જ બન્યું છે.

મેં મારા ગુરુની સેવા નથી કરી - કુસેવા કરી છે. વિનય-સત્કાર નથી કર્યા, અવિનયાદિ કર્યા છે.

ગુરુસમર્પણ નથી કેળવ્યું, સ્વતંત્રતા અને સ્વચ્છંદતા ભોગવી છે. નમ્ર નથી રહી, ઉદ્ધત - અતડી જ રહી છું.

છતાં આશ્ચર્ય છે કે મારી દસે દસ શિષ્યાઓ મને સેવાભાવી, વિનયી, સમર્પિત, નમ્ર મળી છે. એમાં તમારા સૌની ઉત્તમ કોટિની પાત્રતા અને મારા પાપાનુબંધી પુણ્યનો ભાવ આ બે કારણોએ ભાગ ભજવ્યો છે.

એ વખતે મારી ઉંમર હતી ૨૦ વર્ષની ! શ્રીમંતઘરની હું દીકરી ! ન હતી રૂપની
ખામી ! ન હતી બુદ્ધિની ખામી ! મને પહેલેથી L.L.B. (વકીલાત) કરવાનો શોખ ! એમાં બુદ્ધિના દાવ રમવાના હોય, સાવ ખોટી વાતને ય સાચી અને સાવ સાચી વાતને ય ખોટી સાબિત કરવાની હોય. કાયદાઓની આંટી ઘુંટી ઉકેલવાની હોય. શબ્દોની રમત રમવાની હોય.

આ બધું મને ગમતું, એટલે જ મેં એનો અભ્યાસ શરુ કર્યો હતો.

એ અરસામાં જ અમારા સંઘમાં મારા ભાવી ગુરુજીનું ચાતુર્માસ નક્કી થયું. આમ તો હું ધર્મ તરફ વળેલી ન હતી, છતાં રવિવારીય પ્રવચનો વગેરેની ખાસ જાહેરાતો વાંચીને અને પરિવારના આગ્રહથી હું પ્રવચનોમાં જતી થઈ. સૌપ્રથમ મેં મારા ગુરુજીને પ્રવચનની પાટ ઉપર બેઠેલા જોયા. એમના મુખ ઉપરથી જ લાગ્યું કે એમનો સ્વભાવ શાંત હશે, એ સીધા-સાદા હશે. કપટ રમવું એમના જીવનમાં અશક્ય જ હશે.

એમના પ્રવચનો મેં સાંભળ્યા, મને ગમ્યા. એમાં કોઈ આક્રમક્તા નહિ, કોઈ હાસ્ય નહિ, કોઈ કરુણારસ નહિ. તદ્દન સીધા પ્રવચનો, સાચા પદાર્થોનું સચોટ નિરૂપણ કરનારા પ્રવચનો ! આમ જોવા જઈએ તો એ પ્રવચનોમાં કોઈ આકર્ષક બાબત ન હતી, છતાં કદાચ મારા ગુરુજી સાચા હૈયાથી એ બોલતા હશે એટલે કે મારો એમની સાથેનો ઋણાનુબંધ હશે એટલે... મને અને બીજાઓને પણ એ પ્રવચનો ગમ્યા, ખૂબ ગમ્યા.

ધીમે ધીમે મારો એમની સાથેનો વ્યક્તિગત પરિચય પણ થયો અને વધતો ગયો. ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે એમની સાથે જે બીજા બે સાધ્વીજીઓ છે, એ એમના શિષ્યા છે.

મારા ગુરુજીએ મને કહેલું કે હું કદી મારા ગુરુજીથી છૂટી પડી નથી અને એવી ઈચ્છા પણ નથી. આખી જીંદગી ગુરુના ચરણોમાં રહેવાની મારી તમન્ના છે. પણ ગુરુજી એ વાત માનતા નથી. એમણે મને પ્રવચનકાર બનાવી, મારી બે શિષ્યાઓ કરી આપી, અને આ વખતે પ્રથમવાર મને અલગ ચાતુર્માસ મોકલી. મેં પગે પડીને ખૂબ વિનંતિ કરી, પણ એ ન માન્યા. છેવટે એમણે એટલી વાત કબુલ કરી કે ''તને સૌથી નજીકના ક્ષેત્રમાં જ મોકલીશ.'' અને એ પ્રમાણે અહીંથી ૪૦ કિ.મી. દૂર જ મારા ગુરુજી છે અને હું અહીં છું.

અહીં કોઈ સાધુ ભગવંતનું ચોમાસું નથી એટલે મેં ચાતુર્માસ પ્રવેશનો દિવસ મોડો જ મંગાવ્યો. છેક અષાઢ સુદમાં પહેલીવાર હું મારા ગુરુજીથી છૂટી પડી. એ વખતે હું રડી પડી હતી. એ પછી તો રોજ મારા ગુરુજી મને યાદ આવે છે. બસ, ચોમાસું પૂર્ણ થાય એટલે સૌથી પહેલા મુહૂર્તે વિહાર કરીને પહોંચી જવું છે.

મને આ બધું સાંભળી આશ્ચર્ય થયેલું. થોડુંક વિચિત્ર પણ લાગેલું કે ગુરુ પ્રત્યે આટલું બધું ગાંડપણ શું કામ ? પણ છતાં એ વખતે ગુરુજીનો લાગણીશીલ સ્વભાવ તો મને ગમી જ ગયેલો.

ચોમાસું પૂર્ણ થવા આવ્યું અને એક દિવસ એમણે જાહેરાત કરી દીધી કે ''અમારું વિહારનું મુહૂર્ત કા.વ.બીજનું આવી ગયું છે. એ જ દિવસે અમે વિહાર કરી અમારા ગુરુજી પાસે જશું...''

સંઘ અચાનકની જાહેરાતથી અવાક થઈ ગયો. બહેનો તો એમના પ્રત્યે એટલા બધા આકર્ષાયેલા હતા કે એમને જવા દેવા માટે તૈયાર જ ન હતા. તેઓએ ત્યાં ને ત્યાં સ્પષ્ટ કહી દીધું કે તમારી તાકાત હોય તો તમે જઈને બતાવજો. અમે એક - એક દાદરે આડા ઉંઘી જઈશું. પછી તમારે અમારા પગ ઉપર પગ મૂકીને જવું હોય તો જજો.

મારા ગુરુજી તો મુંઝાઈ ગયા. એમણે બધી વાત એમના ગુરુજીને જણાવી. ત્યાંથી જવાબ આવ્યો કે ''તમે કશી ચિંતા ન કરો. અમે એ બાજુ જ તરત જ વિહાર કરીને આવીએ છીએ. તમારે વિહાર કરવાનો નથી.''

ત્યારે એમને શાંતિ થઈ.

આ બધા પ્રસંગોમાં અને આખા ચોમાસામાં મેં જોયું કે મારા ગુરુજી ખરેખર એકદમ સરળ હતા. એ કોઈની પણ સાથે રમત રમી શક્તા ન હતા. ચાલાકી રમી ન શક્તા હતા. એમને બધા માણસો સારા-સાચા લાગતા. આ બધું જોઈ મને દુઃખ થતું. પણ તો ય એમના એ ભગવાન જેવા સ્વભાવને લીધે એમના તરફ મારું ખેંચાણ વધતું ગયું.

જે દિવસે એમના ગુરુણી આવવાના હતા, એ દિવસે તો એ ખૂબ ખૂબ રાજી દેખાતા હતા. જલ્દી જલ્દી તૈયાર થઈ ગયા, ગુરુજી માટે આસન તૈયાર કરી લીધું અને પોતે દાંડો લઈ ચાલવા લાગ્યા. બે શિષ્યાઓ કહે ''ગુરુજી ! હજી તો મોટા ગુરુજીને આવતા ઓછામાં ઓછો દોઢેક કલાક થશે. ઘણી બધી વાર છે.''

પણ મારા ગુરુજી કહે આજે ચાર-ચાર મહિના બાદ મને મારા ગુરુજી મળે છે એ માટે ભલે ને હું ચાર-પાંચ કિ.મી. આગળ જાઉં, એ સારું જ છે ને ? હું તો કહું, તમે પણ જલ્દી ચાલો. પણ તમે તો હજી તૈયાર જ નથી થયા. હું ક્યાં તમારી રાહ જોવા બેસું. કહીને એ ચાલવા લાગ્યા.

હું ત્યાં જ ઉભી હતી, તારે આવવું હોય તો ચલ. કહીને મારા જવાબની રાહ જોયા વિના ચાલવા જ લાગ્યા. હું પણ ઝડપથી એમની પાછળ ચાલી. પણ એ જે ઝડપે ચાલતા હતા, એ ઝડપે ચાલવું મારા માટે શક્ય ન હતું. એટલે મારે તો લગભગ દોડવું જ પડ્યું.

લગભગ ચારેક કિ.મી. અમે ચાલ્યા, ત્યાં જ સામેથી સાધ્વીવૃંદ આવતું દેખાયું અને મારા ગુરુજીએ રીતસર ઝડપ વધારી, લગભગ દોડ્યા જ સમજો ને ? અને નાનો બાળક જેમ માને વળગી પડે એમ મારા ગુરુજી એમના ગુરુજીના ચરણોમાં ઢળી પડ્યા. બે આંખો એમના અંગુઠાને લગાડવા માંડ્યા. આંખેથી આંસુની ધાર વહેવા લાગી. એક-બે મિનિટ સુધી તો મસ્તક ઉંચુ જ ન કર્યું. હું ઉભી ઉભી જોતી રહી. તમામ સાધ્વીજીઓ અને હું ગુરુ-શિષ્યાના આ અલૌકિક મિલનને આંખેથી પી રહ્યા. મોટા સાધ્વીજીએ મારા ગુરુજીની પીઠ પર હાથ પ્રસાર્યો. ઉભા કર્યા

''કેમ ? શાતામાં છે ને ?''

''હા જી !''

''જો. આ રીતે રસ્તામાં દોડાય નહિ. નીચે જીવો મરી જાય એનું શું ? ભગવાનની આજ્ઞા બરાબર પાળવાની. આવો ગાંડો ભક્તિભાવ ન ચાલે. આપણે સંસારી નથી, સાધુ છીએ.'' શાંત છતાં મક્કમ સ્વરે મોટા ગુરુજીએ પહેલે ધડાકે જ ઠપકો આપી દીધો.

હું તો જોતી જ રહી. મને આ બહુ આકરું લાગ્યું. પણ મારા ગુરુજીએ તો નમ્ર બનીને શિષ્યભાવ દેખાડ્યો. ભૂલ થઈ ગઈ, ગુરુજી ! હવે ચોક્કસ ખ્યાલ રાખીશ.

''સારું. પણ તું એકલી કેમ ? બીજા બે ક્યાં ?'' એક નવો પ્રશ્ન !

''જી ! તેઓ તૈયાર થયા ન હતા. તેઓ પાછળ આવે છે.'' ગુરુજીનો જવાબ !

''પણ તારે એમની સાથે જ આવવું જોઈએ ને ? આટલા દૂર સુધી એકલા અવાય ખરું ? કોણે તને અહીં સુધી આવવાનું કહેલું ?'' મોટા ગુરુજીનો અવાજ કડક થતો ગયો.

''જી ! એકલી નથી. આ બહેન સાથે છે.'' ગુરુજીએ મારી સામે આંગળી ચીંધી કહ્યું.

''આ છોકરી સંસારી છે ? કે સાધ્વી છે ? અને એ ય જુવાન છે. રસ્તામાં કંઈ થાય તો કોણ જવાબદાર ?'' મોટા ગુરુજીને બચાવ બિલકુલ ન ગમ્યો.

જી ! આપની વાત ખરેખર સાચી છે. મારી ભૂલ થઈ ગઈ. હવે ચોક્કસ કાળજી રાખીશ...

અને અમે બધા વિહાર કરતા કરતા ઉપાશ્રયે પહોંચ્યા.

જ્યારે મને મારા ગુરુજી એકાંતમાં મળ્યા, ત્યારે મેં એમને પૃચ્છા કરી કે આપના ગુરુજી તો કડવી વાણી બોલે છે. ચાર-ચાર મહિને આપ મળો છો, કેવા ઉમળકા સાથે આપ દોડો છો, એમાં પ્રોત્સાહન આપવાને બદલે આટલો બધો ઠપકો ! એ ય સાવ નાની વાત માટે ! એ ય તમામ સાધ્વીઓની વચમાં ! એ ય આવું અતિ-સફળ ચોમાસું કરનારા આપશ્રીને ! આપને ખોટું ન લાગ્યું ? ગુસ્સો ન આવ્યો ?

મારી વાત સાંભળીને ગુરુજી હસવા લાગ્યા. ડૉક્ટર કડવી ગોળી આપે, ઓપરેશન કરવા કાપ-કૂપ કરે, ત્યારે દર્દીએ ડૉક્ટરને ઉપકારી માનવો ? કે ખોટું લાડવાનું ? મારી ભૂલ સુધારીને મારા ગુરુજી મારા પર કેટલો બધો ઉપકાર કરે છે ! દર સો ગુરુમાં એક જ ગુરુ આવા મળે...

હું તો એમની આ સમતા જોઈને સ્તબ્ધ થઈ ગઈ.

બસ, એ જ પળે મેં નિર્ણય કર્યો કે મારે આમને જ મારા ગુરુ બનાવવા. મારે L.L.B. વગેરે બધું જ છોડી દઈને આમના ચરણોમાં મારું જીવન સમર્પિત કરી દેવું.

એ પછી દીક્ષાની રજા મેળવવા વગેરે સંબંધી જે વિધિ બધાને કરવી પડે છે. એ મેં ય કરી અને તાલીમ બાદ લગભગ ૨૨ વર્ષની ઉંમરે મેં પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. હું એમની ત્રીજી શિષ્યા બની, એ મારા ગુરુજી બન્યા.

શરુઆતના પાંચ-સાત મહીના તો ઘણા સારા ગયા. આમ પણ વિશાળ ગચ્છ સાથે રહેવાનું હતું. એટલે પરસ્પરના સ્વભાવનો અંદાજ ન આવે, પણ વળી ચોમાસું આવ્યું, અમારે ચાર જણે એક ક્ષેત્રમાં ચોમાસું જવાનું થયું. એ ક્ષેત્ર દૂર હોવાથી ના છુટકે ચૈત્રી ઓળી બાદ તરત જ મોટા ગુરુણીથી છૂટા પડવાનું થયું, અમે ચાર જણે વિહાર શરુ કર્યો. ઓછા સાધ્વી હોવાથી એક બીજાનો અંગત પરિચય વધતો ગયો અને મને મારા ગુરુજીના દોષો પણ દેખાવા લાગ્યા. ***अतिपरिचयादवज्ञा***, દૂરથી ડુંગર રળિયામણા વગેરે સૂત્રો મારા જીવનમાં પણ લાગુ પડ્યા. અને મારા જીવનના સ્વચ્છંદતા - સ્વાર્થ - ગુરુદ્રોહ - અહંકાર વગેરે વગેરે દોષો ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યા. મને અંદાજ પણ ન આવ્યો અને હું અપરાધી બનતી ચાલી.

ઉનાળાનો અસહ્ય તાપ હોવાથી અને રાત્રે શરીરનું ઘણું પાણી પરસેવા રૂપે નીકળી ગયું હોવાથી વહેલી સવારે ગળું સુકાઈ જાય એ સ્વાભાવિક છે. એમાં વળી જો અજવાળામાં વિહાર કરવામાં આવે તો તો સૂર્યની અસહ્ય ગરમીથી હેરાનતિનો પાર ન રહે. આ કારણસર મારા ગુરુજી વહેલો જ વિહાર કરતા. લગભગ પાંચ-સવા પાંચે અજવાળું થઈ જતું હોય, એટલે પોણા પાંચે ગુરુજી વિહાર કરતા. થોડા દિવસ તો આ બધું ચાલ્યું. પણ મારો દોષદર્શનનો સ્વભાવ ! અને એક દિવસ ગુરુજીને કહી દીધું કે આપણે બધા આટલો વહેલો વિહાર કરવાને બદલે મોડો કરીએ તો ? તો પડિલેહણ વગેરે પણ અજવાળામાં થાય. કમસેકમ વિહાર તો અજવાળામાં થાય જ. થોડોક તાપ સહન કરવો પડે. પણ એટલું પણ કષ્ટ ન વેઠીએ તો આપણે સાધ્વી જ શેના ?

ગુરુજી હેબતાઈ ગયા, ગભરાઈ ગયા. એમણે માંડ માંડ કહ્યું કે ‘‘અમને ત્રણ જણાને મોડા વિહારમાં ઘણી તકલીફો પડે છે. શું કરીએ ? અમારું શરીર તારા જેવું સારું નથી.’’

‘‘તો આપ ત્રણ વહેલા નીકળી જાઓ, હું પાછળથી આવું તો ચાલે કે નહિ ?’’

‘‘અરેરે ! તારાથી એકલા અવાય ? તને ખબર તો છે કે મોટા ગુરુજીએ પેલા દિવસે મને એકલા આવવા બદલ કેવો ઠપકો આપેલો. એ તો આપણે શહેરમાં હતા, તું મારી સાથે હતી તો ય મને ઠપકો આપેલો ને ? તો અહીં તો સાવ જંગલ જેવા રસ્તેથી જ પસાર થવાનું છે. તારાથી એકલા ન અવાય.’’

‘‘ગુરુજી ! આપની વાત સાચી. પણ એકલા જવું એ જેમ અસંયમ છે, એમ અંધારામાં વિહાર કરવો એ અસંયમ નથી ? ઉલટું એકલા જવામાં જે બ્રહ્મચર્ય સંબંધી જોખમ છે, એ તો અંધારામાં વધારે છે. તો આપ સૌ મારી સાથે જ વિહાર કરો ને ?’’

મારા ગુરુજી મારી સામે વધુ બોલી ન શક્યા. કારણ કે હું વકીલ હતી. નિર્ભય હતી. ગુરુજી સીધા-સાદા હતા, ભયભીત સ્વભાવવાળા હતા. એમને આઘાત તો લાગ્યો પણ એમણે સમતા રાખી.

બીજા દિવસથી બધાએ મોડો વિહાર શરુ કર્યો, પણ બે જ દિવસમાં તે ત્રણેય જણ મોડા વિહારથી થાક્યા, પરેશાન થયા. ગુરુજીએ માંડ માંડ મને કહ્યું કે ''જો ! તારા કહેવા પ્રમાણે કર્યું, પણ એમાં અમે તો ઘણા હેરાન થયા. તું મારી વાત માને તો આપણે વહેલો જ વિહાર કરીએ.''

મેં કહ્યું કે ''આપની વાત નહિ માનવાનો પ્રશ્ન જ નથી. પણ આપ બધાએ સાથે જ વિહાર કરવો એવો આગ્રહ જ શા માટે રાખો છો ? આપના ત્રણના કારણે મારે શા માટે અંધારામાં પડિલેહણ - વિહાર વગેરે દોષો સેવવા ? હું કંઈ ખોટી વસ્તુ માટે આગ્રહ કરતી હોઉં તો બરાબર.

હું L.L.B. નું ભણી હતી, એટલે દલીલોનો તો મારી પાસે ખજાનો હતો. જરાય આવેશમાં આવ્યા વગર, છતાં સ્પષ્ટ શબ્દોમાં એવી રજુઆત કરી શક્તી કે ભલભલાએ મારી વાતનો સ્વીકાર કરવો જ પડે.

મારા ગુરુજીએ બે શિષ્યાઓને વાત કરી. તેઓએ શી મસલત કરી, એ તો મને ખબર નથી, પણ એ પછી ગુરુજીએ ગોચરી માંડલીમાં જ કહ્યું કે આપણે આ વાત મોટા ગુરુજીને જ પુછાવીએ. તેઓ જે જવાબ આપે એ પ્રમાણે કરીએ તો કેમ ? બોલ, આ વાત તો બધાને મંજુર છે ને ?

અહીં મારી વકીલાત કામ ન આવી, મોટા ગુરુજીને પુછાવવામાં આવ્યું અને જવાબ આવી ગયો. બધાએ સાથે જ વિહાર કરવો અને ગુરુજી જેમ કહે તેમ જ કરવો. તમામ બાબતમાં બધી સત્તા ગુરુજીની જ સમજવી. એ જેમ કહે, એમ કરવું. એમાં લેશ પણ વિચાર ન કરવો... આ મારી આજ્ઞા છે. ફરી મને પુછાવવું જ ન પડે એનું ધ્યાન રાખવું.

આ જવાબ ગુરુજીએ અમને બધાને વંચાવ્યો. હું કંઈ ન બોલી, પણ મારું સ્વમાન ઘવાયું. ''મને મોટા ગુરુજી દ્વારા દબાવવામાં - કચડવામાં આવી છે. મોટા ગુરુજી પાસે મારા માટે ખોટી - ખોટી રજુઆત કરવામાં આવી હશે, તો જ આવો કડક જવાબ આવે. મોટા ગુરુજી પાસે મારી આખી છાપ બગાડી નાંખી મારા ગુરુજીએ !''

હું ધુંધવાઈ ગઈ. મને ગુરુજી પ્રત્યે અસદ્ભાવ જાગ્યો, અનાદર પ્રગટ્યો. સીધું તો કશું કરી શકું તેમ ન હતી, પણ મેં આડક્તરી રીતે ગુરુજીને પરેશાન કરવાના શરુ કર્યા.

બીજા જ દિવસે સવારે ગુરુજીએ મને બે-ત્રણ વાર ઉઠાડી, પણ હું જાણી જોઈને મોડી ઉઠી. એ બધા તૈયાર થઈ ગયા, ત્યારે મારું પ્રતિક્રમણ પૂર્ણ થયું. એ બધા મારું પડિલેહણાદિ કરવા લાગ્યા, મેં તરત અટકાવ્યા ''મારે બાધા છે.''

'પણ મોડું થાય છે.' ગુરુજી બોલ્યા.

'એટલા માટે બાધા થોડી જ તોડાય ?' હું બોલી.

તેઓ મારા માટે બેસી રહ્યા. બે સાધ્વીજીઓએ તો ગુરુજીને કહ્યું પણ ખરું કે ''આપણે જઈએ.'' પણ ગુરુજીએ ના પાડી.

છેવટે બધા સાથે નીકળ્યા, પણ હું બધાથી સાવ અલગ જ ચાલતી. ગુરુજીને ખ્યાલ આવી ગયો કે 'આને સખત ખોટું લાગ્યું છે' એટલે મારું મન શાંત કરવા મારી સાથે વાત કરવા પ્રયત્ન શરુ કર્યો.

''કેમ ? બરાબર ફાવે તો છે ને ?''.... હું મૌન !

''સ્વાધ્યાય બરાબર થાય છે ને ?''.... હું મૌન !

''મારી સાથે ય અબોલા લીધા છે તે ?''.... હું મૌન !

''કંઈક તો જવાબ આપ, કેમ બિલકુલ બોલતી નથી ?''.....

અને મેં કટાક્ષમાં એવો સખત ઘા કરી દીધો કે ગુરુજીના આઘાતનો પાર ન રહ્યો. મેં કહ્યું, ''ચાલુ

વિહારમાં વાત ન કરવાની મારી પ્રતિજ્ઞા છે. એટલે હું બોલતી નથી.''

મારા સાક્ષાત ગુરુને મારા આ તોછડાઈ ભરેલા શબ્દોએ કેટલો બધો આઘાત પહોંચાડ્યો હશે, એ તો માત્ર મારે કલ્પના જ કરવાની રહી. એમના ગભરાટવાળા સ્વભાવનો, એમના શાંત-સરળ સ્વભાવનો મેં આ ભયંકર દુરુપયોગ કર્યો.

બસ, પછી તો મારા અબોલા - ઉદ્ધતાઈ વધતા જ ગયા.

હું રોજ એ બધાને વંદન કરતી, પણ એકદમ રુક્ષ-શુક બનીને ! વંદન બાદ શાતામાં છો ને ? કંઈ કામકાજ ? એટલું પુછવા પણ ન રોકાતી. ગુરુજી મને પુછતા કે 'શાતા છે ને ?' પણ એ પ્રશ્નનો 'હા !' એમ એકાક્ષરી જવાબ આપીને કે ક્યારેક તો જવાબ આપ્યા વિના જ ઉભી થઈને ચાલતી પકડતી.

રાત્રે પ્રતિક્રમણ પૂરું થાય કે માત્ર બાહ્ય વ્યવહાર ખાતર ગુરુજીના પગને હાથ અડાડી, કશી જ વાતચીત કર્યા વિના હું મારા સ્થાને ચાલી જતી.

આખો દિવસ લગભગ મૌન જ રહેતી. મને જે કામ ભળાવાતું, એ ચૂપ-ચાપ કરી લેતી. ગુરુજી પાસે રોજ એક-બે કલાક પાઠ લેવાનો હતો, એ વખતે મોઢું ચડાવી રાખીને જ બેસતી. કોઈ ઉત્સાહ નહિ, ઉમંગ નહિ, એકાગ્રતા નહિ. બને ત્યાં સુધી ગુરુજી સામે જોવાનું જ ટાળતી. જેવો સમય થઈ જતો કે તરત ઘડિયાળ સામે વારંવાર જોવા લાગતી, એ દ્વારા મૌનરૂપે જ ગુરુજીને કહી દેતી કે 'હવે પાઠ બંધ કરવાનો છે.'

મને ખ્યાલ આવી જતો કે આ દરેક બાબતમાં ગુરુજી અકળાય છે, પીડાય છે. હું એમની શિષ્યા હતી, ચોવીસ કલાક સાથે હતી છતાં આ રીતે એમની સાથે દુશ્મન જેવું વર્તન કરું એ એમનાથી શી રીતે સહન થાય ? પણ મને એમાં જ રસ હતો. એમણે મને મોટા ગુરુજીના નામે દબાવ્યા, તો મારે હવે આ બધી રીતે એમને દબાવવા જ હતા.

હા ! ખરેખર કહું તો એક પરમાધામીને શોભે એવી મારી મનોવૃત્તિ હતી.

અરે, છેલ્લે મને રાજી કરવા માટે ગોચરીમાં એ મને સામેથી અનુકૂળ વસ્તુઓ આપવા લાગ્યા. પણ મેં તો એમને ત્યાં પણ પરેશાન કર્યા. ગુરુજી જે વસ્તુ આપે, એની ઘસીને ના પાડી દેતી. ''મારે આ નથી લેવું.''

''પણ આ તો તને ભાવે છે.''

''ભલે. પણ મારે નથી લેવું.''

અને મારી રીતે જ વસ્તુઓ લેતી. બીજે દિવસે એ જ વસ્તુ આવે કે જે ગઈકાલે ગુરુજીએ આપી હોય, એ સામેથી લઈ લઉં... ગુરુજી આ બધું જૂએ. ટુંકમાં ગુરુજીનું ઘોર અપમાન થાય એવી મારી વૃત્તિ હતી. એ મને પ્રતિક્રમણમાં આદેશ આપે તો ય ના પાડી દેતી, 'મારી અનુકૂળતા નથી.' એ જવાબ એટલો બધો જડ-અક્કડ હોય કે સાંભળનારા તમામ બહેનો ચોંકી જ જાય.

આવું વારંવાર બનતા ગુરુજી મારાથી રીતસર ગભરાવા લાગ્યા. કોઈની પણ હાજરીમાં મને એક પણ કામ ન સોંપતા. એમને લાગતું કે સીધી ના જ આવશે, જાહેરમાં મારું અપમાન થશે.

અરે ! ના છુટકે કોઈ કામ સોંપવું હોય તો ય ખાનગીમાં જ કહેતા અને એ ય ભારે નમ્રતા સાથે ! ''તું આ કરીશ ? તને ફાવશે ?''

મેં પૂર્વે કહ્યું એમ મારા ગુરુજીને મેં બકરી જેવા, ગાય જેવા બનાવી દીધા. એમના સારા સ્વભાવનો મેં ખરાબ ઉપયોગ કર્યો. એ મારી સાથે આત્મીયતા કરવા તલસતા, હું એ જાણતી હતી. એટલે જ એમને દુઃખી કરવા હું વધુ ને વધુ અતડી રહેતી.

મારી હજારો અધમતાઓની સામે ય એમણે મહાનતા ન ગુમાવી. માટે જ જ્યારે એમની પાસે મારો સ્વાધ્યાય અશક્ય બન્યો, ત્યારે પંડિતજી રોકીને મારો સ્વાધ્યાય કરાવ્યો. ભણી-ગણીને હોંશિયાર બનવું

એ તો મારો સ્વાર્થ હતો. એટલે એમાં મેં વિરોધ ન કર્યો. પણ એ બદલ ગુરુજીનો આભાર પણ ન માન્યો. પાઠ શરુ કરતા પૂર્વે આશીર્વાદ પણ ન લીધા. હું એમ સમજતી હતી કે ભણવા માટે બુદ્ધિની જરૂર છે, આશિષની નહિ.''

આવી ને આવી પરિસ્થિતિમાં પજુસણ નજીક આવ્યા.

ગુરુજીએ એક રાત્રે પ્રતિક્રમણ બાદ સામેથી મારી પાસે આવીને બેઠા. ન હું એ વખતે ઉભી થઈ કે ન મેં બેસવા માટે આસન આપ્યું. છતાં એ બધું અવગણીને એ જાતે મારી પાસે આસન પાથરીને બેઠા. મને હર્ષ થયો કે આખરે એમને મારી ગરજ પડી, મારે એમની નહિ.

એમણે મને કહ્યું કે ''જો. વહેલો વિહાર કરવાના પ્રસંગ નિમિત્તે જે કંઈ બન્યું, ત્યારથી માંડીને આજે બે માસ થઈ ગયા. તેં લગભગ અબોલા લઈ લીધા છે. પણ આ તારા માટે યોગ્ય નથી. મેં ત્યારે જે કંઈપણ નિર્ણય લીધેલો, એ આપણા સૌના હિત માટે લીધેલો, અને એ નિર્ણય પણ છેલ્લે તો મોટા ગુરુજીએ જ લીધો છે. શું એ પણ તને માન્ય નથી ?''

અને આજ સુધી મારા મનમાં ધરબાઈ રહેલી આગ મેં પ્રગટ કરી નાંખી. ''મને એનો જ વાંધો છે. આટલી નાનકડી બાબત માટે છેક મોટા ગુરુજી સુધી જવાની શી જરૂર હતી ? એમણે જે જવાબ આપ્યો છે, એનાથી સ્પષ્ટ લાગે છે કે આપે એમની પાસે મને જીદ્દી-ઉદ્ધત તરીકે જ ચીતરી હશે. આ રીતે આપે આપની ખુદની શિષ્યાને મોટા ગુરુજીની નજરમાં સાવ નીચી ઉતારી નાંખી, આખી જીંદગી માટે મારી ખરાબ છાપ આપે ઉભી કરી.''

ગુરુજીને ખ્યાલ આવી ગયો કે 'મને શું દુઃખે છે ?' જો કે એ ધારત તો એના ય ઘણા જવાબ આપી શક્ત. એ ચોક્કસ કહી શક્ત કે ''તું ન જ માને, તો મારે શું કરવું ? ઘણી સમજાવટ બાદ પણ તેં જીદ પકડી રાખી, ત્યારે જ મારે મોટા ગુરુજીને જણાવવું પડ્યું. અને એ જણાવતા પૂર્વે પણ તને તો પૂછી જ લીધેલું ને ?''

પણ કદાચ મારા ગુરુજી સમજી ગયેલા કે જ્યારે પરસ્પર મન તૂટી ગયા હોય, ત્યારે ખુલાસાઓ - દલીલો - બચાવો એ બધું જ સંકલેશ વધારવાનું કામ કરે છે, ઘટાડવાનું નહિ. બંને પક્ષ પોતાની જાતને નિર્દોષ અને સામેના પક્ષને દોષિત સાબિત કરવાનો પ્રયત્ન કરે. આમાં સંકલેશની આગ ઓલવાય નહિ, પણ વધુ ભડકે બળે.

એ બોલી ઉઠ્યા. જો. તારી વાત સાચી છે. મેં ગંભીર ભૂલ કરી છે. પહેલા જ વર્ષે મેં તને દુઃખી કરી નાંખી. હું તને સાચવી ન શકી. આ મારો અપરાધ છે.

પણ આખરે હું ય છદ્મસ્થ છું. અજ્ઞાની અને બિન-અનુભવી છું. જો **ગૌતમ મહારાજા** જેવાની ભૂલ થાય તો મારી જેવી વ્યક્તિ ભૂલ કરે એમાં કોઈ આશ્ચર્ય નથી. ફરી આવી ભૂલ ન થાય એની પાકી કાળજી રાખીશ.''

એટલું ગુરુજી બોલ્યા અને અચાનક એમણે મસ્તક નમાવીને મારા પગે લગાડ્યું, આની તો મને કલ્પના પણ ન હતી. ''ગુરુજી ! રહેવા દો, રહેવા દો. આ શું કરો છો ?'' મેં એમના મસ્તકને પકડી લીધું, પણ એ ગળગળા થઈને બોલ્યા ''જો હું પજુસણ પહેલા હાર્દિક ક્ષમાપના ન કરું, તો મારી સાધુતા નંદવાય, મારો સંસાર વધી જાય. મારે તારી સાથે **કમઠ-મરુભૂતિ** જેવો કે **ગુણસેન-અગ્નિશર્મા** જેવો કોઈપણ પ્રકારનો વૈરાનુબંધ ચાલવા દેવો નથી.

Please ! એક વખત તું મને માફી આપી દે. તું બધું ભૂલી જા. તું પણ કષાયભાવ છોડી દે, કેમકે એ કષાયભાવમાં તને ય શું લાભ થશે ?''

હું પીગળી, ખરેખર એમની નમ્રતાએ, નિખાલસતાએ મારા એમના પ્રત્યેના અતડાપણાને - વૈરભાવને ઓગાળી નાંખ્યો. વળી આમાં મારો અહંકાર તો લેશપણ ઘવાતો ન હતો, ઉલટું એને તો પોષણ જ મળતું હતું.

છેવટે મેં ય મારા ગુરુજીના પગે પડીને માફી માંગી, ચોક્કસ એ ક્ષમાપના હૃદયથી માંગેલી, પણ એ તીવ્ર ન હતી. અહંકારના વિનાશપૂર્વકની ન હતી. મારો વકીલાતનો સ્વભાવ તો અકબંધ જ હતો. સૌથી અગત્યની વાત એ કે મને મારી એવી કોઈ ભૂલ જ દેખાતી ન હતી.

આ રીતે મારા અને ગુરુજી વચ્ચે સમાધાન થયું ખરું, પણ આ એક સાંધો હતો. અખંડ લાગણી ન હતી. અને સાંધાઓને તૂટતા લગભગ વાર લાગતી નથી. કદાચ એ તૂટે નહિ, તો પણ આખરે સાંધો સાંધો તો રહે જ છે. ગુરુજીએ બધું જ છોડી દેવાની તૈયારી ભલે રાખી, પણ મેં એવી તૈયારી ન રાખી.

પજુસણના બે દિન પૂર્વે જ મેં ગુરુજીને કહ્યું કે ''મારે અટ્ઠાઈ કરવી છે.''

''પજુસણમાં મારે ઘણો પરિશ્રમ પડવાનો. એક સાધ્વીજી મને પ્રવચનમાં સહાય કરશે, એટલે તું જો અટ્ઠાઈ કરે તો બાકીના એક જ ઉપર બધો બોજો આવે. એમાં વળી તારી સેવા પણ કરવી પડે. એના બદલે તું પજુસણ બાદ કરજે.''

''આપ મારી ચિંતા ન કરો. મારું તમામ કામ હું જાતે જ કરી લઈશ. મારા એક નાનકડા કામનો પણ બોજો આપના કોઈના પર નહિ આવવા દઉં.''

અને ગુરુજીએ મને અટકાવી નહિ, ચૂપ થઈ ગયા.

પજુસણ બાદ એકવાર પ્રથમ બે શિષ્યાઓએ ગુરુજી આગળ મારી ફરિયાદ કરી કે ''એ માંડલીના કામોમાં આળસુ છે, ના પાડી દે છે. એકાદ નાનું કામ કરી લે છે અને કહે છે કે બસ, મારું કામ પતી ગયું. અત્યારે માત્ર સાંજનું પાણી કાઢવા સિવાય એકેય કામ કરતા નથી. હવે બે ટાઈમની ગોચરી, બે ટાઈમનું પાણી, કાજો-લુણા વગેરે વગેરે કામો તો અમારે જ કરવાના આવે છે. અમે શી રીતે પહોંચી વળીએ. વળી એમની ફરજ છે કે પરસ્પર સહાય કરવી.''

આ ફરિયાદની મને તો શી રીતે ખબર પડે ? પણ ગુરુજીએ જ્યારે મને આ વાત કરી અને ઉપદેશ આપ્યો કે ''આ સારું નહિ. સહાય કરે એ સાધુ... તું બીજાને સહાય કરીશ, તો જ વધુ ને વધુ પ્રિય બનીશ.''

મને પેલા બે સાધ્વી ઉપર ગુસ્સો આવ્યો. એ કોણ મારી ફરિયાદ કરનાર ? મેં ગુરુજીને કહ્યું, ''એ બે તો કંઈ ભણતા જ નથી. મારે પુષ્કળ ભણવાનું હોય છે. એનો બોજો કેટલો હોય છે ? એ એમને શું ખબર પડે ? આજે જેમ આપ સંઘના કામ કરો છો, તો આપ માંડલીનું એકેય કામ નથી જ કરતા ને ? તો હું પણ ભવિષ્યમાં સંઘ-શાસનને માટે જ સખત અભ્યાસ કરું છું. તે બે જો મને સહાયક બને, તો એમને જ મોટો લાભ થશે. સંઘ કે શાસન માટે તે બે કશું કરી શક્યા નથી એ તો આપ પણ જાણો જ છો...''

મારા ગુરુજી ચૂપ ! સારું. તારી અનુકૂળતા પ્રમાણે કરજે. કહીને વાત પતાવી દીધી.

પ્રથમ પ્રસંગ બાદ ગુરુજી કાયમ માટે દબાયેલા જ રહેતા. એ વખતે હું મારામાં જ મસ્ત હતી. પણ આજે ખ્યાલ આવે છે કે મેં મારી કર્કશ ભાષા દ્વારા ગુરુને કેટલો બધો અને કેટલી બધી વાર આઘાત પહોંચાડ્યો હશે. એક ગુરુને શિષ્યના ગુલામ બનીને, શિષ્યથી ગભરાઈને જીવવું પડે એના જેવી શિષ્યની અધમાધમતા કઈ ? પણ મને એવી કોઈ સદ્‌બુદ્ધિ ત્યારે ન સુઝી.

બીજા દિવસથી મેં જોયું કે ખુદ મારા ગુરુજી જ એક-બે માંડલીના કામ પોતાની મેળે કરવા લાગ્યા. પણ મેં દાદ ન આપી. ઉલટું હું તો એમ જ માનતી કે ગુરુજીએ પણ માંડલીના કામ કરવા જોઈએ કેમકે

(A) જો ગુરુજી બિલકુલ કામ નહિ કરે, તો બેઠાડું જીવનથી એમનું શરીર બગડશે.

(B) સહાય કરવી એ સાધુની ફરજ છે. ગુરુજી પણ એક સાધુ (સાધ્વી) છે. એ કેમ સહાય ન કરે ?

(C) મોટા ગુરુજી એ જ સાચા ગુરુજી છે. નાના નાના ગુરુજી તો માત્ર સંઘાટક છે.

(D) પોતાની શિષ્યાઓ પર બધો બોજો મુકી દેવો અને પોતે શેઠાઈથી રહેવું એ ગુરુને ન શોભે.

વકીલાતથી ઘડાયેલી બુદ્ધિમાંથી આવા તો ઘણા બધા કારણો મેં શોધી કાઢેલા. એ સાચા કે ખોટા એ તો ભગવાન જાણે, પણ આ બધા પાછળ મારો આળસુ સ્વભાવ, સ્વાર્થી સ્વભાવ... એ બધું તો ખોટું જ હતું એ આજે મને સમજાય છે.

જો કે પેલી બે શિષ્યાઓએ જીદ કરીને ગુરુજીને કામ કરતા અટકાવ્યા, મેં બધું જોયું, પણ હું એ બધાથી સાવ નિર્લેપ જ રહી. અંતે એ બે જણે વધુ કામ સ્વીકારી લીધું, પણ હું મારા નિર્ણયમાં મક્કમ રહી.

ચોમાસું આ જ રીતે અનેક વિચિત્ર પ્રસંગો સાથે પૂર્ણ થયું.

તરત જ વિહાર કરીને અમે મોટા ગુરુજી પાસે પહોંચવા નીકળી ગયા. આશરે એકાદ માસ બાદ અમે ગચ્છ સાથે ભેગા થઈ ગયા. અને શિષ્યાઓ ! તમે નહિ માનો, પણ મેં એક ભયાનક સ્ત્રી ચરિત્ર ભજવી નાંખ્યું. મોટા ગુરુજીને જો હું ખુશ કરી દઉં તો મારું બધું જ કામ પતી જાય. મારી ખોટી છાપ ભુંસાઈ જાય, હવે મારે મારા ગુરુજી પાસે રહેવું જ ન પડે...

આ બધા વિચારો મારા કમ્પ્યુટર જેવા મગજમાં ધડાધડ આવી ગયા અને ફટાફટ મારા મનમાં યોજના પણ બની ગઈ અને એનો અમલ પણ શરુ કરી દીધો.

હું મોટા ગુરુજીની સેવામાં લાગી ગઈ. એમની નજીક બેસું. એમના સ્થંડિલ-માત્રુ પરઠવી આવું. એમની ઉપધિ-પુસ્તકાદિ બરાબર ગોઠવી રાખું. એમને સ્વાધ્યાય ખૂબ ગમે અને મનેય ભણવાનો રસ તો હતો જ એટલે એમની સતત નજર પડે એ રીતે ભણ્યા જ કરું, એમના વસ્ત્રોનો કાપ જલ્દી જલ્દી કાઢવા લઈ લઉં, શાસ્ત્રો અંગેના પ્રશ્નો પુછવાના બહાને વારંવાર એમની પાસે જાઉં, એ રીતે એમની સાથે વધુ ને વધુ સંપર્ક થતો જ ગયો. મોટા ગુરુજી મારી વાક્છટા વગેરેથી ભારે અંજાઈ ગયા. આમ પણ ***"विद्वान् सर्वत्र पूज्यते"*** એ કહેવત છે. હું અત્યંત હોંશિયાર તો હતી જ, એટલે એમને ખૂબ ગમી જાઉં એમાં કોઈ આશ્ચર્ય ન હતું. મારી બુદ્ધિના ચમકારા એમને પણ ઉપયોગી થવા લાગ્યા.

ધીમે ધીમે હું મોટા ગુરુજીને અતિપ્રિય બની ગઈ.

એક દિવસ

વાત-વાતમાં મેં મોટા ગુરુજીને કહ્યું કે "ગયા ચોમાસામાં મેં બધો અભ્યાસ પંડિતજી પાસે કર્યો."

"કેમ ? તારા ગુરુજી એ સામાન્ય વિષયો તો ભણાવી શકે છે. પંડિતજી પાસે કેમ ?"

"ખબર નહિ ? પણ એમને અનુકૂળતા નહિ હોય..."

મેં ઝેરી બીજ વાવી દીધું.

મોટા ગુરુજીએ બીજા દિવસે મારા ગુરુજીને બોલાવ્યા.

"તેં ચોમાસામાં તારી શિષ્યાનો અભ્યાસ પંડિતજી પાસે કરાવેલો ?"

"હા જી !"

"કેમ ? તું ભણાવી શકે એમ ન હતી ?"

"એને મારી પાસે ભણવાનો રસ ઓછો હતો."

"એવું કેમ બને ? શું તારે એની સાથે નથી બનતું ?"

"બને તો છે, પણ ઓછું."

મોટા ગુરુજીએ એ પછી વાત લંબાવી નહિ. એમણે ખાનગીમાં મને આ બધી વાત કરી સત્ય હકીકત પૂછી. અને મેં ? મેં પાપિણીએ મારા પરમ ઉપકારી ગુરુજીની ઘોર નિંદા કરી.

"ગુરુજીને પહેલી બે શિષ્યાઓ પર વધુ લાડ છે. કેમકે, તેઓ એમની સેવા ખૂબ કરે છે. હું ભણવામાં ધ્યાન આપતી હોવાથી ગુરુજીની સેવા ઓછી કરું છું. એટલે એમને પહેલેથી મારા તરફ અણગમો છે. એ મને

વારંવાર ટોક્યા કરે છે ''ભણવાનું તો આખી જીંદગી છે. ગુરુ કંઈ આખી જીંદગી નથી મળવાના... એમની વધુ ને વધુ સેવા કરી લો.''

મેં કહ્યું કે ''હું સેવા તો કરું જ છું. પણ મારા માથે ભણવાનો પણ બોજો છે. એટલે બે શિષ્યાઓ જેવી સેવા નથી કરી શક્તી.''

એમણે મને જવાબ ન આપ્યો, પણ એ પછી એ મારાથી અતડા જ રહે છે. મારી સાથે વધુ બોલતા પણ નથી. એટલે જ મને પાઠ આપવાનો બંધ કરી દીધો. આ તો મેં વારંવાર પાઠ માટે કહ્યું, ત્યારે મને અનુકૂળતા નથી. એમ કહી વાત ઉડાવી દીધી. ત્યારે મેં ના છુટકે મારી જાતે પંડિતજીની તપાસ કરીને ગુરુજીને વાત કરી. એ ના ન પાડી શક્યા, કદાચ આપનો ભય નડ્યો હોય. અને એ રીતે મારો અભ્યાસ પંડિતજી પાસે થયો.

મોટા ગુરુજી સાંભળી રહ્યા. એમના હાવભાવ ઉપરથી મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો કે 'એમને મારી વાતમાં શ્રદ્ધા બેઠી છે.' એટલે મેં વાત આગળ ચલાવી.

વળી, ગુરુજી પાસે આખો દિવસ બહેનોની અવરજવર ચાલુ જ હોય. ઉપાશ્રયમાં એટલો બધો અવાજ ચાલ્યા કરે કે સ્વાધ્યાયમાં મન જ ન ચોંટે. હું દૂર કે અલગ જગ્યાએ બેસું તો ના પાડે કે 'એકલા બેસવાનું નહિ.'

આવા ઘણા કારણોસર મારો સ્વાધ્યાય ઓછો થયો. અહીં આપની પાસે જે રીતે સ્વાધ્યાય-સંયમની કાળજી થાય છે, એવી બીજે ક્યાંય નથી થતી. હવે તો બસ, આપને છોડીને મારે બીજે ક્યાંય જવું નથી. આપ કૃપા કરી મને આપની સાથે જ રાખશો.

મારા પાસા પોબાર પડી ગયા. મોટા ગુરુજી મારા ઉપર વરસી પડ્યા. એમણે મનથી નિર્ણય લઈ લીધો કે 'આને મારી સાથે જ રાખવી.'

બસ, એ પછી તો હું કાયમ માટે મોટા ગુરુજી પાસે જ રહી. બીજું ચોમાસું આવ્યું, ત્યારે મોટા ગુરુજીએ જ મારા ગુરુજીને કહી દીધું કે તારી આ શિષ્યાને મારી પાસે રાખું છું. મારે એની જરુર છે. અહીં એના સ્વાધ્યાયાદિ પણ સારા થશે. તમે ત્રણ તો છો જ, એટલે વાંધો નહિ આવે.

મારા ગુરુજી બધું પામી તો ગયા જ હશે, પણ એમની એક ખાનદાની હતી. એ મારા દોષો કહેવા તૈયાર ન હતા. જો કે એ વખતે એમનું પુણ્ય પણ ન હતું અને કહેવાની આવડત પણ ન હતી. એટલે એમણે તો એ વાત સ્વીકારી લીધી.

વર્ષો પર વર્ષો વીતતા ગયા. શેષકાળમાં ગુરુજી ભેગા થતા. પણ અમારો સંબંધ માત્ર વંદન પુરતો ! હું એમની પાસે એક મિનિટ પણ બેસતી નહિ, કોઈ વાત કરતી નહિ. એ ઘણીવાર મારી સાથે વાતો કરવા તડપતા. આખરે તો એ મારા ગુરુ હતા. મારા પ્રત્યે મમતા એમને કેમ ન હોય ? પણ હું એમને દાદ આપતી જ નહિ. જો ભૂલેચૂકે અમારો સંબંધ વધે, તો મારે ફરી એમની પાસે જવું પડે. એમની પાસે મને શું મળવાનું ? જ્યારે મોટા ગુરુજી પાસે તો મને ભૌતિક લાભો ય ચિક્કાર મળતા હતા અને મળવાના હતા. હું કંઈ મૂર્ખી ન હતી. મોટા ગુરુજી પુણ્યશાળી - આદેય હતા. એટલે એમની પાસે કેટલાય મુમુક્ષુઓ આવતા. હું મોટા ગુરુજીનો જમણો હાથ બની ગયેલી, ચિક્કાર ભણતી પણ હતી. સંયમ ઉંચુ પાળતી હતી. મોટા ગુરુજીનો મારા પરનો વિશ્વાસ અગાધ હતો. અને એ વિશ્વાસને મેં કદી તુટવા દીધો ન હતો. કેમકે એમાં મારો સ્વાર્થ સધાતો હતો. આ બધાના કારણે મોટા ગુરુજી મુમુક્ષુઓ મને સોંપતા. એ રીતે મારો મુમુક્ષુ પરિચય વધતો ગયો. મુમુક્ષુઓ પણ જોતા કે મોટા ગુરુજીના મારા પર ચાર હાથ હતા. એટલે સ્વાભાવિક રીતે જ તેઓ મારા પર અતિશય બહુમાનભાવવાળા બનતા.

મને આમાં મોટો લાભ દેખાતો હતો. આ મુમુક્ષુઓમાંથી જ મારી શિષ્યાઓ બનવાની, એ રીતે મારું સ્વતંત્ર સામ્રાજ્ય ઉભું થવાનું. બસ, પછી મારે ગુરુજીની જરુર પડવાની જ નહિ. મોટા ગુરુજી પાસે તો હું

સર્વેસર્વા બનવા જ લાગી હતી અને આમેય એમની ઉંમર પાકટ હતી. એટલે એ દસ-બાર વર્ષથી વધુ ખેંચે એમ પણ ન હતા.

બસ આ જ અરસામાં એક મુમુક્ષુ મારા અંત પરિચયથી મારી શિષ્યા થવા તૈયાર થઈ. મેં કહ્યું કે ''તારે મોટા ગુરુજીને વાત કરવી કે મારે આમના શિષ્યા થવું છે.''

એ બિચારી ભોળી મુમુક્ષુ છોકરીએ મારા ચડાવ્યા પ્રમાણે મોટા ગુરુજીને વાત કરી. એમણે મને બોલાવીને કહ્યું કે ''આ તારી શિષ્યા થવા માંગે છે, બોલ મંજૂર છે ?''

''મારે તો આપની આજ્ઞા જ મુખ્ય છે. આપ જે કહો એ પ્રમાણ ! એ ગમે તેની શિષ્યા થાય, મારે શું લેવા દેવા ?''

અંતે જે મેં ધારેલું, એ જ થયું. એની દીક્ષા મારી શિષ્યા તરીકે ની થઈ.

અચાનક એક દિવસ એ મુમુક્ષુએ ખાનગીમાં મને પૃચ્છા કરી કે ગુરુજી ! આપ આપના ગુરુજી સાથે કદી રહેતા નથી. કાયમ મોટા ગુરુજી સાથે રહો છો. તો શું આપને આપના ગુરુજી સાથે અણબનાવ છે ?

હું ચોંકી. ગમે તે રીતે મુમુક્ષુના મનમાં શંકાનો કીડો ઉત્પન્ન થઈ ચૂક્યો હતો. કોઈકે એના કાન ભંભેર્યા હતા. આ શંકા કાયમ માટે દફનાવી દેવાની મને જરુર લાગી.

મેં કહ્યું.

તારી વાત સાચી છે. પણ અમારા વચ્ચે જે અણબનાવ છે, એમાં કોનો દોષ છે? એ તને ખબર છે ? મારે ગુરુના દોષ ન ગાવા જોઈએ. પણ આજે સત્ય વાત જણાવ્યા વિના છુટકો નથી. જો દોષ મારો હોત, તો મોટા ગુરુજી મને આટલો બધો આદર આપે ખરા ? એ મને એમના જમણા હાથ તરીકેની પદવી આપે ખરા ? તારી જેવી મુમુક્ષુ મને શિષ્યા તરીકે સોંપે ખરા ?

આ બધું જ જો તું વિચારશે તો તને જવાબ મળી જ જશે કે દોષ કોનો હશે ?

મારા ગુરુજીનો સ્વભાવ કેવો વિચિત્ર છે ? એ તો એમની સાથે રહે એને ખબર પડે. અરે ! સ્વભાવ વિચિત્ર હોય, તો પણ ચાલે. પણ સંયમ-સ્વાધ્યાય તો સારા હોવા જોઈએ ને ? હું એમની સાથે એક ચોમાસું રહી છું. મેં નજરોનજર જોયું છે. સંઘના કામને બહાને ટ્રસ્ટીઓ વગેરે પુરુષો સાથે રોજેરોજનો પરિચય ! અરે, હું એમની શિષ્યા, ભણવામાં હોંશિયાર, મારું પહેલું વર્ષ... છતાં એમણે પંડિત રાખ્યા, પોતે જાતે મને અભ્યાસ ન કરાવ્યો. એટલો સમય પણ એ કાઢી ન શક્યા.

આ જ કારણસર મોટા ગુરુજીએ બીજા વર્ષથી મને એમનાથી અલગ પાડી દીધી, મને બચાવી લીધી.

તને તો મારી સાથે ઘણા વખતનો પરિચય છે. શું મેં ક્યારેય પણ તારી આગળ મારા ગુરુજી માટે અપશબ્દો ઉચ્ચાર્યા છે ? એમના માટે ખરાબ વેણ ઉચ્ચાર્યા છે ? નહિ જ. હું સમજું છું કે મારા જ એવા પાપકર્મો, કે જેના કારણે મને એવા ગુરુ મળ્યા. એમનો બિચારાનો શું દોષ ?''

આટલું બોલતા બોલતા તો હું ગળગળી થઈ ગઈ. આ બધું નાટક ભજવવું મારા માટે ડાબા હાથનો ખેલ હતો.

મેં આગળ કહ્યું, ''છતાં તારે હજી પણ ગુરુ બદલવા હોય તો તું બદલી શકે છે. હું કદી તને રોકીશ નહિ. તારું કલ્યાણ થાઓ, એ જ એકમાત્ર મારી ભાવના છે.''

મારી ભાવધારામાં એ મુમુક્ષુ બરાબર તણાઈ ગઈ. ''ગુરુજી ! ક્ષમા કરજો મને ! મેં તો માત્ર કુતુહલથી જ આ પ્રશ્ન કરેલો. બાકી આપ નક્કી માનજો કે મારા સાડા ત્રણ કરોડ રૂંવાડે ગુરુ તરીકે માત્ર ને માત્ર આપ જ વસેલા છો.''

તો સાંભળી લે. મારો વિકાસ જોઈને મારી ઈર્ષ્યા કરનારા ઘણા હશે. કોઈ તારી આગળ ગમે તે વાત કરી

જાય એ શક્ય છે. તું જો જરાપણ ઢીલી પડીશ, તો તારું મન ચંચળ બની જશે. હું તો કહું તારે કોઈની વાત સાંભળવી જ નહિ. કોઈની પાસે જવું નહિ. હું અને મોટા ગુરુણી બે તો તારી સાથે છીએ જ, પછી તારે બીજાની શી જરૂર ?''

અને મેં મારી પ્રથમ શિષ્યા થનારને બરાબર માત્ર ને માત્ર મારી (!) બનાવી દીધી.

એ બીજું કોઈ નહિ, આ જ મારી તમામ સેવા કરનારી પ્રથમ શિષ્યા !

એમ કહીને મેં મારી પ્રથમ શિષ્યા તરફ દષ્ટિપાત કર્યો. મારી દસેય શિષ્યાઓ મારા આ ભયાનક ભૂતકાળને સાંભળી રહી હતી. સૌના હૈયા ભીના બની ગયા હતા. સૌની આંખો ભીની બની ગઈ હતી.

''પાણી આપ તો.'' વચ્ચે તરસ લાગવાથી મેં પાણી માંગ્યું, તરત શિષ્યાએ પાણી આપ્યું, પાણી વાપર્યું, શિષ્યાએ પાત્રી લઈ લીધી, એણે પાત્રી લુંછી, મને લુંછવા ન દીધી. હું હસી પડી.

''મેં આટલો વિનય પણ મારા ગુરુજીનો કર્યો છે કે કેમ ? ભગવાન જાણે. મને યાદ નથી.'' મેં મારી મોટી મુખ્ય શિષ્યાને કહ્યું, તારી આગળ મેં મારા ગુરુજીના ખોટે ખોટા અવગુણો ગાયા. તને મારી બનાવી દીધી. તને છેતરી. એ પછી ઘણીવાર મારા ગુરુજી મળ્યા. પણ મેં એમના માટે તારા મનમાં એવો પૂર્વગ્રહ બાંધી દીધેલો, કે તું કદી એમની નજીક ગઈ જ નહિ. મારે એ જ જોઈતું હતું અને હું સફળ થઈ. આ મારા અક્ષમ્ય અપરાધ બદલ કદાચ તું મને ક્ષમા આપશે, તો ય કર્મસત્તા શું મને ક્ષમા આપશે ખરી ?''

તમારે પાણી વાપરવું હોય તો વાપરી લો. આપણે પાંચ મિનિટ પછી આગળ શરું કરશું. મેં કહ્યું પણ એકપણ શિષ્યા પાણી વાપરવા ઉભી ન થઈ.

છેવટે મેં આગળ ચલાવ્યું.

એ પછી તો પૈસો પૈસાને ખેંચે, એમ મારી શિષ્યાઓ થતી ચાલી. એમાં ચોથી શિષ્યા એકદમ હોંશિયાર મળી. મારો પરિવાર સંયમ-તપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચ બધી જ રીતે નંબરવન તૈયાર થયો. મોટા ગુરુજીએ મને ક્યારની પ્રવચનકાર બનાવી દીધેલી. તેઓ તો મને જુદું ચોમાસું કરવાનું પણ કહેતા. પણ એમનાથી છુટા પડીને હું જમણા હાથ તરીકેનો - સેક્રેટરી તરીકેનો લાભ ગુમાવવા માંગતી ન હતી. એટલે મેં તો સમર્પણ અને ભક્તિભાવને જ આગળ કર્યા. આ ઉંમરમાં આપનાથી એક દિવસ પણ જુદી પડવાની નથી. મારા ગુરુજી કે બીજા બધા ભલે ને પ્રવચનાદિ માટે જાય. હું નથી જવાની. હું તો આપની સાથે જ રહીશ. ત્યાં જ ચોમાસા કરીશ.''

મોટા ગુરુજી મારા આ શબ્દો સાંભળી રાજી-રાજી થતા. સ્વાભાવિક છે કે એમનું ચોમાસું સારામાં સારા ક્ષેત્રોમાં જ થતું, અને એટલે મને તો પ્રવચન કરવા માટે સારામાં સારી સભા મળી રહેતી. એટલે આમાં મારે તો કંઈ જ ગુમાવવાનું ન હતું.

કેવી માયાજાળ !

જે ખરેખર ગુરુને પરાધીન હતા, એ મારા ગુરુજી વગેરે આ રીતે પ્રવચનાદિમાં આસક્ત અને માટે જ સ્વચ્છંદી તરીકે જાહેર થતા હતા.

અને માત્ર સ્વાર્થ સાધનારી હું નિઃસ્પૃહ અને સાચી ગુરુસેવિકા જાહેર થતી હતી.

ધીમે ધીમે મારી આઠ શિષ્યાઓ થઈ ગઈ, અને મારા ગુરુજીની તો એની એ બે જ ! બહુમતીનો આ જમાનો ! એટલે હવે તો બધે જ લોકો ચોકખું બોલતા કે ''આમનું ગ્રુપ કેવું જોરદાર છે. જ્યારે એમના ગુરુજીના તો હજી બે જ શિષ્યા છે. એમાં એમના ગુરુજીનો જ દોષ હશે. નહિ તો શા માટે આ એમની સાથે ન રહે. શા માટે આમના આઠ શિષ્યા થાય, તો બીજી બાજુ એમના ગુરુજીના બેની ત્રણ પણ ન થાય. એમના ગુરુજીમાં કંઈક ખામી હશે તો જ ને ?

અને ખરેખર આ રીતે બધી બાજુ ગુરુજીની બદનામી થવા લાગી. હવે કોઈ મને ન કહેતું કે તમે કેમ તમારા ગુરુજીની સાથે નથી રહેતા ?

બિચારા લોકો શું સમજે ? કે આનું નામ જ કલિકાળ ! અહીં મારા જેવી પાપિષ્ઠોની દુનિયામાં પ્રકાશ હોય. મારા ગુરુ જેવા પવિત્ર... આત્માઓની દુનિયામાં અંધકાર હોય. મારું પાપાનુબંધી પુણ્ય ! મારા ગુરુજીનું પુણ્યાનુબંધી પાપ !

ખેર !

અંતે મારા મોટા ગુરુજી કાળધર્મ પામ્યા.

મને એવી કોઈ આંતરિક લાગણી ન હતી, એટલે મને રડવું ન આવ્યું. પણ ન રડું તો ખરાબ દેખાય એવું મને લાગ્યું, એટલે મેં મારા દોષનો બચાવ કરી જ લીધો કે ‘‘સાધુએ સ્નહેરાગમાં તણાવું ન જોઈએ. મોટા ગુરુજી તો વધુ સારી ગતિમાં ગયા છે. એનો તો આનંદ હોય, એનો વળી ખેદ શેનો ?

કાળધર્મ વખતે મારા ગુરુજી હાજર ન હતા. થોડાક દિવસ બાદ છેલ્લા ઘણા બધા વર્ષોમાં પ્રથમવાર એમણે મારા પર પત્ર લખ્યો. એમાં આજીજી હતી, વિનંતિ હતી, અસહાયતાનું વર્ણન હતું.

ગુરુજીએ લખેલું કે

➔ હવે મારી ઉંમર પણ ઘણી થઈ ગઈ છે. હું વધુ ખેંચી શક્તી નથી. વૈયાવચ્ચની અપેક્ષા રહે છે. પ્રથમ શિષ્યાને બીજા સ્ટેજનું કેન્સર છે. કેટલું જીવશે ? એ ખબર નથી. પણ એ અમારી સેવા તો કરી શકે એમ નથી જ. અમારે જ એમની સેવા કરવાની છે. બીજી શિષ્યા જેમ તેમ કરી બધું કરે છે ખરી, પણ હવે તો એ ય થાકી છે. એની પણ ઉંમર થવા આવી.

અત્યાર સુધી તું તારા મોટા ગુરુજીની નિશ્રામાં હતી, એમના તમામ કામ સંભાળતી હતી. એટલે જ મેં તને કશું કહ્યું ન હતું. પણ હવે તો એ કાળધર્મ પામ્યા છે. તું સ્વતંત્ર છે, સક્ષમ છે. તારી પાસે જુવાનજોધ આઠ શિષ્યાઓ છે. તું જો મારી પાસે આવી જાય, તો મને અંતિમ વર્ષોમાં સમાધિ રહે.

અહીં તું જેમ કહેશે, તેમ જ થશે. એમાં બિલકુલ ફેરફાર નહિ થાય. હું તારી ઈચ્છા પ્રમાણે જ ચાલીશ.

મેં તને સંસારમાંથી ઉગારવાનો એક નાનો સરખો ય ઉપકાર તો તારા પર કર્યો જ છે. એ ઉપકારનો બદલો વાળવા માટે ય તું મારા - અમારા ત્રણ જણના છેલ્લા વર્ષો સાચવી લે...

હું મુંઝવણમાં મુકાઈ. આવા વખતે જો હું ગુરુજીને ન સાચવું, તો એ મારા માટે ચારેબાજુ ગમે તેવો પ્રચાર કરી શકે. અને લોકો એ વાતને સાચી જ માને. કેમકે પ્રત્યક્ષરૂપે જ બધાને એ ત્રણ જણનું ઘડપણ - કેન્સર વગેરે દેખાવાનું.

મારી ઈચ્છા મારા ગુરુજી સાથે રહેવાની બિલકુલ ન હતી. એ કેન્સરવાળાની સેવા કરવાની જવાબદારી મારે લેવી ન હતી. ઠલ્લે-માત્રુ પરઠવવાથી માંડીને બધું જ... જો કે મારી શિષ્યાઓ જ કરત, પણ ગુરુજી હાજર હોય તો વ્યવહાર ખાતર પણ એમની મુખ્યતા તો જાળવવી જ પડે. એ બધું મને મંજુર ન હતું. હું સ્વતંત્ર અને મુખ્ય તરીકે જીવવા જ ટેવાયેલી હતી.

મેં મોઘમમાં જવાબ આપી દીધો કે ‘‘એકાદ મહીનામાં આપણે રૂબરૂ મળવાનું થશે જ, ત્યારે આની વાત કરશું...’’

એ મળવાનો સમય આવી ગયો. રવિવારના એ દિવસે જ અમે વિહાર કરીને પહોંચ્યા. મારું ‘મા-બાપને ભૂલશો નહિ.’ વિદાય પર બહેનોમાં જાહેર પ્રવચન હતું. સવારે તો ગુરુજી સાથે માત્ર ઔપચારિક વાતો થઈ, બપોરે અમે બે જણ રૂમમાં એકલા બેઠા. ગુરુજીએ ફરીથી પોતાના સ્વભાવ પ્રમાણે નમ્રભાવે મને આજીજી કરી, છેલ્લા વર્ષોમાં તું અમને ત્રણને સાચવી લે... તારો ખૂબ ઉપકાર માનીશ.

મેં વકીલાત શરુ કરી દીધી આપને સાચવી લેવા એ તો મારી ફરજ છે. આપે મને વિનંતિ કરવાની જ ન હોય. પણ આપ જ વિચારો કે આ કેન્સરના દર્દીને જુદા જુદા ઠેકાણે વિહાર કરાવવો શું ઉચિત છે ? એમાં એને કેટલું કષ્ટ પડે ?

તો પછી આપણે કોઈ એક સારા-મોટા ભાવિક સંઘમાં જ રોકાઈ જઈએ.

''ગુરુજી ! આપ સમજદાર થઈને આવી વાત કરો છો ? મારી આઠેય શિષ્યાઓ જુવાન છે. એક જ જગ્યાએ લાંબો સમય રોકાઈએ, તો એમના સંયમની શી દશા થાય ? એમના પ્રત્યે પણ મારી ફરજ છે કે નહિ ?'' મારી પાસે વકીલાત કરવાની દલીલો તૈયાર જ હતી.

''આપણે મોટા શહેરમાં રહીએ. દરેક સંઘમાં મહિનો-મહિનો રહીએ. પંદર-વીસ સંઘ હોય તો ય દોઢ-બે વર્ષે એક સંઘનો બીજી વાર નંબર લાગે. વિહારો નાના થવાથી દર્દીને પણ મુશ્કેલી નહિ પડે અને એક જ સ્થાને સ્થિરવાસ જેવું ન થવાથી તારી શિષ્યાઓને પણ મુશ્કેલી નહિ પડે.''

''ગુરુજી ! આપે આજે સવારે જોયું ? હજી આજે જ હું આવી અને પ્રવચનમાં પાંચસો ઉપરાંત બહેનો થઈ ગયા. તમે જ કહો કે મારે મારી આ તાકાતનો સદુપયોગ કરીને લોકોને પમાડવા ? કે મારે એક જ શહેરમાં રોકાઈ રહેવું ? આપે તો ઉલટું સામેથી મને કહેવું જોઈએ કે તું ઠેરઠેર ફર. એને બદલે...''

તો એક કામ કર. તું તારી બે શિષ્યાને સેવા માટે અહીં અમારી પાસે મૂકી જા. બાકીની શિષ્યાઓ સાથે તું બધે જ ફર. બોલ, એ તો બરાબર ને ?

''ના, ગુરુજી ! હું મારી શિષ્યાઓને કદીપણ મારાથી જુદી પાડતી નથી. એમની કાળજી કોણ કરે ?''

''હું છું ને ? શું તને મારા પર વિશ્વાસ નથી ?''

''વિશ્વાસનો પ્રશ્ન નથી. પણ સો વાતની એક વાત બધી જ શિષ્યાઓ મારી સાથે જ રહેશે અને હું આપ ત્રણની સાથે રહી શકું એમ નથી.''

''તો પછી અમારા ત્રણનું શું ? આ કેન્સરપીડિત સાધ્વીનું શું ? ઘરડી જેવી થઈ ગયેલી મારું શું ? અમારા બેની સેવામાં પહોંચી નહિ વળી શક્તી આ ત્રીજી સાધ્વીનું શું ?''

''જુઓ, ગુરુજી ! આનો એક ઉપાય છે. પાલિતાણામાં **ગિરિવિહાર**માં સાધ્વીજીઓ માટે વૃદ્ધાશ્રમ છે. આપ ત્રણ ત્યાં રોકાઓ તો બધી જ વ્યવસ્થા થઈ જાય. એ જો આપને ન ફાવે તો બે બાઈઓ રાખી શકાય. ખર્ચાની ફિકર ન કરશો. એ બધી જ વ્યવસ્થા થઈ જશે. એ બે બાઈઓ જ કાપ કાઢવો - પાણી લાવવું વગેરે વગેરે કામ કરી દે, એટલે તમારે કોઈ જ મુશ્કેલી નહિ પડે. બોલો, બરાબર છે ?'' મેં મારી વકીલાતના જ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ કર્યો.

''શાબાશ ! શાબાશ ! શાસનપ્રભાવિકા શિષ્યા ! ખૂબ ખૂબ ધન્યવાદ તને !'' પહેલીવાર મેં મારા ગુરુજીના શબ્દોમાં નિર્ભયતાનો - ખુમારીનો - સ્પષ્ટવક્તૃત્વનો અનુભવ કર્યો. એમની આંખ ફરી ગઈ, એમની બોલવાની ભાષા બદલાઈ ગઈ, ગુરુજી બોલ્યા.

➔ આજે જ તેં બે કલાક સુધી બહેનોને ઉપદેશ આપ્યો ને ? મા-બાપ અનંત ઉપકારી છે, એમને કદી ભૂલતા નહિ. એમને ઘરડાઘરમાં નાંખવાનો વિચાર પણ ન કરતા. એમના ઘડપણમાં લાકડી બનજો. સાસુ-સસરા એ જ તમારા મા-બાપ છે. એમના ખરાબ સ્વભાવને નિભાવી લેજો... વાહ ! વાહ ! જબરો ઉપદેશ આપ્યો તેં તો ! બે-ચાર દૃષ્ટાન્તો આપી લોકોને રડાવી પાડ્યા તેં તો !

એ જ તું, તારા ગુરુજીને, તારી બે મોટી ગુરુબેનોને ઘરડાઘરમાં મોકલવા માંગે છે, એમને ? તું બે બાઈઓ દ્વારા એમની વ્યવસ્થા ગોઠવવા માંગે છે, એમને ?

તારી આ નિર્લજ્જતા ! આ ધૃષ્ઠતા !

કાન ખોલીને સાંભળી લે. આજ દિન સુધી આ તારી ગુરુણી શાંત રહી છે, નમ્ર રહી છે. તારી દાસી જેવી બનીને રહી છે. પણ તેં એનો ગેરલાભ ઉઠાવ્યો. તારા પ્રચંડ પુણ્યોદયમાં છતી આંખે તું અંધ બની ગઈ. તારી વકીલાતની બુદ્ધિનો તેં આટલી હદે દુરુપયોગ કર્યો કે ગુરુને ઘરડાઘરમાં જવાનું કહેતા ય તને શરમ ન આવી.

તારી વિદ્વત્તા ! તારી વાક્છટા ! તારી શિષ્યસંપત્તિ ! તારી પુણ્યાઈ ! આ બધાનો તને અપચો થયો છે.

આજથી તું સમજી લેજે કે 'તારી ગુરુણી તારા માટે કાળધર્મ પામી છે.' અને આજથી હું પણ સમજી લઈશ કે 'મારે બે જ શિષ્યાઓ હતી, છે. ત્રીજી છે જ નહિ.''

ચિંતા ન કરતી કે હું ચારેબાજુ તારા માટે ખરાબ પ્રચાર કરીશ.

ચિંતા ન કરતી કે હું તારી આ હલકટાઈને જગજાહેર કરીશ.

ચિંતા ન કરતી કે હું દુનિયામાં તારો અપયશ ફેલાવીશ.

ના ! તારા જેવી નાદાનિયત તો હું સ્વપ્નમાં પણ આચરી શકું નહિ.

તારા જેવી છોરુ કછોરુ ભલે થાય, પણ મારા જેવી માવિતર કમાવિતર નહિ જ થાય એ નક્કી માનજે.

હું તારી સામે જ બાધા લઉં છું કે કદી તારી વિરુદ્ધમાં એક પણ વચન બોલીશ નહિ. ''અરે ! 'તું મારી શિષ્યા છે' એ શબ્દો પણ હું ઉચ્ચારીશ નહિ.

જા ! તને મારું અભયવચન છે. તું હવે સ્વતંત્ર છે, સ્વચ્છંદ છે. જેમ ફાવે તેમ કરજે. અમે અમારું ફોડી લઈશું.''

આટલું બોલીને, બેધડક બોલીને મારા જવાબની રાહ જોયા વિના એ તરત જ રૂમમાંથી બહાર નીકળી ગયા.

હું સ્તબ્ધ બની ગઈ, બે પળ તો ગભરાઈ ગઈ. માંડ માંડ શાંતિ વળી.

એ સાંજે જ ગુરુજીએ વિહાર કરી દીધો.

વર્ષો થઈ ગયા આ વાતને !

એ પછી મારા ગુરુજી મને કદી મળ્યા નથી. માત્ર એ જ વર્ષે પજુસણપૂર્વે હાર્દિક ક્ષમાપનાનો એક કાગળ આવેલો. ''મેં તને ઘણા કટુવચનો કહ્યા, એ બદલ હાર્દિક ક્ષમા માંગુ છું. મારે મારા ભવ વધારવા નથી. તારી સાથે વૈરભાવ રાખવો નથી. આપણો ઋણાનુબંધ ઓછો હશે, એટલે જ આવું બન્યું. બે ય જણ કષાય કાઢી નાંખીએ. બાકી તું તારી રીતે પ્રસન્ન રહેજે. હું મારી રીતે અમારા ત્રણની વ્યવસ્થા ગોઠવી દઈશ.''

મને આંચકો ચોક્કસ લાગેલો, પણ એ એક-બે દિવસ રહ્યો.

આજે એ આખો ભૂતકાળ મને યાદ આવ્યો, મેં તમને કહ્યો.

હું કેવી પાપિણી ! કેવી અપરાધિની !

બસ આટલું બોલતા બોલતા હું ફરી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. બે હાથમાં મોઢું છુપાવીને હીબકા ભરીને રડવા લાગી.

શિષ્યાઓ શું બોલે ? તેઓ સ્વયં જ પોતાનું રૂદન અટકાવી શક્તા ન હતા, ત્યાં મને શું આશ્વાસન આપે ?

બે-ચાર મિનિટે મારા હીબકા શાંત થયા, ત્યારે મારી હોંશિયાર શિષ્યાએ કહ્યું.

➔ ગુરુજી! જાગ્યા ત્યારથી સવાર ! તમે ચોક્કસ ભયંકર અપરાધો કર્યા છે, પણ કોણ એવો જીવ છે કે જેનો ભૂતકાળ ખરાબ ન હોય. દરેકનો ભૂતકાળ પાપોથી રગદોળાયેલો જ હોય છે. **ભગવાન મહાવીરદેવ** પણ ભૂતકાળમાં ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા **મરિચિ** ન હતા ? કાનમાં શિશાનો ધગધગતો રસ નાંખી દેનારા ક્રૂર-ઘાતકી ન હતા ?

આજે આપે જે પશ્ચાત્તાપ કર્યો છે, એની સામે એ અપરાધો કઈ વિસાતમાં નથી. આપે આ બધું માત્ર આલોચનામાં લખવાનું હોય. એને બદલે આજે આપ અમારી સામે આપના શિષ્યાઓની સામે રડતી આંખે - રડતા હૈયે - સરળ હૈયે બધું જ કહી દીધું એ શું આપની મહાનતા નથી ? ચોક્કસ ઉત્સર્ગમાર્ગે આ રીતે ન કહેવાય, પણ ક્યારેક આવું પણ યોગ્ય બની જાય છે.

એટલે ગુરુજી ! અમે બધા અત્યાર સુધી આપને શાને આધારે ભગવાન માનતા હતા. પણ આજે તો અમને સાચેસાચ અનુભવ થયો કે ખરેખર આપ ભગવાન છો, ખરેખર ભગવાન છો.

આ મશ્કા નથી, આ ખોટી પ્રશંસા નથી. આ નક્કર સત્ય છે. આ પંચમ આરામાં આવી મહાનતા ધરાવનાર સાધુ કે સાધ્વી ભગવાન કરતા બિલકુલ ઓછા ન ગણાય.

હવે ગુરુજી ! એ બધી ભૂતકાળની વાત જવા દો.

આપણે વર્તમાનની વાત કરીએ.

શું એવું ન થઈ શકે ? કે આપણે બધા આપના ગુરુજી પાસે પહોંચી જઈએ અને છેલ્લા વર્ષોમાં એમની અપૂર્વ સેવા કરીએ ? ગુરુજી ! જો આપને ઉચિત લાગે તો ?....''

''અરે ! તેં તો મારા હૈયાની વાત જ કહી દીધી. ઉચિત નહિ, અત્યંત ઉચિત છે. મારા અપરાધનું બીજું જે પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુ આપે એ તો કરીશ જ. પણ મારા મનથી આનું સર્વ પ્રથમ પ્રાયશ્ચિત્ત તો આ જ છે કે મારે તાત્કાલિક ગુરુજી પાસે પહોંચી જવું અને મારી શિષ્યાઓ દ્વારા નહિ, પણ ખુદ મારે જ એમની સેવા કરવી. હજી હું સક્ષમ છું, સેવા કરી શકું છું. મારે મારા હાથે ગુરુને અંતિમ સમાધિ આપવી છે, પરમ શાતા આપવી છે. ૨૭ વર્ષનું દેવું ચૂક્તે કરવું છે.''

''ગુરુજી ! આપને ખબર છે કે આપના ગુરુજી અત્યારે ક્યાં હશે ?''

''એ તો તપાસ કરશું એટલે ખબર પડી જશે. એકાદ વર્ષ પહેલા એવા સમાચાર મળેલા કે શરુઆતમાં એ કોઈક ઘરડાઘરમાં રોકાયા, પણ ત્યાં એમને ન ફાવ્યું. છેવટે એ છોડીને એક મોટા શહેરમાં રોકાયા. જુદા જુદા સંઘોમાં વારાફરતી રહેતા હતા. સંઘો કાયમ રહેવા દેવા તૈયાર ન હતા. એમાં પેલા કેન્સરવાળા સાધ્વીજીનો કાળધર્મ થઈ ગયો છે. હવે તેઓ માત્ર બે જ છે. ગુરુજીને હવે ચાલવામાં - ઉઠ - બેસ કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. એમને એવા કોઈ ભક્તો ય નથી કે એમની વિશિષ્ટ વ્યવસ્થા ગોઠવાય. એટલે જ જેમ તેમ દિવસો પસાર કરે છે.

આ બધું મારા જ પાપે...''

મારા મોઢા પર તરત હાથ દબાવી દઈ શિષ્યા બોલી ગુરુજી ! હવે બહુ થયું. જાતને કેટલી ટોકશો ?''

''તારી વાત સાચી ! પણ તું વિચાર તો કર કે હું મહારાણીની માફક જીવું અને મારા ગુરુજીની આ હાલત ! એમને રહેવાની જગ્યા માટે સંઘે સંઘે ભટકવું પડે, દાંડાના ટેકેટેકે માંડ માંડ દેરાસર જવું પડે, માંડ માંડ ગોચરી લાવવી પડે, ઉભા થવાની અને ઉઠ-બેસ કરવાની ય શક્તિ ન હોય એવી હાલતમાં બધું પડિલેહણ જાતે કરવું પડે, રાત્રે સંથારો પાથરવો પડે... આ બધું કરવાની મારી ફરજ હતી. પણ હું ? આ તો પ્રાયઃ એ જીવંત છે. પણ જો એમનો કાળધર્મ થઈ ગયો હોત, તો એમના એ અસમાધિમરણ માટે ગુન્હેગાર કોણ? હું જ ને ?

શિષ્યા ! આ કંઈ નાની-સૂની વાત નથી.''

''ગુરુજી ! એ બધી વાત સાચી. પણ હવે અત્યારે તો આપણે ફટાફટ તપાસ કરાવીએ અને બધા પ્રોગામો રદ કરી એ જ્યાં હોય, ત્યાં જલ્દી પહોંચી જઈએ.''

''પણ તમારે મારી અને એ બેની એમ ત્રણ જણની સેવા કરવી પડશે. તમારે માથે બોજો વધશે. એ તમને બધાને ગમશે ને ?'' મેં મસ્તીમાં પ્રશ્ન પૂછ્યો.

''ચોક્કસ ગમશે. આપનો ભૂતકાળ સાંભળ્યા બાદ તો ચોક્કસ ગમશે. બધા એકી અવાજે, મોટા

અવાજે બોલી ઉઠ્યા.

મેં એક પરિચિત યાત્રિક દ્વારા મહત્ત્વની વ્યક્તિઓને ફોન કરાવીને બધી તપાસ કરાવી. પાકા સમાચાર મળી ગયા. ‘‘મારા ગુરુજી અને મોટા ગુરુબેન એ જ મોટા શહેરના એક સંઘમાં બિરાજમાન હતા. પણ ગુરુજીની તબિયત બિલકુલ સારી નથી. ઠલ્લે-માત્રુ બધુ સંથારામાં જ કરવું પડે છે. સાથેના સાધ્વીજી પણ થાક્યા છે. સંઘ પણ વિશેષ ધ્યાન આપતો નથી. એટલે જ ડોક્ટરની દવા વગેરે પણ થતી નથી. મોટા ડોક્ટરો બોલાવી શકાતા નથી... વગેરે વગેરે ઘણું જ.

મને મારી જાત ઉપર ફીટકાર વરસાવવાનું મન થયું. આખરે એ બધાનું પાપ મારા જ માથે હતું. મેં શિષ્યાઓને વાત કરી અને એ શહેર તરફ ઝડપી વિહાર ગોઠવી દીધો. રાત્રે પ્રતિક્રમણ બાદ બધા ભેગા થયા. અમારો એ નિત્યક્રમ હતો.

‘‘શિષ્યાઓ ! ૨૭ વર્ષમાં આજના જેવો શ્રેષ્ઠ દિવસ મારા માટે બીજો એકેય નથી. આજે હું સાચો માર્ગ પામી. આજે મારા હર્ષનો પાર નથી. તમારા સૌની સહાય-લાગણી પણ મારામાં લાખગણું બળ પૂરે છે. મારી જેટલી અધમતા ! એટલી જ તમારા સૌની ઉત્તમતા છે. હું ગુરુ હોવા છતાં મારી શિષ્યાઓ મારા કરતા વહેલા મોક્ષે જશે, એમ મને તો ચોક્કસ લાગે છે. બસ, તમારા આ ગુરુના અપરાધને ભૂલી જજો, એને યાદ કરીને તમારા મનમાં ગુરુ પ્રત્યેનો અસદ્‌ભાવ નામનું પાપ ઉત્પન્ન ન થવા દેતા. આરાધક છો જ, વધુ ને વધુ આરાધક બનજો. હું તમારી ગુરુ છે, એટલા માટે નહિ પણ શાસ્ત્રીય પદાર્થ રૂપે કહું છું કે ગુરુને તમારા નિમિત્તે બિલકુલ દુઃખી ન કરતા. તમારો તમામ સ્વાર્થ ગૌણ કરી નાંખજો, પણ ગુરુની ઈચ્છાને ઓળંગતા નહિ...’’

લગભગ દોઢેક કલાક સુધી અલકમલકની વાતો ચાલી. બપોરની શોકસભા રાત્રે હર્ષસભામાં ફેરવાઈ ગઈ. છેવટે સવારે વહેલો વિહાર હોવાથી નાછુટકે બધા ઉભા થયા.

બને એટલો ઝડપી વિહાર કરીને અમે બધા એ શહેરમાં, એ સંઘમાં પહોંચી ગયા. દિવસે દિવસે મારો ઉત્સાહ વધતો જતો હતો, ભાવનાઓ વધતી જતી હતી, કલ્પનાઓ વધતી જતી હતી.

‘‘હું મારા ગુરુજીને મળીશ, એમને જોતાની સાથે દોડી જઈશ, બાળકની જેમ એમના ખોળામાં માથું મુકી દઈશ, ધ્રુસકે ધ્રુસકે રડીશ, ૨૯ વર્ષ બાદ ફરી એમનો પ્રેમાળ હાથ મારા મસ્તક પર ફરશે, એ મને કહેશે કે શાંત થઈ જા. ભૂતકાળ ભૂલી જા. તને પશ્ચાત્તાપ થયો એ જ મોટી વાત છે. ગઈ તિથિ જોષી પણ જોતો નથી. મને મારી શિષ્યા, સાચી શિષ્યા પાછી મળી. હવે હું ફરી બે શિષ્યાની નહિ, પણ ત્રણ શિષ્યાની ગુરુણી !’’

હું તરત મીઠો ઠપકો આપીશ કે ‘‘તો શું આ દસ શિષ્યાઓ પારકી છે ? એ આપની નથી ? આપ હવે ત્રણના નહિ, તેર શિષ્યાઓના ગુરુણી છો.’’

આવી આવી કલ્પનાઓમાં જ મેં વિહારના દિવસો વિતાવેલા, તો મારી શિષ્યાઓનો ઉત્સાહ પણ ઓછો ન હતો. તેઓ પણ અમારું ગુરુ-શિષ્યાનું અભૂતપૂર્વ મિલન જોવા માટે તલપાપડ હતા.

અને એક દિવસ એ અત્યંત ઉત્કંઠા સાથે એ શહેરમાં, એ સંઘમાં, એ ઉપાશ્રયમાં મેં આશરે સાડા-સાત વાગે પ્રવેશ કર્યો, પણ સામેનું દશ્ય જોતા જ હું ધ્રુજી ઉઠી. પાટ પર બેઠેલા ગુરુજી પ્લાસ્ટીકનો પ્યાલો હાથમાં લઈને ઉલટી કરી રહ્યા હતા. એ માત્ર ઉલટી ન હતી, પણ એ નકરું લોહી ટપકતું હતું. ગુરુજી મોટે મોટેથી ખાંસી ખાતા જતા હતા અને મોઢામાંથી લોહી પ્યાલામાં ભરાતું જતું હતું. ગુરુજી એકલા હતા. હા ! સાવ એકલા !

કામળી કાઢીને હું તરત જ દોડી, ગુરુજી ! ગુરુજી ! બોલતા બોલતા હું એમની પીઠ પર હાથ પસારવા લાગી. પ્યાલો મેં હાથમાં પકડી લીધો.

મેં જોયું કે ગુરુજીની કાયા અત્યંત કૃશ થઈ ગઈ હતી. મોઢા પર કશું નૂર ન હતું. આખા શરીરે કરચલીઓ પડી ગઈ હતી. આંખો ઉંડી ઉતરી ગઈ હતી.

'કોણ ? કોણ ?' ગુરુજીએ માંડ માંડ મંદસ્વરે પૂછ્યું.

''મને ન ઓળખી ? હું તમારી શિ.....? મારા ગળે ડુમો બાઝી ગયો. હું આગળ બોલી ન શકી. શું હક હતો મને મારી જાતને એમની શિષ્યા તરીકે ઓળખાવવાનો? કેવી હાલત થઈ ગઈ એમની મારી અધમતાને લીધે ? આટલું બધું લોહી પડે છે, નક્કી કોઈ જીવલેણ રોગ હશે ? ખબર નહિ, કેટલા દિવસ જીવશે ? બસ ! મારું સૌભાગ્ય આટલું જ !

ત્યાં તો વિહારમાં પાછળ પડી ગયેલી મારી શિષ્યાઓ આવી પહોંચી. આજે વિહારમાં તેઓ મારી ઝડપને પહોંચી ન વળ્યા. હું હરણફાળ ભરતી હતી. ગમે તેમ તો ય આજે વર્ષો બાદ મારા ગુરુજીને સાચા હૈયે મળવાની હતી ને ?

તેઓ આવતા વેંત જ મારા હાથમાંથી પ્યાલો લેવા ગયા, મેં ઘસીને ના પાડી દીધી. ''ખબરદાર ! આ હક મારો છે. કોઈએ વચ્ચે નથી આવવાનું.'' મારા સત્તાવાહી સૂર સામે બિચારી શિષ્યાઓનું શું ચાલે ?

એક સાથે આટલા બધા સાધ્વીજીને જોઈને મારા ગુરુજી હેબતાઈ ગયા. એમને હજી મારી ઓળખાણ પડી ન હતી. આમ પણ અમે કોઈપણ સમાચાર કહેવડાવ્યા વિના અચાનક જ આવ્યા હતા, સરપ્રાઈઝ આપવા ! એટલે કોઈને કશો ય અણસાર ન હતો.

ગુરુજી માંડ માંડ ફરી બોલ્યા, ''તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ?'' ત્યાં તો ફરી એમને ખાંસી ઉપડી, ફરી લોહી પડવા માંડ્યું. બે મિનિટે પાછી ખાંસી શાંત થઈ.

એ જ વખતે મારા મોટા ગુરુબેને ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. એ ગોચરી લેવા ગયેલા. મને જોઈને એ આશ્ચર્ય પામ્યા, ''તમે ?'' એટલું જ બોલ્યા. પછી તરત ઉદાસ બની ગયા. આનંદ ઓસરી ગયો. ભૂતકાળ અને વાસ્તવિક્તા એમને યાદ આવી ગઈ હશે એવું મને લાગ્યું.

મને એમના હાથમાંથી તરપણી વગેરે લઈ લેવાનું મન થયું, પણ કોણ જાણે કેમ? મને સંકોચ થયો. જાણે કે એ અધિકાર મારો નથી. એમ મને લાગ્યું.

ગુરુબેને આગળ આવી પાટની પાસેના ટેબલ ઉપર જ ગોચરી મૂકી. ગુરુજી પાસે જઈને કહ્યું. ''આમને ઓળખ્યા કે ? આપના શિષ્યા ? અંતિમ શિષ્યા ?''

''મારી શિષ્યા ? મારે તો બે જ શિષ્યા છે. એમાં એકનો કાળધર્મ થયો, બીજી તું ! ત્રીજી તો મારે શિષ્યા જ નથી.'' ગુરુજી હવે સ્પષ્ટ રીતે બોલતા હતા. પણ આ શબ્દો સાંભળી મને પારાવાર વેદના થઈ, શું ગુરુજી ખરેખર મને શિષ્યા તરીકે ભૂલી ગયા હતા, કે પછી... ?

મને થયું કે અત્યારે એ ગોચરી વાપરી લે, પછી જ બધી વાત કરું. ગુરુબેને પણ આંખના ઈશારાથી મને કંઈક એવું જ સૂચન કર્યું. એટલે હું અને શિષ્યાઓ એક બાજુ હટી ગયા. ગુરુબેને ટેબલ ઉપર ગુરુજી પાસે ગોચરી ગોઠવી. મને ખ્યાલ આવી ગયો કે એ હવે ગોચરી માંડલીમાં જઈ શકે એમ ન હતા. સંથારામાં જ હવે એમનું આખું જીવન પસાર થઈ રહ્યું હતું.

અચાનક ગુરુજીએ ગુરુબેનને પ્રશ્ન કર્યો ''એને પણ ગોચરી વાપરવાની હશે ને ? એને બોલાવ.''

હું અને ગુરુબેન બંને ચોંક્યા. આપ કોની વાત કરો છો ? ગુરુબેને પૃચ્છા કરી.

''કેમ ? તેં અત્યારે જેની ઓળખાણ આપી, એની ! મારી અંતિમ શિષ્યાની ! બોલાવ એને !'' ગુરુજી બોલ્યા. હું આશ્ચર્ય પામી. શું એમણે મને ઓળખી લીધી હતી ? હર્ષાવેશમાં હું તરત જ ગુરુજી પાસે પહોંચી ગઈ.

''કેમ ? ગોચરી વાપરવાની છે ને ? પચ્ચક્ખાણ પાર...'' વાત્સલ્યથી ભરેલા એ શબ્દોએ મારા અંતરને ભીંજવી નાંખ્યું.

મેં કહ્યું ''ગુરુજી ! આપ વાપરો. અત્યારે આપના પુરતી જ ગોચરી આવી છે. હું પછી વાપરીશ.''

‘‘શા માટે ? શું મારી ગોચરી તને ન ચાલે ? આટલા વર્ષે મને મળવા આવી છે, તો મારા હાથની ગોચરી નથી વાપરવી ? હું હવે વધુ જીવવાની નથી. મારી આ છેલ્લી છેલ્લી પ્રસાદી લઈ લે...’’ ગુરુજીનો અવાજ ગળગળો થઈ ગયો.

મારી આંખે અનરાધાર આંસુ વહેવા લાગ્યા. આખરે આટલા વર્ષે પણ મારા ગુરુજી તો એવા ને એવા જ હતા. સરળ ! વાત્સલ્યમૂર્તિ ! મારા હજાર અપરાધોને પોતાના દિલની કબરમાં ક્યાંય દાટી દેનારા !

‘‘ચાલ, જલ્દી કર. દૂધ ઠંડુ થાય છે...’’ એમણે મને વિચારમાંથી બહાર કાઢી. મેં કહ્યું ગુરુજી ! વંદન કરી લઈએ...’’

અને દસેય શિયાઓને બોલાવી ઘણા વર્ષો બાદ મેં મારા ગુરુજીને વંદન કર્યા. ***અબ્ભુટ્ઠિઓ મિ*** વખતે મારી આંખો એમના અંગુઠે લગાડી દીધી. હા ! આજે ૨૭ વર્ષ બાદ હું ફરી સાચી શિષ્યા બનતી હતી, ગુરુ પ્રત્યે બહુમાનવાળી - સમર્પિત શિષ્યા બનતી હતી.

***‘‘भत्ते-पाणे-विणए-वेयावच्चे....’’*** હું માંડ માંડ બોલતી હતી. મને લાગતું હતું કે મેં ક્યાં કદી પણ ગુરુજીને ગોચરી-પાણી વપરાવ્યા છે ? ક્યાં વિનય-વૈયાવચ્ચ કર્યા છે ? આ બધું બોલવાનો અધિકાર મને ખરો ?

મારું ગળું રુંધાઈ ગયું. હાથના ઈશારાથી મેં મુખ્ય શિષ્યાને જણાવી દીધું, સમજદાર શિષ્યાએ જ છેવટે સૂત્ર પૂર્ણ કર્યું. પચ્ચક્ખાણ લીધું... એ પછી સાંવત્સરિક ક્ષમાપના કરી અને ***સાંવત્સરિક મિચ્છા મિ દુક્કડં...*** શબ્દો બોલતા બોલતા જ મેં ગુરુજીના ખોળામાં મારું માથું મુકી દીધું,

અને

શ્રાવણ ભાદરવામાં બારે ખાંગે જેમ મેઘલો વરસે, એમ મારી આંખો વરસવા લાગી. શા માટે ન વરસે એ ? આખરે ૨૭ વર્ષના ગુરુદ્રોહના પાપનો તપારો દૂર કરવાનો હતો. એ તાપ કંઈ બે-ચાર ટીપાથી શાંત થતો હશે ? મને ૨૭ વર્ષ બાદ ગુરુનો હૈયાથી ભેટો થયો, પણ મારું કમભાગ્ય કે એ ગુરુજી હવે વધુ ટકવાના ન હતા. અત્યાર સુધી હું જ એમનાથી દૂર ભાગતી રહી. હવે જ્યારે હું નજીક આવી ત્યારે એ જ મને, અમને સૌને છોડીને ચાલ્યા જવાના હતા. એ ઝાઝું જીવવાના ન હતા, એ તો લોહીની ઉલટી અને બાહ્ય પરિસ્થિતિ જોતા જ મને ખ્યાલ આવી ગયો હતો.

હું ખરેખર કહું છું કે એ વખતના મારા આંસુ તદ્દન સાચા હતા. એની કિંમત હું અબજો રૂપિયાથી પણ આંકી ન શકું. કેમકે એ મારા અપરાધોના પશ્ચાત્તાપ બદલના આંસુ હતા.

મારી શિષ્યાઓ અનિમેષ નેત્રે આ દશ્ય જોઈ જ રહી. દેવોને ય દુર્લભ આવું અદ્ભુત મીલન એમને સાક્ષાત જોવા મળી રહ્યું હતું.

ગુરુજી મારા મસ્તક પર પ્રેમાળ હાથ પ્રસારતા જ રહ્યા. જો, ભૂતકાળ બધો જ ભૂલી જા. તું મારી જ શિષ્યા છે. મારા હૈયામાં તારો વાસ હતો અને રહેશે જ. ભૂલ તો કોની ન થાય ? મને માત્ર એક જ વેદના રહ્યા કરતી હતી કે મારું મરણ અસમાધિમાં થશે તો ? તારા-મારા વચ્ચેનો અણબનાવ સંપૂર્ણ ખતમ નહિ થાય તો ?

પણ હવે મારી એ ચિંતાઓ ટળી ગઈ છે. તું આવી ગઈ છે. હવે મને સમાધિમરણ મળશે જ. હવે હું શાંતિથી મરીશ. તારા મુખેથી નમસ્કાર મહામંત્ર સાંભળતા સાંભળતા મરીશ.

ચાલ, હવે રડવાનું બંધ કર. તારી શિષ્યાઓ તને આ રીતે રડતા જુએ, એ સારું ન લાગે. ચલ, જલ્દી કર. મોડું થાય છે.’’

મહા મુશ્કેલીએ રૂદન અટકાવી મેં પચ્ચકખાણ પાર્યું. ગુરુજીએ પોતાના હાથે મને પાત્રીમાં દૂધ આપ્યું. અમે પણ હવે કંઈ બાકી રાખીએ ? અમે બધાએ ગુરુજીના પાત્રામાં દૂધ આપ્યું...

નવકારશી પૂર્ણ થઈ.

એ રાત્રે ગુરુણી સંથારી ગયા બાદ હું મોટી ગુરુબેન સાથે એકાંતમાં બેઠી. મારે એમની પાસેથી છેલ્લા વર્ષોની પરિસ્થિતિ જાણવી હતી. મારા છુટા થયા બાદ મારા ગુરુણી અને બે ગુરુબેનો શી રીતે જીવ્યા એ મારે જાણવું હતું. મેં એ બધું ગુરુબેનને પુછ્યું તો ખરું, પણ એમણે આપેલા જવાબ સાંભળી હું હચમચી ગઈ. મારા ગુરુણીએ કેવા કષ્ટો વેઠ્યા, એનું મને ભાન થયું.

ગુરુબેને મને કહ્યું કે ➔ તમે સાથે રહેવાની ના પાડી, એ પછી અમે એક વૃદ્ધાશ્રમમાં રહ્યા, પણ ત્યાં અમને ન ફાવ્યું. ગોચરી પ્રતિકૂળ પડતી હતી... વગેરે ઘણું. છેવટે અમે એ સ્થાન છોડીને શહેરમાં ગયા. પણ સાથે કેન્સરવાળા સાધ્વી ! ગુરુજી પણ વૃદ્ધાવસ્થાને સ્પર્શી રહ્યા હતા. એટલે સંઘને અમે બોજા રૂપ લાગતા. 'અમે કાયમી રહી જશું' એવો સંઘને ભય સતાવતો. એટલે જ દરેક સંઘમાં અમને થોડાક દિવસથી વધુ રહેવાની છૂટ ન મળતી.'

અમે થોડા થોડા દિવસે સંઘો બદલતા રહેતા. પણ એ બધામાં મુશ્કેલીનો પાર નહિ. વારંવાર ડોક્ટરની જરૂર પડે, પણ ડોક્ટર કોણ બોલાવી આપે ? અમે પેઢી પર કહીએ, પણ અમારી વાત કોણ ધ્યાનમાં લે ? ઘણી ઉપેક્ષા થાય, એ પછી ક્યારેક થોડુંક ધ્યાન અપાય. અરે ! અમારે દવા મંગાવવી હોય તો પણ કોને કહેવું એ ચિંતા ઘણીવાર સતાવતી. મોંઘી દવાઓ માટે કોઈને કહેતા જીભ ન ઉપડતી.

મેં કેટલીકવાર ગુરુણીને કહેલું પણ ખરું કે આપને બોલાવી લે... પણ ગુરુણી એ વાત ઉદાસ બનીને માત્ર સાંભળતા. એમણે કદી એ મારી વિનંતિનો સ્વીકાર ન કર્યો.

ગુરુબેનના કાળધર્મ બાદ તો અમને બેને ઘણી તકલીફો વધી પડી. એમાં ખુદ ગુરુણીની માંદગી જ ભારે થઈ પડી. મેં ફરી એમને કહ્યું કે ''આપ છેલ્લી શિષ્યાને પત્ર લખો, વિનંતિ કરો, એ આવશે તો આપને-મને ઘણી રાહત થશે.''

ત્યારે ગુરુણીએ મને કહ્યું તારી વાત સાચી છે. છેવટે મારી સમાધિ ખાતર પણ એની જરુર છે જ. તું એકલી આ બધું શી રીતે કરીશ ? તારા માટે ય એની જરુર છે. પણ એક વાત કહું ? એણે જે રીતે મને ના પાડી છે, એ જોયા બાદ મને વિશ્વાસ છે કે એ મારી પાસે નહિ આવે. એટલે જ પત્ર લખવા માટેની હિંમત જ હું ગુમાવી બેઠી છું. હું બધું જ સહન કરીશ, પણ હવે એના તરફથી મારું અપમાન થાય એ કદાચ મારાથી સહન નહિ થાય...''

ભારોભાર ઉદાસીનતાથી ભરેલું એમનું મુખ જોયા બાદ હું મૌન થઈ ગઈ. મેં એ પછી કદીપણ ગુરુણી પાસે કોઈ માંગણી કરી નથી. મારી તમામ શક્તિ કામે લગાડીને હું વૈયાવચ્ચ કરતી રહી, કરી રહું છું.

બાકી તો અમે જે અપમાનો સહન કર્યા છે, જે રીતે ખેંચી ખેંચીને પણ એકબીજાને સાચવ્યા છે, એ બધાનું વર્ણન કરવાની મારી કોઈ તાકાત નથી.

મોટી ગુરુબેનની બધી વાત મેં સાંભળી. શરમથી મારું માથું નમેલું જ રહ્યું. માફી માંગવાની કે આશ્વાસન આપવાની પણ મને હિંમત ન હતી. પણ હવે બીજું શું કરી શકું ? ખેર !

હવે મારે ઝપાટાબંધ મારી કેટલીક ફરજો નિભાવવાની હતી.

પ્રવચન પ્રભાવિકા તરીકેની મારી સિદ્ધિ સારી એવી હતી. આ સંઘમાં પૂર્વે મહિનો રોકાયેલી પણ ખરી, એટલે ટ્રસ્ટીઓ, બહેનો બધાનો મારા પ્રત્યેનો આદર ઘણો જ ! મારા આગમનના સમાચાર મળતા જ બધા મળવા આવવા લાગ્યા. મેં એક ચોક્કસ સમયે ટ્રસ્ટીઓ વગેરેને ભેગા થવાની સુચના કરી, 'અગત્યનું કામ છે' એમ જણાવ્યું.

એ સમયે બધા ભેગા થયા, મેં એમને એમની ફરજો સમજાવી સંઘની ફરજ આવા ગ્લાન સાધ્વીજીને

બરાબર સાચવી લેવાની છે... એના બદલે તમે તો તદ્દન ઉપેક્ષા જ કરી... એ શોભાસ્પદ નથી જ... લગભગ એક કલાક સુધી શાંત-મીઠી છતાં સ્પષ્ટભાષામાં એમની આંખો ઉઘાડવાનું કામ કર્યું. અંતે મેં મારી ભૂલ પણ કબુલી કે હું એમની શિષ્યા છું, છતાં ભાન ભૂલીને મેં પણ એમની ઉપેક્ષા કરી. એમને ભગવાન ભરોસે, રખડતા મુકીને હું શાસનપ્રભાવના કરવા ચાલી નીકળી. આ મારી ગંભીર ભૂલ થઈ ગઈ...''

હું જ જ્યારે મારી ભૂલ ખુલ્લેઆમ સ્વીકારું પછી તો સંઘ ઉપર એની અસર પડે એ સ્વાભાવિક જ છે. એ બધાએ મારી માફી માંગી, હવે જાગ્રત રહેશું. એવી પ્રતિજ્ઞા કરી અને ખરેખર એ પછી સંઘ એકદમ બરાબર કાળજી લેવા માંડ્યો.

આમ મારી એક ફરજ તો પૂરી થઈ.

મારી સૌથી અગત્યની ફરજ હતી હવે જેટલો સમય મારા ગુરુજી હાજર હોય, એટલો સમય સાચા શિષ્યા - માત્ર ને માત્ર શિષ્યા બનીને જ જીવવાની, વર્ષોની ભૂલને વાળી લેવાની.

દસે ય શિષ્યાઓને ભેગા કરીને મેં કડકાઈ સાથે, કરડાડી સાથે કહી દીધું ''જુઓ, હું જે કહું છું. એ ધ્યાનથી સાંભળો. એમાં મારે બિલકુલ દલીલબાજી જોઈએ નહિ. તમારે એ દરેક વાતનું અક્ષરશઃ પાલન કરવું જ પડશે. એમાં જો ગરબડ કરશો, તો મારી આંખ લાલ થઈ જશે, એટલે લશ્કરી શિસ્ત પ્રમાણે તમારે મારી આજ્ઞાનું પાલન કરવાનું છે.''

શિષ્યાઓ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યા.

મેં ભીના સ્વરે કહ્યું, ૨૭ વર્ષ મેં મારા ગુરુજીની કોઈ સેવા કરી નથી. આજે જ્યારે ભાન આવ્યું છે, ત્યારે ગુરુજીની પરિસ્થિતિ જ એવી છે કે મને વધુ વખત એમની સેવા કરવાની તક નથી જ મળવાની.

ખેર ! હવે જેટલી તક મળી છે, એ તો મારે ગુમાવવી નથી જ. એમાં પડિલેહણ - કાપ - સંથારો - સ્થંડિલ માત્રુ વગેરે વગેરે અનેક પ્રકારની સેવા છે. આ બધાયમાં મારી દૃષ્ટિએ ઉત્કૃષ્ટ સેવા મારા માટે જો કોઈ હોય તો એ છે ગુરુજીના સ્થંડિલ-માત્રાના પ્યાલા પરઠવવા, ધોવા, ઉલટી થાય તો એ પરઠવવી અને પ્યાલા ધોવા. કફ નીકળે તો એની વિધિ કરવી...

તો સ્થંડિલ-માત્રુ-ઉલટી-કફ વગેરે સંબંધી જે કંઈપણ સેવા છે, એ માત્ર ને માત્ર હું જ કરીશ. એમાં કોઈએ વચ્ચે આવવાનું નહિ. કોઈએ દલીલબાજી કરવાની નહિ. હું કદાચ કોઈ કામમાં હોઉં, દેરાસરાદિ ગઈ હોવાથી ગેરહાજર હોઉં તો પણ ૪૮ મિનિટમાં તો હાજર થઈ જ જઈશ અને બધું પરઠવી આવીશ. એટલે મારી ગેરહાજરી હોય તો પણ કોઈએ આ સેવા કરવાની નહિ. મને ખબર ન હોય, તો મને જાણકારી આપી દેવી.

આ બાબતમાં મારે કોઈપણ બાંધ-છોડ કરવી નથી. હા ! જ્યારે હું તમને રજા આપું ત્યારે તમને એ સેવા કરવાની છૂટ ! બાકી જો મારી આ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, તો...''

મારી ધાક અને રજુઆત જ એવી હતી કે શિષ્યાઓએ બિલકુલ ઈચ્છા ન હોવા છતાં ચૂપચાપ બધી વાત સ્વીકારી લીધી.

''અને બીજી વાત ! જ્યાં સુધી મારા ગુરુજી હાજર છે, ત્યાં સુધી મારી કોઈપણ પ્રકારની સેવા તમારે કરવાની નથી. હું તમારી ગુરુ નથી, પણ ગુરુજી જ તમારા ગુરુ છે એમ સમજીને ચાલવાનું. મારું પડિલેહણ કરવાનું નહિ, મારો સંથારો કે આસન પાથરવાના નહિ, તમારી જેમ હું પણ માંડલીનું કામ કરીશ... તમારે મારા ગુરુજી અને મારા મોટા ગુરુબેનની બધી જ સેવા કરવાની. ગુરુબેને આટલા વર્ષો સુધી કેટલો બધો ભોગ આપ્યો છે. ખરેખર તો સેવા લેવાના હકદાર એ છે.''

અને

હું શિષ્યા બની. જિનશાસનમાં ઈતિહાસ રચાયો. એક શિષ્યા વર્ષો સુધી ગુરુણી તરીકે રહ્યા બાદ

વળી પાછી શિષ્યા બની.

મેં મારું આસન ગુરુજીની બાજુમાં જ ગોઠવી દીધું અને મારી તમામ શક્તિ લગાડી દઈને સેવા શરું કરી દીધી. સ્થંડિલ-માત્રુ-કફ-લોહીનું કામ તો હું જ કરતી. પણ એ ઉપરાંત પણ

(A) સવાર-સાંજના પડિલેહણમાં અવશ્ય હાજર રહેતી. ગુરુજીના સ્થાપનાજી અને ઓઘો એ બે હું જ કરતી.

(B) ગુરુજી આડા પડે એટલે ધીમે ધીમે એમના પગ દબાવતી, એમને ઉંઘ આવી જાય પછી જ પગ દબાવવાનું બંધ કરતી.

(C) ગુરુજીને મારો કંઠ ખૂબ ગમતો. એટલે જ્યારે એમને ઈચ્છા થાય ત્યારે એમની નજીકમાં બેસીને સ્તવનો-સજ્ઝાયો સંભળાવતી. ગુરુજી ખૂબ-ખૂબ પ્રસન્ન થઈ જતા. એ સાંભળતા સાંભળતા ઘણીવાર એ રડતા. મારા ઉપર આશીર્વાદની હેલી વરસાવતા. તારા પ્રતાપે મારી પ્રસન્નતા આવી દશામાં ય આસમાનને આંબે છે. તું આવી ગઈ, એ ખૂબ ખૂબ સારું કર્યું. ભગવાને મારી આખી જીંદગીની આરાધનાનું ફળ આપી દીધું, તને અહીં મોકલીને !

મારા માટે તો આ શબ્દો ભવોભવનું ભાથું સમાન હતા. આખા જીવનનું સંભારણું સમાન હતા.

(D) ગુરુજીના કાપમાં અવશ્ય બેસતી. એમના માટે ગોચરી જવાની તક મળે તો દોડી જતી.

જો કે મારી શિષ્યાઓ ય ઓછી ન હતી. મેં એમની પાસેથી અમુક સેવા તો બળજબરીથી પડાવી જ લીધેલી, એટલે એ બાબતમાં તેઓ કદી વચ્ચે ન આવતા. પણ એ સિવાયની તમામ બાબતોમાં શિષ્યાઓ એટલી બધી જાગ્રત હતી કે બીજી કોઈપણ સેવા કરવાનો મને અવસર જ ન મળતો. ત્યાં હું જીદ કરવા જાઉં, તો શિષ્યાઓ મીઠો ઝઘડો કરી બેસતી ''આપે આ વાતમાં અમને બાંધ્યા નથી. એટલે આમાં આપનું કશું નહિ ચાલે...'' અને છેવટે હસતા હસતા મારે એ કામ છોડી દેવું પડતું.

એક-બે માસ બાદ અમે બીજા સંઘમાં ગયા.

પણ મેં જોયું કે ગુરુજીની તબિયત દિવસે દિવસે લથડવા લાગી હતી. શક્તિ ઘટતી જતી હતી, બોલવાનું ઓછું થતું જતું હતું. જ્યારે કંઈક બોલતા ત્યારે પણ જીભ થોથવાતી. હવે તો સ્થંડિલ-માત્રુ પણ સંથારામાં જ થઈ જવા લાગ્યા હતા. દિવસમાં બે-ત્રણ વાર કપડા વગેરે બગડતું, હું બધું જ હોંશે-હોંશે સાફ કરતી. પણ ''હવે ઝાઝા દિવસો આ સેવા નહિ મળે.'' એ વિચારો કરતા કરતા, બગડેલા કપડા સાફ કરતા કરતા હું રોઈ પડતી. શિષ્યાઓ મને રડતી જોઈ દુઃખી દુઃખી થઈ જતી, તરત દોડી આવતી. ''શા માટે રડો છો ? ગુરુજી !'' મને પુછતી. પણ હું શું જવાબ દઉં ? ટુંકમાં કહી દેતી ''મારું સૌભાગ્ય ઘણું મોડું જાગ્યું અને ઘણું વહેલું નંદવાઈ જવાનું છે.'' અને ફરી રડવા મંડી પડતી.

લોહીના ગળફાનું પ્રમાણ વધવા લાગ્યું હતું, પીડા પણ અસહ્ય બનવા લાગી હતી.

તમને શું કહું ?

મેં મારા હાથે મારા ગુરુજીના સ્થંડિલ ઉંચક્યા છે, મારા હાથે એમના બગડેલા અવયવોને સાફ કર્યા છે. 'પ્યાલો જલ્દી હાથમાં ન આવ્યો' ત્યારે મારા હાથમાં એ લોહીની ઉલટીઓ લઈ લીધી છે. મને કદી જુગુપ્સા નથી થઈ. કદી કંટાળો નથી આવ્યો. ''ક્યાં સુધી આ બધું કરવું પડશે ?'' એવો મલિન વિચાર નથી આવ્યો. મારો આત્મા ખરેખર આખો ને આખો બદલાઈ ગયો હતો.

ડૉક્ટરોએ હાથ ધોઈ નાંખ્યા હતા. ''ગમે તે પળે આમના મૃત્યુ માટે તૈયાર રહેજો.'' એમ સૂચના અમને આપી દીધી. મન મક્કમ કરીને મેં એ સુચના સ્વીકારી લીધી.

અંતે

એ ગોઝારો દિવસ આવી પહોંચ્યો.

સવારના નવકારશી બાદ ગુરુજીની બેચેની વધવા લાગી, મને એંધાણ આવી ગયા. મારે મારી સૌથી મહત્ત્વની ફરજ હવે બજાવવાની હતી, ગુરુજીને મરણ વખતે સમાધિ આપવાની !

હું ગુરુજીની પાસે બેસી ગઈ. એમના માથે ધીરેથી હાથ ફેરવવા લાગી, એમણે આંખ ઉઘાડી, મને જોઈને એમના મુખ પર સંતોષની રેખાઓ સરી ગઈ. મહા-મુશ્કેલીએ એ એટલું જ બોલ્યા, ''મારી પળ આવી ગઈ છે, મને સમાધિ આપજે. મને સમાધિના ગીતો સંભળાવ.''

એક શબ્દ પણ બોલી શકું એવી મારી હામ ન હતી. હૈયું એટલું બધું ભરાઈ ગયેલું અને ગળું એટલું બધું રૂંધાઈ ગયેલું કે... પણ મને ભાન હતું જ કે, જો હું નહિ બોલું, સમાધિના ગીતો નહિ સંભળાવું... તો મારું કર્તવ્ય ચુકીશ.

મહામહેનતે પીડાને દબાવી દીધી, મનને કઠણ કરી લીધું અને મેં ગાવાનું શરુ કર્યું.

આટલું તો આપજે ભગવન્ !....

સમતાથી દર્દ સહું...!

મારું આયખું ખૂટે...!

એક પછી એક ગીતો ગાવા લાગી. ગુરુજીએ બે હાથ જોડી દીધા હતા, ગીતના શબ્દોમાં તન્મય બનીને મોતની વેદના વચ્ચે ય શુભભાવોની મસ્તી માણી રહ્યા હતા.

**'चत्तारि शरणं पवज्जामि...' સંથારાપોરિસી**ની ગાથાઓ અમે સૌ ગાઈ રહ્યા. આખો ઉપાશ્રય પવિત્ર શબ્દ ગુંજનથી ગુંજવા લાગ્યો.

છેલ્લી ગાથા

***''जं जं मणेणबद्धं,***
***जं जं वाएण भासिअं पावं***
***जं जं काएण कयं***
***मिच्छा मि दुक्कडं तस्स''***

છેલ્લા શબ્દો બોલાયા અને ગુરુજીની બંને આંખો ખૂલી ગઈ, હાથ જોડેલા જ રહ્યા. મસ્તક જમણી બાજુ ઢળી પડ્યું, શ્વાસ બંધ થઈ ગયો. એમના મસ્તક પર ફરતો મારો હાથ અટકી ગયો. મેં એમની બંને આંખો ધીમેથી બંધ કરી દીધી. પળભર બધા જ ચૂપ ઉભા રહ્યા.

અચાનક

મારી નજર ગુરુજીના વીંટીયાની પાસે જ પડેલા લેટરપેડ ઉપર પડી. મને યાદ આવ્યું કે ગઈકાલે મોડી સાંજે ગુરુજી માંડ માંડ એમાં કંઈક લખતા હતા. મને ત્યારે કુતૂહલ પણ થયેલું કે 'ગુરુજી શું લખતા હશે ?'

પણ પછી બાકીના કાર્યોમાં લાગી ગયેલી એટલે પેલી વાત ભૂલાઈ ગયેલી. કુતૂહલવૃત્તિથી મેં એ પેડ હાથમાં લીધું, પહેલું પાનું ખોલ્યું, એમાં થોડાક આડા અવળા છતાં વાંચી શકાય એવા અક્ષરોમાં એમણે મને જ ઉદ્દેશીને લખેલું

➔ આવતીકાલ કદાચ મારો છેલ્લો દિવસ છે. ખાસ, વર્ષો પહેલા મેં તને પહેલી અને છેલ્લીવાર કડવા શબ્દો કહેલા, એ બદલ તારી પાસે માફી માંગુ છું. શક્ય હોય તો મને ક્ષમા કરજે. તેં છેલ્લે છેલ્લે મને જે સમાધિ આપી છે, એ ઉપકારનો બદલો હું કદી વાળી નહિ શકું, પ્રભુને પ્રાર્થના કરું છું કે તને મારા કરતા ય ઉત્કૃષ્ટ સમાધિ મળે.

છેલ્લે મારી એક વિનંતિ માનીશ ?

મારા કાળધર્મ બાદ તારી મોટી ગુરુબેન એકલી પડી જશે, સાવ એકલી ! એની પણ ઉંમર થવા આવી છે. એને કોઈ શિષ્યા નથી. પુણ્ય નથી. તું એને સાચવી લેજે. મને જે રીતે સાચવી લીધી, એ રીતે એને ય સાચવી લેજે.

બસ એ જ તારી ગુરુણી !

''ગુરુણીજી...'' હું રીતસર ચીસ પાડી ઉઠી, મારા હાથ અને માથું પછાડવા લાગી. એક સાધ્વીને કદી ન શોભે એવો ઘોર વિલાપ કરવા લાગી. યૌવનવયે વિધવા થનારી સ્ત્રીનો કેવો આઘાત હોય ? બસ, કંઈક એવો જ આઘાત મને લાગ્યો. આજ સુધી ઘણાના મૃત્યુ જોયેલા, સાંભળેલા, પણ વિયોગની વેદના શું હોય એ મને આજે જ સમજાયું.

શિષ્યાઓ મને પકડીને બાજુ પર લઈ જવા લાગી, પણ મેં જોરથી ધક્કો માર્યો, છૂટી પડીને હું મારા ગુરુજીને વળગી પડી. હા ! હું ખરેખર એ વખતે એક સંસારી સ્ત્રી જેવી જ લાગતી હતી. પણ મારા મનમાં તો પશ્ચાત્તાપનો દાવાનળ સળગ્યો હતો. મને એક વાતનો ભારે વસવસો રહી ગયો કે ''ગુરુજી જીવતા હતા ત્યારે જ મારે એમને બાંહેધરી આપી દેવી જોઈતી હતી કે આપ મારા ગુરુબેનની લેશ પણ ચિંતા ન કરતા. એમને આપની જેમ જ ભારે સન્માન સાથે સાચવી લઈશ.'' પણ કોણ જાણે મને એ વિચાર જ ન આવ્યો. અને માટે જ ગુરુજી ભલે સમાધિ પામી ગયા, છતાં એક નાનકડી ચિંતા લેતા ગયા ને ?

મારી મુખ્ય શિષ્યાને ખ્યાલ આવી ગયો કે ''અત્યારે ગુરુજીનું મન કાબુ બહાર છે. મક્કમતા સાથે નિર્ણય લેવો જ રહ્યો.'' અને એણે બીજી શિષ્યાઓને ઈશારો કર્યો. બધાએ ભેગા થઈ મને બરાબર પકડી, બળજબરીથી મૃતદેહથી મને છૂટી કરી, ખેંચીને દૂર લઈ ગયા. હું ઝાલી ન રહી, પક્કડમાંથી છૂટીને દોડવા પ્રયત્ન કરવા લાગી. લગભગ ચીસો પાડવા લાગી. અને આવી વિચિત્ર પરિસ્થિતિ જોઈને મારી હોંશિયાર શિષ્યાએ પહેલીવાર મારી સામે કડક અવાજે વાત કરી. ''ગુરુજી ! શું કરો છો ? આપ ! આપને કંઈ ભાન છે કે નહિ ? આ આપને શોભે છે ? શાંત થાઓ ! એકદમ ચૂપ થઈ જાઓ.''

એના મોટા અવાજે હું ડઘાઈ ગઈ, મને ભાન થયું કે ''આખરે હું એક સાધ્વી છું.'' હું ઢીલી પડી ગઈ, ત્યાં ને ત્યાં જ બેસી ગઈ. પણ મારું રૂદન રોકી ન શકી, ... શિષ્યાઓએ મને રડવા દીધી, હૈયું ખાલી થવા દીધું.

ત્યાં તો સંઘના ભાઈ-બહેનો આવી ગયા. મારા ગુરુજીના પરિવારમાં ખાસ કોઈ ન હતું, ભક્ત-ભક્તાણીઓ પણ નહિ. તરત જ બધી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી. બે કલાક બાદ તો મૃતદેહને ઉપાશ્રયમાંથી લઈ જવાનો સમય થયો, ત્યાં સુધીમાં હું શાંત થઈ ગઈ હતી. મેં અંતિમ વાસક્ષેપ પૂજા કરી લીધી, મુંગે મોઢે બધી વિધિ જોતી રહી. મુખ્ય શિષ્યા સતત મારી સાથે જ રહી. એને મારી ચિંતા વધુ હતી.

મૃતદેહને લઈ જવામાં આવ્યો, ***''જય જય નંદા...''*** ના નારાઓ સંભળાતા રહ્યા. હા ! એક દિન સૌ માટે આવો ઉગવાનો જ હતો ને ?

અગ્નિસંસ્કાર બાદ ગૃહસ્થો પાછા આવી ગયા. હું લગભગ સુનમુન બની ગઈ હતી.

***''દુઃખનું ઔષધ દહાડા''*** એ ન્યાયે જેમ જેમ દિવસો પસાર થતા ગયા, તેમ તેમ મારું દુઃખ દૂર થતું ગયું. હું પાછી સ્વસ્થ થઈ ગઈ. મેં મારા ભૂતકાળના અપરાધોની આલોચના પણ ગીતાર્થ આચાર્યશ્રીને મોકલાવી, એમણે મારો પશ્ચાત્તાપાદિ જોઈને અને છેલ્લા મહિનાઓ દરમ્યાન કરેલી ગુરુસેવા જાણીને મારા અપરાધો બદલ ક્ષમા આપી, નજીવું પ્રાયશ્ચિત્ત આપ્યું.

એ પછી મેં મારા ગુરુબેનને સાચવી લીધા, માત્ર સાચવ્યા એટલું જ નહિ, પણ ભારે સન્માન સાથે રાખ્યા. એમને બિલકુલ એવું ન લાગવું જોઈએ કે ''એ મને પરાધીન છે. મારા ગ્રુપ વિના એ નિરાધાર છે.'' એ રીતે એમને મારા ગ્રુપમાં વિશિષ્ટસ્થાન આપ્યું. શિષ્યાઓ પણ મારા કરતા ય એમનો વિનય વિશેષ કરે એવું

કર્યું. એક નૂતન મુમુક્ષુને એમની શિષ્યા પણ બનાવી દીધી.

આ છે મારો ઈતિહાસ !

મારા આ અનુભવને આધારે શ્રમણીસંસ્થાને કંઈક ઉપદેશ આપવાનું મન થાય છે મને ! તમે સાંભળશો ? ખોટું તો નહિ લો ને ?

સાંભળો.

મેં જે રીતે મારા ગુરુજીને માનસિક ત્રાસ પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે આપ્યો છે, એ કદાચ કોઈએ ભલે ન આપ્યો હોય. પણ જો એના સોમાં ભાગનો ય માનસિક ત્રાસ જાણે કે અજાણે, ઈચ્છાએ કે અનિચ્છાએ જો તમારા નિમિત્તે ગુરુને થયો હોય તો એ એક મહાભયાનક પાપ છે, એ નક્કી માનજો.

તમે કદાચ વિચારશો કે "અમે તો આવા ગુરુદ્રોહ કર્યા જ નથી. એટલે અમે પાપી નથી. પણ આપણે **પ્રભુ વીર**ના શાસનમાં ખરા ને ? એટલે જડ-વક્ર વધારે ! જેટલું કહેવાય, એટલું ય માંડ સમજીએ. એના ઉપરથી જે બીજી ઘણી બાબતો સમજી જ લેવાની હોય એ આપણે ન જ સમજીએ. નટની 'ના'માં નટડીની 'ના' ન સમજીએ. એમ ભલે તમે આવા ગુરુદ્રોહ ન કર્યા હોય, પણ આના સિવાયના ય સેંકડો પ્રકારના ગુરુદ્રોહ છે, એ તમારા જીવનમાં ઘુસેલા નથી ને ? એ ચકાસી જો જો.

ભલે તમે હજાર બહાના કાઢો કે (૧) અમારા ગુરુનો સ્વભાવ સારો નથી. (૨) અમારા ગુરુ તો સારા છે, પણ એમની સાથે રહેલ શિષ્યાઓનો સ્વભાવ પિત્તળ છે, માટે અમે ગુરુની સાથે નથી રહેતા. (૩) ગુરુ વાતે વાતે કચ કચ કર્યા કરે છે... વગેરે. પણ એ બધા બહાનાઓમાંથી કોઈપણ બહાનાને આગળ કરી તમે સ્વચ્છંદી બન્યા હશો તો એના જેવું મહાપાપ બીજું કોઈ નહિ હોય.

પૂછો જાત ને ?

(A) ગુરુ ન હોય, કોઈ કહેનાર ન હોય, જેમ ફાવે તેમ જીવી શકાતું હોય એ વધુ ગમે છે, માટે જુદી ટુકડી કરીને વિચરો છો ?

(B) ખાવા-પીવાની તમામ પ્રકારની છૂટછાટ મળે, એકાસણા-આધાકર્મીત્યાગ વગેરે કોઈ જ નિયંત્રણ ન રહે... માટે જુદા વિચરો છો ?

(C) ગુરુની સેવા કરવી ન પડે, પડિલેહણ-કાપાદિ ભક્તિ કરવી ન પડે, આળસ ભરેલું જીવન જીવી શકાય.... માટે જુદા વિચરો છો ?

(D) તમે મુખ્ય બનો, એટલે તમારી મહત્તા વધે. પ્રવચનો તમે જ કરી શકો, ખૂબ વાહ-વાહ મળે, શિષ્યાઓ-ભક્તાણીઓ સહેલાઈથી કરી શકાય, યશ-કીર્તિ ખૂબ જ વધે... માટે જુદા વિચરો છો ?

ગુરુની આંખમાં ધૂળ નાંખીને, ગુરુની ઈચ્છાઓની અવગણના કરીને, ગુરુના મનની વેદનાની ધરાર ઉપેક્ષા કરીને, ગુરુને નોંધારા મુકીને, એક-બેની સાથે છોડી દઈને સ્વચ્છંદી બની જનારાઓની શી દશા થશે ? એ તો કેવલી જ કહી શકે.

જરાક **દસવૈકાલિક**નું નવમું અધ્યયન ફરી વાંચો, એની ગાથાઓ ફરી પાકી કરો, એનો અર્થ ફરી વિચારો. ***"आयरिअपाया पुण अप्पसन्ना अबोही आसायण नत्थि मुक्खो।"*** *જો આપણા નિમિત્તે ગુરુ દુઃખી થાય, તો આપણને સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય. આ ઘોર આશાતના છે. મોક્ષ પ્રાપ્ત ન થાય.*

મારી દશા આ જ હતી કે પુણ્યભાવનો દારુ પીને હું એવી તો ભાન ભૂલેલી કે મેં મારા ગુરુનો કદી વિચાર સુદ્ધાં ય ન કરેલો. એમના આઘાતનો, એમની પીડાનો, એમની ચિંતાઓનો કદી ખ્યાલ ન કર્યો. બસ, મારી શિષ્યાઓ-મારા પ્રવચનો-મારી વાહ-વાહ, મારી ભક્તાણીઓ, મારા શાસનપ્રભાવિકા વગેરે બિરુદો... આ બધામાં હું મહાસ્વાર્થી, મહાસ્વચ્છંદી, આઝાદ બની ગઈ.

શું તમારે ય એવા બનવું છે ? ના, ના. જિનશાસન પામેલા શ્રમણીને એ કદી ન શોભે.

જાગ્યા ત્યાંથી સવાર !

આ બધું વાંચ્યા બાદ જો હૈયામાં વલોપાત થયો હોય, પશ્ચાત્તાપ પ્રગટ્યો હોય, મારી જેમ બધું જ છોડી દઈને પહોંચી જાઓ ફરી ગુરુના ચરણોમાં ! બની જાઓ અદકેરી સેવિકા ! બની જાઓ તમારી શિષ્યાઓના ગુરુપદને ત્યાગીને તમારા ગુરુની સાચી શિષ્યા!

કેટલા ય ગુરુજીઓ મારા ગુરુજી જેવા ગભરુ-શાંત હશે કે જેઓ શિષ્યાઓથી પીડિત હશે, છતાં શિષ્યાઓને કંઈપણ કહેવાની હિંમત નહિ ધરાવતા હોય. વાઘની સામે બકરી ધ્રુજે, એમ એ ગુરુજીઓ શિષ્યાઓની ઉદ્ધતાઈ-અવિનય-સામસામા જવાબો - અપમાન ભરેલું વર્તન વગેરેથી ગભરાઈને મનમાં ને મનમાં સમસમી જઈને ચૂપ બેસી રહેતા હશે.

શું ક્યારેય એકાંતમાં ગુરુજી પાસે જઈને વિનયપૂર્વક બેસીને, લાગણીસભર બનીને ગુરુને પૂછયું પણ ખરું ? કે ગુરુજી ! આપ મારાથી પ્રસન્ન તો છો ને ? મારી કોઈક વર્તણુંકથી આપને દુ:ખ થતું હોય એવું તો નથી ને ? મારા કારણે આપે ચિંતામાં રહેવું પડતું હોય એવું તો નથી ને ?

ગુરુજી ! એવું કંઈપણ હોય તો બેધડક કહેજો. આપનું દુ:ખ, આપની ચિંતા દૂર કરવા માટે હું શક્ય એટલા તમામ પ્રયત્નો કરીશ.

જો ન પુછયું હોય તો હવે પુછજો. ગુરુના હૈયાને ટાઢક આપજો. એમના ઘડપણમાં એમની લાકડી બનજો.

આપણે સંસારીઓને તો કેટલો બધો ઉપદેશ આપીએ છીએ કે -

***"ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ.***
***અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ."***

પણ એ ઉપદેશ આપણી જાતને આપ્યો ખરો ? શું ગુરુના ઉપકાર આપણા ઉપર અગણિત નથી ? તો શું એને વિસરી શકાય ?

એ આખું ગીત ભલે મા-બાપ માટે હોય, પણ ત્યાં મા-બાપની જગ્યાએ ગુરુની કલ્પના કરીને ગાશો, તો એ આપણા માટેનું જ ગીત થઈ પડશે.

***લાખો કમાયા હો ભલે, મા-બાપ જેને ના ફળ્યા.***
***એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ...***

એ કડીનો ભાવાર્થ આપણા જીવનમાં લગાડો ને ? ભલે હજારો પ્રવચનો કર્યા, કરોડો રૂપિયા ખર્ચાવી નાંખ્યા, ખૂબ તપશ્ચર્યાઓ કરાવી દીધી, અનેકોને ધર્મમાર્ગે વાળ્યા અને દીક્ષિત પણ બનાવ્યા... પણ જો ગુરુને પ્રસન્ન ન રાખ્યા, ગુરુનો દ્રોહ કર્યો તો આ બધી કમાણી માત્ર ને માત્ર રાખ જ છે, એ માની જ લેજો.

તમે કદાચ મને કહેશો કે

"તમે ખુદ ગુરુદ્રોહી છો, તમને ગુરુસમર્પણનો ઉપદેશ આપવાનો અધિકાર જ શું છે ?

વેશ્યાએ બ્રહ્મચર્યનો ઉપદેશ આપવાનો અધિકાર નથી.

ભ્રષ્ટાચારીએ નીતિમત્તાનો ઉપદેશ આપવાનો અધિકાર નથી.

ખાઉધરાઓએ તપનો ઉપદેશ આપવાનો અધિકાર નથી."

પણ એની સામે હું કહીશ કે હું ગુરુદ્રોહી હતી, એ જેમ સાચી વાત છે. એમ મેં એનો ઘોર પશ્ચાત્તાપ કર્યો છે. છેલ્લા ૭-૮ મહિના મારા ગુરુની બેનમૂન સેવા ય કરી છે, શું આટલું બધું કર્યા બાદ શાસનના શ્રમણીઓ પ્રત્યેની લાગણીથી એમના હિત માટે નાનકડો ઉપદેશ આપવાનો અધિકાર મને ન મળી શકે ?

હું ઈચ્છું છું કે મારા ગુરુની આંતરડી મારા નિમિત્તે જે રીતે કકળી ઉઠી, એવી રીતે કોઈપણ ગુરુની

આંતરડી કકળવી ન જ જોઈએ. સેંકડો ગુરુઓના હૈયાને શિષ્યાઓ તરફથી ટાઢક જ મળવી જોઈએ.

આ ઈચ્છાથી પ્રેરાઈને જ મેં આ ઉપદેશ આપ્યો છે. એમાં તમને મારી ધૃષ્ઠતા લાગે તો ક્ષમા કરજો. પણ એ ધૃષ્ઠતાની પાછળ રહેલી સચ્ચાઈનો સ્પર્શ કરવાનો પ્રયત્ન કરજો.

કોઈકે તો મને કહ્યું કે → મહારાજ સાહેબ ! જેમ અમારા સંસારમાં બને છે કે ચાર દીકરાઓ અલગ અલગ રહેતા હોય અને મા-બાપને સાચવવા માટેના વારા બાંધ્યા હોય કે ત્રણ-ત્રણ મહિના મા-બાપ એક-એક દીકરાને ત્યાં રહે.

એવી પરિસ્થિતિ આજે એક ગ્રુપમાં જોવા મળી. એક ગુરુ અને એમનો વિચિત્ર સ્વભાવવાળો એક શિષ્ય ! એ સિવાય એ જ ગુરુના ચાર શિષ્યોના ચાર મોટા ગ્રુપો ! પણ આ ચાર ગ્રુપો ગુરુ + એક શિષ્યને સાથે રાખવા તૈયાર નહિ. છેલ્લે નિર્ણય લેવામાં આવ્યો કે એક એક ગ્રુપે ગુરુ + એક શિષ્યને એક-એક વર્ષ સાચવવા. આ રીતે દરવર્ષે એ બે જણ જુદા જુદા ગ્રુપોમાં સચવાઈ જાય.

આ સાંભળીને કોને આઘાત ન લો ?

એ બધાને ભગવાન સદ્બુદ્ધિ આપે.

પણ આ લેખ વાંચનારા સૌને આંખોના આંસુ સાથે, હૈયાની ભીનાશ સાથે મારી વિનંતિ છે કે તમારા ગુરુ ભલે **ભગવાન મહાવીર સ્વામી** ન હોય, પણ તમે તો **ગૌતમ સ્વામી** બનીને જ રહેજો.

એક ગીતાર્થ આચાર્યદેવની વાચનામાં સાંભળેલું કે "દીક્ષા લેનારાઓ શરુઆતમાં તો ગાય જેવા શાંત-સમર્પિત-ડાહ્યા-કહ્યાગરા હોય છે. પણ અહીં આવીને થોડાક વર્ષો બાદ એ જ જીવો આખલા જેવા બનીને આપણને જ શીંગડા મારતા થઈ જાય છે.

ભલે આ વાત એક જ ટકા સાચી હોય, પણ આપણે તો એ એક ટકો પણ ખોટો પાડી દેવો છે.

મારી વિનંતિ તમે સૌ માનશો ને ? અપનાવશો ને ?

**લિ.**

**ભયાનક ભૂતકાળમાંથી પસાર થઈ ભવ્ય વર્તમાનમાં જીવતી એક સાધ્વી**

(**હાર્દિક પ્રેરણા** : આ અંક તમારા હાથમાં આવશે, ત્યારે ક્ષમાપનાનું મહાપર્વ તમારી નજર સામે જ હશે. તમે બધા જાણો જ છો કે જે કષાય એક વર્ષથી વધારે સમય સુધી ટકી રહે, એ અનંતાનુબંધી હોય, એ સીધી મિથ્યાત્વની જ ભેટ આપી દે.

જો આપણને આપણા ગુરુ સાથે, વડીલો સાથે, સહવર્તીઓ સાથે અણબનાવ બન્યો હોય, અબોલા થયા હોય, લાગણીના સંબંધો તૂટ્યા હોય અને સંવત્સરી મહાપર્વ પૂર્વે એની હાર્દિક ક્ષમાપના ન કરીએ તો સાધુવેષમાં આપણે મિથ્યાત્વી બની જઈએ.

આપણે એવા નથી બનવું, નથી જ બનવું.

તો

છોડી દઈએ અહંકાર !

છોડી દઈએ મોટાપણું !

સામેથી દોડી જઈએ, ધસી જઈએ ક્ષમાપના કરવા !

સામેની વ્યક્તિ ક્ષમા આપે કે ન આપે, આવકાર આપે કે ન આપે, આપણે તો એમના પગમાં પડી જઈને સાચા હૈયા સાથે, સાચા આંસુ સાથે ક્ષમા માંગી જ લઈએ. સામેની વ્યક્તિ નાની હોય, તો ય ફિકર નહિ. આપણે પગમાં પડી જ જઈએ, આપણી પવિત્રતા આત્મસાત કરી જ લઈએ.

એમાં ય જો ગુરુજનો સાથે આપણે હાર્દિક ક્ષમાપના કરી લેશું તો તો એમની સાથેના મીઠા-મધુર

સંબંધો બધી કડવાશ ઓગાળી જ નાંખશે.

ગુરુજન જો સાથે હોય, તો એમનો ખોળો ભીંજવી નાંખો, આંસુઓથી !

ગુરુજન જો દૂર હોય, તો ક્ષમાપનાનો પત્ર ભીંજવી નાંખો, આંસુઓથી !

ગુરુજન જો પરલોકગામી બન્યા હોય, તો પ્રાયશ્ચિત્તનું લખાણ ભીંજવી નાંખો, આંસુઓથી !

સંકોચ ન પામો, 'સામેવાળો ક્ષમાપનાની શરુઆત કરે' એવી રાહ ન જુઓ, ***'જે ખમાવે, તે આરાધક ! જે ન ખમાવે તે વિરાધક !'*** એ **કલ્પસૂત્ર** વચનો પર અગાધ શ્રદ્ધા કેળવી ક્ષમાપના કરી જ લો.

જુઓ, પછી એની મસ્તી કેવી માણવા મળે છે !

જુઓ, પછી પવિત્રતાની અનુભૂતિ કેવી પ્રગટે છે !

જુઓ, પછી વાતાવરણ કેવું સ્નેહસભર બને છે !

આ વખતનું પજુસણ મહાપર્વ આપણે નિષ્ફળ નથી જ જવા દેવું.

બસ, આ જ આ લેખનો સંદેશ છે - ઉપદેશ છે.)

# ૪

# અમારી રણયાત્રા : રત્નત્રયીની યાત્રા

''સાહેબજી! ગામમાં એક જાણકારે કહ્યું કે તમારે શંખેશ્વર જવું હોય, તો ટુંકો રસ્તો છે. એમાં જૈનાબાદ વગેરે બધુ ઉડી જાય. પણ રસ્તામાં દસેક કિ.મી. રણમાંથી પસાર થવું પડશે.

આપ કહેતા હો, તો સાહસ કરીએ...''

ધ્રાંગધ્રામાંથી વિહાર કરવાનો એ દિવસ!

રવિવારની સવારે **મુનિ ન્યાયરત્ન વિ.**એ મને વાત કરી. **પાવાપુરી(કે.પી.)** ચાતુર્માસ કરવા માટે અમે **રાજકોટ** થી **વાંકાનેર, ધ્રાંગધ્રા** આવી પહોંચ્યા હતા. અકસ્માતનો ભય ન રહે, એ માટે હું અંદરના રસ્તાઓ જ પસંદ કરતો હતો. અમે ચારેય મહાત્માઓ યુવાન, સક્ષમ, એકંદરે સહિષ્ણુ... એટલે ક્યારેક સાહસ ખેડવામાં વાંધો આવતો ન હતો.

મહા વદ-૬, ૨૦૭૯ રવિવારનો એ દિવસ ! મુ.ન્યાયરત્ન વિ. ઉપર મુજબ નવા સમાચાર લાવ્યા...

'કેટલા કિ.મી. ઘટે ?' મેં પ્રશ્ન કર્યો.

'અંદરના રસ્તા છે, પાકી ખબર ન પડે. પણ નક્શો જોતા લાગે છે કે રસ્તો ટુંકો પડશે. એ કરતા પણ હાઈ-વેનો વિહાર નહિ આવે. એ આપણા માટે મોટો Plus point છે.' એમણે જવાબ આપ્યો.

મને અનુભવ થઈ ગયેલો કે અંદરના રસ્તાઓમાં વાહન વ્યવહાર ઘણો ઓછો! રસ્તાની વચ્ચોવચ ચાલીએ, તો પણ કશી મુશ્કેલી નહિ. એટલે જ મને આવા વિહારો ગમવા માંડેલા.

હા! ક્યાંક જૈનના ઘરો ન મળે, એકાદ-બે મળે, પાણી ઉકાળવાની વ્યવસ્થાના પણ ફાંફાં! પણ મારી સાથેના મુનિઓ એ બધા કામમાં માસ્ટર બની ચૂકેલા હતા. મને ૧૭ વર્ષના દીક્ષાપર્યાયમાં પણ હજી શરમ નડે, જ્યારે મારો શિષ્ય હજી એક જ વર્ષનો પર્યાય થયો હોવા છતાં શરમ બાજુ પર મૂકીને બધું જ માંગી શકે. શાસ્ત્રીયવિધિ મુજબ માંગી શકે અને એટલે જ કશી તકલીફ વેઠવી પડતી નહિ.

''સારું, તો આપણે રણનો રસ્તો જ સ્વીકારીએ. એક નવો અનુભવ પ્રાપ્ત થશે. પણ આ રણમાં રેતીમાં પગ અંદર ખૂંચી જાય એવું તો નથી ને ? નહિ તો તો દસ કિ.મી. પસાર કરતા દસ કલાક નિકળી જશે...'' મેં એમને હા પાડીને વળતો પ્રશ્ન પણ પૂછી લીધો.

''ના, ના! એવું રણ નથી. એ બધું કચ્છના મોટા રણમાં ખરું ! અહીં તો ધૂળ-રેતી છે જ નહિ. પણ સાવ ઉજ્જડ-વેરાન ભૂમિ! ખારવાળી જમીન! ખારના કારણે આખી જમીનમાં વચ્ચે વચ્ચે તિરાડો પડી ગયેલી હોય... ઘાસનું એક તણખલું પણ ન ઉગે... પણ ચાલવામાં વાંધો નહિ આવે. હા ! રસ્તો બતાવનાર એક માણસ સાથે રાખવો પડશે, જો ભૂલા પડ્યા, તો કદાચ લાશ જ હાથમાં આવે. ત્યાં કંઈ રોડ ન હોય, ત્યાં કંઈ કાચા રસ્તા જેવું પણ ન હોય... માત્ર દિશાના આધારે આગળ વધવાનું હોય... પણ જાણકાર માણસ સાથે હશે, તો ચિંતા નહિ... અને માત્ર દસ જ કિ.મી.નો આ પ્રશ્ન છે.

મુ. ન્યાયરત્ન વિ.ની ભયજનક રજુઆતથી હું પળભર તો ધ્રુજી ગયો. મને વર્ષો પહેલા સાંભળેલી એક ઘટના યાદ આવી **‘વાવ (થરાદ)** ગામમાંથી રણના પ્રદેશે કોઈક ભાઈ બીજા ગામે જવા નીકળેલા, એમાં ભૂલા પડ્યા, રેતીમાં ક્યાંય દટાઈ ગયા, મૃતક પણ હાથમાં ન આવ્યું’...

છતાં

એ રણમાં અને આ રણમાં ફરક છે...

જાણકાર માણસ સાથે હશે...

એ બે બાબત ઉપર વિશ્વાસ મૂકી મેં નિર્ણય કર્યો ‘રણયાત્રા કરવી.‘

ધાંગધ્રાના ટ્રસ્ટી-પ્રમુખ **હસુભાઈ** વગેરેને વાત કરી. તેઓ વિચારમાં પડ્યા ‘મ.સા.! આ રસ્તાની અમને તો કંઈ જ ખબર નથી. કોઈ સાધુ-સાધ્વી આ રસ્તે જતા નથી. **જૈનાબાદ-પાટડી-બજાણા...** વાળો રસ્તો જ બધા સ્વીકારે છે... આપ શા માટે જોખમ કરો છો ?‘ લાગણીથી અમને વાર્યા.

‘તમે ચિંતા ન કરો, હાઈ-વે કરતા અંદરના રસ્તા સારા...‘ એમ કહી મેં એ બધાને મનાવ્યા.

બપોરે ૩ થી ૪ દરમ્યાન સ્થાનકવાસીની વાડીમાં છેલ્લું પ્રવચન કરીને અમે વિહાર શરૂ કર્યો, જૈન બોર્ડીંગ સુધી આશરે ૧૦૦ ઉપરાંત ભાઈ-બહેનો વળાવવા માટે આવ્યા, શેષકાળમાં પણ તેઓનો આવો આદર-સત્કાર પામીને હું આનંદમાં હતો... શહેરોમાં ઓછી જોવા મળતી સાધુ-સાધ્વીજી ભ. પ્રત્યેની લાગણી અહીં તો પૂરબહારમાં ખીલેલી જોવા મળતી હતી.

‘‘શા માટે આપણે સંયમીઓ આવા નાના શહેર જેવા મસ્ત ગામડાઓમાં શેષકાળ-ચાતુર્માસ નથી કરતા ? એવા એવા વિચારો આવતા જ રહ્યા. છેલ્લા અઠવાડિયાનો મારો અનુભવ... બપોરના પ્રવચનમાં ૧૦૦-૧૨૫-૧૫૦ જેટલી સંખ્યા ! એમાં ભાઈઓ ૨૦/૩૦ ખરા! ભાવનાની કોઈ લાલચ નહિ, માત્ર પ્રવચનો ! વળી એક રૂપિયાની પ્રભાવનાની કિંમત પણ હવે કેટલી ? એ તો સૌ જાણે છે. શેષકાળમાં **મુંબઈ-અમદાવાદ-સુરત** જેવા વિરાટ ક્ષેત્રોમાં પ્રવચનમાં કેટલી હાજરી થાય છે ? એ તો પ્રવચનકારોને અનુભવ હશે જ...

બોર્ડીંગ પાસે સૌને અંતિમ માંગલિક પ્રવચન પાંચેક મિનિટ સંભળાવીને અમે ચારેય મહાત્માઓએ ત્યાંથી વિદાય લીધી. લોકોની ભીની આંખો એ જ અમારી જીત હતી. એકપણ રૂપિયાના પ્રોજેક્ટ વિનાના ૧૭ દિવસના અમારા રોકાણથી કમ સે કમ સ્થાનિક પ્રજા અને અમારા વચ્ચે ધાર્મિક લાગણીના સેતુઓ બંધાયા... એટલું તો ચોક્કસ કહી શકું.

હવે અમારો અનિશ્ચિત વિહાર શરૂ થયો. રણનો વિહાર બીજા દિવસે બપોરે આવવાનો હતો.

અમો નવેક કિ.મી. ચાલ્યા, અંધારું થવા આવ્યું હતું. અમારે રોકાવા માટેની જગ્યા શોધવાની હતી. વિહારધામ કે ઉપાશ્રય... એ બધું આ બાજુ માત્ર સ્વપ્નમાં હતું. છેલ્લા પંદર-વીસ વર્ષથી આ બાજુ એકાદવાર પણ કોઈ સાધુ-સાધ્વીએ વિહાર કર્યો હોય... એવું લાગતું ન હતું માટે જ તો બધાના મોઢા પર આશ્ચર્ય ! ધ્રાગંધ્રાના શ્રાવકોનો પણ એ જ અભિપ્રાય કે અહીંથી ઘણા વર્ષોથી કોઈ ગયું નથી.

અમે વાવડીગામના બસ સ્ટેન્ડ પાસેથી આગળ વધતા હતા. ત્યાં તો એક ભાઈ મારી પાસે આવ્યા, ભાવથી પગે પડ્યા... મહારાજ! રાત્રે ક્યાં ઉતરશો ?

‘નક્કી નથી, ભાઈ! જગ્યા જ શોધીએ છીએ.‘

‘મહારાજ! વાંધો ન હોય, તો મારા ઘરે પધારો. આ સામે જ મારું ઘર છે. મારું આંગણું પાવન કરો.‘ લાગણીથી ભીનાભચ બનેલા એ શબ્દો સાંભળીને હું તો ભાવ-વિભોર બની ગયો.

અમે ચાર સાધુ છીએ...

ભલે ને! આપ ચિંતા ન કરો, મારું ઘર ખાલી કરી આપીશ.

તમને મુશ્કેલી તો નહિ પડે ને ?

ના રે ના ! મહારાજ ! આવી સેવાનો લાભ ક્યાંથી ?

'ચાલો, ત્યારે...' અને અમે એની સાથે એના ઘર ભણી ચાલવા માંડ્યું. રસ્તામાં એણે પોતાની ઓળખાણ આપી...

મહારાજ! હું જન્મે રબારી છું. ઘરે એક-એક ગાય-ભેંસ-બકરી છે. બે દીકરા છે, બે દીકરી છે... મોટો દીકરો દરજીનું કામ કરે છે. એક દીકરી પરણી ગઈ. એક દીકરી ઘરમાં એની બા સાથે કામકાજ કરે છે. નાનો દીકરો ભણે છે...

મહારાજ! હું છકડો ચલાવવાનું કામ પણ કરું છું. (રીક્ષા-ટ્રેક્ટર જેવું એક વાહન! એમાં મુસાફરોને લાવવા-લઈ જવામાં આવે...)

તમે જ્યારે ધ્રાંગધ્રા બોર્ડીંગ પાસે બધા માણસોને ઉપદેશ આપતા હતા, ત્યારે હું છકડા સાથે ત્યાં જ ઉભેલો હતો. મને પણ એ ઉપદેશ ગમ્યો. મને ખબર નહિ કે તમે આ રસ્તે જ આવવાના છો. આ તો હમણાં તમને બધાને આ રસ્તે આવતા જોયા, એટલે ઈચ્છા થઈ કે તમારા બધાના મારા ઘરે પગલા કરાવું...

અમે એમના ઘરે પહોંચ્યા. ઘરના બહાર નાનકડા ચોકમાં એક બકરી બાંધેલી. અમને એક રૂમ ખાલી કરી આપી. ગરમી ન હોવાથી એ રૂમમાં અમારે અનુકૂળતા થઈ ગઈ. તેઓ બધા બહાર નાના ચોકમાં ઉંઘવાના હતા. આમ વસતિ સંસક્ત થતી હતી. પણ એમને આખું ઘર ખાલી કરીને બીજે જતા રહેવાનું કહેવું મને ઉચિત ન લાગ્યું. અપવાદ માર્ગે એક રાત માટે આવું સ્થાન સ્વીકારી લીધું.

રાત્રે પ્રતિક્રમણ બાદ એ ભાઈ, બે દીકરાઓ મારી પાસે બેઠા.

આ બકરીને શું ખવડાવો ? બહાર ચરાવવા લઈ જાઓ છો ?

મહારાજ! બાજુની ગલીમાં એક માણસ રહે છે, એ ગામની અને પોતાની બકરીઓને ભેગી કરીને ચરાવવા લઈ જાય છે. અમે અમારી બકરીને એની સાથે મોકલી આપીએ.

મહારાજ! આ પશુઓમાં પણ સમજણ જબરી હોય છે. એને કંઈ ઘડિયાળ જોતા આવડતી નથી, પણ ચરવા જવાનો સમય થાય, એટલે બેં બેં નો વ્યવસ્થિત અવાજ કરવા લાગે... અમે સમજી જઈએ... એને લઈને પેલા ભાઈના ઘરે મૂકી આવીએ.

'ચરીને પાછી આવે, ત્યારે પાછું તમારે લેવા જવું પડે ?'

ના રે ના! મહારાજ! અમારે મુકવા પણ થોડાક દિવસ જ જવું પડેલું. હવે તો એ એની મેળે જ પેલાના ઘરે પહોંચી જાય, અને પેલો બધી બકરીને લઈને પાછો આવે ત્યારે અમારી બકરી એના ઘરે ન જાય, એ પોતાની મેળે આ બાજુ વળી જાય.

એ હોંશિયાર પણ જબરી ! એ નાની હતી, ત્યારે કુતરાએ એને બચકું ભરીને માંસ ખાધેલું. ત્યારથી એ કુતરાથી ગભરાય. એટલે જ આ ગલીમાં વળતા પહેલા ધીમેથી નજર કરી લે, જો કુતરો ઉભો હોય, તો ન આવે. પેલાના ઘરે જતી રહે. એને ખબર જ છે કે 'મારો માલિક મને લેવા આવશે...'

જો કુતરો ન હોય, તો દોડતી દોડતી આવી બારણું ખખડાવે...

એ સમયસર ન આવે, તો અમે લેવા જઈએ, એ પેલા ભરવાડના ઘરે જ હોય, અમને જોઈને દોડતી દોડતી પાસે આવે... (નાના બાળકને સ્કુલમાં મમ્મી લેવા માટે જાય... ત્યારે બાળક કેવું દોડતું દોડતું આવે...)

'મહારાજ ! અમારી ગાય પણ જાતવંત છે...' રબારી ખુમારી સાથે બોલ્યો.

'એટલે ? ગાયમાં પણ એવા બે ભેદ હોય છે ?'

હા ! મહારાજ ! અમારી ગાયને ગામનો ભરવાડ બીજી બધી ગાયો સાથે બહાર ચરવા લઈ જાય, ત્યારે

અમારી ગાય અને એના જેવી બીજી જાતવંત ગાયો ગમે એટલી ભૂખ લાગી હોય તો પણ ક્યાંય પણ મોઢું ન નાંખે. કોઈના ખેતરમાં ઘૂસે નહિ. કોઈની વાડ ઓળંગીને અંદર જાય નહિ... જે હલકી જાતની ગાયો હોય. એ આવું બધું જ કરે. પણ મહારાજ ! આટલા વર્ષોમાં અમારે અમારી ગાય માટે એક પણ ફરિયાદ સાંભળવી પડી નથી. એ ભૂખી રહે, પણ ગરબડ-ગોટાળા ન કરે.

એ ગાયને ઘરનું બારણું ખોલતા પણ આવડે, શીંડું ભેરવીને આગળો ખોલી દે, અને ધક્કો મારી બારણું ખોલી અંદર આવી જાય... પછી અવાજ કરવા માંડે... એટલે અમને ખબર પડે કે એને ભૂખ લાગી છે... અમે એને બરાબર સાચવીએ.

મહારાજ ! મારા ઘરની તમામ વ્યક્તિને એ ઓળખે, તમે એની પાસે જાઓ, તો હાથ ન લગાવવા દે, લાત મારી દે. પણ મારો આ નાનો છોકરો એની પાસે જઈ ઉભો રહે, તો જીભથી ચાટે, એ એને પથરા મારે, મુક્કી મારે... તો પણ કંઈ ન કરે.

અહીંથી રોજના સેંકડો છકડાઓ પસાર થાય છે. પણ મારી ગાયની પરખ જબરદસ્ત ! જ્યારે મારો છકડો પસાર થાય, ત્યારે એ એના અવાજ ઉપરથી પકડી પાડે કે આ મારા માલિકનો છકડો જાય છે / આવે છે... એ આનંદથી અવાજ કરવા માંડે, જો બાંધેલી ન હોય, તો દોડતી દોડતી આવે, છકડામાં બેઠેલાઓ બિચારા ગભરાઈ જાય... પણ મને તો બધી જ ખબર પડે છે ને કે આ તો મારા પ્રત્યેના સ્નેહથી દોડતી આવે છે...

હું બૂમ પાડું 'ચાલ, જતી રહે...' એટલે ચૂપચાપ જતી રહે. બધા આશ્ચર્ય પામે.'

એ રબારીએ પોતાની દીકરીના વખાણ કરતો હોય, એવી રીતે એ ગાયના વખાણ કર્યા. એના મુખ પર ગાય માટેની અજીબોગરીબ લાગણી તરવરતી દેખાતી હતી.

'એક વાત પૂછું ?' અચાનક મેં પ્રશ્નની દિશા બદલી, મારે એના મનની પવિત્રતાની પરખ કરવી હતી.

'પૂછો ને, મહારાજ !'

'જ્યારે આ ગાય દૂધ આપતી બંધ થશે, ઘરડી થશે... ત્યારે ?'

'એટલે ? આપ શું પુછવા માંગો છો ?' એણે શંકાશીલ ચહેરે મારી સામે જોયું.

'ખોટું ન લગાડશો, ભાઈ! પણ જે સાંભળ્યું છે, એ કહું છું. પશુ જ્યારે નકામા બને, ત્યારે માલિક એને કસાઈઓના હાથે વેંચી મારે છે. એના બે ફાયદા! એનો બોજો ઉઠાવવાનો મટે અને જે બે-પાંચ હજાર રૂપિયા મળે... એ ફાયદામાં !

'ના, મહારાજ! એ ક્યારેય નહિ બને.' એના અવાજમાં અચાનક આવેશ સાથે રૂદન ઉમેરાયું.

'આ મારી મા છે મા! આખી જીંદગી મને પોષ્યો છે, મારા બાળકોને પોષ્યા છે. બીજાની તો મને ખબર નથી મહારાજ! પણ મારી વાત તો એકદમ ચોકખી છે, એ માના શરીરમાં જ્યાં સુધી અંતિમ શ્વાસ છે, ત્યાં સુધી હું એને સાચવીશ. ભલે એ માટે મારે ગમે એટલું સહન કરવું પડે.'

'વાહ રે વાહ!' મારું અંતર પોકારી ઉઠ્યું. સગા મા-બાપને ય ન સાચવનારા, કતલખાના જેવા જ ઘરડાઘરમાં મોકલી આપનારા વર્તમાનના એ યુવાન દીકરાઓ ક્યાં!

અને ગરીબાઈ વચ્ચે પણ, બધું વેઠીને પણ ગાય જેવા પશુના ઉપકારનું પણ ઋણ ચૂકવવા માટે ગમે એટલું સહન કરવાની તૈયારી દેખાડતો આ રબારી ક્યાં!

કોણ સજ્જન ?

કોણ શ્રીમંત ?

કોણ શિક્ષિત ?

એનો સાચો જવાબ કોણ આપશે ?

અમારામાંથી એક સાધુને તડકાનો વિહાર બિલકુલ ન ફાવે, એટલે મેં નિર્ણય કરેલો કે એ અને મારા શિષ્ય... એમ બે જણે અંધારામાં વિહાર કરવો. બાકીના અમે બે જણ આછો પ્રકાશ થાય, ત્યારે નીકળતા..

બીજા દિવસે **થળાદ** ગામમાં દર્શન કરીને **સુલતાનપુરા** પહોંચવાનું હતું. કુલ ૧૫ કિ.મી.નો વિહાર! અને એ જ દિવસે સાંજે અમારી રણયાત્રા !

મેં રબારીને કહ્યું, 'બે સાધુ સવારે ૫.૩૦ આસપાસ નીકળશે, અને બીજા બે સવા છ આસપાસ!'

''મહારાજ ! આગળનો રસ્તો કાચો છે, નોળીયાવાળો છે. (ગાડાઓ પસાર થાય, એવા માટીનો બનેલો રસ્તો!) અંધારામાં જડશે નહિ, એમાં વચ્ચે બે-ત્રણ વાર અલગ-અલગ રસ્તા આવે છે. જો ભૂલા પડ્યા, તો હેરાન થશો.

એક કામ કરો, સવારે ૫.૩૦ વાગે હું મુકવા આવીશ, અને સવા-છ વાગે મારો દીકરો મુકવા આવશે.''

રબારીએ પૂરા ઉત્સાહ સાથે સહાય કરવાની તૈયારી બતાવી. મને થયું કે ચારેય જણ ભેગા જ નીકળીએ, પણ કાચા રસ્તામાં કાંટાના ભયના કારણે મારા પગ જ ન ઉપડે એ મારો સ્વભાવગત દોષ! એટલે ના-છુટકે આ વ્યવસ્થા સ્વીકારી.

મહાવદ-૭ના સવારના સાડા પાંચનો સમય!

બે મુનિઓ તૈયાર થઈ બહાર નીકળ્યા, પેલા રબારી ભાઈ મોઢે ચા માંડી રહ્યા હતા, મુનિઓને નીકળેલા જોઈ તરત ચા પડતી મૂકી ઉભા થઈ ગયા.

તમે નાસ્તો-પાણી કરી લો, બે-પાંચ મિનિટમાં અમારે કંઈ મોડું નહિ થાય...
એક મુનિ કરુણાથી બોલી ઉઠ્યા, પણ રબારી સાંભળે તો ને ?

'ના રે મહારાજ! તમને રાહ જોવડાવું તો હું પાપમાં પડું... હાલો...' અને એ તો બે મુનિ સાથે નીકળી પડ્યો.

સવા છ વાગે અમારા બે જણની સાથે એનો દીકરો રસ્તો બતાવવા આવ્યો, બે કિ.મી. સુધી સાથે આવ્યો, પછી સીધો રસ્તો આવી જવાથી અમને વંદીને પાછો ફર્યો.

અમે ઘણા આગળ પહોંચ્યા, ત્યારે પેલા રબારી ભાઈને પાછા આવતા જોયા, મને ભારે આશ્ચર્ય થયું. એ ભાઈ છેક સાત કિ.મી. સુધી બંને મુનિઓને વળાવવા ગયેલા, નહેર પાસેથી એ પાછા ફરેલા. ચાલતા જ ગયેલા, ચાલતા જ પાછા જવાના હતા. કુલ ૧૪ કિ.મી.નો વિહાર માત્ર સાધુઓને રસ્તો દેખાડવા માટે!

મારું હૈયું ભરાઈ આવ્યું, ખબર નહીં પણ મારો સ્વભાવ વધુ ને વધુ લાગણીશીલ બનતો જાય છે. મારી આંખો બગડી ગયેલા કોઈક નળ જેવી થઈ ગઈ છે, તરત એમાંથી પાણી ટપકવા જ માંડે. એમ કહી શકું કે એક મુનિને ન શોભે, એવો વધારે પડતો લાગણીશીલ સ્વભાવ બનવા માંડ્યો છે. મને નુકશાન કરશે કે નહિ ? એ ખબર નથી. પણ હું રડી પડ્યો.

મને એમ જ લાગ્યું કે ''મારા **મહાવીર** પણ **નયસાર**ના ભવમાં આવા જ કોઈ રબારી જેવા હશે ને ? તો આ રબારી ભવિષ્યમાં મારા **મહાવીર** જેવો ભગવાન બનશે ને? તો કોટિ કોટિ વંદન હો એ ભાવી તીર્થંકરના આત્માને!

અમે ૯ કિ.મી. ચાલીને એ નાનકડા ઘરદેરાસરવાળા ગામમાં પહોંચ્યા, બે મુનિઓ ત્યાંથી આગળ નીકળી ગયા હતા. ત્યાં બે ઘર હતા. ઘરના ભાઈએ ખૂબ ખૂબ આગ્રહ કર્યો રોકાવાનો! પણ અમારા માટે શક્ય ન હતું, માત્ર ત્યાં પાણી વાપરી લીધુ અને ૨૫ દિવસ પૂર્વે થયેલા એમના દીકરાના લગ્નની વધેલી સૂકી-પાકી નિર્દોષ વસ્તુઓ વહોરી લીધી. અમને ખબર હતી કે સુલતાનપુરામાં તો એકપણ ઘર ન હતું.

હા! વચ્ચે એક સૌથી અગત્યની વાત કહેવાની રહી ગઈ. મુ.ન્યાયરત્ન વિ.એ દિવસે મારી પાસે ઉપવાસનું પચ્ચ. લીધેલું, **મહેસાણા** પાસે અકસ્માતમાં કાળધર્મ પામેલા **પૂ.સા. હેમરેખાશ્રીજી**નો એમના ઉપર દીક્ષાની ભાવના ઉત્પન્ન કરાવવામાં ઘણો મોટો ઉપકાર! એ સાધ્વીજી ભ.નો કાળધર્મ કારતક વદ-૭ના

દિવસે થયેલો, એટલે આ મુનિવર એમના ઉપકારની સ્મૃતિ નિમિત્તે દર વદ સાતમે ઉપવાસ કરે છે. મારી પાસે છેલ્લા બે વર્ષથી અભ્યાસ માટે રોકાયા છે, અને એમને મેં દર મહિને ઉપવાસ કરતા જોયા છે એટલે જ મારા માટે કશું આશ્ચર્ય ન હતું. વળી એમનું શરીર એકદમ ખડતલ! એ અટ્ઠમ કરીને પણ રોજે રોજના ૧૫-૨૦-૩૦નો વિહાર કરી શકે... આ બધા અનુભવો મને થયેલા હોવાથી મેં તો તરત જ પચ્ચક્ખાણ આપી દીધેલું. પણ આજનો દિવસ એમના માટે કપરી પરીક્ષા સમાન થઈ ગયો... એ વાત હું આગળ કરીશ.

અમે ત્યાંથી વિહાર કરી લગભગ ૧૧ વાગ્યાની આસપાસ સુલતાનપુરા ગામમાં પહોંચ્યા. જૈનેતરોએ એક નાનકડા મંદીરમાં અમને ઉતારો આપેલો, અમને પાણી પણ ઉકાળી આપેલું, ત્યાંની સ્કુલમાં હું અડધો કલાક પ્રવચન પણ કરી આવ્યો.

બપોરની ગોચરી પૂરી થઈ,

હવે અમારે સાંજના વિહારની ગોઠવણ કરવાની હતી.

બસ, આ સુલતાનપુરાથી જ અમારી રણયાત્રા શરૂ થવાની હતી, એટલે જ એ દસ કિ.મી.ના વિહાર માટે રણનો જાણકાર માણસ સાથે લેવાનો હતો. અમે તો કોઈને ઓળખતા ન હતા. ત્યાં જ પાછલા ગામના પેલા જૈનભાઈ અહીં આવી ચડ્યા. અમને કહ્યું 'મ.સા.! આપ ચિંતા ન કરો, હું બધી વ્યવસ્થા ગોઠવી દઉં છું...'

એ ગયા અને થોડીવારમાં ૩૫ આસપાસની ઉંમરના એક મજુર જેવા પણ પેન્ટ-શર્ટ પહેરેલા યુવાનને લઈ આવ્યા.

'અંદર અવાશે...' મેં કહ્યું, પેલા જૈનભાઈ તો અંદર આવ્યા, પણ પેલો મજુર અંદર ન આવ્યો. મેં ફરી કહ્યું, ત્યારે એણે ખુલાસો કર્યો.

મ.સા.! હું રોજની ચાલીસ બી.ડી. પીઉં છું. મંદીરમાં આવતા મને સંકોચ થાય છે... હું એના મોઢા તરફ જોઈ રહ્યો, પાપને પાપ તરીકે સ્વીકારવાની નિખાલસતા અને એના કારણે પોતાની અધમતાની અનુભૂતિ એ મજુર કરતો હતો.

હું અને પેલા જૈનભાઈ બહાર ગયા.

''કેટલા કલાકનો રસ્તો હશે...''

''મ.સા. બે કલાકમાં પહોંચી જશું. આપણે ખારા ઘોડા વગરે સ્થાનોમાં નથી જવું. એ તમને લાંબુ પડશે. આપણે ઓડુ જતા રહેશું, એ જ તમને ટુંકું પડશે.''

''સારું... તો આપણે સાંજે પાંચ વાગે નીકળીએ, બરાબર ને ? મને એમ કે ૬.૪૦ આસપાસનો સૂર્યાસ્ત છે, સાત-સવા સાત સુધી અજવાળું રહે, એટલે પાંચ વાગે નીકળીએ, તો સાતેક વાગે પહોંચી જઈએ.

'મ.સા.! થોડાક વહેલા નીકળીએ તો સારું. જો અંધારું થઈ જશે, તો પછી રસ્તો નહિ દેખાય...' મજુર જેવા માણસે ભય વ્યક્ત કર્યો.

તમારી વાત સાચી. પણ અમે ગઈકાલે સાંજે દસ અને આજે સવારે પંદર કિ.મી. ચાલીને આવ્યા છીએ. થાક ઘણો છે. વળી અત્યારે ગરમી ચાલુ થઈ ગઈ છે. રણમાં તો ગરમી વધારે લાગશે, એટલે પાંચ વાગ્યાનું કહું છું. વળી બે કલાકનો જ રસ્તો છે ને, તો સાત વાગે અજવાળામાં પહોંચી જશું...

મેં ખુલાસો કર્યો, એ ભાઈએ સ્વીકારી લીધો. મને એ ઉપયોગ ન ગયો કે આ રણમાંથી ચાલવાનું છે. ત્યાં કિ.મી.ના પાટીયા હોતા નથી. ગામડાના માણસો બે કલાક કહે, એ અદ્ધરતાલ કહે, એમાં વધ-ઘટ થઈ શકે...

શું નામ ભાઈ! તમારું ?

**વજુ!**

સારું, તમે ચિંતા ન કરશો, તમને આ અમારા જૈનભાઈ સારી રકમ આપશે...

ના, મહારાજ ! હું પૈસા નહિ લઉં, મને આ ભાઈએ ૧૫૦ રૂા. આપવાની વાત કરી છે, પણ મેં સ્પષ્ટ ના જ પાડી છે. મારે તમારી સેવા કરવાની છે, સંતોની સેવા કરવાનો એક રૂપિયો પણ હું ન લઉં.

પણ આ કંઈ નાનું કામ નથી, પૈસા તો લેવા જ જોઈએ...

જુઓ, મહારાજ ! પૈસા આપવા જ હોય, તો બીજો માણસ શોધી લો. હું નહિ આવું. હું પૈસાથી સેવા કરનાર માણસ નથી.

એક ગરીબ મજુર પૂરી ખુમારી સાથે 'ના' બોલતો રહ્યો.

'વજુભાઈ! તમે શું કરો છો?' મેં વાત બદલી,

મજુરી! રણમાં મીઠાનું ઉત્પાદન મોટા પાયે કરવામાં આવે છે. અહીંના ગામડાઓમાં મોટાભાગના લોકો એ કામમાં મજુરી કરે છે, અત્યારે એની સીઝન છે. રણમાં જવું પડે, મીઠાના તગારાઓ ઉંચકવા પડે, એક દિવસની મજુરીના ૨૦૦ રૂા. મળે. મારી આજની મજુરી પૂરી થઈ ગઈ છે, એટલે તમારી સાથે આવું છું...

પણ તો પછી આ દોઢસો લઈ લે ને ? તારે કામ આવશે...

મહારાજ! પાછી એ જ વાત! મહેરબાની કરીને ફરી એવું ન બોલશો, નહિ તો હું ચાલ્યો જઈશ. પૂરી મક્કમતા સાથે એણે જવાબ વાળ્યો.

એ ગરીબ મજુરની શ્રીમંતાઈ મને ભારે આશ્ચર્ય પમાડી ગઈ.

બરાબર...

સાંજે પાંચમાં દસ મિનિટ બાકી હતી, ત્યારે અમે સુલતાનપુરના મંદીરમાંથી બહાર નીકળી વિહાર શરૂ કર્યો. વજુભાઈ મજુર એક બોટલમાં પાણી ભરીને સાડા ચાર વાગે જ આવી ગયા હતા, રસ્તામાં તરસ લાગે ત્યારે પીવા માટે! ખાવાનું એની પાસે કશું ન હતું, મેં પુછ્યું તો કહે તમને મૂકીને નવેક વાગ્યા સુધીમાં ઘરે આવી જઈશ, પછી જમીશ...

પાછો કેવી રીતે આવીશ ?

આ જ રણના રસ્તે! ચાલતો ચાલતો!

કોઈ વાહન ન મળે ?

ના મહારાજ! રણમાં વાહન ક્યાંથી ? મીઠું ભરવા માટે ખટારાઓ આવે, માણસોની અવરજવર માટે કોઈ વાહનવ્યવહાર નથી.

તો તમે સાઈકલ લઈ લો...

નહિ ફાવે. ચાલતા જ ફાવશે...

પણ... બાઈક લઈ લો...

મહારાજ! અમે ગરીબ છીએ, બાઈક અમારી પાસે ક્યાંથી ? તમે ફિકર ન કરો. હું તો આવી રીતે ચાલતા ટેવાયેલો છું... ચાલો.

અને અમે ચાર સાધુઓ + વજુભાઈ મજુરે રણયાત્રા શરૂ કરી.

સુલતાનપુરથી માંડ એક-બે મિનિટ ચાલ્યા હશું, ત્યાં તો ચારે બાજુ વેરાન જગ્યાના દર્શન થવા માંડ્યા. નીચે ધરતી, ઉપર આભ... ચારેબાજુ દૂર સુધી આછી-પાતળી ઝાડી ! 'ઝાડી' શબ્દ જેના માટે વાપરી શકાય, એવું તો ત્યાં કશું જ ન મળે.

'રણ ચાલુ થઈ ગયું ?' ઉત્સુકતા સાથે મેં પ્રશ્ન કર્યો. મારી જીંદગીમાં રણમાં ચાલવાનો આ પ્રથમ જ અનુભવ થવાનો હતો ને ?

'ના મહારાજ !' મારી સામે જોઈને વજુભાઈ બોલ્યા. 'રણમાં આવી છૂટી-છવાઈ નાની-નાની ઝાડી પણ

જોવા ન મળે. આપણે એકાદ કિ.મી. ચાલશું. એટલે રણનો પટ ચાલુ થશે...'

હું મારી કુતૂહલવૃત્તિને દબાવીને એમની સાથે ચાલવા લાગ્યો. બાકીના ત્રણ સાધુઓ પાછળ પાછળ જ આવી રહ્યા હતા.

ત્યાં મેં ૩૦૦ ડગલા દૂર ઘોડા જેવા પ્રાણી જોયા, અમને જોતાની સાથે જ એ ઝડપી ગતિએ ભાગવા માંડ્યા.

'આ ક્યું પ્રાણી છે ?'

'મહારાજ! આને બધા **'ઘુડખર'** કહે છે. આખા વિશ્વમાં આ પ્રાણી માત્ર **એશિયા**માં અને એ પણ આ એરિયામાં જ છે. એટલે જ સરકાર એની સુરક્ષા માટે સારી મહેનત કરી રહી છે. કલાકના ૧૦૦ કિ.મી.ની ઝડપે આ પ્રાણી દોડી શકે છે. ન તો એ ઘોડો છે, ન તો એ ખર-ગધેડો છે... બંનેનો ભ્રમ કરાવે, એવું વિચિત્ર પ્રાણી છે, માટે બધા એને ઘુડખર કહે છે. એ સાવ જંગલી છે. મનુષ્યો સાથે ભળે નહિ. કોઈ એને પાળી શકે નહિ. આપણાથી ગભરાય ખૂબ!'

મેં જોયું કે અમે જેમ જેમ આગળ વધતા ગયા, તેમ તેમ એ ત્રણ-ચાર ઘુડખર અમને જોઈને આમ-તેમ ભાગતા જ રહ્યા.

'મહારાજ! ઉભા રહો. હવે જુઓ, રણનો પટ ચાલુ થાય છે. આગળ નજર કરો, ચારે બાજુ ક્યાંય ઝાડી ઘાસ કશું જોવા નહિ મળે.' વજુભાઈએ મને માહિતી આપી, અને એક મિનિટ ઉભા રહીને મેં આગળ નજર માંડી.

અમે જે ૧ કિ.મી. ચાલેલા, એ પણ સાવ ઉજ્જડ જ જમીન હતી. પણ આ તો જાણે ઉજ્જડ જમીનનો દરિયો જ જોઈ લો. જેમ દરિયા કાંઠે ઉભા રહીને દરિયા તરફ નજર નાંખીએ, તો આગળ તમામ બાજુ માત્ર પાણી-પાણી-પાણી જ દેખાય... એમ અહીં આગળ ચારે બાજુ માત્ર ઉજ્જડ જમીન સિવાય કશું ન દેખાય.

એ જમીન પણ કેવી ?

તમે ઘેબર તો જોયું છે ને ? થાળી જેવા ગોળ ઘેબરના ચાર ટુકડા કરવામાં આવ્યા હોય, બધા એક સાથે પડેલા હોય તો કેવા લાગે ? વચ્ચે વચ્ચે તિરાડ! અને એ નાના-નાના ચાર ટુકડા!

રણની એ વિરાટ જમીન જાણે કે એવા ઘેબરના લાખો-કરોડો ટુકડાઓની યાદ અપાવતી હતી. ફરક માત્ર એટલો કે ઘેબર તો ઘીના કારણે પોચા હોય, જ્યારે આ જમીન નીચેના ખારને કારણે પોચી હતી. હા! પગ અંદર ખૂંપી જાય, એવી જમીન નહિ... છતાં જ્યાં પગ મૂકો ત્યાં પોચું પોચું તો લાગે જ. અને વચ્ચે-વચ્ચેની તિરાડ ઉપર પગ ન પડી જાય, એની કાળજી પણ રાખવી પડે, નહિ તો ક્યાંક પગ મચકોડાઈ પણ જાય.

'મહારાજ! દૂર-દૂર નજર કરો, પાણીની ટાંકી દેખાય છે ?'

મેં બે આંખ ઉપર હાથ રાખીને નજર કરી, તો ઘણી ઘણી દૂર ટપકા જેવી ટાંકી દેખાતી હતી.

'હા! દેખાય છે, પણ એ તો ઘણી દૂર છે...'

'બસ, એ જ આપણે જ્યાં જવાનું છે, એ ઓડુ ગામની ટાંકી ! હજી નવેક કિ.મી. દૂર હશે. એ ટાંકી પહેલા આછી ઝાડી ચાલુ થઈ જાય છે, ટાંકી બાદ ઓડુ ગામ આવે.

અને મહારાજ! એ ટાંકીની જમણી દિશામાં નજર દોડાવતા જાઓ, બીજી બે-ચાર ટાંકીઓ થોડા થોડા અંતરે દેખાશે. એ બધી **નવાગામ, ખારાઘોડા. જૈનાબાદ** વગેરેની ટાંકીઓ છે, બધી નજીક નજીક લાગે, બાકી બધા વચ્ચે દસ-બાર કિ.મી.નું અંતર! આપણે સીધા ઓડુ પહોંચશું, એટલે આપણને ઘણા કિ.મી. ઘટી જશે.

એ ભાઈએ મને આશ્વાસન આપ્યું, અને અમે ઝડપથી ચાલવા લાગ્યા.

અમારી અગ્નિપરિક્ષા ચાલુ થવાની શરૂઆત થઈ રહી હતી.

'સાધુઓ પાછળ નજીક છે ? કે દુર ?' એ જોવા મેં પાછળ નજર કરી, જોયું તો બધાની ઝડપ ઘટી રહી હતી.

કારણ ?

+ સવારનો પંદર કિ.મી.નો વિહારનો થાક!

+ બધાને એકાસણા! એકને ઉપવાસ !

+ રણનો વિચિત્ર રસ્તો! માત્ર દૂર દેખાતી ટાંકીને જોઈ જોઈને ચાલવાનું!

+ કોઈ પગદંડી નહિ, દરિયામાં જેમ હોડી બધી બાજુ ચાલે, એનો કોઈ ચોક્કસ માર્ગ ન હોય, એમ અહીં ગમે તે બાજુ એક સરખું જ લાગે. એટલે જ 'સાચા રસ્તે જ છીએ ને ? વધતું તો નથી ને ?' એવો વારંવાર ભ્રમ ! ભય !

+ ચારે બાજુ તદ્દન ખુલ્લું! એટલે તપારો વધારે લાગે. ગરમીનો અનુભવ તરસ અને થાક બંને વધારી નાંખે.

+ અમારા બધા પાસે પોતપોતાની ઝોળી + તરપણી + દાંડો + દંડાસન + પ્યાલો... વગેરે બધી ઉપધિ ! મારા સિવાય ત્રણેય પાસે હાથમાં પાણીનો ઘડો ! આ બધાનું વજન પણ ચાલવાની ઝડપ ઉપર અસર કરે.

+ તિરાડોમાં પગ ન પડે, એ માટે સતત ઉપયોગ રાખવો પડે, ડગલા નાના-મોટા કરવા પડે, એના કારણે માનસિક અને શારીરિક બંને થાક લાગે.

આશરે સાંજના પોણા છ વાગવા આવ્યા હશે.

'એકવાર પાણી વાપરી લઈએ' એમ વિચારી હું અટક્યો, ઈરિયાવહિ કરી, ત્રણેય સાધુઓને ભેગા થવા દીધા. બધાએ ભેગા મળી પાણી વાપર્યું. વજુભાઈ મજુરે પોતાની બોટલનું પાણી પીધું.

'મહારાજ ! ઉતાવળ કરજો, અજવાળે અજવાળે પેલી ટાંકી પાસે પહોંચી જઈએ. નહિ તો રસ્તો નહિ જડે...' વજુભાઈના શબ્દોમાં મેં પહેલીવાર ભય અનુભવ્યો.

પણ એ વખતે મને એની ગંભીરતા ન સમજાઈ, હું એ ભ્રમમાં રહ્યો કે 'આ ભાઈ તો અહીંનો ભોમિયો છે, બધા રસ્તા જોયેલા જ છે, એ આપણી સાથે જ છે... પછી ફિકર શેની ?'

પણ મને પાછળથી ખબર પડેલી કે 'એ ભાઈ પણ માત્ર અજવાળામાં જ રસ્તો જાણી શક્તા હતા, અંધારું થઈ ગયા બાદ નહિ. એ સુલતાનપુરાના હતા, એટલે એ બાજુનો રસ્તો એ અંધારામાં પણ રોજની પ્રેક્ટીસથી શોધી કાઢે. પણ ઓડુ તો છેક સામેની બાજુ હતુ. ત્યાંનો અનુભવ આ વજુભાઈને ક્યાંથી હોય ?'

એ રણમાં જમીનની અંદર બોર નાંખવામાં આવેલા, પાણીની નીક બે ફૂટ પહોળી અને ૪-૫-૧૦ કિ.મી. લાંબી... તૈયાર કરવામાં આવેલી. એ બોરમાંથી પાણી નીકળીને નીક વાટે આગળ ધપતું હતું.

'આ પાણી શેના માટે છે ? પીવા માટે ?'

'ના, ના! આ તો નકરું ખારું પાણી છે. આ પાણીમાંથી જ મીઠું પકવવામાં આવે છે.'

મેં જોયું તો નીકની બંને બાજુ સફેદ સફેદ મીઠું બાઝી ગયેલું હતું.

'મ.સા.! ઉતાવળ કરો...' આખા રસ્તે ખૂબ ઓછું બોલનારા, પોતાના મોબાઈલ પર ભજન સાંભળનારા વજુભાઈ મજુરે ફરીવાર મને ટકોર કરી અને મેં જરાક ગંભીર બનીને ઝડપી વિહાર ચાલુ કર્યો.

પણ મેં કહ્યું તેમ, આજે મારા-અમારા સમ્યક્ત્વપરિણામની અને ચારિત્ર પરિણામની પરીક્ષા હતી. વચનોમાં અને વિરતિદૂતના લેખોમાં સૌને ઉપદેશ આપનારા મારે આજે મારા જીવનમાં એ ઉપદેશ પરિણમેલો છે કે નહિ ? એનો જવાબ કુદરતને આપવાનો હતો.

હું તો ઝડપથી ચાલવા માંડ્યો, પણ દસેક મિનિટ બાદ પાછળ નજર કરી, તો ત્રણેય મુનિઓ ધીમા પડી ગયા હતા, વળી એ ત્રણેય પાછા છૂટા છૂટા પડી ગયા હતા. સ્પષ્ટ લાગતું હતું કે 'તેઓ થાક્યા હશે...'

મેં સામે નજર કરી, અમે કુલ દોઢેક કલાક ચાલ્યા હશું. પણ પેલી ટાંકી હજી દૂરની દૂર જ દેખાતી હતી.

પશ્ચિમ બાજુ નજર કરી, તો હું ચોંક્યો, દસેક મિનિટ માંડ બાકી હશે, સૂર્યાસ્તને... એવું સ્પષ્ટ લાગ્યું.

'વજુભાઈ ! હજી કેટલું બાકી...' મેં ધડકતા હૈયે પ્રશ્ન કર્યો.

મ.સા.! સામે વચ્ચે ટેકરા જેવું દેખાય છે ને... ત્યાં આપણે પહોંચશું એટલે આપણી અડધી રણયાત્રા

પૂરી થશે. એ પછી અડધુ બાકી... મજુરે સ્પષ્ટ છતાં નમ્ર શબ્દોમાં જવાબ આપ્યો.

હું વિચારમાં પડી ગયો... ભાવીની કલ્પનાઓમાં અટવાઈ ગયો. જો કે હજી હું એ જ ભરોસા પર હતો કે 'વજુભાઈ સાથે છે, એટલે વાંધો નહિ...' પણ એ ભરોસો થોડીવાર પછી ભાંગી જવાનો હતો.

હું ઝડપથી ચાલી ટેકરી જેવી જગ્યાએ પહોંચ્યો, ત્રણેય મુનિઓ ધીમેધીમે કરતા આવી પહોંચ્યા.

''તબિયત નથી સારી ?'' મેં મારા શિષ્યને પૂછ્યું.

''પેટમાં થોડુંક દુ:ખે છે, એટલે ઝડપથી નથી ચલાતુ... બાકી વાંધો નહિ.'' એમણે ફરિયાદને માત્ર જાણકારી રૂપે રજુ કરી, એમનો એ ઉત્તમ સ્વભાવ છે કે એ પોતાની પ્રતિકૂળતાને ભાગ્યે જ રજૂ કરે છે, પોતે સહન કરી લે, પણ બીજા પર એનો બોજો ન આવવા દે.

પણ ઘણા વખતના અનુભવથી એમની પરિસ્થિતિ હું સમજી ગયો.

'તમારે કેમ છે ?' મેં ન્યાયરત્ન વિ.ને પૂછ્યું. એમને આજે ઉપવાસ હતો. અને મને વધુ ચિંતા એમની હતી. કેમકે આજે એ ખરેખર ઢીલા પડી ગયેલા દેખાતા હતા. એમનો સ્વભાવ એવો છે કે ૧૦૦, ૧૦૧ તાવ હોય, ત્યાં સુધી તો એ ખબર પણ ન પડવા દે. જ્યારે એમની પીડા હદ વટાવે, ત્યારે જ એમના વર્તનમાં એ પકડાય. આજે એ સ્પષ્ટ દેખાતું હતું. એટલે મને લાગ્યું કે એ અંદરથી આજે ખૂબ અશાતા અનુભવી રહ્યા છે...

''સારું છે, વાંધો નહિ આવે.'' એમણે ફરિયાદ દાટી દીધી.

અમે ત્યાં પાણી ચૂકવી દીધું.

સૂર્યાસ્ત થઈ ગયો...

પોણાસાત જેટલા વાગવા આવ્યા...

અર્થાત્ બે કલાક જેટલો સમય વહી ચૂક્યો...

અમે બે કલાકમાં તો ઓડુ પહોંચી જવાના હતા...

એના બદલે માત્ર અડધે જ પહોંચ્યા હતા...

હવે અંધારામાં બાકીનો અડધો રસ્તો કાપવાનો હતો...

પેટમાં દુ:ખાવાવાળા,

ઉપવાસની પીડાવાળા,

લાંબા વિહારના થાકવાળા

આવા અલગ અલગ પ્રકારના અમે ફરી હિંમત એકઠી કરીને વિહાર ચાલુ કર્યો.

એક વાત કરી દઉં...

આ માત્ર રણ હતું...

અહીં ક્યાંય વચ્ચે કોઈ ઝુંપડી કે કોઈ નાનું મકાન... કશું જ ન મળે. હવે રણને સામે પાર ન પહોંચો, ત્યાં સુધી ઉંચે આભ અને નીચે ધરતી! એટલું જ મળે.

દસેક મિનિટ ચાલ્યા, ત્યાં ફરી મેં પાછળ જોયું તો મુ.ન્યાયરત્ન વિ. એકદમ ધીમા પડી ગયા હતા. માંડ માંડ ચાલતા હતા...

મેં મારી ઝડપ ઘટાડી, બીજી બાજુ મને વિચાર આવ્યો કે 'એમના હાથમાં ખાલી ઘડો છે, (પાણી બધું વપરાઈ ગયેલું...) બીજા હાથમાં દાંડો છે, ખભા પર ઝોળી, તરપણી અને આગળની બાજુ વજનદાર પોથી છે... હું ઉંચકી લઉં, તો આ વજન ઓછું થાય, તો એમને ચાલવાનું ફાવે...'

આ મારો વિચાર સાચો હતો, મોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રગટેલો હતો, એમાં સમ્યક્ત્વનો ગુણ સાધર્મિક વાત્સલ્ય ઝળકતું હતું, એમાં ચારિત્રનો ગુણ પરસ્પર સહાયકવૃત્તિ નીતરતી હતી.

પણ મન અને આત્માનું યુદ્ધ ચાલુ થયું.

તરત મનમાંથી ના ઉઠી, મારે વજન વધારે હશે, તો મને ચાલવામાં તકલીફ પડશે, વજન ઓછું હશે, તો જ ફાવશે. માટે કશું લેવું નથી...

અને એ વખતે તો મન જીતી ગયું, હું નિષ્ઠુર બનીને, એ તપસ્વી મહામુનિની ઉપેક્ષા કરીને માત્ર શરીરની સુખશીલતાના પાપે આગળ ચાલવા માંડ્યો.

પણ...પણ...

હું અભવી ન હતો, અચરમાવર્તી ન હતો... આખરે જિનશાસનના પદાર્થો ક્યારેક તો મને પણ સાડા ત્રણ કરોડ રૂંવાડામાં સ્પર્શ્યા હતા, એનો અનુભવ મેં કરેલો હતો.

મારો આત્મા મને ડંખતો હતો, 'તું ખોટું કરે છે, આ તને ન શોભે. એ મહાત્માને સહાય કર. એ ૭૨મી ઓળીના આરાધક છે, મહાસંયમી છે. સંપૂર્ણ નિર્દોષ ગોચરી વાપરનારા છે, મહાસ્વાધ્યાયી છે, મહાવૈરાગી છે...'

એમના એ પ્રત્યેક ગુણો મેં નજરોનજર જોયેલા છે, અનુભવેલા છે, એ પ્રત્યેક ગુણોની સામે મારી નબળાઈ પણ મેં જોઈ છે, અનુભવી છે...

આ એક અવસર હતો એમને સહાય કરીને એમના પ્રત્યેક ગુણોની સાચી અનુમોદના કરવાનો!

અંતે આત્માનો કંઈક વિજય થયો.

હું અટક્યો. પાછળ જોયું... એકદમ ધીમી ચાલે આવતા એમને જોઈને મારું મન દ્રવી ઉઠ્યું. હું ઉભો જ રહ્યો... એ એકદમ પાસે આવી ગયા...

'લાવો, તમારો ઘડો મને આપી દો...' મેં ઘડો પકડ્યો...

'ના જી! ચાલશે, વાંધો નહિ આવે.' એ મુનિવર મને=વડીલને=વિદ્યાગુરુને પોતાનું વજન ઉંચકવા આપવા તૈયાર ન હતા.

'જરૂર તમને નથી, પણ મારે છે... એક ખાલી ઘડો લેવાથી તમારું વજન કંઈ એટલું બધું ઘટવાનું નથી, પણ મને એટલો તો લાભ મળશે...' એટલું હું માંડ માંડ બોલ્યો, અને મેં ઘડો ઝુંટવી લીધો, મારું હૈયું ભરાઈ આવ્યું હતું. વધારે કંઈપણ બોલવા જાત, તો રૂદનનો અવાજ ભેગો ભળત.

ઘડો લઈને હું ચાલવા લાગ્યો, સાથે સાથે આંખેથી અશ્રુની ધાર પણ ચાલવા લાગી. મને ખબર નથી કે હું શા માટે રડતો હતો...

કદાચ...

મને સારો ભાવ જાગ્યો, એના હર્ષોલ્લાસમાં...

એક મહાત્માની સેવાનો લાભ મળ્યો, એના આનંદમાં...

આ સેવાથી મારા દોષો નબળા પડશે... એવી એકમાત્ર આશામાં....

પૂર્વે આવેલા સ્વાર્થ ભરપૂર વિચારના પશ્ચાત્તાપમાં...

કદાચ બધું જ ભેગું હતું.

પણ આત્માનંદ અનુભવવા મળ્યો.

નિશ્ચયનયની વાતો કરનારાઓ શું આનંદ અનુભવતા હશે ? એ તો ભગવાન જાણે, પણ પ્રભુની સ્વામિવાત્સલ્ય+સહાયકવૃત્તિની આજ્ઞાનું પાલન કરવા રૂપ વ્યવહારનયના પ્રભાવે હું સાચો નિશ્ચયાનંદ મેળવી રહ્યો હતો... એવું મને ચોક્કસ લાગ્યું.

આમને આમ પાંચેક મિનિટ અદ્દ્ભુત મસ્તી અનુભવતો હું ચાલ્યો. વિહારનો તમામ થાક, ભવિષ્યની તમામ ચિંતા ક્યાંય અલોપ થઈ ગઈ.

હવે તો ભાવધારા વધવા માંડી.

''માત્ર ઘડો જ શું કામ ? એમની ઝોળી-પોથી પણ લઈ લઉં... આવો અવસર ફરી નહિ મળે. જીવ! સુખશીલતા છોડી દે. તું સક્ષમ છે. તો વીર્ય ફોરવ. ઢીલો ન પડ.'' મેં મારી જાતને ઠપકારી.

ફરી મેં પાછળ જોયું,

એ પાછા ધીરા પડી ગયા હતા... એ ખૂબ જ અશાતા અનુભવી રહ્યા હોય... એવું ચોક્કસ લાગ્યું.

એ નજીક આવ્યા અને મેં તરત એમના ખભા ઉપરથી વજનદાર ઝોળી + તરપણી + પોથી (વજનદાર...) લઈ લીધી... એમણે રકઝક કરી ખરી, પણ છેવટે મારી વાત સ્વીકારી લીધી.

અને મેં મારા ગળામાં મારી ઝોળીની સાથે આ બીજી ઝોળી ભેરવી દીધી.

હવે મારી પાસે બે ઝોળી + બે તરપણી - બે ચેતના + બે વજનદાર થેલા હતા... પણ આ બધું વજન વધતાની સાથે જ મારો આત્મા હળવો ફૂલ બની ગયો. મને મારી જાત માટે ગર્વ થયો.

સંયમીઓ!

એ વખતે પણ હું હર્ષથી રડતો હતો.

આ લખતી વખતે પણ હૈયે-આંખે અશ્રુપાત છે...

આવી કોઈક પળ આપણા જીવનમાં આવે, એ આપણું પરમ સૌભાગ્ય છે.

ત્યાં તો મારા શિષ્ય એકદમ નજીક આવી ગયા, મને આ બધું ઉંચકતો જોઈ એ જીદે ચડ્યા, ''ગુરુજી ! મને આપી દો...''

''તમને તો પેટમાં દુઃખે છે ને...''

''સૂર્યાસ્ત બાદ દુઃખાવો મટી ગયો છે. હવે એકદમ સારું છે...''

''ના! તમે ચાલ્યા કરો, આ લાભ હું કોઈને નહિ આપું...''

અને મારી જીદ સામે એમણે નમતું જોખવું પડ્યું.

પણ એ બંને મુનિઓ પણ હોંશિયાર હતા, જે વિચાર મને ન આવ્યો, એ એમને આવ્યો. એમાંના એક મુનિ જ્ઞાનરક્ષિત વિ. એ ન્યાયરત્ન વિ.ના દાંડામાંથી વજનદાર પ્યાલો અને મચ્છર દાની કાઢીને પોતાના દાંડામાં નાંખી દીધા.

તો મારા શિષ્યે એમની પાસેથી દાંડો+દંડાસન બંને લઈ લીધા, ''હું તમારી સાથે જ ચાલું છું, તમે ચાલ્યા કરો...''

હવે એમની પાસે વધારાનું કશું જ ન રહ્યું. એના કારણે એ હળવાશ અનુભવતા હતા. મને આ બધું જોઈને ખૂબ જ આનંદ હતો. તમામ મુનિઓમાં સમ્યક્ત્વના-સાધુતાના ગુણોની ખીલવટ જોઈ શા માટે મારો મનમોરલો નાચી ન ઉઠે ?

અંધારુ ઘેરાઈ ગયુ અને વજુભાઈની મુંઝવણ વધતી ગઈ.

મહારાજ! હવે તો ટાંકી દેખાતી નથી, અને નીચે પણ કશું દેખાતું નથી. હવે મને રસ્તાની ખબર નહિ પડે. વળી હવે રણ અને પેલી ટાંકીની વચ્ચે નાની નાની ઝાડીવાળો એરિઆ ચાલુ થવાનો, એમાં તો કાંટા-કાંકરા પણ હશે, તમે તો પગમાં કશું પહેર્યુ નથી, એટલે સીધેસીધા જવું તો હવે શક્ય જ નથી.

'તો હવે શું કરશું ?'

'થોભો, હું પેલી બાજુ પુછી આવું' એમ કહીને વજુભાઈ બસો-ત્રણસો ડગલા દૂર દેખાતા મીઠા પકવવાના સ્થાન પાસે ગયા. ત્યાં એક નાનકડી ઝુંપડી જેવું લાગતું હતું. કદાચ એક-બે માણસો રાત્રે ત્યાં જ રહેતા હશે... એવું લાગ્યું.

વજુભાઈ પૂછીને જલ્દી પાછા આવ્યા.

એ કહે છે કે અંધારુ થઈ ગયું છે, એટલે સીધે સીધો રસ્તો મળવો તો દુર્લભ છે. એને બદલે એક કામ કરો. અહીં રોજ મીઠું ભરવા માટે ટ્રકો આવે છે, એ ટ્રકોના પૈડાના જે ચીલા પડેલા છે, એના ઉપર જ ચાલ્યા કરો, એ રસ્તો જો કે ઘણો ફરી ફરીને જાય છે. કેમકે ઝાડીમાંથી તો ટ્રકો નીકળી ન શકે ને ? પણ તમારે હવે એ જ રસ્તો વધુ સારો.

'કેટલું વધશે ?' મેં પૂછ્યું, અંધારું પૂર્ણપણે ઘેરાઈ ગયું હતું.

'એ તો ચાલ્યા બાદ ખબર પડે...' એણે વાસ્તવિક ઉત્તર આપી દીધો. રણમાં કિ.મી.નું માપ કાઢવું અઘરું જ હતું.

અમારા પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો, એટલે અમે એ ટ્રકના પૈડાના ચીલા ઉપર ચાલવા માંડ્યા.

અમારા માટે Plus point એટલો જ કે

સૂર્યાસ્ત બાદ હવે ગરમીનો પ્રશ્ન ન હતો,

થાક પણ ઠંડકાદિને કારણે ઓછો લાગતો હતો...

અંધારામાં વજુભાઈ મોબાઈલની બેટરી ચાલુ કરીને અમારી આગળ-આગળ પ્રકાશ વેરતા હતા. આ દોષ હતો, છતાં હું મૌન રહ્યો... અત્યારે ઘોર અંધકારમાં બીજો કોઈ ઉપાય ન જડ્યો.

અમે જે રસ્તે ચાલતા હતા, એ રસ્તો સાવ ઉંધી દિશામાં જઈ રહેલો મને લાગ્યો એટલે જ મારો ભય તો વધતો જતો હતો... આ કેટલું વધશે ? ક્યારે પહોંચશું ?

ખરૂ પૂછો તો મને મારી ચિંતા ઓછી હતી, કેમકે મને એવો થાક લાગ્યો ન હતો. પણ મુ.ન્યાયરત્ન વિ. વગેરેની ચિંતા વધારે હતી.

અમે એકાદ કિ.મી. ચાલ્યા, ત્યાં મારા આશ્ચર્ય વચ્ચે આગળ ઝાડી આવી ગઈ, રસ્તો સીધો કે ક્રોસમાં જવાને બદલે આખો આડો જ આવી ગયો. ઈંગ્લીશના T અક્ષરના આકારવાળો રસ્તો!

હવે ?

ડાબે કે જમણે ? ક્યાં જવું ? ખરેખર તો સીધા જ જવાનું હતું, પણ સીધા તો માત્ર ઝાડી જ હતી. તો આગળ વધવાનો રસ્તો ડાબેથી મળશે ? કે જમણેથી ? એ નિર્ણય શી રીતે કરવો ?

અમે ત્યાં પાંચેક મિનિટ ઉભા રહ્યા,

પણ ન્યાયરત્નવિ. હવે ઉભા રહી શકે એમ ન હતા. એ રેતાળ રસ્તા પર લાંબા થઈને ડાબા પડખે સુઈ જ ગયા. મારા શિષ્ય મુનિ એ વખતે મજાકના મૂડમાં હતા, એટલે મશ્કરીમાં કંઈક વિચિત્ર શબ્દો બોલતા હતા, મને ઠપકો આપવાનું મન થયું... 'આવા ગંભીર સંગમાં ઠઠ્ઠા-મશ્કરી કરતા શરમ નથી આવતી...' એવા શબ્દો ઉચ્ચારવા જ જતો હતો.

પણ

મને લાગ્યું કે 'આ અવસરે મશ્કરી જો ખોટી છે, તો ઠપકો-ગુસ્સો પણ ખોટો છે... એ હજી નવા છે... ધીમે ધીમે સમજશે...' એટલે હું એકદમ શાંત રહ્યો.

અમે કોઈકના આવવાની રાહ જોતા હતા, પણ હવે આ રણમાં કોણ ફરવા નીકળે? એકવાર તો વિચાર આવી ગયો કે 'આખી રાત અહીં જ કાઢી નાંખીએ. આવતી કાલે સવાર પડે, પછી જશું...'

પણ સંથારો ક્યાં કરવો ?

રણ ઉપર જ ઉંઘવાનું હતુ...

એ ય હજી અપનાવી લેત... પણ આવી વેરાન જગ્યામાં આખી રાત કાઢવી મને જોખમી લાગી.

વજુભાઈ ! તમે ડાબી બાજુ જુઓ, લાઈટ દેખાય છે. તમે ત્યાં જઈને પૂછી આવોને કે ઓડુનો રસ્તો ક્યો ?

અરે ! ત્યાં ઝુંપડી જેવું હોય, તો પછી ત્યાં જ રોકાઈ જશું. વજુભાઈ ડાબી બાજુના રસ્તે ગયા, સાતેક મિનિટમાં પાછા આવ્યા. મહારાજ ! લાઈટ તો ખરેખર ઘણી દૂર છે. માત્ર નજીક દેખાય છે. વળી હું જલ્દી પાછો આવ્યો. કારણકે વધારે વાર લાગે, તો તમને એમ થાય કે વજુ રણમાં અમને મૂકીને ભાગી ગયો...

મહારાજ! મારી વાત માનો, આપણે આ જમણી બાજુના રસ્તે આગળ વધીએ, મને લાગે છે કે ત્યાંથી જ રસ્તો મળશે.

છેવટે એના વિશ્વાસ પર જમણીબાજુ જવાનો નિર્ણય લીધો...

'ન્યાયરત્ન વિ.! ઉભા થવાશે, ચલાશે ?' મેં હેતથી એમને ઉઠાડ્યા... રસ્તામાં લાંબા થઈને ઉંઘી જવું પડે એવી હાલત એમની જીંદગીમાં પહેલીવાર બની હતી.

એ મક્કમ બની ઉભા થયા,

ત્યાં મારા શિષ્યે કમાલ કરી,

તમે મારા ખભા પર હાથ મૂકીને ચાલો, તમને ટેકો રહેશે...

એ રીતે કરવામાં શિષ્યના ઉપર ન્યાયરત્ન વિ.નો બધો જ ભાર વધે, છતાં શિષ્યનો સ્વામિવાત્સલ્યનો, સહાયકતાનો ગુણ વર્ધમાનકક્ષાને પામી ગયો હતો.

અમારી યાત્રા ફરી શરૂ થઈ...

હું અને જ્ઞાનરક્ષિત વિ. (ચોથા સાધુ) આગળ...

અમારી સાથે વજુભાઈ પ્રકાશ વેરતા ચાલે...

પાછળ શીલગુણવિ.ના ખભાના ટેકે ટેકે ન્યાયરત્ન વિ... ઘણે ઘણે દૂર દૂર લાઈટો બળતી દેખાતી હતી... પણ એ એટલે દૂર હતી કે જો ત્યાં પહોંચવાનું હોય, તો અમારી હાલત શું થાય ? એ કલ્પના પણ મારાથી થઈ શકતી ન હતી.

હવે આજુબાજુ ઝાડી અને વચ્ચે રેતાળ રસ્તો... એ રીતના રસ્તે અમે આગળ વધતા હતા. બેટરીનો પ્રકાશ ખરો, પણ એ સાવ આછો ! ચંદ્ર અમારી સહાયમાં ન હતો, કારણકે દિવસ હતો મહાવદ સાતમનો! એટલે નીચે કાંટા વગેરે સ્પષ્ટ તો ન જ દેખાય. ક્યારેક આજુબાજુની ઝાડીની કાંટાળી લાંબી ડાળી વચ્ચોવચ અથડાતા અથડાતા રહી જતી. એટલે જ અમે ધીમે ધીમે ચાલી રહ્યા હતા.

વીસેક મિનિટ ચાલ્યા હશું,

મેં પાછળ જોયું, તો ન્યાયરત્ન વિ. વગેરે બે સાધુ દેખાતા ન હતા. ''આ બાજુ આવો, આ બાજુ આવો...'' મેં મોટેથી બૂમ પાડી.

આ બૂમ અમારા માટે અત્યંત ઉપયોગી નીવડી.

'કોણ ? કોણ છે ?' ઝાડીમાંથી કોઈક ભાઈનો અવાજ આવ્યો, અને બેટરીનો પ્રકાશ આવ્યો.

અમારામાં ઉત્સાહ ખૂબ જ વધી ગયો.

મેં મોટેથી બૂમ પાડી ''ભાઈ ! રસ્તો ભૂલ્યા છીએ, ઓડુ જવું છે... રસ્તો બતાવશો?...''

એ ભાઈ ઝાંડીમાંથી રસ્તો કરતો કરતો બહાર આવ્યો.

''તમે આ બાજુ ખોટા આવ્યા. તમે જે બાજુથી આવ્યા છો, ત્યાંથી જ બે કિ.મી. પહેલા ઓડુનો રસ્તો ઝાડીમાંથી નીકળતો હતો... અત્યાર સુધીમાં તો તમે ઓડુ પહોંચવા આવ્યા હોત...''

ડાઝ્યા પર ડામ જેવા એ શબ્દોને મેં સહન કરી લીધા. એ ભાઈને કોણ સમજાવે કે જે ભૂલ થઈ ગઈ છે, એ યાદ કરાવીને સામેવાળાને દુઃખી ન કરાય. એમાં ય આવી હાલતમાં તો કેટલો આઘાત લાગે ? પણ એ ભાઈ સાઈકોલોજિસ્ટ ન હતો, એટલે એ આવી ગરબડ કરે, એમાં આશ્ચર્ય નહિ.

''હવે એક કામ કરો. છેક પાછા જવાની જરૂર નથી. અહીંથી જ ઝાડીમાંથી ઓડુનો બીજો રસ્તો નીકળે છે. તમે એ રસ્તે નીકળી જાઓ.''

''ભાઈ! અહીં તમારું ઘર છે ?''

''મારી ઝુંપડી છે, આગળ પણ બીજી ઝુંપડી છે. ત્યાં રહેવું હોય, તો ય મને વાંધો નથી. સવારે ઓડુ જજો. અને હમણા ઓડુ જવું હોય, તો હવે એકાદ કિ.મી. બાકી રહ્યું...''

એક પળ વિચાર આવ્યો કે અહીં જ રોકાઈ જઈએ... પણ બધા સાધુઓએ કહ્યું કે આપણે પહોંચી જ જઈએ. થાક થોડો વધારે લાગે, પણ ત્યાં પૂરતો આરામ થઈ રહેશે...

''ભાઈ! તમે અમારી સાથે આવશો ? અમે પાછા રસ્તો ભૂલીએ, તો હેરાન થઈ જઈએ...'' મેં વિનંતિ કરી.

એ ભાઈ થોડાક ખચકાયા, પછી હા પાડી.

મને એકાદ ચા પીવા મળશે ? વજુભાઈએ પેલા ભાઈ પાસે માંગણી કરી. મને અણગમો થઈ ગયો, હમણાં આ ચા પીવામાં ક્યાં સમય બગાડે છે... વળી પેલાની ઝુંપડી છેક ઝાડીની અંદર બસો ડગલા પછી ! અવરજવરમાં દસેક મિનિટ બગડે જ...

પણ પાછો વિચાર આવ્યો...

'વજુભાઈ પાંચ વાગ્યાથી અમારી સાથે છે, એ પણ આટલું બધું ચાલ્યા જ છે. એમણે પાણી સિવાય કશું જ લીધું નથી. એ બિચારાને ચાની ઈચ્છા થાય, એ સ્વાભાવિક છે.'

હું મૌન રહ્યો.

પેલા ભાઈ વજુભાઈને ઝાડીમાં ચા પીવા લઈ ગયા.

આ બાજુ ન્યાયરત્નવિ. રાહ જોવાની હોવાથી ઉભા કે બેઠા રહેવાને બદલે પાછા ધરતી પર લાંબા થઈને સુઈ જ ગયા.

સાતેક મિનિટમાં પેલા બે ય જણ પાછા આવતા દેખાયા.

મહારાજ! નાના છોકરા-છોકરી છે, મને બહાર જતો જોઈને ખૂબ રડવા માંડ્યા, પત્નીને ભળાવીને આવ્યો છું. એ ય બિચારી આવા નિર્જનસ્થાનમાં એકલી એકલી તો ગભરાય જ ને ! પણ હવે જે થાય તે ખરું, હાલો...

ભાઈએ પોતાના ખચકાટનું કારણ દર્શાવી દઈ ઉલ્લાસભેર ચાલવા માંડ્યું.

''આ જ બધા વર્તમાનના નયસાર! અને ભાવીના મહાવીર તો નહિ હોય ને?'' મને ફરી વિચાર આવ્યો.

જમણા રસ્તે જ બસો ડગલા આગળ ચાલ્યા બાદ એણે ઝાડીમાંથી રસ્તો શોધી કાઢ્યો.

ત્યાં તો બીજા બે ભાઈઓ અચાનક બાઈક પર આવી ચડ્યા.

અલ્યા, ક્યાં ચાલ્યો ? તારા છોકરાઓનો રડવાનો અવાજ સાંભળીને અમે તારી ઝુંપડીએ આવતા હતા...

એ આવનાર ભાઈઓ પણ પેલા ભાઈની માફક ઝાડીઓમાં ઝુંપડી બાંધીને રહેતા હતા. કદાચ દિવસે મીઠાનું કામકાજ કરતા હશે.

''આ મહારાજ રસ્તો ભૂલી ગયા છે, એ બતાવવા જાઉં છું. તમે સાથે આવો, તો સારું, મને પણ પાક્કો ખ્યાલ નથી...

હાલો...

બાઈક અંદર ચાલે તેમ ન હતું. કેમકે હવે ઝાડીમાંથી આડો-અવળો વિચિત્ર ખેતરાળ રસ્તો નીકળતો હતો.

પાંચેક મિનિટમાં આખો ઈતિહાસ ટુંકમાં કહેવાઈ ગયો. હવે અમારી આઠ જણની રણયાત્રા (ઝાડીવાળા રણમાં યાત્રા) ચાલુ થઈ...

બેટરીના પ્રકાશ હેઠળ માંડ માંડ આગળ વધતા ગયા... એ બિચારા ભોળા માણસો! બોલતા આવડે

નહિ, એટલે ઓછામાં ઓછું દસ-પંદર વાર તો ખારું ખારું બોલી ગયા કે ''મહારાજ! તમે આ બાજુ ખોટા આવ્યા. તમે પેલી બાજુથી રસ્તે ચડી ગયા હોત, તો ક્યારનાય ઓડુ પહોંચી ગયા હોત...''

અજાણતા, નાછુટકે થયેલી અમારી ભૂલને યાદ કરાવી કરાવીને એ બિચારા અમને વધુ ત્રાસ આપી રહ્યા હતા.

જો કે નિખાલસભાવથી કહું છું કે આ બધા પ્રસંગોમાં મને ચિંતા થઈ હોવા છતાં એ ચિંતા મુશ્કેલીનો નિકાલ લાવવાના ઉપાયો શોધવા માટેની હતી, આર્તધ્યાનાદિરૂપ નહિ. અંદર તો આવા ઐતિહાસિક અનુભવ માટે આનંદ થતો હતો.

એમાં વળી રસ્તામાં ન્યાયરત્નવિ. ને ઉલટી થઈ, આપણો જે સફેદ પ્યાલો કે ટીનનો પ્યાલો હોય છે, એ પોણો પ્યાલો ભરીને પિત્ત સાથે બધું પાણી નીકળ્યું. એના કારણે પાંચેક મિનિટ રસ્તે રોકાવું પડ્યું.

આવી પરિસ્થિતિમાં પણ શીલગુણ વિ.એ ઉલટી પર પગથી બધી ધૂળ નાંખી દીધી. વ્યવસ્થિત ધૂળ નાંખી દીધી... જેથી સંમૂર્ચ્છિમાદિની વિરાધના ન થાય. આટલા સખત થાકમાં, કપરી પરિસ્થિતિમાં ય એમની જીવદયા માટેની કાળજી મને ખૂબ જ ગમી.

એ ભાઈએ ૧ કિ.મી. કહેલું, પણ અડધો કલાક જેટલું અમે ચાલ્યા, ત્યારે હજી તો પેલી ટાંકી આવી.

હા! સુલતાનપુરા પાસેથી પાંચેક વાગ્યાના સમયે જે ટાંકીને લક્ષ્ય બાંધીને અમે નીકળેલા, તે ટાંકી પાસે અમે આવી પહોંચ્યા હતા.

''મહારાજ! હવે અમે જઈએ ? હવે આ સીધો જ રસ્તો છે...'' પેલા છેલ્લે જોડાયેલા ત્રણ ભાઈઓએ અમને વિનંતી કરી.

મારી ઈચ્છા હતી કે તેઓ સાથે આવે, તો સારું... પણ એમની ઘરની હાલત યાદ આવતા મેં આગ્રહ ન કર્યો. વળી ૩૫ વર્ષનો યુવાન મજુર વજુભાઈ તો અમારી સાથે આવવાનો જ હતો.

પેલા ભાઈઓએ પોતાની બેટરી અમને આપવા માંડી... પણ અમે ના પાડી.'' અમારાથી એ ન વપરાય.''

અને વળી ચાર+એક અમારા પાંચ જણાની અંતિમચરણની યાત્રા શરૂ થઈ.

હજી એક ભ્રમણાએ અમને મુશ્કેલીમાં મૂકી દીધા.

સામાન્યથી ગામની ટાંકી ગામના છેડા પાસે જ હોય, એટલે હવે સો-બસો-ત્રણસો ડગલામાં જ ગામ હશે, એવો મારો વિચાર હતો, એટલે જ પેલા ભાઈઓને મેં જવા દીધેલા.

પણ હજી અમારી અગ્નિપરિક્ષા પૂરી થઈ ન હતી.

અમે ઓછામાં ઓછું એકાદ કિ.મી. ચાલ્યા, પણ ગામનું નામોનિશાન ન મળે... મને ડર લાગ્યો. વળી પાછો રસ્તો ભૂલી તો નથી ગયા ને ?

''વજુભાઈ! ગામ કેટલું દૂર ?''

મહારાજ! હજી તો બે કિ.મી. જેટલું હશે...''

''શું વાત કરો છો ? આપણે તો છેક ઝાડીમાંથી અંદર ઘુસ્યા, ત્યારે પેલા કહેતા હતા કે એકાદ કિ.મી. હશે... આ તો આપણે ત્રણેક તો ચાલી નાંખ્યા...'' મારા સ્વરમાં ડરનો પ્રવેશ થઈ ચૂક્યો હતો.

'મહારાજ! મારું એ સાંભળવામાં ધ્યાન ન હતું....'

''પણ ટાંકી તો આવી ગઈ, ટાંકીથી ગામ ત્રણ કિ.મી. દૂર હોય ?''

''ન હોય. પણ અહીં રણમાં ઘણા લોકો કામ કરે છે ને ? એટલે એમને અને ગામને... બંનેને પાણી પહોંચાડવા માટે અહીં અધવચ્ચે ટાંકી રાખી છે.''

'ટાંકીની નજીકમાં જ ગામ હોય' એ મારી ભ્રમણા ત્યારે ભાંગી.

વળી મને ભાન થયું કે આ ગામડાવાળાઓના કિ.મી.ના ગણિત પર કોઈ ભરોસો ન મુકાય. પાંચેક કિ.મી.ના રસ્તાને તેઓ એકાદ-બે કિ.મી. પણ ખતવી નાંખે. એમાં એમના મનમાં પાપ નથી હોતું, પણ ભોળપણ-અણસમજ હોય છે.

આખરે અમારી અગ્નિપરીક્ષાનો અંત આવ્યો.

અમે હજી અડધો કિ.મી. જેટલું ચાલ્યા હશું, ત્યાં એક મંદીર આવ્યું. સાવ ઉજ્જડ સ્થાનમાં ગામવાળાઓએ **વારૈયા દાદા**નું મંદીર બનાવેલું.

મને બીજા દિવસે ખબર પડેલી કે આ મંદિર આ જ વર્ષે બનેલું, અત્યાર સુધી ત્યાં વેરાન જગ્યા જ હતી.

વળી ત્યાંથી દોઢ કિ.મી. બાદ ઓડુ ગામ હતું. એ પણ બીજા દિવસે વિહાર કરવાથી ખબર પડેલી.

જો એ મંદીર ન હોત, તો હજી એ રાત્રે દોઢ કિ.મી. ચાલવું પડત, અને એ રસ્તો પણ આડો-અવળો, વિચિત્ર પ્રકારની ઝાડીવાળો જ હતો. રાત્રે તો અમને એ રસ્તા પર એમ જ લાગત કે ''અમે ભૂલા પડી રહ્યા છીએ...''

અમારો ભાગ્યોદય ગણો કે જે ગણો તે... પણ એ મંદીર અત્યારે અમારી નજર સામે હતું.

મંદીરનો હોલ વિશાળ હતો. પંદરેક માણસ આરામથી ઉંઘી શકે એટલો!

જ્યારે ત્યાં પહોંચ્યા, ત્યારે તો મને ખબર ન હતી કે હજી ઓડુ કેટલું બાકી છે?... પણ દઢ નિર્ણય કરી જ લીધો કે 'હવે બિલકુલ જોખમ કરવું નથી.' અને અમે એ મંદીરમાં ઉતરી ગયા. પુજારી વગેરે કોઈ ન હતું. માત્ર ચારે બાજુ દિવાલ અને ઉપર છત! વચ્ચે માણસ-આકારની એક મૂર્તિ! એની આગળ નાનકડો દીવો!

દીવા આગળ તો આડશ કરી દીધી.

અમે બધા 'હાશ' કરીને બેઠા.

વજુભાઈ બહાર ઓટલા પર બેઠા.

અમારા કોઈ પાસે ઘડિયાળ ન હોવાથી મેં વજુભાઈને સમય પુછ્યો...

''સાડા નવ'' મોબાઈલમાં જોઈને એણે જવાબ દીધો.

પાકા સાડાચાર કલાક!

મેં વિચાર કર્યો.

અમે કેટલા કિ.મી. ચાલ્યા એ તો ભગવાન જાણે. પણ કલાકના આધારે મેં નિર્ણય કર્યો કે અમે કલાકના પાંચ કિ.મી. તો ચાલીએ જ છીએ, એટલે સાડા બાવીસ કિ.મી.ના વિહાર જેટલો પરિશ્રમ તો અમે લીધો જ છે.

કદાચ આરામાદિનો સમય બાદ કરીએ, તો ય ૨૦ કિ.મી. જેટલો પરિશ્રમ તો ગણાય જ ને?

એમાં ય વળી અંધારું + કાંટાઓ + કાંકરાઓ + અનિશ્ચિતતા.... આ બધાનો ઉમેરો કરીએ, તો તો...!

વળી સવારના પંદર કિ.મી. તો ચાલેલા હતા જ.

ઘણી મહત્ત્વની ત્રણ-ચાર બાબતો તો હવે મારે કહેવાની છે.

(૧) ''મહારાજ! હવે હું જાઉં ? વજુભાઈએ વિનયપૂર્વક મારી રજા માંગી.

''અરે હોય... અત્યારે ક્યાં જશો ?''

સુલતાનપુરા...

કેવી રીતે ?

''ચાલીને... હું એકલો તો ઝાડીઓમાંથી રસ્તો કાઢતો કાઢતો રણના પટ સુધી પહોંચી જઈશ. પછી તો સીધું જ છે. આ તો તમારે પગમાં ચંપલ ન હતા... એટલે રસ્તો લાંબો લેવો પડેલો...''

એ બધી વાત સાચી... પણ પોણા દસ તો થઈ ગયા.. વજુભાઈ ! સાડાચાર કલાક તમે પણ હેરાન થયા

છો. હવે પાછા જાઓ, તો પહોંચો કેટલા વાગે...

''એક વાગ્યા સુધીમાં પહોંચી જઈશ.''

''ના, ના! અમે સાધુ છીએ, અમારી ફરજ છે કે અમારા ખાતર આટલું પરેશાન થનારને અમારે શક્ય એટલી સહાય તો કરવી જ. તમે અત્યારે અહીં જ રોકાઈ જાઓ, સવારે ઓડુ પહોંચી, નાસ્તો-પાણી કરીને નીકળજો, ત્યાં અમારે જૈનનું એકાદ ઘર છે... બધી વ્યવસ્થા થઈ જશે...''

વજુભાઈ કંઈ બોલ્યા નહિ, પણ એમ લાગતું હતું કે એમને જવું જ હતું... એ અહીં રોકાવા માંગતા ન હતા.

એક-બે મિનિટ રહીને એ પાછા બોલ્યા...

'મહારાજ! મને જવા દો ને... હું તો ચાલવા ટેવાયેલો છું...'

''વજુભાઈ! તમે સમજતા કેમ નથી ? આ રાતે એકલા તમે વળી ત્રણ કલાક આ વેરાન રણમાં જાઓ અને કંઈપણ થઈ જાય તો ? અમને કેટલો આઘાત લાગે ? તમારે મારી વાત માનવી જ પડશે...'' મેં જીદ કરી.

હવે સાંભળજો સંયમીઓ!

રોજની ચાલીશ બીડી પીનારો, કદાચ ખાવા-પીવામાં અનેક પ્રકારની છૂટછાટ વાળો, મજુર, જગતની દૃષ્ટિએ સાવ તુચ્છ કક્ષાનો એ માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ મોક્ષ તરફ કેવા પગલા ભરી રહ્યો હતો, ભરી ચૂક્યો હતો...

''મહારાજ! હું રાત્રે એક વાગે પહોંચી જાઉં, તો વહેલી સવારો પાછો મજુરીમાં લાગી શકું, તો મારા ૨૦૦રૂા. બચે.

મહારાજ! અમે ગરીબ માણસ છીએ. એકપણ દિવસ કમાણી ન થાય, તો અમારે બીજો દિવસ કાઢવો આકરો પડે. આ બીડી ય એમાંથી જ આવે છે.

જો સવારે નાસ્તો કરીને જઈશ, તો તો દસેક વાગી જશે, તો મારી મજુરી જશે. માટે મહારાજ! મને રજા આપો...''

ત્યારે મને ભાન થયું કે એને એની મજુરીની કમાણીની ચિંતા છે.

''વજુભાઈ! એ ચિંતા છોડી દો, તમને હું આવતી કાલની મજુરી બમણી અપાવી દઈશ, બસ ? પછી તો કંઈ વાંધો નથી ને ?''

''ના, ના! મહારાજ! સેવા કરી, એનો તો એક રૂપિયો પણ હું ન લઉં. મેં પહેલેથી એ કહેલું જ છે.'' એણે ઘસીને ના પાડી.

''વજુભાઈ! આવી જીદ ન કરો. સેવાના પૈસા ન લેવાય એ વાત સાચી, પણ આવી કપરી પરિસ્થિતિમાં એ નિયમ બાજુ પર મૂકી દેવો પડે...

''ના! હું નહિ લઉં...'' એ મક્કમ રહ્યા.

મને થોડોક ગુસ્સો પણ આવ્યો, પણ એ કરતાં ય એ માનવીના મનની મહાનતા જોઈને મારું મન નમી પડ્યું. આજે સુખી, અતિસુખી શ્રાવકો પણ વૈયાવચ્ચ ખાતાના પૈસામાંથી જ સંયમીઓની ભક્તિ-સેવાને ઉચિત માનતા હોય... ૨૦૦-૫૦૦ રૂા.નું દવાનું બિલ પણ વૈયાવચ્ચ ખાતે ઉધારતા હોય... ''મને લાભ મળે...'' એવો વિચાર પણ એમને ન જાગતો હોય... ત્યારે આ ભિખારી જેવો માણસ આપણા મગજમાં ન બેસે, એવી વિચિત્ર જીદ લઈને બેઠો હતો.

અરે, આપણે સંયમીઓ પણ પરસ્પર જે સહાય કરતા હશું, એમાં શું આવા સાવ સાવ નિઃસ્પૃહ હશું ખરા ?

મેં નિર્ણય કર્યો, 'ભલે, એ જીદ કરે... પણ અત્યારે ન જ જવા દેવાય. હું એને લઈ સવારે છ વાગે જ ઓડુ પહોંચી, પૈસા અપાવી રવાના કરી દઈશ. નવેક વાગ્યા સુધીમાં એ પહોંચી જશે...'

‘તમારે અહીં જ રહેવાનું છે. મારો આટલો આદેશ તમારે માનવો જ પડશે...’

એ કંઈ ન બોલ્યા, મારી વાત ક-મને પણ સ્વીકારી.

(૨) મંદીરમાં ઉપધિ ઉતારીને મેં કહી દીધું ‘બધા જાતે પ્રતિક્રમણ કરી લેજો, આજે માંડલીમાં નહિ... બધા થાકી ગયા છે...’ અને મેં પ્રતિ. ચાલુ કરી દીધું.

આ બાજુ ન્યાયરત્ન વિ. એ સત્તરસંડાસા પૂર્વક ખમાસમણું આપી ઈરિયાવહિ ચાલુ કરી... હું તો આભો જ બની ગયો. આ મહાત્માનો ક્રિયા પ્રત્યેનો કેવો અગાધ સદ્ભાવ! આ હાલતમાં પણ કેવો સખત સંઘર્ષ શરીર સાથે કરી રહ્યા છે.

જો કે એમનું શરીર હાર્યુ, આત્મા ન હાર્યો.

એક ઈરિયાવહિ બાદ એ ઉભા જ ન થઈ શક્યા... છેવટે જ્ઞાનરક્ષિતવિ. એ એમને ઝડપી પ્રતિ. ચાલુ કરાવી દીધું.

મારું પ્રતિ. તો ઝપાટા ભેર આગળ વધતું હતું. હા! આવા થાકમાં પણ આખું પ્રતિ. ઉભા ઉભા કર્યુ અને તમામે તમામ ખમાસમણા પંચાંગ પ્રણિપાત જ આપ્યા. જો કે મારું શરીર આ માટે સારું છે... એટલે મેં સખત સંઘર્ષ કર્યો છે, એવું તો ન કહેવાય. એ તો મને ઉપવાસ હોય, તો જ મારી સાચી પરીક્ષા થાય.

સંયમીઓ!

આ એક-એક પ્રસંગની નોંધ કરજો. આવી હાલતમાં પણ ઉભા ઉભા ઈરિયાવહિ કરવાનો એમનો પુરુષાર્થ રૂપ વ્યવહાર એ જ દેહની મમતાનો ત્યાગ, આજ્ઞારુચિ... વગેરે નિશ્ચયનયના શ્રેષ્ઠકોટિના ગુણોથી તરબતર છે.

તમે નિશ્ચય ભણશો, પણ ગણશો નહિ... તો નિશ્ચયના નામે વ્યવહારનું ખૂન કરવાનું ઘોર પાપ બાંધશો.

આજે ઘણા સંયમીઓને નિશ્ચયની વાતો તરફ ઢસડાતા જોઉં છું, ત્યારે આશ્ચર્ય સાથે ખેદ થાય છે. યથાશક્તિ જિનાજ્ઞાપાલન વિના સાચો નિશ્ચય ત્રિકાળમાં કદી કોઈને સ્પર્શ્યો નથી, સ્પર્શતો નથી. સ્પર્શવાનો નથી... આ સૂત્ર અંતરમાં કોતરી રાખજો, અને એની નિર્યુક્તિ, ભાષ્યાદિનો બોધ મેળવવો હોય, તો અમારા જેવા કોઈકનો સંપર્ક સાધજો.

(૩) મુનિ શીલગુણ વિ.ને મેં મંદીરના એ નાના હોલમાં બે-ત્રણ વાર આમતેમ આંટા મારતા જોયા. વારૈયાદાદાની મૂર્તિને હોલની અંદર જ પ્રદક્ષિણા આપી શકાય, એવી ખુલ્લી જગ્યા મૂર્તિની ચારેબાજુ હતી. દેરાસરમાં અંદર જ ભમતી ન હોય.. એવી રીતે !

મને ગુસ્સો આવ્યો, અત્યારે આ મુનિ કેમ સમય બગાડે છે... ફટાફટ પ્રતિ. કરીને સંથારો કરી દેવાનો છે... મેં સ્પષ્ટસૂચના કરી છે...

પણ મેં મૌન જ રાખ્યું.

છેલ્લે મારે નાની શાંતિ પૂર્ણ થવા આવી, ત્યારે અચાનક મને લાઈટ થઈ કે ‘એ શું કરી રહ્યા હતા ?’ એ શીલુણ મ. તપસ્વી, ગ્લાન, સંયમી ન્યાયરત્ન વિ.મ.નો સંથારો પાથરી રહ્યા હતા. મારું અને એ બંને મુનિઓનું પ્રતિ. સાથે જ પંદર-વીસ મિનિટમાં પૂર્ણ થયું, અને એમણે = મુ. શીલુણવિ.એ મુ. ન્યાયરત્ન વિ.ને વિનંતી કરી પધારો, આ બાજુ પવન આવે છે, સંથારો તૈયાર છે...

‘‘શાબાશ ! શાબાશ !’’ મારા મોઢામાંથી શબ્દો નીકળી પડ્યા. ‘‘ધન્ય છે તમને! રંગ રાખ્યો તમે! આવા થાકમાં ય આવી ભક્તિ કરી... વાહ રે વાહ!...’’

એ દસ મહિનાના દીક્ષા પર્યાયવાળા મુનિની સહાયકવૃત્તિ જોઈને મારું મન અત્યંત સંતોષ પામ્યું.

એ સમ્યક્ત્વગુણનો આવિષ્કાર હતો...

એ ચારિત્રપરિણતિનું પ્રતિબિંબ હતું...

(એમણે શું વિશેષતા કરેલી... એ વાત હજી બાકી છે.)

(૪) પોરિસી ભણાવી સંથારો પાથરી હું આડો પડ્યો. પેલા બે મુનિ પણ સંથારી ગયા. વજુભાઈને મેં મંદીરમાં જ ભમતીની જમણીબાજુ પર ઉંઘી જવા કહ્યું.

'મહારાજ ! મારી પાસે પાથરવાનું કંઈ નથી...' એ મુંઝાયો.

મેં એ નાના હોલમાં શોધખોળ કરી, કશું ન મળ્યું.

'કંઈ નહિ મહારાજ! હું નીચે સુઈ જઈશ.' એક જ પળમાં એણે નિશ્ચય કરી લીધો અને આડો પડી ગયો.

હું ય સંથારામાં આડો પડ્યો, પણ વિચારો કંઈ પીછો છોડે ?

હજી મહામાસ ચાલુ હતો ભલે ગાઢ ઠંડી પડતી ન હતી, પણ અમે બધા કામળી તો ઓઢતા જ હતા. એમાંય જેમ જેમ રાત આગળ વધે, તેમ તેમ ઠંડી વધતી તો જાય જ... આ ભલે મજુર... પણ માણસ તો છે જ ને! એની પાસે નીચે પાથરવા કે ઉપર ઓઢવા કશું જ નથી.

અમારે સંસારીઓની સાચવણી કરવાની નથી, એ વાત સાચી. પણ આજની તો પરિસ્થિતિ જ જુદી છે.

'મારી કામળી આપી દઉં ? ના, ના! મારે તો જરૂર પડે જ છે. નકામો હું માંદો પડી જઈશ. તો શું કરું ?... શીલગુણ વિ.ને પૂછી જોઉં... એમને જો કામળીની જરૂર ન પડતી હોય તો એ વજુભાઈને ઓઢાડી દે... સવારે પાછી લઈ લેશું... એનું જે પ્રાયશ્ચિત્ત આવે, એ પછી લઈ લેશું...

એવો વિચાર કરી 'શીલગુણવિ. શું કરે છે ?' એ જોવા માટે મેં સહેજ મોઢું ઉંચુ કર્યું... અને ફરી એકવાર મારે આંચકો ખાવો પડ્યો.

એ પ્રતિ. કરી રહ્યા હતા, એમાં **પગામસિજ્જા** સુધી પહોંચ્યા હતા... પણ એ ય પગામસિજ્જાની અઘરી, અપ્રમત્તતાસૂચક મુદ્રા સાથે!

એક મહાન શૂરવીર જેવા શોભતા હતા એવી મુદ્રામાં!

આ હતો ચારિત્ર પરિણામ!

ફરી યાદ કરો...

એકાસણું...

સવારના પંદર કિ.મી...

સાંજના સાડાચાર કલાકની ભયંકર હેરાનગતિવાળી રણયાત્રા!

સૂર્યાસ્ત સુધી પેટમાં દુ:ખાવો...

માત્ર દસ મહિનાનો દીક્ષા પર્યાય...

અમે ત્રણેય સાધુઓ ઉંઘી ગયા હતા...

છતાં પગામસિજ્જાની અઘરી મુદ્રામાં મસ્તીથી પ્રતિક્રમણ!

એમના ગુરુ તરીકે કમસેકમ આ બાબતમાં તો હું પાછળ જ હતો.

'શિલગુણ વિ.! તમારે રાત્રે કામળીની જરૂર પડશે?'

'કેમ ?'

જો ચાલે એમ હોય, તો વજુભાઈને ઓઢાડવાની છે. એમની પાસે કશું જ નથી. આપણી ફરજ છે કે...

''હાજી! ગુરુજી! મારે જરૂર નથી, હું એમને ઓઢાડી દઈશ... આપ સંથારી જાઓ.'' એમણે દઢતા સાથે જવાબ આપ્યો, અને સંતોષ સાથે હું સંથારી ગયો.

(૫) હું સવારે ઉઠી ગયો, મારે જલ્દી તૈયાર થઈ વજુભાઈને ઓડુમાં પૈસા અપાવીને પાછા વાળવાના હતા. મેં જોયું કે વજુભાઈ પર કામળી નાંખેલી હતી. શરીર સંકોચીને કામળી ઓઢીને એ સુતા હતા... એનાથી

ખ્યાલ આવી ગયો કે એમને થોડીક ઠંડી લાગી જ હશે, એમાં એમને એ કામળી ઉપયોગી થઈ ગઈ...

ન્યાયરત્નમ. ઉઠ્યા, હવે એ ફ્રેશ હતા. આખું પ્રતિ. ઉભા ઉભા, સત્તરસંડાસા સાથે એમણે કર્યું.

મેં પડિલેહણ શરૂ કર્યું, ત્યાં ન્યાયરત્નવિ.એ ધડાકો કર્યો.

''સાહેબજી! શીલગુણવિ. એ જબરદસ્ત ભક્તિ કરી છે. એમણે મારા સંથારામાં પોતાનો સંથારો, પ્લાસ્ટીક... બધું જ પાથરી દીધેલું. જેથી સંથારો જાડો થાય, તો મને બરાબર શાતા મળે...''

મને આ સાંભળીને આનંદ તો થયો, પણ સાથે ધ્રાસ્કો પડ્યો, તો પછી શીલગુણ વિ. શેના પર સંથાર્યા ? એમની પાસે એક જ કામળી છે, અને એ પણ વજુભાઈને મારા કહેવાથી ઓઢાડી દીધેલી. સંથારાવાળી વાત તો મને સવારે, હમણાં જ ખબર પડી...

'શીલગુણ વિ! તમે શેના પર સંથારો કર્યો ?'

'આસન પર...'

'એ તો પાતળું-નાનું છે, એના પર આખી રાત શી રીતે કાઢી ? વળી ઠંડી પણ છે... તમારે મને રાત્રે કહેવું તો હતું કે તમે સંથારો...''

''ગુરુજી! સંથારો ન્યાયરત્ન મ.ના સંથારામાં પાથરેલો, ત્યારે એ જ વિચાર હતો કે હું કામળી પાથરીને એના પર સંથારી જઈશ. પણ પછી આપે કામળી ઓઢાડવાનું કહ્યું, એટલે...''

''પણ તમારે મને સંથારાની વાત તો કરવી જોઈએ ને ?''

''એ તો મારે ન કહેવાય ને ? વળી આપની ઈચ્છા પૂરી કરવાની આવી અણમોલ તક ક્યારે મળે...''

(૬) હું તૈયાર થઈ ગયો, વજુભાઈને ઉઠાડ્યા... ચાલો, આપણે ઓડુ જઈએ.

એ મારા પગમાં પડી ગયા...

''મહારાજ! હું તમારી પાસેથી એકપણ રૂપિયો નહિ લઉં, એ પાકું છે. અને ઓડુ જઈને પાછો સુલતાનપુરા પહોંચીશ, તો મોડું થઈ જશે. મારી મજુરી જશે. મને જવાની રજા આપો ને ? છ વાગ્યા છે, નવેક વાગ્યા સુધીમાં મજુરીએ ચડી જઈશ. મને રોકો નહિ...

એની રજુઆતમાં બંને સચ્ચાઈ રણકતી હતી.

સેવાના પૈસા નથી જ લેવાના...

મજુરી એક દિવસ પણ જાય, એ પોષાય એમ નથી...

છેવટે મારે વજુભાઈને હા પાડવી પડી.

અને મને પગે લાગી કોઈપણ જાતની અપેક્ષા-સ્પૃહા-ઈચ્છા વિના એ માણસ સડસડાટ સુલતાનપુરાની દિશા ભણી ચાલવા લાગ્યો.

હું એની પીઠને જોતો જ રહ્યો, ફરી મારી આંખમાં આંસુ ભરાઈ આવ્યા. શું આ ગામડાનો માણસ! શું એની મુઠ્ઠી ઉંચેરી મહાનતા!

ગઈકાલના સાંજના સાડાચાર વાગ્યાથી માંડીને હજી સુધી એ ભાઈએ પેટમાં એક પણ દાણો નાંખ્યો નથી. માત્ર એક ચા પીધી... હવે છેક નવ વાગે નાસ્તો કરશે... અને ઝાઝો આરામ કર્યા વિના ફરી મજુરીએ લાગી જશે.

પણ સેવાના પૈસા ન લેવાની એની ટેક કેટલી ભારે!

રોજની ૪૦ બીડી પીવાના વ્યસનીનું આ કેવું સાધુસેવાનું વ્યસન!

ગરીબાઈના કારણે લગ્ન પણ ન કરી શકેલા એ વજુભાઈની આ કેવી ભાવનાની શ્રીમંતાઈ! અણપઢ-અજ્ઞાની-અણસમજુ વજુભાઇનું 'સેવાના પૈસા ન જ લેવાય' એવું કેવું લોકોત્તર સમ્યજ્ઞાન!

અનંત અનંત અનંત વંદન હો એ મજુર(!)ની પવિત્રતમ ભાવનાઓને!

જિનશાસનની વ્યાપકતા, વિરાટતા આજે સાક્ષાત નિહાળવા મળી.

હવે જરાક આપણી જાત સાથે સરખામણી કરી લઈએ...

સખત થાક પછી પણ એને મજુરી છોડવી પોષાય નહિ...

તો સખત થાક વચ્ચે

આપણે એકાસણાદિ છોડી દઈએ, બહાર વડીનીતિ જવાનું છોડી દઈએ, નિર્દોષ ગોચરીચર્યા છોડી દઈએ, સ્વાધ્યાય છોડી દઈએ, અપ્રમત્તપણાની ક્રિયા છોડી દઈએ.. એ બધુ શું આપણને પોષાય ખરુ ?

શું મજુરની એક દિવસની ૨૦૦રૂ.ની મજુરી કરતા આપણા એકાસણા, સ્વાધ્યાય, નિર્દોષ ક્રિયા... આ બધું સસ્તુ છે ? નકામું છે ?

એ વજુભાઈ તો મિથ્યાત્વી છે, આપણે સાધુ-સાધ્વી છીએ... એ જો નિષ્કામભાવે સેવા કરી શકે, તો આપણે સંયમીઓની સેવા કેવી કરવાની ? પ્રતિસેવાની અપેક્ષાવાળી? મીઠા બે શબ્દોની અપેક્ષાવાળી ? 'વૈયાવચ્ચી' બિરુદની અપેક્ષાવાળી ? એ આપણને શોભશે ?

અંતે

સંયમીઓ!

ધ્રાંગધ્રાથી વાવડી, થળાદના રસ્તે ક્યારેક સુલતાનપુરા જઈ ચડો, તો આ વજુભાઈ મજુરને એકાદ વાર મળી લેજો.

હા!

શક્ય છે કે તમે એને મળો, ત્યારે એ બીડી પીતો હોય...

એ દારૂ પણ પીતો હશે...

એ માંસ ખાતો હોય, તો ય નવાઈ નહિ...

એનામાં ચિક્કાર દોષો ખદબદ થતા હોય, તો ય નવાઈ નહિ...

આખરે ક્ષાયોપશમિકભાવ આવ-જા કર્યા કરે છે ને ?

પણ

એ હજારો લાખો પાપોના અંધકારને ભેદી નાંખતી માર્ગાનુસારીભાવની એક જ્યોત એના અંતરમાં એકવાર તો પ્રગટી જ ચૂકી છે. એ ભવિષ્યમાં એના આત્મામાં સૂર્યોદય લાવીને જ જંપશે.

કોઈના જીવનના પાપો જોઈને એને ધિક્કારશો મા...

કોઈકના જીવનનું ઉધારપાસું જોઈને જમાપાસાની ઉપેક્ષા કરશો મા...

કોઈકના જીવનની અધમતાઓ જોઈને, એની ઉત્તમતાઓને પણ અધમતામાં ખપાવી દેવાનું અધમાધમ કૃત્ય કરશો મા...

નહિ તો,

નહિ તો સાધુવેષધારી આપણે સાધુ તો નહિ, મંદમિથ્યાત્વની કક્ષામાં પણ નહિ રહીએ. એ અધઃપતન આપણને અનંતસંસારની ખાઈમાં પણ નાંખી દે.

આપણે સૌ સાવધ બનીએ,

આપણે સૌ ઉદાર બનીએ,

આપણે સૌ ભાવાત્મક જિનશાસનના દૃષ્ટા બનીએ,

એ જ એકમાત્ર પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના!

## ૫

# ચાતુર્માસ પરિવર્તન : એક સત્યઘટના

''મહારાજ સાહેબ ! આખું ચોમાસું પૂરું થવા આવ્યું. અઠવાડિયું માંડ બાકી છે. મેં આપને ક્યારની ય વિનંતિ કરેલી છે કે 'મારા ઘરે પગલા કરો.' પજુસણ પૂર્વેના દિવસોમાં તો આપે જવાબ આપેલો કે તમારા ઘર પાસે ઘાસ-નિગોદ થઈ ગઈ છે, એટલે પછી વાત ! પણ હવે તો ચોમાસું જ પૂરું થાય છે. આપ હવે ક્યારે મારા ઘરે પગલા કરશો?

**ગાંધીનગર** સેક્ટર-૨૨ના ઉપાશ્રયની નીચેની એક રૂમમાં દેરાસરનો ચોકીદાર ચાતુર્માસ બિરાજમાન બે યુવાન સાધુઓમાંના વડીલ સાધુને વિનંતિ કરી રહ્યો હતો.

સાંજનો પાંચેક વાગ્યાનો સમય !

વડીલ મહાત્મા લુણા ધોવા માટે બેઠા હતા અને ચોકીદારે આવીને ભાવભરી વિનંતિ કરી.

જાતનો રજપૂત એ ચોકીદાર ૨૨ વર્ષથી એ સ્થાનમાં નોકરી કરતો હતો. ભારે નિષ્ઠાવાન ! સાધુ પ્રત્યેની પ્રીતિ એવી કે ચોમાસાના શરૂઆતના દિવસોમાં તો સાધુએ ઘરો જોયા ન હોવાથી ચોકીદાર જ સાધુને ઘર બતાવવા લઈ જાય. એક-એક કિ.મી. સુધી જવું પડે તો પણ પગપાળો જ જાય. પગમાં ચંપલ ન પહેરે. આસો ઓળીમાં સખત તડકો શરુ થયો, ત્યારે સાધુએ કરુણાથી પ્રેરણા પણ કરેલી કે 'ચંપલ વિના તમારા પગ બળી જશે...' તો હસતા હસતા એ ચોકીદાર કહે 'સાહેબજી ! આપ બધા ચંપલ વિના ફરો જ છો ને ? હું કમ સે કમ આપની સાથે હોઈશ, ત્યારે તો ચંપલ નહિ જ પહેરું.'

ચોમાસાના પંદરેક દિવસ પૂરા થયા બાદ સાધુએ એને કહ્યું કે 'હવે તો મેં બધા ઘરો જોઈ લીધા છે, એટલે તમારે સાથે આવવાની જરુર નથી.'

એ વખતે અંતરના ઓરડેથી મીઠો મધુરો સ્વર સાંભળવા મળ્યો. 'મ.સા., રસ્તામાં ઘણીવાર કુતરાઓ ભસીને, પાછળ પડીને હેરાન કરતા હોય છે. વળી બધા ઘરોના દરવાજા લગભગ બંધ હોય છે. આપે તરપણી નીચે મુકવી પડે, પછી ખખડાવવું પડે, પછી પેલા દરવાજો ખોલે... આ વારંવાર તરપણી લે-મૂક કરવામાં આપને કેટલી બધી મુશ્કેલી પડે. જો હું સાથે હોઉં, તો તો આપને ફિકર જ નહિ. અને મને આપની ભક્તિનો લાભ મળશે. હું જ બધે બારણા ખોલાવીશ, કુતરાઓને અટકાવીશ. એટલે હું તો આખું ચોમાસું રોજ આપની સાથે આવવાનો જ.'

અને ખરેખર એણે પોતાની ભાવના પ્રમાણે આચાર પાળી બતાવ્યો. રોજ અડધો કલાક સાધુ સાથે ભરબપોરે ગોચરીમાં ફરે. અવસરે વિનંતિ કરે કે 'મારા ઘરે ક્યારે પધારશો ?' પણ સાધુ ટાળતા જ રહ્યા. કારણ કે એના ઘરે જવાની કેડી પર નિગોદની - ઘાસની વિરાધના હતી.

શરુઆતમાં તો સાધુને એના માટે શંકા જ થઈ કે 'આ ગરીબ છે, પૈસાની જરુર હશે, એટલે મારા જેવાને ખુશ કરે છે, અને પછી મારી પાસે સહાયની માંગણી કરશે.' પણ એ શંકા ખોટી પડી. ચોમાસાના પચાસ દિવસ

વીતી જવા છતાં પણ એણે કોઈ જાતની માંગણી ન કરી. સદા માટે પ્રસન્ન રહેતા એ ચોકીદારને જોઈને સાધુને ખૂબ આશ્ચર્ય થયું, અને એટલે જ એક દિવસ સામેથી જ પૂછી લીધું, 'તારે કંઈ જરુર છે ? તારે બે દીકરી છે, એક દીકરો છે, પત્ની માંદી છે. પગાર ઓછો છે. સંતાનોનો અભ્યાસાદિનો ખર્ચ આવતો જ હશે. તો કંઈક જરૂર છે ?'

ચોકીદારે જવાબ આપ્યો, આ દાદાની દયાથી મારે બધું જ બરાબર છે. ગામડામાં ઘર બનાવવા માટે પૈસાની જરુર હતી, એ તો એક સાધુ ભ.એ મને સહાય કરેલી. બાકી મને તકલીફ પડે, તો સંઘના તે તે શ્રાવકો મને સાચવી જ લે છે. તેઓ બધા મને ઓળખે છે. એટલે કશી જરુર નથી.

૨૨ વર્ષની નોકરી પછી ૨૭૦૦ રૂ.ના માસિક પગારે જીવતા, પાંચ જણાનું પૂરું કરતા અને છતાં સામેથી ઓફર આવવા છતાં નમ્રતાથી ના પાડનારા, ભગવાનની કૃપા માનનારા એ ચોકીદારને નિહાળીને સાધુની આંખો પહોળી થઈ ગઈ. સુખી-શ્રીમંત કોણ? આ ચોકીદાર? કે પેલા પૈસા પાછળ ગાંડી દોટ મૂકનારા કરોડોપતિઓ !

આમ છતાં એ સાધુએ વંદન કરવા આવેલા સંસારી બહેનની કંઈક લાભ આપવાની વિનંતિ સાંભળીને ચોકીદારને સહાય કરવાનું સૂચન કર્યું, ત્યારે ચોકીદારની ખાનદાનીએ ચાર ચાંદ લાવી દીધા. એ બહેને આવીને સાધુને કહ્યું કે મહારાજ સાહેબ ! નાના માણસોની ખુમારી, નીતિમત્તા, સંતોષ મેં મારા જીવનમાં ક્યારેક જ અનુભવ્યા છે, અને આજે એવો જ અનુભવ થયો. એ ભાઈ પૈસા લેવા તૈયાર જ ન થાય. હું બળજબરીથી એમના ઘરે પૈસા આપી આવું છું. આખરે એ પણ માણસ છે. પૈસાની કેટલી બધી જરુર છે, એ અમે બધા સમજીએ છીએ. એને પૈસાની જરુર હોય જ, અને સહાય કરવી જ જોઈએ.

આ બધા પ્રસંગોથી સાધુને ચોકીદાર માટે સદ્ભાવ તો ઉત્પન્ન થયેલો જ હતો. એમાં વળી ચોમાસું પૂર્ણ થવાને અઠવાડિયાની વાર હતી, ત્યારે એણે પોતાના ઘરે પગલા કરવાની વિનંતિ કરી, ત્યારે હસમુખા સ્વભાવવાળા સાધુએ હસતા હસતા જ કહ્યું કે હું એકલો શું કામ ? આખો સંઘ તારા ઘરે પગલા કરે. ચોમાસું પૂરું થવા આવ્યું છે. ચાતુર્માસ પરિવર્તન અમારે કોઈકના ઘરે તો કરવાનું જ છે. નવ-દસ વિનંતિઓ તો આવી જ છે. ઘણા શ્રીમંત શ્રાવકોની પણ વિનંતિ છે. પણ તું જો વિનંતિ કરે, તો તારા ઘરે જ ચાતુર્માસ પરિવર્તન કરીએ...

અને હસતા હસતા બોલાયેલા આ શબ્દોએ એક ઈતિહાસનું સર્જન કરી દીધું. પેલો ચોકીદાર પળભર તો વિચારમાં પડી ગયો. મારા ઘરે આખો સંઘ પગલા કરે, સાધુઓ એક-બે કલાક પરિવર્તન નિમિત્તે મારા ઘરે રહે, સાધુઓ મોટા માણસોની વિનંતિ ગૌણ કરીને, ટ્રસ્ટીઓની-શ્રીમંતોની વિનંતિઓને ગૌણ કરીને મારા જેવા નોકર માણસની વિનંતિ સ્વીકારે... આ કંઈ શક્ય છે ? સાહેબજી મશ્કરી તો નહિ કરતા હોય ને ?

બાવીસ વર્ષથી ચાતુર્માસ પરિવર્તનની રીતરસમ, ભપકો વગેરે જોઈ ચૂકેલા ચોકીદારના મનમાં સાધુના વચન એક મજાક-મશ્કરી જ લાગે, એમાં કોઈ આશ્ચર્ય ન હતું. એમાં ય વળી સાધુ હસતા હસતા જ બોલતા હતા, એટલે એની શંકા વધુ દઢ બની.

છતાં ચોકીદાર બોલ્યો, સાહેબજી ! હું તો નોકર માણસ ! ગરીબ માણસ ! દેરાસરની પાછળની નાનકડી ઓરડીમાં રહેનારો જૈનેતર રાજપૂત માણસ ! મારે ત્યાં આપ સંઘ સાથે ચાતુર્માસ પરિવર્તન કરો, એ શું શક્ય બને ખરું ?

અને એ બોલતી વખતના એના મુખ પરના ભાવો જોઈને એ સાધુ ચોંકી ઉઠ્યો. એનો મજાકનો વિચાર એક જ પળમાં ગંભીરતા ધારણ કરવા માંડ્યો. લુણા ઘસતા એ સાધુના હાથ બે પળ માટે અટકી ગયા. ઝપાટાભેર એ સાધુએ લાંબુ ગણિત માંડી દીધું. અઠવાડિયાથી નવ-દસ વિનંતિઓ આવીને પડી હતી, પણ કોઈની જય બોલાવી ન હતી. માત્ર એક પરિવારને શક્યતા દેખાડી હતી. પણ સાધુ કોઈ શકવર્તી, આદર્શભૂત કાર્ય કરવા માંગતા હતા. એમાં આ સહજ રીતે જ થયેલા વાર્તાલાપમાં સાધુએ ઐતિહાસિક નિર્ણય લઈ લીધો. છતાં એ એમ પણ જાણતા હતા કે ચાતુર્માસ પરિવર્તન કરાવવામાં અમુક ખર્ચો તો થાય જ. આ તો ગરીબ છે, એ શી રીતે ખર્ચ કરશે ? હા !

એક રૂપિયાના પણ ખર્ચ વિના પરિવર્તન કરવાની સંપૂર્ણ તૈયારી સાધુએ મનથી તો કરી જ લીધી. છતાં ચોકીદારના ભાવ ચકાસવા, દઢ કરવા હવે ગંભીરતા સાથે સાધુએ વાર્તાલાપ આગળ શરુ કર્યો.

‘‘જુઓ, **લાલસીંગ !** (એ ચોકીદારનું આ સાચું નામ છે.) તારા ઘરે આખો સંઘ પગલા તો કરે, એ નિર્ણય મારે જ કરવાનો છે. પણ બસો માણસ ઘરે આવે, ત્યારે એમને પ્રભાવના તો આપવી જ પડે. તારી ખર્ચ કરવાની તૈયારી ખરી ? એમ ને એમ કંઈ આ મોટો લાભ ન મળે. સંઘના મોટામાં મોટા માણસો તારા ઘરના પગથિયા ચડશે. જીંદગીમાં પ્રથમવાર તારી નાનકડી રૂમમાં પ્રવેશ કરશે, નમ્ર બનીને ! અહોભાવ સાથે ! આ સંઘ તો ભગવાન છે, ભગવાન તારા ઘરે પગલા કરે, ત્યારે તારે એને કંઈક આપવું તો જોઈએ ને ?
લાલસીંગ સમજી ગયો કે ‘મ.સા. હવે પૂરી ગંભીરતા સાથે વાત કરે છે. તેઓ મારા ઘરે સંઘ સાથે પરિવર્તન કરવા તૈયાર છે. હવે મારે મારી તાકાત ચકાસવાની છે.‘

એના મુખ પર આનંદ છવાઈ ગયો, રીતસર હર્ષના આંસુ ટપકવા લાગ્યા. ‘‘મ.સા. ! મારા જેવા અભાગિયાને ત્યાં ભગવાન પધારે, એ તો મારો મહા મહા ભાગ્યોદય કહેવાય. સાહેબજી ! હું ઘરે આવનાર તમામે તમામનું ઓછામાં ઓછું પાંચ રૂપિયાથી સંઘપૂજન કરીશ. આ ચોમાસામાં મેં જોયું છે કે આપે સંઘના પ્રત્યેક સભ્યના જમણા અંગુઠાને દૂધથી ધોવડાવવાનું, તિલક કરાવવાનું સૂચન કરીને એ મહાન કાર્ય અનેક લોકો પાસે કરાવેલું છે. મારો આખો પરિવાર સંઘના દરેક સભ્યના પગ દૂધ-પાણીથી ધોશે, કપાળે તિલક કરશે, ... સાહેબજી ! આટલું કરું, તો તો ચાલે ને ?‘‘

સાધુ આશ્ચર્ય પામ્યો. આ ગરીબ માણસ પાંચ-પાંચ રૂપિયાનું સંઘપૂજન શી રીતે કરી શકે ? ધારો કે 300 માણસ આવે, તો ૧૫૦૦ રૂ. તો પ્રભાવનાના જ થઈ જાય. ૨૭૦૦ રૂ. માં આખો મહિનો કાઢનાર આ માણસ ૬0% જેટલો પગાર આમાં ખર્ચી નાંખે, તો એ આખો મહિનો ખાશે શું ? મારે કંઈ પારકા પૈસે એની પાસે આ સુકૃત કરાવવું નથી. મારા કહેવાથી બધા એને પૈસા આપે, અને એ પૈસાથી એ ઠાઠમાઠ કરે... એમાં એને વિશેષ લાભ તો શી રીતે થાય ?

‘‘જો, લાલસીંગ ! આટલી બધી પ્રભાવના આપવામાં તો તારો અડધા કરતા વધારે પગાર પૂરો... સાધુ બોલ્યા, પણ એમનું વચન વચ્ચેથી જ અટકાવી દઈ ચોકીદાર બોલ્યો. મહારાજ સાહેબ ! એની આપ ચિંતા ન કરો. હમણાં જ દિવાળી ગઈ. મને બોનસ રૂપે એક મહિનાનો પગાર વધારાનો મળ્યો છે. એટલે એ ૨૭૦૦ રૂ. તો મને વધારે મળેલા છે જ. એ ઉપરાંત દિવાળી દરમ્યાન એક ભાઈ બહાર ફરવા ગયેલા, તો પાંચેક દિવસ એમના બંગલાની કાળજી કરવાનું કામ મારા દીકરાને સોંપતા ગયેલા, એના પણ એક હજાર રૂ. દીકરાને મળેલા છે. સાહેબજી ! ૩૭૦૦ રૂ. આ મહીને મને વધારે મળ્યા જ છે. એટલે 3000 રૂ. નો ખર્ચ થઈ જાય, તો ય મને કોઈ જ વાંધો નહિ આવે. વળી મારા માટે તો આ પ્રસંગ ઘણો ઘણો મહત્ત્વનો છે. દીકરા-દીકરીના લગ્ન વખતે શું હું ગમે તે કરીને પણ ખર્ચ ન કરું ? બસ, આપ મને રજા આપો.‘‘

સાધુ ભ. આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. મહીને લાખ રૂ. કમાનારાઓને જ્યારે થોડીક મંદીના કારણે ૭૫ હજારની જ આવક થઈ હોય, ત્યારે તરત જ ‘બહુ ભીંસમાં છીએ. આ વખતે ધર્મમાં ખર્ચ નહિ થઈ શકે. ‘મંદી છે.‘ એવું એવું બોલનારા એ શ્રીમંતો શું ખરેખર ગરીબ નથી? એની સામે આ ચોકીદારનો ભાવ કેવો ?

સાધુએ કહી દીધું ‘જો, ૯૯% તારા જ ઘરે પરિવર્તન કરવાનો નિર્ણય પાક્કો ! માત્ર વ્યવસ્થાપકોને પુછી લઈશ કે આવું કરવામાં બીજી કોઈ મુશ્કેલી તો નથી ને ? એ આવતી કાલે નક્કી થઈ જશે. પણ એક વાત બરાબર ધ્યાનથી સાંભળી લે. તારે એક જ રૂ.ની ભાવના કરવાની. વધારે નહિ જ. આ મારો આદેશ જ સમજવો. જો આ મંજુર હોય, તો જ તારા ઘરે પગલા કરીશ. બીજી વાત એ કે આ આખો પ્રસંગ તને બીજા પાસે પૈસા અપાવડાવીને પણ ઉજવી શકાય છે. પણ તેમાં તારો લાભ ઘટી જશે. મારે વધુ ને વધુ લાભ તને કરાવવો

છે. એટલે ખર્ચ તારે જ કરવાનો, અને એ પણ હું કહું એટલો જ! વધુમાં વધુ ૩૦૦ માણસ આવશે, એટલે ૩૦૦ રૂા. નો ખર્ચ થશે, એ સિવાય કોઈ ખર્ચ થાય, તો ય બધું મળીને ૫૦૦ થી વધુ ખર્ચ તો નહિ જ.

ચોકીદાર દલીલ કરવા માંગતો હતો, પણ સાધુની મજબુત-સ્પષ્ટરજુઆત સામે એણે મૌન જ સ્વીકારી લીધું. હા ! આનંદનો તો કોઈ પાર જ ન હતો, એ એના વહી જતા આંસુ કહી રહ્યા હતા.

''મ.સા. ! મારે હવે શું વિધિ કરવાની છે ? વિનંતિ કરવી પડશે ને ?''

''હા ! તું એક કાગળ પર વિનંતિ લખીને ઓફીસમાં આપી દે, એ મારી પાસે જ આવશે.''

પણ, વિનંતિ કેવી રીતે લખવી ? એ બધું તો મને કંઈ ખબર ન પડે. આપ...

તું ફીકર ન કર. જા, બીજા મ.સા. બહાર બેઠા છે. એમને કહે, એ તને આખું લખાણ તૈયાર કરી આપશે. ઘરે જઈ સારા અક્ષરે લખી લેજે. તને ન આવડે, તો તારા દીકરા પાસે લખાવજે. કાગળ સારો લેજે. અને, સાંભળ. એ ઓફીસમાં નહિ, મને જ આપજે.

''સાહેબજી ! ટ્રસ્ટીઓ મને બોલશે તો નહિ ને ?''

''તું ગભરાય છે કેમ ? હું છું ને ?''

અને ચોકીદાર રૂમ બહાર નીકળ્યો. વડીલ સાધુએ નાના સાધુને વિનંતિનું લખાણ તૈયાર કરી આપવાની સુચના કરી, એટલે તરત નાના સાધુએ બહાર જઈ લખાણ લખવા માંડ્યું. ચોકીદાર સામે જ ઉભો રહ્યો. હજી એના મનમાં ગડમથલ ચાલુ જ હતી 'આ સાચું ? કે સ્વપ્ન ?' અને એટલે જ ધ્રુજતા સ્વરે નાના સાધુને પૂછી પણ લીધું મ.સા. ! મોટા સાહેબ મજાક તો નથી કરતા ને ? મારા ઘરે આખો સંઘ આવી શકે ખરો ને ? ટ્રસ્ટીઓ મને ઠપકો તો નહિ આપે ને ?

નાના સાધુએ દૃઢ વિશ્વાસ સાથે કહ્યું કે તું નિર્ભય બની જા. આ સત્ય છે, મશ્કરી નથી. ચાલ, પાછું પાકી કરાવી દઉં. અને પાછા રૂમમાં પહોંચ્યા. લુણા કાઢીને જમીન પર લુંછણિયું ફેરવી રહેલા વડીલ સાધુને વાત કરી કે આને હજી શંકા છે કે આપ મશ્કરી તો નથી કરતા ને ?

ત્યારે વડીલ સાધુએ ઉભા થઈ, પૂરી લાગણી સાથે ચોકીદારના મસ્તકે હાથ ફેરવી કહ્યું ''ના. બિલકુલ મશ્કરી નથી કરતો. તારા હૈયામાં ભગવાન અને સાધુ પ્રત્યેની જે પ્રીતિ છે, એનું જ આ ફળ કુદરત તને આપી રહી છે. હું તો નિમિત્ત છું.''

સાધુ ગળગળા થઈ ગયા, અને ચોકીદારે એ મીઠાશ મનભરીને માણી ઘર તરફ વિદાય લીધી. એકાદ કલાક બાદ સારા કાગળ પર વિનંતિ લખીને સાધુને આપી દીધી. સાધુએ ઓફિસમાંથી પણ બીજી બધી વિનંતિઓ મંગાવી લીધી.

બીજા દિવસે પ્રવચનના અંતે

''જુઓ, આજે મારે ચાતુર્માસપરિવર્તનનો લાભ લેનાર પરિવારનું નામ જાહેર કરવું છે. લગભગ બારેક વિનંતિઓ આવી છે. પણ મને એક ભય છે કે હું જે નામ જાહેર કરું, એ કદાચ બધાને ગમે કે નહિ ? ચોક્કસ, આ નિર્ણય લેવાની સત્તા મારી જ છે. છતાં સંઘને અણગમો થાય એવું મારે નથી કરવું. તમે બધા મારી વાત સ્વીકારશો ખરા ? સાધુએ બરાબર પૂર્વભૂમિકા બાંધી દીધી.

''સાહેબજી ! આપ કોઈને પણ લાભ આપો, અમને આનંદ જ થશે. આપ બિલકુલ ચિંતા ન કરો, અને નામ જાહેર કરો.''

''હું આ સંઘના દેરાસરના ચોકીદાર લાલસીંગના ઘરે ચાતુર્માસ પરિવર્તન કરવા માંગું છું. એનું ઘર નાનું છે, એટલે સાધ્વીજીઓ અન્ય ઘરે પરિવર્તન કરશે. આમાં તમને કદાચ એમ લાગે કે મ.સા. આટલા બધા શ્રાવકોના ઘરોને છોડીને એક ગરીબ, અજૈન, નોકરને ત્યાં પરિવર્તન કરે, એમાં સંઘનું ખરાબ દેખાય...'' તો

તમે નક્કી માનજો કે આમાં તો સંઘની ઉદારતા જ દેખાવાની છે... આ ચોકીદારના ઘરે પરિવર્તન કરવાનું કારણ એ કે ચારે ચાર મહિના એણે અપૂર્વભાવ સાથે રોજેરોજ સાથે ફરીને ગોચરીમાં સહાય કરી છે. એ કરતા પણ એની બીજી ત્રણ વિશેષતા પણ મને ગમી છે.

(૧) છેલ્લા ત્રણેક મહિનાથી રોજ નવકારશી કરે છે.

(૨) રોજ તિવિહાર (ચોવિહાર) કરે છે. સાંજે પચ્ચકખાણ લઈ જાય છે.

(૩) રોજ પ્રભુની પૂજા કરે છે.

શું બધા જૈનો પણ આટલું કરતા હશે ખરા ?

અરે ! એકવાર સાંજે કામ માટે બજારમાં જવાનું થયું. સમયનો ખ્યાલ ન રહ્યો, ઘરે આવ્યો ત્યારે સૂર્યાસ્ત થઈ ગયેલો. એની પત્નીએ કહ્યું કે 'તમને શોધવા દીકરાને દોડાવ્યો હતો, તમે ક્યાં ગયેલા ? હવે જમી લો.' પણ પૂરી મક્કમતા સાથે એણે કહી દીધું કે 'આજે નહિ જમું. સૂર્યાસ્ત થઈ ચૂક્યો છે.' અને તરત મારી પાસે આવીને એણે ચોવિહારના પચ્ચકખાણ લીધા.

એ બધા કરતાં પણ ગઈકાલે સાંજે આંખના આંસુ સાથે એણે જે વિનંતિ કરી, એ જોઈને જ મને આ વિચાર આવ્યો છે. અમે ભલે **રામ** નથી, પણ એ લાલસીંગ **શબરી** તો ચોક્કસ છે. એના ખાટા-એંઠા બોર અમે ખાશું, અર્થાત્ એની સાવ સામાન્ય ભક્તિ પણ અમને ગમશે. એની સાવ નાની ઝુંપડી જેવી ઓરડીમાં પરિવર્તન કરવું અમને ગમશે.

પણ આ બધા માટે શ્રીસંઘ મને સંમતિ આપે...

સાધુની આ બધી રજુઆત, આગલા દિવસની વિનંતિનું કરેલું વિસ્તૃત વર્ણન સાંભળીને આખો સંઘ ભાવવિભોર બની ગયો. ટ્રસ્ટીઓએ ઉભા થઈને ગદ્ગદ સ્વરે કહ્યું કે ''સાહેબજી ! આપ તો એક મહાન આદર્શ ઉભો કરી રહ્યા છો. આપે અઠવાડિયા પહેલા જ પ્રેરણા કરેલી કે, 'અમે ચાતુર્માસ પરિવર્તન સામાન્ય ઘરમાં પણ કરવા તૈયાર છીએ. તમે એવું નહિ વિચારતા કે અમારું ઘર નાનું છે. અમે નવકારશી નહિ કરાવી શકીએ, બેન્ડવાજા નહિ બોલાવી શકીએ, સારી પ્રભાવના નહિ આપી શકીએ. માટે આપણે પરિવર્તન માટે વિનંતિ ન કરાય...' ના ! તમે વિનંતિ કરો, તમે બે કલાક માટે અમને બે સાધુને બેસવા પુરતી ચારેક ફૂટની જગ્યા પણ ઘરમાં ફાળવી શક્તા હો, તો તમે વિનંતિ કરી શકશો. તમારે કોઈ બેન્ડ બોલાવવાની જરુર નથી. પ્રભાવના કરવાની પણ જરૂર નથી, નવકારશી આદિ કશું જ કરાવવાની જરુર નથી. જરુર છે માત્ર તમારા ભાવની...'

આ બધું આપે કહેલું, ત્યારથી જ અમે સમજી ગયેલા કે આપ કંઈક નવીનતા લાવશો જ. આ બાર-બાર વિનંતિઓ આવી છે, એની પાછળનું કારણ પણ આપની એ હાર્દિક રજુઆત જ છે. માત્ર શ્રીમંતો જ નહિ, પણ બીજા બધા પણ લાભ લઈ શકે, એ માટેનો આપનો આ પ્રયત્ન આજે સાકાર થઈ રહ્યો છે. અમારી આ બાબતમાં સંપૂર્ણ સંમતિ છે. અમે બધા જ એ દિવસે અવશ્ય હાજર રહેશું. લાલસીંગના ઘરે એક ટ્રસ્ટી તરીકે નહિ, પણ એક સંઘસભ્ય તરીકે હાજર થઈશું. હવે એ અમારો નોકર નહિ, અમારો સાધર્મિક છે.

ટ્રસ્ટીભાઈઓએ ઉછળતા હૈયે સંમતિ દર્શાવી દીધી.

''તો એક કામ કરો. હમણાં જ લાલસીંગને અહીં બોલાવો. સંઘની હાજરીમાં જ એ મને વિનંતિ કરે અને આપણે જય બોલાવીએ અને પછી એ આખા સંઘને પોતાના ઘરે પધારવા વિનંતિ કરે...''

તરત જ મુખ્ય ટ્રસ્ટી વગેરે બે-ત્રણ ભાઈઓ દેરાસર પાસે ચોકી કરતા લાલસીંગને બોલાવવા ગયા. પણ બે-ત્રણ મિનિટ થવા છતાં લાલસીંગ ન આવ્યો, ઘણો વિલંબ થઈ રહ્યો હોવાથી સાધુ પણ ચિંતિત બન્યા, ત્યાં તો એકલા ટ્રસ્ટીઓ જ પાછા આવ્યા મ.સા. ! એ નહિ આવે. આપ સર્વમંગલ કરી દો.

સાધુને થયું કેમ ન આવે ? શું એનો વિચાર પડી ગયો ? ભાવ બદલાઈ ગયા ? ટ્રસ્ટીઓ કેમ આવું

બોલે છે ? ત્યાં તો ટ્રસ્ટીભાઈએ કહ્યું મ.સા. ! એનું હૈયું ઝાલ્યું રહેતું નથી. આ આનંદમય સમાચાર સાંભળી પોતાના મહાન ભાગ્ય ઉપર ચોધાર આંસુ સારે છે. આપણા બધાની સામે ચોકીદાર તરીકે એને વિનંતિ કરવા આવતા ભારે શરમ આવે છે. એનું ગળું રુંધાઈ ગયું છે.

સાધુને ધરપત થઈ કે 'સમાચાર તો ઘણા સારા છે.'

'તમે એને કહો કે મ.સા.નો આદેશ છે.'

અને એક-બે મિનિટમાં જ એ હાજર ! ખુલ્લા મોટા બારણામાંથી રડતી આંખે પ્રવેશ કરતા, ચોકીદારના ખાખી ડ્રેશમાં રહેલા, ૪૫-૫૦ની ઉંમરવાળા, પાતળા શરીરવાળા લાલસીંગ ઉપર આખા સંઘની આંખ ઠરી, બધાએ અશ્રુના બે બિંદુ સહજ રીતે વહાવી દીધા. એ અશ્રુબિંદુઓ જ જાણે કે એ મહાન આત્માને વધાવવા માટેના કિંમતી મોતી હતા. હવે બીજા મોતીઓની જરૂર ન હતી.

આખી સભાને ઓળંગી સાધુના ચરણે મસ્તક અડાડી, આંસુઓથી સાધુના ચરણે પૂજન કરી વાસક્ષેપ સ્વીકારી શ્રીસંઘની સામે તુટતા-ધ્રુજતા-ભીનાભચ શબ્દો વડે એણે માંડમાંડ વિનંતિ કરી સૌ મારા ઘરે પધારજો. ચાતુર્માસ પરિવર્તનનો લાભ મને આપજો...

પ્રવચન પૂરું થયું. આજનો માહોલ જ કંઈક વિશિષ્ટ હતો. સમગ્ર વાતાવરણમાં આશ્ચર્યના, અહોભાવના, ગુણાનુરાગના, પ્રશંસાના ભાવો સરી રહ્યા હતા. પા-અડધો કલાકે ઉપાશ્રય ખાલી થયો અને **નરેન્દ્રભાઈ** નામના સંઘના જ એક શ્રાવક (આ સાચું નામ લખેલું છે) મળવા માટે આવ્યા.

મ.સા. ! આજે મેં એક અવિનય કર્યો છે, આપના ચાલુ પ્રવચનમાંથી જ હું ઉભો થઈને ચાલ્યો ગયો હતો. આપે જયારે લાલસીંગની ભક્તિની વાત કરી અને એના ઘરે પરિવર્તનની રજા માંગી, એ જ વખતે મને એના માટે એટલો બધો બહુમાનભાવ ઉત્પન્ન થયો કે હું રહી જ ન શક્યો. ઉભો થઈ દેરાસરના ૨૫-૩૦ પગથિયા ચડી ત્યાં બેઠેલા એની પાસે પહોંચી ગયો, મને આવતો જોઈ એ ઉભો થયો, પણ હું તો રીતસર એને ભેટી જ પડ્યો. દોસ્ત ! લાખ લાખ ધન્યવાદ છે તને ! મેં કહ્યું અને ગજવામાંથી હજાર રૂ. કાઢી એના ગજવામાં નાંખી દીધા. એણે ખૂબ રકઝક કરી કે 'આ શું કરો છો ?' આ પૈસા મને કેમ આપો છો ?' પણ મેં જબરદસ્તી કરી, 'રાખ, આ તને દાન નથી આપતો. તારું બહુમાન કરું છું.'

મ.સા. ! એનો પ્રસંગ સારામાં સારો થવો જ જોઈએ. આપ ભલે નિઃસ્પૃહતા રાખો, પણ એને પૈસાની છૂટ હોય, તો વધુ સારી રીતે લાભ લઈ શકે. લોકોમાં સારી પ્રભાવના થાય. હું કંઈ શ્રીમંત નથી, પણ હજારેક રૂ. ખર્ચીને નાનકડો લાભ તો લઉં ને ? આપ કોઈને આ વાત કરતા નહિ. માત્ર આપની જાણ ખાતર મેં આ વાત કરી છે.

સાધુ ભ. તો સાંભળી જ રહ્યા. ભાવધર્મનો ઉછાળો નજરોનજર નિહાળી રહ્યા.

બીજા દિવસે સવારે દેરાસર દર્શન કરીને સાધુ નીચે ઉતરતા હતા, ત્યાં જ ચોકીદાર સામેથી મળવા આવ્યો, પગે પડ્યો.

'કેમ ? પ્રસન્ન છે ને ?'

'હા જી ! ખૂબ જ પ્રસન્ન છું. આજે મારે આપની પાસે એક બાધા લેવી છે.'

'હા, હા ! બોલ...'

'આપે મને રાત્રિભોજન ત્યાગની પ્રેરણા કરેલી, એ ચાર મહિના તો પાળી, પણ મારી ઈચ્છા છે કે આપે, શ્રીસંઘે મારા પર અનહદ ઉપકાર કર્યો છે, તો મારે સામે બદલો આપવો જ જોઈએ. હું આખી જીંદગી માટે રાત્રિભોજન ત્યાગની બાધા લેવા માંગુ છું. માત્ર બહારગામ જવાનું થાય, તો છૂટ ! કેમકે ત્યાં સાચવવું અઘરું પડે. એમ માંદગીના કારણસર છૂટ !'

'ખૂબ જ સરસ ! તું તો હવે સાચો જૈન બની ગયો.'

'એ ઉપરાંત બીજી બાધા એ પણ લેવી છે કે હવે રોજ હું દાદાની પૂજા કરીશ.'

'વાહ ! વાહ ! ખૂબ ખૂબ ધન્યવાદ !'

'હજી એક વાત બાકી છે. આખી જીંદગી માટે કંદમૂળની બાધા લેવી છે.'

'પણ તું તો કહેતો હતો ને, કે અમને ગરીબોને કંદમૂળ સસ્તા પડે. બીજા શાકભાજી અને કઠોળ મોંઘા પડે. એટલે જ તો મેં તને પહેલા પ્રેરણા કરેલી, ત્યારે તેં આ કારણ દર્શાવી ના પાડેલી.'

'સારી વાત સાહેબજી ! પણ હવે મારે કંદમૂળ નથી ખાવા. હું ગમે તે રીતે ચલાવી લઈશ. બસ, આપ બાધા આપો.'

'દોસ્ત ! હજારો જૈનો પણ જે પ્રતિજ્ઞા પાળવા માટેની હિંમત નથી કરતા, એ તું જીવનભર માટે લઈ રહ્યો છે, કાયમ માટે રાત્રિભોજનત્યાગી જૈનો ઘણા ઓછા ! આજે તું સાચા અર્થમાં જૈન બની રહ્યો છે. ચાલ, ઉપાશ્રયે ! ત્યાં જ વાસક્ષેપ કરીને તને આ ઉત્તમ પ્રતિજ્ઞાઓ આપું.'

સાધુ અને લાલસીંગ હોંશે હોંશે ઉપાશ્રયે ગયા અને ખૂબ આનંદ સાથે લાલસીંગે પ્રતિજ્ઞા લીધી.

બપોરે બે વાગે ચોકીદાર પાછો આવ્યો.

'મ.સા. ! રાત્રિભોજનની બાધામાં ફેરફાર કરવો છે.'

કેમ ? અઘરી લાગે છે ? છૂટછાટ લેવી છે ? અમુક વર્ષની જ રાખવી છે ?''

''ના, ના ! સાહેબજી ! બન્યું એવું કે આપની પાસે બાધા લીધા બાદ મેં ઘરે જઈને પત્નીને વાત કરી, તો એ તો મારા પર જ ગુસ્સે થઈ ગઈ. એ કહે 'તમને શરમ નથી આવતી કે તમે બહારગામની છૂટ રાખીને બાધા લીધી છે. મ.સા. આપણા માટે કેટલું બધું કરે છે, અને તમે આવી અડધી-અડધી બાધા લઈને આવો છો ? બહારગામ તો આપણે ક્યારેક જ જવાનું થાય છે. એ વખતે તમારે થોડુંક સાચવી લેવાનું. હું તમારા માટે બધી વ્યવસ્થા કરી આપીશ...

મ.સા. ! પત્નીને શારીરિક તકલીફ ઘણી છે. એટલે એ તો રાત્રિભોજન છોડી શકે એમ નથી. પણ એણે મને જે પ્રેરણા કરી છે, એના હિસાબે બહારગામની છૂટ રદ કરીને નવી બાધા લેવા આવ્યો છું.

સાધુ તો હર્ષથી રડી પડ્યા. આ ચોકીદાર કેવો ! એની ઘરવાળી કેવી ! વાહ રે વાહ ! આ તો રત્નો કહેવાય. સાધુએ ફરીથી બાધા આપી.

ત્યાં તો ચોકીદાર કહે.

મ.સા. ! ગઈકાલથી જ હવે તો જે કોઈપણ મળે છે, તે મને પૂછે છે 'લાલસીંગ! કંઈપણ કામ હોય તો કહેજે. કંઈપણ જરુર હોય તો કહેજે. કશી ચિંતા ન કરતો.' બધાની આંખોમાં અમીના, મોઢામાં મીઠાશના દર્શન થાય છે. હું તો ખૂબ ધરાઈ ગયો છું.

શું તું બધા પાસેથી મદદ લેવાનો છે ?

ના, મ.સા. ! મેં તો બધાને એક જ જવાબ આપ્યો છે કે બસ ! મારા ઘરે પધારજો. બીજું કશું જ કામ નથી. છતાં પણ મ.સા. ! કેટલાકો તો જીદ કરી કરીને મને પૈસા આપી ગયા છે. હું એ બધા પાછા જ આપી દેવાનો છું...

'જો, તું એક કામ કર. અત્યાર સુધીમાં જેણે જેણે તને મદદ માટે કહ્યું હોય, એ બધાને યાદ કરી કરીને એમના નામ લખીને તું મને હમણાં જ આપી જા અને કુલ કેટલા રૂપિયા મળ્યા છે... એ ગણીને મને કહી જા...'

'હા જી !' કહીને ચોકીદાર ગયો, થોડીક જ વારમાં લિસ્ટ તૈયાર કરીને પાછો આવ્યો.

અઢાર નામ ! આટલા બધાએ તને વિનંતિ કરી... ખૂબ જ સરસ !

મ.સા. ! આ બધા તો ભારપૂર્વક કહેનારાઓ ! બાકી મને ધન્યવાદ આપનારા, પ્રશંસા કરનારા, પીઠ થાબડનારા તો ઘણા બધા છે.

સારું ! રૂપિયા કેટલા આવ્યા ?

લગભગ, ચારેક હજાર જેટલા !

એ બધા પાછા આપી દેવાના. તારે તારા જ પૈસે આ અનુષ્ઠાન કરવાનું.

ચોક્કસ ! અને ચોકીદારે વિદાય લીધી.

એ પછીના દિવસે સવારે એક નવો જ ફણગો ફૂટ્યો. સંઘના એક ટ્રસ્ટીએ સાધુને વાત કરી કે 'મ.સા. ! અમે દર વર્ષે ચાતુર્માસ પ્રવેશની અને પરિવર્તનની એક નાનકડી જાહેરાત ગાંધીનગર સમાચાર નામના સ્થાનિક છાપામાં આપીએ છીએ. ગઈકાલે અમે એ પ્રમાણે પ્રેસમાં જાહેરાત મોકલી, તો ત્યાંનો પત્રકાર આ વાંચીને સ્તબ્ધ થઈ ગયો, જૈનસાધુનું પરિવર્તન એક ચોકીદારને ત્યાં ! અજૈન રાજપૂતને ત્યાં ! આવું બની શકે ?

મ.સા. ! એને અનહદ આશ્ચર્ય થયું, મારા પર ફોન આવ્યો. મેં બધી વાત સમજાવી. એ કહે 'મારે મ.સા.નો ઈન્ટરવ્યુ લેવો છે. આવા સમાચાર તો માત્ર બે-પાંચ લીટીમાં નહિ, પણ ખૂબ જ વિસ્તાર કરીને છાપવા છે. મારે એ લાલસીંગનો પણ ઈન્ટરવ્યુ લેવો છે.'

તો મ.સા. ! આપશ્રીને ફાવશે ? પ્રવચન બાદ બોલાવું ?

ચોક્કસ બોલાવો. આ તો શાસન પ્રભાવનાનું કામ છે. ગાંધીનગરમાં દસેક લાખની વસ્તી તો હશે જ. એમાં ય વળી બધા ભણેલા-ગણેલા ! ગાંધીનગર સમાચાર સ્થાનિક છાપું હોવાથી એની આવૃત્તિ પણ લાખ જેટલી તો નીકળતી જ હશે. એ બધા લોકો આ પ્રસંગ જાણે, તો તો ઘણો મોટો ફાયદો છે.

પ્રવચનની દસેક મિનિટ બાકી હતી, ત્યાં જ પત્રકાર આવી ગયો. જાહેરમાં જ લાલસીંગને બોલાવવામાં આવ્યો. મ.સા.ના પાસે વાસક્ષેપ નંખાવ્યો, પત્રકારે બે-ચાર ફોટા પાડ્યા, પ્રવચન બાદ ઈન્ટરવ્યુ શરુ થયો.

**પત્રકાર :** આપે શા માટે ચોકીદારને ત્યાં જવાનો નિર્ણય કર્યો ? શું જૈનોએ આપને પરિવર્તન માટે વિનંતિ કરી ન હતી ?

**સાધુ :** કુલ બારેક વિનંતિઓ આવેલી. એમાં પાંચ-સાત વિનંતિઓ તો શ્રીમંત માણસોની પણ આવેલી. પણ અમે જૈન સાધુઓ જૈનોના જ ઘરે જઈએ, એમાં ય શ્રીમંતોના જ ઘરે જઈએ... આવું નથી. બધા લોકો જો આવું માનતા હોય, તો એ માન્યતા દૂર કરવા મેં આ પગલું ભર્યું છે. અમારા માટે બધા જ સરખા છે. અમે માત્ર ભાવના જ ભુખ્યા છીએ...

**પત્રકાર :** પણ આપના શ્રાવકોને, મોટા માણસોને ખોટું નહિ લાગે ? આપે એમની વિનંતિ ઠુકરાવી દીધી છે. તો એમને તો ન જ ગમે ને ?

**સાધુ :** તમે આ સંઘના માણસોની ઉદારતા જોઈ નથી લાગતી. તેઓ જેમ પૈસે ટકે ઉદાર છે, એમ આ બધી બાબતોમાં પણ ઉદાર છે. હા ! એમને સાચો માર્ગ બતાવવો પડે. એ તો જો તમે પરિવર્તનના દિવસે આવશો, તો આપોઆપ જ બધો માહોલ જોઈને ખ્યાલ આવી જશે. ચોકીદાર એ બધાયના મસ્તકે તિલક કરશે, અને તેઓ હાથ જોડીને તિલકનો સ્વીકાર કરશે.

**પત્રકાર :** બીજા બધા સાધુઓ તો આવો આદર્શ ઉભો કરતા નથી ? કેમ એવું ?

**સાધુ :** તેઓને ભાવ નથી, એવું ન માનશો. પણ વર્ષોથી જે પ્રણાલિકા ચાલે છે, એ પ્રમાણે એમને એના સિવાય આવું કંઈક પણ કરી શકાય, એવું કદાચ મનમાં ન સુઝે, અને એટલે જ તેઓ આવો કોઈ નિર્ણય ન લે. બાકી જેમ જેમ આ બાબતનો ઉપયોગ આવશે, ફાયદા દેખાશે, તેમ તેમ એવા નિર્ણયો પણ લેવાશે...

**પત્રકાર :** હું ખાનગીમાં ચોકીદારને મળી શકું ?

**સાધુ :** ચોક્કસ ! અને જે પુછવું હોય, એ બિન્ધાસ્ત પુછજો. આડા-અવળા પ્રશ્નો પુછવાની પણ તમને છૂટ છે. પત્રકારોની દુનિયાને હું ઓળખું છું. તેઓ સીધું પુછે, એ જ આશ્ચર્ય !

પત્રકાર હસી પડ્યો. 'મ.સા. ! તમે તો અમારી ખરાબ છાપ લઈને બેઠા છો. પણ ખાતરી આપું છું કે આવતી કાલનું છાપું જોયા બાદ અમારી છાપ સુધરી જશે. મને આપનો આ નિર્ણય ખૂબ જ ગમ્યો છે. બધાને માટે એક જબરદસ્ત આદર્શરૂપ છે.'

**સાધુ :** માત્ર એક વાત મારી માનશો ? તમે મારા અને ચોકીદારના ફોટાઓ પાડ્યા છે. એમાં મારો ફોટો છાપામાં ન છપાય તો સારું. ભલે, લાલસીંગનો છપાય. મારો છપાશે, તો લોકો સમજશે કે મ.સા. પણ આ બધા આડંબર કરે છે...

**પત્રકાર :** આપની સૂચનાનો ચોક્કસ અમલ કરીશ.

બીજા દિવસે ગાંધીનગર સમાચારમાં અંદરના ભાગમાં પોણું પાનું ભરીને આ આખા સમાચાર ખૂબ જ વિસ્તાર પૂર્વક છાપવામાં આવ્યા. લાલસીંગનો ફોટો પણ છપાયો. જૈનસાધુની ઉદારતાના બેમોઢ વખાણ કરવામાં આવ્યા. ગાંધીનગરની પ્રજા આ બધું વાંચીને આશ્ચર્યચક્તિ બની ગઈ. લાલસીંગને ઓળખનારાઓએ એને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા. દેરાસરની સામે રહેલી દુકાનવાળાઓ વગેરેએ એની પીઠ ઠાબડી.

અલ્યા ! લાલસીંગ ! તું તો છાપામાં ચમક્યો. કમાલ કહેવાય.

લાલસીંગ વાળ કપાવવા હજામની દુકાને ગયો, તો ઓળખીતા હજામે પણ એ જ વાત ઉપાડી અલ્યા, તું તો હીરો બની ગયો. આખા ગાંધીનગરમાં પ્રખ્યાત થઈ ગયો.

કોઈક ડોક્ટરને ત્યાં કામસર ગયો, તો ડોક્ટર પણ પૂછી બેઠા અલ્યા ! તારે ત્યાં પરિવર્તન છે, એ વાત સાચી ? છાપામાં વાંચ્યું, ત્યારે ખબર પડી. પણ હજી વિશ્વાસ નથી બેસતો...

લાલસીંશ તો પ્રશંસાઓથી, અનુમોદનાઓથી ધરાઈ ગયો.

આ પ્રસંગ કાયમ માટે યાદ રહે, એ માટે એ છાપાનું લખાણ એણે લેમીનેશન કરાવીને ઘરે લગાડી દીધું. લેમીનેશનની પણ બે નકલ કરાવી, જેથી ખોવાઈ જાય, તો ય વાંધો ન આવે.

કારતક સુદ પુનમની સવાર પડી, બેન્ડવાજા વાગ્યા. પહેલા જ્યાં સાધ્વીજીઓ પરિવર્તન કરવાના હતા, ત્યાં શ્રીમંત પરિવારને ત્યાં પગલા કરવામાં આવ્યા, ત્યાં માંગલિક કરીને ચતુર્વિધ સંઘ સાથે દેરાસરની પાછળ જ રહેલી નાનકડી ઓરડી + રસોડાવાળા ઘરમાં રહેતા લાલસીંગને ત્યાં પગલા કરવામાં આવ્યા.

અરે, બાપરે ! લાલસીંગના મુખ ઉપરનો આનંદ ! વર્ણનાતીત ! એને તો સ્વર્ગલોક મળી ગયું. હર્ષના આંસુઓની તો ધારા ચાલી, બધાને બે હાથ જોડીને આવકારતો જાય. બંને સાધુઓ એના ઘર પાસે પહોંચ્યા, જોયું તો બારણા બહારના ઓટલાઓ શણગારેલા હતા અને શ્રીસંઘના આરાધક શ્રીમંત બહેનો ગહુલી કરીને તૈયાર ઉભા હતા. સાથે લાલસીંગની પત્ની, બે દીકરીઓ... બધા જ ! ઘરની રૂમ શ્રાવિકાઓથી ભરાઈ ગઈ હતી.

સાધુને આશ્ચર્ય થયું, શ્રાવિકાઓને આ બધું કરવાનું તો મેં કહ્યું જ ન હતું. મને આ વાતનો ખ્યાલ જ આવ્યો ન હતો. અને વાત તો સાચી જ હતી. પેલા લાલસીંગને ગહુંલી વગેરેની તો ખબર જ ક્યાં હોય ? એને સાથિયો કરતા પણ ક્યાં આવડે ? આ શ્રાવિકાઓએ તો ખૂબ જ સરસ કામ કર્યું, આટલી મજાની ગહુંલીઓ તૈયાર કરીને આવી ગયા, બાકી તો લાલસીંગને વંદનાદિ કરતા પણ ક્યાં આવડત ? સારું થયું. બધી વિધિ સચવાઈ ગઈ.

સાધુના આ મનોભાવ ગમે તે રીતે આરાધક બહેનો સમજી ગયા હશે કે કેમ ? પણ વંદનાદિ વિધિ પતાવ્યા બાદ, ચોખાથી વધાવ્યા બાદ, રૂમમાં પ્રવેશ કર્યા બાદ, સાધુ ત્યાં ગોઠવેલી પાટ પર બેઠા બાદ એક મુખ્ય આરાધક બહેને ખૂબ જ મીઠાશભેર ખુલાસો કર્યો... મ.સા. ! આ તો અમારા ઘરનો જ પ્રસંગ કહેવાય. એટલે અમે બધી જ જવાબદારી સ્વીકારી લીધી છે. સવારથી જ અહીં આવી ગયા હતા. રસોઈ બનાવવા વગેરેમાં ય

અમે બધા જોડાઈ ગયા હતા. લાલસીંગને કે એની પત્નીને ચિંતા ન થાય. એ જોવાની અમારી ફરજ છે.

સાધુ પ્રસન્ન થયા. નાનકડી ઓરડીમાં અને બહારની બાજુ જોયું તો સાડીઓ વડે શણગાર કરવામાં આવેલો, સાડીઓને તોરણના આકારમાં બાંધવામાં આવેલી. સાવ નાનું ઘર પણ એકદમ સુશોભિત બની ગયું હતું.

'સંઘના દરેક સભ્યના પગલા મારા ઘરે થાય તો સારું.' એવી લાલસીંગની ભાવનાને ધ્યાનમાં લઈને સાધુએ સૂચના કરી. જુઓ, બધા ક્રમશઃ એક લાઈનમાં આ ઘરમાં પ્રવેશે, હું અંદર જ બેઠો છું, અને મને 'મત્થએણ વંદામિ' કહીને બહાર નીકળે. બારણું એક જ છે. એટલે એમાં જ જવા-આવવાની ગોઠવણ કરવી પડશે, તમે બધાં સહકાર આપજો...

અને ખરેખર બધાએ સૂચનાનો બરાબર અમલ કર્યો. પંદરેક મિનિટમાં આ ભક્તિકૃત્ય પૂર્ણ થયું. લાલસીંગના પરિવારે તમામે તમામના ચરણો દૂધ-પાણીથી ધોયા, લલાટે તિલક કર્યું, પ્રભાવના આપી... અને ત્યારબાદ સેડમાં પ્રવચન ગોઠવાયું.

લાલસીંગે ચાંદીની ગીનીથી બંને મહાત્માનું ગુરુપૂજન કર્યું. આખા સંઘનો આભાર માન્યો, સાધુના ચરણોમાં મસ્તક ઝુકાવીને ધ્રુસકે ધ્રુસકે રડ્યો. આ સંઘને, આ દાદાને મારે ક્યારેય છોડવા નથી. મારા પ્રાણ અહીં જ નીકળે એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું. લાલસીંગ જાહેરમાં બોલ્યો....

અડધો કલાક પ્રવચન બાદ બધાએ ભીની આંખે અને ભીના હૈયે વિદાય લીધી. બંને સાધુઓ અડધો કલાક લાલસીંગની ઓરડીમાં સત્સંગ માટે રોકાયા, પરિવારના લોકોને નાની-મોટી બાધાઓ આપી, પાછા ઉપાશ્રયમાં આવી ગયા.

બપોરે લાલસીંગ મળવા આવ્યો, ત્યારે સાધુએ પુછ્યું

લાલસીંગ ! ચાંદીની ગીની ક્યાંથી લાવ્યો ? અને મઝાની સાડીઓના તોરણો શી રીતે બંધાવ્યા ?

મ.સા. ! આપણા સંઘના એક શ્રાવક (નામ અત્યારે યાદ નથી...) મને ગઈકાલે જ બળજબરી એ ગીની આપી ગયા. મને કહે કે 'આનાથી જ પૂજન કરવાનું...' મને એમ કે આ વિધિ હશે, એટલે મેં ના ન પાડી. શું મારી કંઈ ભૂલ થઈ ગઈ ?

પેલી સાડીઓ તો રાત્રે અગ્યાર વાગે મારા ઘરે આવીને આપણા સંઘના જ સાડીની દુકાનવાળા ભાઈઓ બાંધી ગયા. તેઓ મને કહે અમારે ત્યાં તો પલગા થશે, ત્યારે વાત ! પણ તારા ઘરે આ અણમોલ પ્રસંગ આવ્યો છે, એનો થોડો ઘણો લાભ અમે પણ લઈએ. અમારે દુકાન જ સાડીની છે, એટલે નવું કશું કરવાનું નથી. સાડીઓ બાંધી દેશું, પ્રસંગ પતે પછી લઈ જશું...

સાધુએ કહ્યું, આમાં તારો કોઈ જ દોષ નથી, મેં તો માત્ર જાણકારી માટે જ પુછેલું.

આ પ્રસંગને આજે દોઢ વર્ષ થવા આવ્યું, આજે પણ એ સાધુને જયારે આ પ્રસંગ યાદ આવે છે, ત્યારે મન પરમ સંતોષ અનુભવે છે. વિશિષ્ટ કોટિની શાસન પ્રભાવના કરવાનો લ્હાવો મળ્યો, એના કારણે અત્યંત તૃપ્તિનો અનુભવ થાય છે.

(સંયમીઓને આટલી જ વિનંતિ કે તમે પણ સૌ દીર્ઘદૃષ્ટિ વાપરશો. 'શ્રીમંતોને ત્યાં, ભક્તોને ત્યાં પરિવર્તન નહિ કરવું' એવું કહેવાનો ભાવ જ નથી. પણ જયાં વધુ લાભ દેખાય, જયાં ઘણા લોકો પામે, જયાં ઘણા લોકોના મનમાં શાસનરાગ પેદા થાય... એવા સ્થાનમાં પરિવર્તન કરવું એટલું જ અમારે કહેવું છે. ચાતુર્માસ પરિવર્તન નામનો એક વ્યવહારમાન્ય શ્રમણાચાર સ્વ-પરનો હિતસાધક જે રીતે બને એ રીતે આપણે પાળવો.)

## ૬

# પ્રભુ ! તું મને આવો જ બનાવજે

(ચૈત્ર વદ-૨થી વૈશાખ સુદ પુનમ વિ.સં. ૨૦૬૯માં **ડીસા આદિનાથ જૈન સંઘ**માં રોકાવાનું થયું એ દરમ્યાન એક પરિપક્વ ગીતાર્થ, દીર્ઘદૃષ્ટા મુનિ ભગવંતનો ભેટો થયો. તેઓને જે અનુભવ થયેલો, તે એમણે મને કહી સંભળાવ્યો.

આશ્ચર્યકારક, આનંદદાયક એ અનુભવ સાંભળ્યા બાદ મારા મન પર એની એટલી બધી ગાઢ અસર પડી કે આજે છેક જેઠ સુદ-૪ દોરડા મુકામે એ લખવા બેઠો છું ત્યારે પણ એ વિભૂતિસમાન સંયમી પ્રત્યે મસ્તક અનંતી વંદનાઓ આપ્યા વિના રહેતું નથી.

(એ મુનિ ભગવંત જ જાણે કે બોલે છે - લખે છે... એ રીતે એમના જ શબ્દોમાં હું આ આખો પ્રસંગ અત્રે રજૂ કરું છું.)

'દેવીઓને આખી જિંદગી માટે બ્રહ્મચર્યપાલન સંભવી શકે ખરું?'

મારી સામે પડેલી એક કાગળની ચબરખીમાં આ નાનકડો પ્રશ્ન લખેલો હતો. એક સાધ્વીજી ભગવંત એ કાગળ આપી ગયેલા અને મને જલ્દી વ્યવસ્થિત ઉત્તર આપવા વિનંતી કરેલી.

પ્રશ્ન વાંચતા જ મને સૌ પ્રથમ તો થયું કે આ તો સાવ સામાન્ય પ્રશ્ન છે. આમાં પૂછવા જેવું શું છે? દેવીઓ તો ભોગસુખોમાં લંપટ જ હોય. એમને તો દેશવિરતિ પણ નથી હોતી. વધુમાં વધુ સમ્યક્ત્વ હોય, એના કારણે તેઓ હજી પશ્ચાત્તાપાદિવાળા હોય... પણ આખી જિંદગી બ્રહ્મચર્યનું પાલન એમના માટે શક્ય જ નથી.'

મેં સાધ્વીજી મ.ને આ પ્રમાણે સ્પષ્ટ જવાબ આપી દીધો, એ જવાબ સાંભળીને તેઓ થોડાક ઉદાસીન થઈ ગયા હોય એવું મને લાગ્યું પણ મેં એવો વિચાર કર્યો કે ''એમને મારો જવાબ સાચો નહીં લાગ્યો હોય, માટે એમનું મોઢું પડી ગયું હશે...'

મારે વળી બીજા ઢગલાબંધ કામ હતાં, એટલે એ તરફ મેં વિશેષ લક્ષ્ય ન આપ્યું. પણ બે-ત્રણ દિવસ બાદ એ જ સાધ્વીજી મ. મને બીજી એક ચિઠ્ઠી આપી ગયા. મેં વાંચી, એમાં એક પ્રશ્ન પૂછવામાં આવેલો કે,

'દેવોને આખી જિંદગી માટે બ્રહ્મચર્યપાલન સંભવી શકે ખરું?'

પ્રશ્ન એ જ હતો. માત્ર દેવીને બદલે દેવ માટે હતો.

એ સાધ્વીજી મ.નો મારે કોઈ ઝાઝો પરિચય નહિ. આમ પણ અન્ય સમુદાયના હતા. પણ એમના વર્તન ઉપરથી એ એક ઉત્તમ, સંયમખપી, સ્વાધ્યાયી, શ્રેષ્ઠ મર્યાદાપાલક હતા... એટલો અનુભવ તો મને થયો જ હતો. એટલે એમની જિજ્ઞાસા સંતોષવા મેં આ પ્રશ્નનો જરાક વધારે સ્પષ્ટ જવાબ આપ્યો.

**'कायप्रवीचारा आ औशानात्'** *ઈશાન સુધીના દેવો (મનુષ્યની જેમ) કાયાથી અબ્રહ્મ સેવે*

**''शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचारा द्वयोर्द्वयो''**

*3-૪ દેવલોકના દેવો માત્ર દેવીઓનો સ્પર્શ જ કરે.*

*૫-૬ દેવલોકના દેવો માત્ર દેવીઓનું રૂપ જ જુએ.*

*૭-૮ દેવલોકના દેવો માત્ર દેવીઓનો શબ્દ જ સાંભળે.*

*૯-૧૦ દેવલોકના દેવો માત્ર દેવીઓનો મનથી જ વિચાર કરે.*

*એ જ રીતે તેઓ વિષયસેવન કરે. એનાથી ઉપરના દેવો આખી જિંદગી સંપૂર્ણ બ્રહ્મચર્યના પાલક છે. પણ એ એમનું વ્રત ન ગણાય. અને આમ જોવા જઈએ તો ત્રીજા દેવલોકના દેવોથી માંડીને તમામ દેવો વ્રતપાલક છે. કેમકે તેઓ સ્પર્શાદિ સિવાય કશું જ કરતા નથી.'*

આમ તત્વાર્થસૂત્રના આધારે મેં જવાબ આપી દીધો.

પણ 'પૂ. સાધ્વીજી ભ. મુંઝવણમાં હતા, એમને હજી સંતોષ નથી થયો...' એવું મને લાગ્યા કરતું હતું.

છેવટે એક દિવસ એ સાધ્વીજી મ.એ મારી પાસે મનના ભાવો રજૂ કર્યા અને એ સાંભળીને હું આશ્ચર્ય પામ્યો. આનંદ પામ્યો... આ હળાહળ કળિયુગમાં આવી મહાન પરિણતિ ભાગ્યે જ જોવા મળે, સાંભળવા મળે...

કદાચ કોઈકને એમ લાગશે કે,

'સાધ્વીજી મ.એ મૃષાવાદ કર્યો છે, પોતાની મહત્તા વધારવા!'

કદાચ કોઈકને મારા માટે જ શંકા જશે કે,

'આ મુનિ ભ. મીઠું-મરચું ભભરાવીને આ બધી વાત કરે છે.'

કદાચ કોઈકને એમ લાગશે કે,

'બહેનો બોલવામાં ચતુર હોય છે. આ સાધ્વીજીએ પણ રજનું ગજ કરી નાંખીને પોતાની જાતને મહાન દેખાડવાનો પ્રયત્ન કર્યો છે...'

પણ જેને જે લાગવું હોય તે લાગે. આ ૧૦૦% સત્ય હકીકત છે. કોઈના ન માનવા માત્રથી વાસ્તવિકતા ફેરવાઈ જતી નથી. વળી બધા મારી વાત માને એવી મારી અપેક્ષા પણ નથી. હું તો માત્ર ને માત્ર આત્માર્થી સંયમીઓના સંયમની વૃદ્ધિ માટે આ પ્રસંગ વર્ણવી રહ્યો છું.

એ સાધ્વીજી મ. બોલ્યા.

મ.સા.! મારી ઉંમર ૪૫ થઈ. દીક્ષા પર્યાય ૨૦ વર્ષ!

મ.સા.! જન્મથી માંડીને આજ સુધી વિકાર મારા મનને પણ સ્પર્શી શક્યો નથી. જ્યારથી સમજ આવી, ત્યારથી જ મને એ વિષયસુખો પ્રત્યે ભારેથી ભારે ધિક્કાર છે. કોઈ મને સ્પર્શ પણ કરે તો પણ મને ગુસ્સો આવી જાય.

આજે અમે ૧૪ ઠાણા છીએ. મારા કરતા ૧૧ નાના! એ બધા મને વંદન કરે. એટલે તેઓ મારો સ્પર્શ કરવાના જ, અને મારે પણ આશિષ આપવા રૂપે એમને સ્પર્શ કરવો પડે... પણ આ પણ મને બેચેન કરી મૂકે છે.

માટે જ મેં બીજો ઉપાય અજમાવ્યો છે. મને કોઈપણ વંદન કરવા આવે, ત્યારે હું પગની આંગળીઓથી માંડીને બધું જ બરાબર ઢંકાઈ જાય, એ રીતે કામળી / કપડો બરાબર ઓઢી લઉં. એટલે કોઈ સાધ્વીજી પણ મને સાક્ષાત સ્પર્શ ન કરી શકે.

એમ મારે આશિષ આપવાના હોય, ત્યારે પણ સીધા હાથ પર કે સીધો માથા પર મારો હાથ ન મૂકું. પણ વસ્ત્રવાળા ભાગ ઉપર જ હાથ મૂકું.

આનાથી મને પરમ સંતોષ થયો છે.

મ.સા.! મને જગાડવા માટે કોઈ સાધ્વીજી મને અજાણતા પણ સીધો સ્પર્શ કરી દે, તો ય હું એકદમ

ચમકી જાઉં છું. ગુસ્સો આવી જાય છે... જાણું છું કે એટલા માત્રથી એ પાપ નથી, પણ મારું મન આ બાબતમાં સખત સૂગ ધરાવે છે.

'તમારો આ ગુણ તો ઘણો જ સરસ કહેવાય. આવા ખરાબ નિમિત્તોવાળા કાળમાં મનથી પણ આખી જિંદગી સાવ નિર્વિકાર ભાવથી પસાર કરવી એ તો મારી દષ્ટિએ આ કાળનો ઈતિહાસ જ કહેવાય.''

મેં ભાવવિભોર હૈયે એમની પ્રશંસા કરી અને સાથે પૂછ્યું કે ''પણ એને અને તમે પુછેલા પ્રશ્નોને શું નિસ્બત છે?''

'એ જ આપને દર્શાવું છું.'' સાધ્વીજી ભ. ગંભીર-વધુ ગંભીર બનીને બોલવા લાગ્યા.

'થોડાક જ વર્ષો પહેલા પાલિતાણામાં મને સુંદર મઝાનું સ્વપન આવ્યું છે એમાં મને સ્પષ્ટપણે દેવાકૃતિ દેખાઈ. એ દેવે મને કહ્યું કે 'તમારો ત્રીજા ભવે મોક્ષ થશે.'

હું તો ઉઠતાની સાથે જ ખૂબ ખૂબ આનંદમાં આવી ગઈ. હર્ષાશ્રુઓ સહજ રીતે જ ટપકવા લાગ્યા. મને થયું કે 'કોઈક આચાર્ય ભ. પાસે જઈને આ વાત જણાવું. એમની પાસે માર્ગદર્શન લઉં.'

એ વખતે મહારાષ્ટ્ર ભુવનમાં બિરાજમાન એક આચાર્ય ભ. પાસે જઈ નિખાલસતાથી મારી વાત રજૂ કરી. તેઓએ મને પ્રોત્સાહન આપ્યું. કહ્યું કે ''આ તો ઘણું સારું સ્વપન કહેવાય. તમારે હવે વધુ ને વધુ સરસ આરાધના કરવાની.'

મેં તહત્તિ કરી વિદાય લીધી.

(વચ્ચે એક વાત ''છઠ્ઠ કરીને સાત યાત્રા કરનારનો ત્રીજા ભવે મોક્ષ થાય' એ શાસ્ત્રવચન છે અને અત્યાર સુધીમાં લાખો જૈનો એ કરી ચૂક્યા છે. એટલે તેઓને કદાચ એમ લાગે કે ''અમારો પણ ત્રીજા ભવે મોક્ષ થવાનો જ છે. તો એમાં આ સાધ્વીજીનો થાય... એમાં વળી આશ્ચર્ય શું?'

પણ એક વાત ધ્યાનમાં લેવી કે પ્રત્યેક શાસ્ત્રવચનો કોઈક નયને અનુસારે હોય છે. એટલે જ એ ૭ યાત્રાના આરાધકો પોતાનો ત્રીજા ભવે મોક્ષ નિશ્ચિત માની લેવાની ભૂલ બિલકુલ ન કરે.

અમારા પૂ. ગુરુદેવશ્રી ઘણીવાર એમ બોલતા કે ''જો કોઈ દેવ મને એમ કહી જાય કે ''મારો મોક્ષ લાખ ભવ પછી છે.' તો પણ હું મન મૂકીને નાચું.

એમના આ વચન પરથી સમજી શકાય છે કે તેઓ મોક્ષને કેટલો બધો દુર્લભ સમજ્યા હશે.

આ વિષયની ફરી ક્યારેક ચર્ચા કરશું. છતાં અમદાવાદમાં ઓપેરા સોસાયટી પાસે અમૂલ સોસાયટી મોન્ટુભાઈનો ઇં ગીતાર્થગંગાના સક્રિય કાર્યકરનો જો પરિચય થાય, તો આ પ્રશ્ન પુછજો...)

પણ આ તો સ્વપનની વાત!

સ્વપન ક્યારેક સાચા, તો ક્યારેક આભાસરૂપ પણ હોય. એટલે મને આ બાબતમાં સંપૂર્ણ વિશ્વાસ તો ન જ હતો.

પણ

મ.સા.!

એક દિવસ

દેરાસરમાં ચૈત્યવંદન કરતી હતી. ભાવવિભોર બની હતી, એ જ વખતે મેં મારી નજરોનજર જોયું કે પ્રભુની પ્રતિમામાંથી એક દેવાકૃતિ બહાર નીકળી. પ્રભુજીની બરાબર ઉપર જ એ દેવાકૃતિ સ્થિર થઈ. આ જોઈને મારો તો હર્ષ આસમાનને આંબ્યો. અશ્રુની ધારા વહેવા માંડી.

એ દેવે મને ફરી એ જ વાત કરી.

''તમારો ત્રણ ભવમાં મોક્ષ છે. અહીંથી કાળધર્મ પામીને તમે દેવલોકમાં જશો, ત્યાંથી મનુષ્ય બની

મોક્ષમાં જશો...

અને દેવાકૃતિ અદશ્ય થઈ.

મ.સા.! આ વખતે તો હું ભ્રમણામાં, ઉંઘમાં કે ઘેનમાં ન હતી.

પૂરેપૂરી જાગ્રત દશામાં, ભાનમાં, ઉપયોગ દશામાં હતી.

સ્વપનમાં માત્ર ભવની સંખ્યાની ખબર પડેલી, અહીં તો એ ભવ ક્યો? એ પણ ખબર પડી ગઈ.

પણ આ જાણકારીએ મને ભારે ચિંતામાં મૂકી દીધી.

''જો મારે દેવલોકમાં જવાનું થાય, તો કાં તો દેવી બનું કાં તો દેવ બનું? હું સાધ્વીજી છું. અહીંના સ્ત્રીસંસ્કારને લીધે જો ત્યાં પણ દેવી અવતાર મળે, તો બીજા દેવલોક સુધી જ મારી ઉત્પત્તિ થાય.

તો શું હું ત્યાં અબ્રહ્મના પાપો કરીશ?''

સાહેબજી! આ વિચારમાત્રથી જ હું ધ્રુજી ગઈ.

મારે આ સાધ્વીવેષમાં તો નહિ જ પણ હવે મોક્ષ ન થાય, ત્યાં સુધી ક્યારેય, ક્યાંય પણ આ પાપ જોઈતું નથી. હું દેવી બનું, ત્યારે દેહ ભલે બદલાય, પણ મારો આત્મા તો આ જ રહેવાનો ને! અને એ પાપ તો મારા આત્માએ જ કરેલું કહેવાય ને! એ મારાથી સહન ન થાય. કારણ કે એ વિચાર પણ મને ત્રાસ જન્માવે છે.

દેવાકૃતિએ મારો આગલો ભવ દેવલોકનો કહીને મારી ચિંતા વધારી મૂકી. સાહેબજી! ત્રણ ભવમાં મોક્ષ થવાનો આનંદ દબાઈ ગયો અને આવતા ભવમાં દેવલોકમાં થનારા અબ્રહ્મના પાપોની ચિંતા મને સતાવવા લાગી.

(આટલું બોલતા બોલતા તો એમનો સ્વર રૂંધાઈ ગયો. આંખો ભીની થઈ ગઈ, એક-બે મિનિટ આંખો લુંછવામાં અને સ્પષ્ટ શબ્દો બોલવાની હિંમત ભેગી કરવામાં ગયા અને વળી પાછા સ્વસ્થ થઈ એમણે પોતાની અદ્‌ભુત ધારા આગળ વધારી...)

અચાનક મને વિચાર આવ્યો

'''દેવીઓને વધુમાં વધુ ચોથું ગુણસ્થાનક હોય, એ સાચું. પણ મિથ્યાત્વીઓ પણ બ્રહ્મચર્યપાલન કરે તો છે જ ને? ભલે એ પાંચમું ગુણસ્થાન ન ગણાય. પણ ગુણપાલન તો ખરું જ ને? તો એવું અમુક દેવીઓમાં ન બની શકે શું? બધી દેવીઓ અબ્રહ્મ સેવે જ, એવો નિયમ થોડો જ હશે? જે દેવી અપરિગૃહીતા હોય, એટલે કે કોઈકની પત્ની રૂપે ન હોય. અને પ્રચંડશક્તિશાળી હોય અને એને જો આજીવન બ્રહ્મચર્ય પાળવાની ભાવના થાય તો કેમ ન પાળી શકે?''

આ વિચાર તો આવ્યો. પણ એ સાચો કે ખોટો? એનો નિર્ણય કોણ કરે? છેવટે મને આપનો પરિચય થયો. આપના પ્રવચનાદિ સાંભળ્યા, આપના પર વિશ્વાસ બેઠો, એટલે મેં પ્રશ્ન પૂછ્યો કે ''દેવીને આખી જીંદગી બ્રહ્મચર્યપાલન સંભવી શકે ખરું કે નહિ?'

આપનો સ્પષ્ટ જવાબ આવ્યો ''ના, અશક્ય છે.'

સાહેબજી! આપની પાસેથી જવાબ મેળવીને ઉપાશ્રયે ગયા બાદ મન ચકડોળે ચડ્યું. માત્ર બોલવા માટે નહિ, પણ ખરેખર કહું છું કે આખી રાત ઉંઘ ન આવી. રડવું જ આવ્યા કરે. મારે હવે કોઈપણ ભોગે આ પાપ ન જ જોઈએ, ન જ જોઈએ, ન જ જોઈએ. આ ભવમાં પણ નહિ... આવતા ભવોમાં પણ નહિ.

બીજા દિવસે વિચાર કર્યો કે,

દેવી ગમે તેમ તોય સ્ત્રીજાતિ છે, એટલે એની ઈચ્છા ન હોય, તો પણ દેવોને વશ થવું પડે, એવું બને. પણ જો દેવ બનું, તો તો એમાં બ્રહ્મચર્યપાલનની શક્યતા રહે.

ચોથાથી ઉપરના દેવલોકમાં તો સ્પર્શાદિ પણ નથી, એટલે ત્યાં મારો જન્મ થાય તો તો વાંધો જ નથી.

પરંતુ આ કાળમાં વધુમાં વધુ ચોથો દેવલોક જ છે. એટલે હું ત્યાં જાઉં, તો ય સ્પર્શનું પાપ મારા માથે ઊભું જ છે. મારાથી એ પણ સહન નહિ થાય.

પણ જો દેવોમાં એવું શક્ય હોય કે ''એ પોતાની ઈચ્છા હોય, તો આખી જીંદગી આ પાપ ન કરે.' તો મારું કામ થઈ જાય. હું પ્રભુને ખૂબ ખૂબ પ્રાર્થના કરીને એવા જ દેવભવની યાચના કરીશ કે જ્યાં આ પાપ ન જ થાય.

એ માટે મેં આપશ્રીને બીજો પ્રશ્ન પૂછ્યો કે,

''દેવોને આખી જીંદગી બ્રહ્મચર્યનું સેવન શક્ય ખરું કે નહિ?'

આ જવાબ ઉપર મારા જીવન-મરણનો જ જાણે નિર્ણય થવાનો હોય, એ રીતે મારો મોટો આધાર હતો.

એમાં આપે વિસ્તૃત જવાબ આપ્યો ખરો, પણ મારા માટે તો એ આઘાતજનક જ હતો. કેમકે ચોથા દેવલોક સુધી દેવોને સ્પર્શાદિ પાપ નિશ્ચિતરૂપે આપશ્રીએ જણાવ્યા.

મારી તમામ આશા તૂટી ગઈ.

એ રાત્રે પણ સંપૂર્ણ ઉજાગરો થયો.

સાહેબજી! મારે રડવું નથી હોતું, પણ હૈયુ જ એટલું ભરાઈ જાય છે કે આંસુઓ ઉભરાઈ આવે છે.

સાહેબજી! આ પાપથી બચવાનો શું બીજો કોઈ જ ઉપાય નથી?

હું તો ભગવાન પાસે એ માંગવા પણ તૈયાર છું કે ''એ વચલો ભવ દેવનો ન મળે તો ચાલશે. નરકનો મળશે તો પણ ચાલશે.... ત્યાં ભલે દુઃખો ઘણા છે, પણ આ પાપ તો નથી.'

પણ દેવાકૃતિની આગાહી પ્રમાણે તો મારો દેવભવ નિશ્ચિત જ છે. તો હવે મારે શું કરવું?

કોઈપણ ઉપાય બતાવો, સાહેબજી!''

સાડા ત્રણ કરોડ રૂંવાડામાંથી જાણે કે ''બચાવો, બચાવો'ની ચીસ નીકળતી હોય, એટલી તીવ્રતા પૂર્વકની આ પ્રાર્થના સાંભળીને હું અવાક બની ગયો, સ્તબ્ધ બની ગયો.

→ દુઃખો માટે રડનારાઓ, ચીસ પાડનારાઓ તો ઘણા જોયા...

→ જે દોષો ઇ ક્રોધ, ઈર્ષ્યા, મારામારી સ્વયં દુઃખસ્વરૂપ અનુભવાય છે, એને માટે રડનારા પણ ઘણા જોયા.

→ જે કામસુખાદિ દોષો ઇ સુખસ્વરૂપ અનુભવાય છે, પણ એના ફળરૂપે ભયાનક દુઃખો આવવાની કલ્પનાથી એ ભવભીરુતાથી પ્રેરાઈને રડનારાઓ પણ ઘણા જોયા....

પણ આ સાધ્વીજીને તો ચોક્ખે ચોક્ખો પાપધિક્કાર હતો. ભાવિ દુઃખની કલ્પનાથી પેદા થયેલો પાપદ્વેષ ન હતો. કારણ કે એમને તો દેવભવ પછી મોક્ષપ્રાપ્તિ માટેનો જ ભવ હતો. કોઈ દુર્ગત્યાદિની કલ્પના પણ એમને ન હતી. પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્યનો ભોગવટો કરવાનો જ એમને અવસર હતો. છતાં એ પાપથી ગભરાતા હતા. એનાથી બચવા માટે દુઃખો મેળવવા તૈયાર હતા.

દુઃખના દ્વેષથી ઉત્પન્ન થયેલી પાપભીરુતા - ભવભીરુતા નબળી!

દુઃખ આવે કે ન આવે, પણ પાપ ગમે જ નહિ, એવા પ્રકારની પાપભીરુતા તગડી!

આવી પરિણતિ

આવી પવિત્રતા

આવી વિચારધારા

આવો અધ્યવસાય

મારી જિંદગીમાં મેં પહેલી વખત અનુભવ્યો.

હું દીર્ઘપર્યાયી, શાસ્ત્રજ્ઞાની, પ્રભાવક... બધી રીતે એમનાથી ચડિયાતો હોવા છતાં પણ મને એમની

સામે મારી પરિણતિ સાવ વામણી લાગી.

મને ય પાપભય છે, પણ એ દુઃખભયથી જન્મેલો!

જો હું પાપ કરીશ, તો તિર્યંચ-નરકગતિના દારૂણ દુઃખો મને ભોગવવા પડશે... એ નિયમ મને પાપથી ગભરાવે છે.

મને મોક્ષ જોઈએ છે, એ એટલા માટે કે ત્યાં કોઈ દુઃખો નથી...

પણ આ સાધ્વીજીની દુનિયા જ નિરાળી છે.

એમને મોક્ષ જોઈએ છે, એ એટલા માટે કે ત્યાં કોઈ દોષો નથી...

વ્યવહાર પ્રમાણે તો હું એમને વંદન ન કરી શકું. પણ અંતરથી મેં એમને અનંતી વંદના કરી.

પણ અત્યારે તો મારે એમને આશ્વાસન આપવાનું હતું. એ માટે મેં યોગગ્રન્થોનો આધાર લીધો.

મેં આશ્વાસન આપ્યું.

''**निशि स्वापसमः पुनः**'' ઈત્યાદિ ગાથામાં કહ્યું છે કે, ''''દૂરની મંઝિલ પર પહોંચવા નીકળેલો મુસાફર રસ્તામાં રાત્રે આરામ કરે, તો ''એ મુસાફરી અટકી છે, પ્રતિબંધ થયો છે' એમ ન કહેવાય.

જો આરામ ન કરે, તો થાક ન ઉતરે, તો ઝડપ ઘટે, તો મંઝિલ પર ન પહોંચે જ્યારે આરામ કરવાથી થાક ઉતરે, ઝડપ વધે, જલ્દી મંઝિલ પર પહોંચે.

એમ સંયમીએ મોક્ષે પહોંચવાનું છે, એમાં સંયમસાધના એ રસ્તામાં ગતિ કરવા બરાબર છે. વચ્ચે દેવલોકની પ્રાપ્તિ એ તો આરામ કરવા બરાબર છે. ત્યાંથી પાછો મનુષ્ય બની, પાછો સંયમી બની વધુ વેગથી આગળ વધે છે.

એટલે દેવલોકના સુખોને પતન ન માનવું.

તમારા જેવા આત્માઓ માટે તો એ સુખ પુણ્યક્ષય કરવા દ્વારા મોક્ષનું જ સાધન બને છે. ખુદ તીર્થંકરો પણ છેલ્લા ભવોમાં ય સંસારના સુખો ભોગવે જ છે ને? છતાં એ બધા પાપી થોડા જ કહેવાય છે? માટે એ બધી ચિંતા કાઢી નાંખવી.

મેં આશ્વાસન તો આપ્યું. પણ એમના અશ્રુપાતને મારું આશ્વાસન અટકાવી ન શક્યું.

છેવટે એમની સાથે આવેલા એમના વડીલ ગુરુબહેને વિષય બદલ્યો...

મને કહે → ''સાહેબજી! હવે આ વાત છોડો. આપ બીજી વાત સાંભળો. આપ આમને સમજાવો કે એમનો જીદ્દી સ્વભાવ છોડી દે...'

''ત્રીજા ભવે મોક્ષે જનારામાં જીદ્દી સ્વભાવ હોય?' મેં હળવા શબ્દોમાં પૂછ્યું.

''સાહેબજી! અમે કુલ ૧૪ ઠાણા છીએ. એમાં છેલ્લી પાંચ દીક્ષા બે-ત્રણ વર્ષમાં જ થઈ છે. પાંચેય નવા-નાના સાધ્વીજીઓને દીક્ષાની ભાવના કરાવનાર, મુમુક્ષુપણાની તાલીમ આપનાર તો આ જ છે.

સાહેબજી! આમનો ક્ષયોપશમ તીવ્ર છે. ભણવા-ભણાવવા-તાલીમ આપવાનું કામ આ જ કરે છે. હું એમની મોટી ગુરુબહેન ખરી, પણ મને કશું આવડે નહિ,....

આ પાંચેય મુમુક્ષુઓની ઈચ્છા આમના જ શિષ્યા થવાની હતી અને ખરેખર બધા પહેલેથી માંડીને છેલ્લે સુધી એમનાથી જ તૈયાર થયેલા હતા... છતાં એમણે બધાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે

''હું મારી એક પણ શિષ્યા કરવાની નથી. બધી શિષ્યાઓ થશે આ વડીલ ગુરુબહેનના! તમારે પણ એમના જ થવાનું! હું તમને બધાને સાચવીશ ખરા, બધી કાળજી કરીશ, પણ તમારે એમના જ શિષ્યા થવાનું!'

અને મારી ઘણી ના છતાં એમણે પાંચે પાંચને મારી શિષ્યા બનાવી છે, સાહેબજી! આ શી રીતે ચાલે?

અરે, એવી કડકાઈ કરે છે કે પેલા પાંચે ય નૂતનો આમને ''ગુરુજી' કહે, તો ય ખખડાવી નાંખે. ''તમારે મને ગુરુજી નહિ કહેવાનું, તમારે માત્ર આ મારા મોટા ગુરુ બહેનને જ ગુરુજી કહેવાનું. એ જ તમારા ગુરુજી છે.'

સાહેબજી!

પેલા પાંચેય એમને ગુરુજી કહેવા તડપે, એમની સેવા કરવા ઝંખે.... પણ આ ભારે જીદ્દી! બધાને ચૂપ કરી દે છે.

આ બધું શી રીતે ચાલે?

આપ જ એમને સમજાવો.

આવો મીઠો મધ જેવો ઝઘડો સાંભળવાનું પરમ સૌભાગ્ય મને મળ્યું. એ માટે હું આનંદિત બન્યો.

બીજાના શિષ્યો પડાવી લેવા માટેના ઝઘડા તો હોય,

પણ પોતાનો એક પણ ન થવા દેવો, પોતાના જ થઈ રહેલા એક-બે નહિ, પણ પાંચ-પાંચ મુમુક્ષુઓ બીજાને આપી દેવા.. એ પણ ગુરુને નહિ, ગુરુના કહેવાથી ય નહિ... પણ માત્ર પોતાની સ્વેચ્છાથી ગુરુબહેનને આપી દેવા.. દિગ્બંધન જ એમના નામનું કરી દેવું... એકાદ સમ ખાવા પુરતો ય પોતાનો ન થવા દેવો...

આ બધું શું આ કાળમાં શક્ય બને?

''હું ક્યાં આરામાં જીવ રહ્યો છું.' એની શંકા મને જ થઈ જાય એવો આ પ્રશ્ન હતો.

(જો કે મારી વિચારધારા હવે બદલાઈ છે. હવે આવા એક-બે નહિ પણ ઘણા ઘણા સુંદર મઝાના પ્રસંગો હવે જોવા સાંભળવા, જાણવા મળે છે. જિનશાસન તો ભાઈ! રત્નોની ખાણ!)

મેં પેલા સાધ્વીજીને સામે જ પ્રશ્ન કર્યો ''તમે ભણેલા-ગણેલા હોવા છતાં આવું શા માટે કરો છો?'

અને

ત્રણ ભવમાં મોક્ષ પામવાની આગાહી સાંભળી ચૂકેલા એ સાધ્વીજીએ જે જવાબ આપ્યો, એ સાંભળીને મને લાગ્યું કે ''આમનો ત્રીજા ભવે મોક્ષ થાય, તો એમાં આશ્ચર્ય કશું જ નથી'

એ બોલ્યા...

''સાહેબજી! દીક્ષા બાદ શરૂઆતના ૧૦ વર્ષ મોટા ભાગનો સમય હું સંથારાવશ રહી. શરીર એટલી હદે નબળું પડી ગયું કે બે હાથ ભેગા કરીને હાથ જોડવાની ક્રિયા પણ હું મારા બળથી કરી ન શકતી. મારા આ ગુરુબહેન મને બે હાથ જોડાવવામાં મદદ કરતા.

મારે પ્રતિક્રમણાદિ સૂતા સૂતા કરવું પડતું.

મારી મુહપત્તીનું પ્રતિલેખન પણ મારા આ ગુરુબહેન જ કરતા.''

ધીમે ધીમે એ સાધ્વીજીનો સ્વર ફરી લાગણીવશ, ઉપકારસ્મૃતિવશ ભીનાશ પકડવા માંડ્યો.

''સાહેબજી! એ દશ વર્ષ મારા લઘુનીતિ-વડીનીતિ આ ગુરુબહેને પરઠવ્યા છે.

વડીનીતિના સ્થાન સુધી મને ટેકો આપીને લઈ જવી, પછી પાણી લેવા જવું, પછી મને પાછી મારા સ્થાને ઉંઘાડી દેવી, પછી પ્યાલો પરઠવવા જવું... આ બધું આ ગુરુબહેને કરેલ છે.

મારું પ્રતિલેખન, બે-ત્રણ ટાઈમની ગોચરી, કાપ કાઢવો... બધું જ આ ગુરુબહેને કરેલ છે.

સાહેબજી!

એક અપંગની જે સેવા કરવી પડે એવી તમામે તમામ પ્રકારની સેવા મારા ગુરુબહેને કરી છે.

એ મારા ગુરુ નથી,

મારા સગા-વહાલા નથી.

સાહેબજી!

એકાદ માસ હોય, તો હજી બરાબર!

પણ આ તો દસ-દસ વર્ષ સુધી! અનિશ્ચિત મુદત માટે!

એમની જગ્યાએ બીજી કોઈક એમના કરતા નબળી વ્યક્તિ હોત, તો કાં તો મને છોડીને ચાલી જાત, કાં તો મને જ પાછી ઘરે મોકલી દેત. ઘરે મારા પરિવારવાળા તો મને સાચવત જ ને!

પણ

આમણે સગી મા બનીને મને સાચવી, મને સંયમજીવનમાં જીવવા દીધી, સ્વયં મને જીવાડી...

મારો ભાગ્યોદય કે

દસ વર્ષ બાદ સ્વાસ્થ્યમાં ખૂબ સારો સુધારો થયો.

અભ્યાસની તીવ્ર ધગશ હોવાથી ફટાફટ ઘણો અભ્યાસ થઈ ગયો.

અમારા ગુરુજી તો ક્યારના ય કાળધર્મ પામ્યા છે.

સૌથી મોટા ગુરુબહેન વયોવૃદ્ધ હોવાથી મોટા ભાગે સંથારાવશ હોય છે. એ પછી બીજા નંબરે આ છે. બાકી બધા ગુરુબહેનો વચ્ચે પણ જબરદસ્ત આત્મીયતા છે. એટલે મેં નવા પાંચેયને આમના જ શિષ્યા કરેલા છે.

સાહેબજી!

હું ચારિત્રજીવનમાં ટકી શકી છું એ માત્ર ને માત્ર આમના પ્રતાપે!

હવે આપ જ કહો, હું પાંચેય શિષ્યાઓ એમની કરું, એમાં મેં ધાડ શું મારી? ખોટું શું કર્યું? ભોગ શું આપ્યો?

ભોગ તો એમણે આપ્યો છે, દસ-દસ વર્ષ સુધી નિઃસ્વાર્થભાવે મારી સેવા કરીને! ડુ સાધ્વીજી અટક્યા.

''તમારી બધી વાત સાચી!' મેં ગદ્ગદ્ કંઠે એમની સરાહના કરી. ''પણ પાંચમાંથી એક-બે તો તમારી કરવી હતી ને!'

''શા માટે? સાહેબજી! જો મારી શિષ્યા હોય તો આવતી કાલે ધારો કે કંઈક પણ નાનો-મોટો પ્રસંગ બને, તો મારી શિષ્યાને લઈને છૂટા પડી જવાનો મને વિચાર આવી શકે ને?

પણ મારી કોઈ શિષ્ય જ ન હોય, તો ગમે તે થાય તો ય હું મારા ગુરુબહેનને છોડવાનો વિચાર પણ ન કરી શકું.''

અંતે હું હાર્યો.

હું એમને તો ન સમજાવી શક્યો, પણ એમણે જ મને સમજાવી દીધો.

પરમાર્થથી ઇં નિશ્ચયથી મને એમની વિચારધારા ખૂબ ગમી.

પણ વ્યવહારથી ''તેમણે શિષ્યા કરવા જોઈએ.' એ વાત પણ સાચી લાગી.

જો કે મેં એ વાત પડતી જ મૂકી.

છતાં પેલા મોટા ગુરુબહેનના સંતોષ ખાતર મેં વચલો માર્ગ બતાવ્યો...

''ભલે, શિષ્યાઓ મોટા ગુરુબહેનની થાય, પણ એક કામ કરો. એ બધા ઉપર ઉપકાર તો તમારો જ વધારે છે ને? એ સૌને પણ સંતોષ થાય, એ માટે નીચે પ્રમાણે કરવું.

એ નવી પાંચ શિષ્યાઓ

→ તમને ''નાના ગુરુજી' કહે, આમને ''મોટા ગુરુજી' કહે.

→ બંને ટાઈમ તમારી ઉપધિનું પણ પ્રતિલેખન તેઓ કરે....

→ તમારી પાસે સવારે આશિષ લે...

→ તમારો સંથારો પાથરે...''

એમાંથી એમણે પહેલી ત્રણ વાત માંડ માંડ પણ સ્વીકારી ખરી, છેલ્લી વાત ન માની, એના માટે માફી માંગી લીધી.

આ પ્રસંગ બાદ એક-બે દિવસમાં જ મારો વિહાર થઈ ગયો, પણ વિહારમાં ચાલતા ચાલતા સમય ઘણો મળે, એટલે મનમાં ચિંતન ચાલુ થઈ ગયું.

''દેવોને / દેવીઓને આખી જિંદગી માટે બ્રહ્મચર્યપાલન સંભવિત ખરું કે નહિ?' મને મારા ક્ષયોપશમ પ્રમાણે નીચે મુજબ વિચાર સુઝ્યા.

→ ''બધા જ દેવો કે દેવીઓ અબ્રહ્મ સેવે જ' એવો એકાંત તો ક્યાંય વાંચવામાં આવ્યો નથી. તો કોઈક દેવ/દેવીને એવું પણ બની શકે કે વ્રતના પરિણામ રૂપે એટલે કે પાંચમા-છટ્ઠાની સ્પર્શનારૂપે બ્રહ્મચર્ય ભલે ન હોય, પણ ચોથા ગુણ ઠાણે પણ તેવા પ્રકારની વિશિષ્ટ પરિણતિથી બ્રહ્મચર્યપાલન કેમ ન હોઈ શકે?

→ તીર્થંકરો છેલ્લા ભવમાં પણ અબ્રહ્મ સેવે છે, પણ એનો અર્થ એ નથી કે ''બીજા બધા જ સેવે...' તીર્થંકરો યુવાન બનીને દીક્ષા લે છે, છતાં બીજા જીવો બાલદીક્ષા લેનારા પણ છે જ ને? તીર્થંકરો લગ્નાદિ કરીને દીક્ષા લે, છતાં કુંવારા રહીને દીક્ષા લેનારા જીવો પણ છે જ ને?

એમ

તીર્થંકરો તથાવિધ પુણ્યકર્મના વશથી અબ્રહ્માદિ સેવે, પણ એનો અર્થ એવો નથી કે બીજાના જીવોમાં પણ તે હોય જ.

→ પતિ-પત્ની તુલ્ય દેવ-દેવી પણ વિજય-વિજયાની માફક પૂર્વભવની તેવા પ્રકારની આરાધનાના કારણે બ્રહ્મચર્ય પાળે, એ સંભવિત હોઈ શકે.

→ જે દેવી અપરિગૃહીતા હોય, એને પતિ જ ન હોવાથી. પતિનું દબાણ તો ન જ હોય, હવે જે અન્ય દેવો છે. એનું દબાણ સંભવિત ખરું, પણ દેવીનું જો એવા પ્રકારનું વિશિષ્ટતમ પુણ્ય હોય, તો કોઈપણ દેવને એના તરફ બળ વાપરવાનું મન જ ન થાય અથવા તો બળ વાપરી જ ન શકે. અથવા તો બળ વાપરવા જાય, તો કોઈક બીજો એને અટકાવે... એવું બધું જ બને.

એ બધો પ્રતાપ પેલી દેવીના પુણ્યનો! વિશિષ્ટ-આરાધનાથી જન્મેલા પુણ્યનો!

પુણ્ય દ્વારા પ્રગટેલી પવિત્રતમ ઓરાનો!

→ આ જ બધી વસ્તુ દેવ માટે પણ શક્ય છે.

આ બધા વિચારો મને આવ્યા.

ઉપાશ્રયે જઈને એક કાગળ પર લખી નાંખ્યા.

સોબત મળતા જ એ સાધ્વીજી ભ.ને મોકલાવી દીધા,

છેલ્લે લખી દીધું કે

''પ્રભુને માત્ર એટલી જ પ્રાર્થના કરવાની કે કોઈપણ ભવમાં પવિત્રતાની ભેટ આપજે...' અને એના પ્રતાપે દેવભવમાં પણ તમારા જેવા વિરલ જીવોને પવિત્રતાની પ્રાપ્તિ થઈ રહેશે. માટે હવે આવતા ભવની ચિંતામાંથી મુક્ત બનીને મસ્તીથી આરાધના કરશો અને આશ્રિતોને કરાવશો.'

મુનિવર!

આ છે મારા જીવનમાં થયેલો અવિસ્મરણીય બેનમૂન અનુભવ! (અહીં એ મુનિરાજે કરેલું અનુભવવર્ણન પૂર્ણ થાય છે. હવે આગળ મારો અભિપ્રાય છે...)

✤

આ ઉત્તમ સાધ્વીજી ભ.ના દર્શનનો લાભ મને પણ મળ્યો છે. એમનું નામ અને સમુદાય પણ જાણવા મળ્યા છે અને ઉપયોગમાં રાખ્યા છે. કોઈને પણ એમના દર્શન-વંદનની સાચી ભાવના હશે. કુતૂહલવૃત્તિ કે પરીક્ષાવૃત્તિ નહિ હોય... તો ચોક્કસ એમની ઓળખાણ એ પુછનારાઓને આપીશ.

✤ ઘણાંને એ મળ્યા પણ હશે, પણ ''આ આવા છે' એ રીતે નહિ મળ્યા હોય.

✤ ગઈકાલે જ જસવંતપુરામાં પૂ.આ.મુનિચન્દ્રસૂરિજી મ.નું પુસ્તક ''પ્રસંગ...' હાથમાં આવ્યું અને એમાં એક વાર્તાના છેડે ઉપદેશ આપેલો વાંચ્યો કે,

→ જગતમાં જેમ સેંકડો ખરાબ પ્રસંગો બને છે, તેમ (ભલે ઓછા છતાંય) સારા પ્રસંગો પણ બને જ છે. આપણે એ સારા પ્રસંગોનો ફેલાવો કરીએ.

આ વાત મને ખૂબ સાચી લાગી.

સંયમીઓના છાપામાં ચડતા ખરાબ પ્રસંગોને પ્રચારવાનું બંધ રાખીને મારે-તમારે-સૌએ એની તરફ ઉપેક્ષા કરીને ચારેબાજુ સારા-સાચા પ્રસંગો જ ફેલાવવા જોઈએ.

✤ એમનો ત્રીજા ભવે મોક્ષ થાય કે ન થાય, પણ એમની ગુણવત્તા નિહાળીને હર્ષાશ્રુ સાથે તથા સ્વદોષોના દર્દાશ્રુ સાથે અનંતશઃ વંદન કરશું. તો કદાચ આપણો જ ત્રીજા ભવે મોક્ષ થઈ જાય તો નવાઈ નહિ.

✤ શ્રીકૃષ્ણે દુર્યોધનને આખી અયોધ્યામાંથી સારા માણસો શોધી લાવવાનું અને અજુર્નને ખરાબ માણસો શોધી લાવવાનું કામ સોંપ્યું. સાંજે બંને પાછા ફર્યા પણ એમના લિસ્ટમાં એકેય નામ લખાયું ન હતું.

દુર્યોધન કહે ''મને કોઈ સારું મળ્યું જ નહિ.'

અર્જુન કહે ''મન કોઈ ખરાબ મળ્યું જ નહિ.'

બોલો, કોણ સાચું?

કદાચ બંને સાચા..

પણ દુર્યોધને ગુણોની ઉપેક્ષા કરી દોષો જ જોયા, માટે બધા ખરાબ દેખાયા.

અર્જુન દોષોની ઉપેક્ષા કરી ગુણો જ જોયા, માટે બધા સારા દેખાયા.

બધે જ બંને હતા, પણ કોને મુખ્યતા આપવી, આપણે શું જોવું... એ તો આપણે જ નક્કી કરવાનું છે.

જો આપણો સ્વભાવ ગુણ જોવાનો પડી ગયો હશે, તો કસાઈઓમાં, વેશ્યાઓમાં પણ આપણને ગુણીજનો મળશે.

જો આપણો સ્વભાવ દોષો જોવાનો પડી ગયો હશે તો સાધુઓમાં પણ આપણને દોષીજનો દેખાશે.

✤ બ્રહ્મચર્યપાલન મન-વચન-કાયાથી અણિશુદ્ધ રીતે કરવું એ કેટલું કપરું છે, એ સૌ જાણે છે માટે જ તો સ્થૂલભદ્રજી ૮૪ ચોવીશી સુધી યાદ રહેવાના છે ને? માટે જ આવા ઉત્તમ સાધ્વીજીની અશ્રુસભર અનુમોદના અને દર્શન કરવાનો લાભ ચૂકશો નહિ.

ખરેખર સાચી ઈચ્છા થાય, તો વિરતિદૂતને પુછાવશો, અમે સેવામાં હાજર રહીશું.

✤

આ ઉપરનું લખાણ કર્યાને ત્રણેક મહિના થયા, એ ત્રણેક મહિનામાં આ જ સાધ્વીજી ભ. અને એમના વૃંદની બીજી ઘણી વિશેષ વાતો જાણવા મળી.

→ આ સાધ્વીજી ભ. એક જગ્યાએ પાંચ-છ સાધ્વીજીને પાઠ આપતા હતા, એમાં બાજુમાં બેઠેલા સાધ્વીજીને તે તે પદાર્થના નિરૂપણ વખતે સહજ રીતે હાથથી સ્પર્શ કરવાનું બન્યું. (એમને એ પદાર્થ તરફ વિશેષથી લક્ષ્ય બંધાવવાદિ કારણોસર...) હા! સીધો તો શરીર સ્પર્શ હતો જ નહિ.. કારણ કે વસ્ત્રનું અંતર તો હતું જ.

બીજા દિવસે એ સાધ્વીજીએ આ સાધ્વીજીને ખૂબ જ હર્ષોલ્લાસ સાથે એક વાત કરી કે ઙ્ગઈકાલે તમે મને હાથથી સ્પર્શ કરેલો, પણ તમે જે સ્થાને સ્પર્શ કરેલો, ત્યાં મને ગુમડું થયેલું હતું અને ઘણા વખતથી દવા લેવા છતાં પણ એ મટતું ન હતું, તમે અડ્યા ત્યારે મને પીડા પણ થઈ, ત્યારે મેં વિચાર પણ કરેલો કે આવતી કાલે આપની બાજુમાં નહીં બેસું, વળી સ્પર્શ કરવાનું થાય, તો મને દુઃખે...

પણ આશ્ચર્ય એ સર્જાયું કે એ ગુમડું રાતોરાત ગાયબ થઈ ગયું. સવારે ઊઠી, ત્યારે મેં જોયું અને મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. સાવ જ ગાયબ! આપના સ્પર્શમાત્રથી આખું ગુમડું ખતમ થઈ જાય એ આપની કેવી જબરદસ્ત લબ્ધિ!ઙ

આ પ્રસંગ બન્યાને માત્ર ત્રણેક મહિના જ થયા છે. બ્રહ્મચર્યની નિર્મળ પરિણતિ એ સાધ્વીજીમાં અંશતઃ આવી કોઈ આમર્ષલબ્ધિ ઉત્પન્ન કરી દે તો એમાં કોઈ આશ્ચર્ય નથી. હા! સામેવાળાનું ય પુણ્ય અ શ્રદ્ધા જરૂરી હશે જ, પણ આવું જ આ કાળમાં ય બની શકે છે... એ હકીકત છે.

✤ શંખેશ્વરની રાધનપુરવાળી ધર્મશાળામાં વીસેક રૂમો સાધ્વીજી ભગવંતોને ઉપાશ્રય રૂપે ફાળવવામાં આવી છે. અલગ અલગ ગ્રુપો અલગ અલગ રૂમમાં રહે એ સ્વાભાવિક છે. દરેક રૂમમાં ૪/૩/૨.. ઠાણા પણ રોકાયા હોય. એમાંની એક રૂમમાં ૯ જણનું ગ્રુપ રોકાયેલું હતું. જેમણે એ રૂમ જોઈ હશે, તેમને અનુભવ હશે જ કે એ રૂમમાં ૯ જણે રહેવું એટલે કઈ રીતે રહેવું? એમાં બીજું એક ૧૨ સાધ્વીજીનું ગ્રુપ વિહાર કરીને આવ્યું. એ નવું ગ્રુપ આ જૂના ગ્રુપના ગચ્છનું ન હતું. એ વખતે બધી રૂમોમાં સાધ્વીજીઓ હોવાથી આવનાર નવા ગ્રુપને જગ્યા મળી નહિ. ક્યાં રોકાવું? એ પ્રશ્ન ઊભો થયો.

આ જૂના ગ્રુપના એવા દઢ સંસ્કાર કે ગમે તે કરીને મહેમાન સંયમીઓને સહાય કરવી... એટલે તરત જ મુખ્ય સાધ્વીજીએ નવા ગ્રુપના સાધ્વીજીને પૂછ્યું કે ‘‘તમે કેટલા ઠાણા છો? જો પાંચેક હો, તો તો આ રૂમમાં જ પધારી જાઓ. અમે નવ છીએ, પણ વાંધો નહિ, રાત્રે સંથારો બહાર લોબીમાં કરશું... અને ગમે તે રીતે સેટ કરશું...’

નવા આવેલા સાધ્વીજી ખૂબ આશ્ચર્ય પામ્યા. ‘‘ખૂબ ધન્યવાદ! પણ અમે પણ બાર છીએ, કોઈપણ હિસાબે એક રૂમમાં રહેવું શક્ય નહિ બની શકે. જગ્યા જ ન હોય, તો તમે પણ શું કરી શકો?’ (છેવટે એક સામાનવાળો - ધૂળવાળો નાનો હોલ ખાલી કરાવીને એમાં સાધ્વીજીઓ રોકાયા...)

✤ આ સાધર્મિકવાત્સલ્યના સંસ્કારનું મુખ્ય કારણ સાધ્વીવૃંદના ગુરુણી! જે અત્યારે તો નથી, કાળધર્મ પામ્યાને ત્રણેક વર્ષ થઈ ગયા છે પણ એમણે પોતાના વૃંદમાં એવા સંસ્કાર સાધર્મિકવાત્સલ્યના રેડ્યા છે કે ન પૂછો વાત!

આ વર્તમાન સાધ્વીજીના શબ્દોમાં કહું તો...

→ અમે ક્યાંક રોકાયા હોઈએ, અને બીજું ગ્રુપ વિહાર કરીને આવે, તો આ અમારા ગુરુણીનો દઢ નિર્ણય! અમને તરત કહી દે કે ‘‘અત્યારે આપણે માત્ર એક-બે ઘડા જ પાણી લાવવું. મહેમાન સંયમીઓને વધારે જરૂર હોય, એટલે તેઓ બધું વહોરી લે એ પછી જ આપણું પાણી લાવવું.

બ્રહ્મચર્યની સુરક્ષા માટેના એમણે અજમાવેલા ઉપાયો નીચે મુજબ છે. આ ઉપાયોનું પોતાના આખા ગ્રુપમાં પાલન કરાવડાવે છે (ક્યારેક અપવાદ ખરો...)

(૧) ગોચરી વહોરવા ભરબપોરે ઉનાળામાં પણ જવાનું હોય, તો પણ કામળી આખી ઓઢીને જ જવું. જેનાથી વિભૂષા બિલકુલ ન રહે.

(૨) દેરાસર પણ બને ત્યાં સુધી એકલા ન જવું. ૧૦૦ ડગલામાં હોય તો પણ સંઘાટક સાથે જવું.

(૩) ગોચરી પણ સંઘાટક જ! (મોટી ઉંમરના હોય, એમની વાત અલગ!)

(૪) મુમુક્ષુ બહેનો કોઈ એકાદ જ સાધ્વીજીના અતિપરિચયમાં ન આવે એ માટે એમને ગ્રુપના દરેક સાધ્વીજીઓના સંપર્કમાં રાખવા અલગ-અલગ પાસે પાઠ લેવડાવવો. જેથી અતિરાગના બંધન ન થાય.

(૫) સાધુ ભગવંતોના ઉપાશ્રયમાં વિશેષ કારણસર જવાનું થાય, તો પણ ઓછામાં ઓછા બે જણે જવાનું.

(૬) નૂતન દીક્ષિતોને પીક્ચરના ગીતો વગેરેનો શોખ હોવાની શક્યતા ખરી ને, પણ એમને સ્પષ્ટ આદેશ કે એ ગીતો યાદ કરવા નહિ, ક્યાંક વાગતા હોય તો સાંભળવા નહિ, જગ્યા બદલી નાંખવી.

આવી બીજી પણ ઘણી બાબતો!

## || નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ||

## || અર્હં નમઃ ||